દિશાસૂચન

પ્રવચનકાર
પૂ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गूजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૨૩૩૯૨ किमत ૨.૦.૦

ग्रंथनाम [illegible]-૨

वर्गांक प ३४:४२

શ્રી જૈન પ્રવચન ગ્રન્થશ્રેણિ

: ગ્રન્થ બીજો :

દિશાસૂચન

.·. બીજો ભાગ .·.

માનવજીવનને સાર્થક બનાવવાની
દિશા સૂચવતાં પ્રવચનો

પ્રકાશક :

ચંદુલાલ મોતીલાલ નવાબ,
· સં. શ્રી જૈન પ્રવચન ·
શ્રી જૈન પ્રવચન કાર્યાલય
સલાપોસ ક્રોસ રોડ : અમદાવાદ

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૨૩૩૭૨
५२१:५२

પ્રથમાવૃત્તિ : વિ. સં. ૧૯૯૮

મૂલ્ય : બે રૂપીઆ

મુદ્રક :

શાહ કેશવલાલ સાંકળચંદ
-:- માલીક -:-
શ્રી વીરવિજય પ્રિન્ટીંગ પ્રેસ
સલાપોસ ક્રોસ રોડ : અમદાવાદ

પૂ. શાસનમાન્ય, સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ,

સ્વ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વર પટ્ટપ્રભાકર

પૂજ્યવર્ય સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્

વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાવક

પૂ. વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્

વિજયરામચન્દ્રસૂરીશ્વરજી

મહારાજનાં જાહેર પ્રવચનોનું

સંશોધનપૂર્વકનું પ્રકાશન

ચિત્રપરિચય

આ પુસ્તકના પુઠા ઉપર એક રંગમાં અને જેકેટ ઉપર બે રંગમાં છાપવામાં આવેલું ચિત્ર ગુજરાતના વિખ્યાત ચિત્રકાર શ્રી કનુ દેસાઇની પાસે તૈયાર કરાવવામાં આવ્યું છે. ચિત્ર પોતે જ પોતાના ભાવને વ્યક્ત કરે છે, છતાં સૌ કોઇ માટે ભાવદર્શન સુલભ બને એ આશયથી જ અહીં ટૂંક પરિચય આપવામાં આવે છે.

સંસારતારક જ્ઞાનિપુરૂષોએ સંસારને સાગરની અને શ્રી જૈનશાસનને જહાઝની ઉપમા પણ આપી છે. આ ઉપમા મુજબ ચિત્રમાં સાગર દર્શાવી તેની અંદર સંસારની ચતુર્ગતિને દર્શાવનાર સાથીયો મૂકવામાં આવ્યો છે. સાગરમાં તરતી એક નૌકા દર્શાવવામાં આવી છે, જે શ્રી જૈનશાસનને સૂચવે છે. સંસારસાગરથી તરવા માટે શ્રી જૈનશાસન રૂપ નૌકાનો આશ્રય પામવો એ અનિવાર્ય છે. નૌકાની ઉપરના ભાગમાં ત્રણ બિન્દુઓ દ્વારા રત્નત્રયીનું સૂચન કરાયું છે: કારણ કે-રત્નત્રયીની આરાધના એ જ એક મોક્ષમાર્ગ છે. એના ઉપર શ્રી સિદ્ધશીલાનો ખ્યાલ આપતો બીજના ચન્દ્ર જેવો આકાર દર્શાવ્યો છે, જે સૂચવે છે કે-સંસારસાગરથી તરવા માટે શ્રી જૈનશાસન રૂપ નૌકામાં બેસી રત્નત્રયીની આરાધના દ્વારા મોક્ષ મેળવવો, એ જ સાચા સુખનો વાસ્તવિક માર્ગ છે.

આ પુસ્તક આ દિશાનું જ સૂચક હોઇને, **'દિશાસૂચન'** નામમાંથી આ વસ્તુ ઉપર પ્રકાશ પથરાતો દર્શાવવામાં આવ્યો છે.

પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વર્ગસ્થ

આચાર્યદેવ શ્રીમદ્

વિજયદાનસૂરીશ્વરજી મહારાજ

પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વ. આચાર્યદેવ શ્રીમદ્

વિજયદાનસૂરીશ્વરજી મહારાજાના

-: પટ્ટાલંકાર :-

પૂજ્યપાદ સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્

વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ

શ્રી જૈન પ્રવચન ગ્રન્થશ્રેણિ સંબંધી

પ્રકાશકનું સ્પષ્ટીકરણ

વાંચકોના કરકમલમાં "દિશાસૂચન-બીજો ભાગ" નામનો આ ગ્રન્થ રજૂ કરતાં અમને અતિશય આનંદ થાય છે. આ ગ્રન્થરત્ન માટેની 'પ્રસ્તાવના'ને 'આમુખ' શિર્ષકથી આ પછી આપેલ છે, એટલે અહીં તો અમે 'શ્રી જૈન પ્રવચન ગ્રન્થશ્રેણિની ઉત્પત્તિ' આદિના સંબંધમાં જ થોડુંક સ્પષ્ટીકરણ કરવા ઇચ્છીએ છીએ.

આ વીસમી સદીના અજોડ શાસનપ્રભાવક તરીકે નામાંકિત થએલા—પૂજ્યપાદ, પાંચાલદેશોદ્ધારક, ન્યાયાંભોનિધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયાનન્દસૂરીશ્વરજી** મહારાજાના અદ્વિતીય પટ્ટપ્રભાવક, પૂજ્યપાદ સદ્ધર્મોદ્ધારક સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયકમલસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટવિભૂષક, પૂ. પરમ ગીતાર્થ, શાસનમાન્ય, સકલાગમરહસ્યવેદી, સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયદાનસૂરીશ્વરજી** મહારાજા, પોતાના શિષ્ય–પ્રશિષ્ય આદિના સુવિશાળ મંડલ સાથે વિ. સં. ૧૯૮૫માં મુંબઈ પધાર્યા હતા. તે વખતે તેઓશ્રીના પટ્ટપ્રભાવક પૂજ્યપાદ સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજા તથા તેઓશ્રીના પટ્ટવિભૂષક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા પણ સાથે જ હતા.

પૂ. શ્રી **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજામાં વિશિષ્ટ પ્રવચનશક્તિસંપન્નતા હોઇને, સ્વપર–ઉપકારની ભાવનાવાળા તેઓશ્રીના પરમ ગુરૂદેવે અને ગુરૂદેવે પણ, તેઓશ્રીને પ્રવચનદાનનું પુણ્યકાર્ય સુપ્રત કર્યું હતું.

મારવાડ, મેવાડ, માલવા અને ગૂજરાતમાં એક જબ્બર પ્રવચનદાતા તરીકે પંકાએલા આ મહાત્માનાં પ્રવચનોની તે કાળે મુંબઈમાં પણ ધૂમ મચી ગઈ હતી. ઘણાઓની માગણીથી, એ કાળે તેઓશ્રીનાં પ્રવચનોનો સારસંગ્રહ પ્રગટ કરતું "**શ્રી જૈન પ્રવચન**" નામનું એક સાપ્તાહિક પત્ર પ્રગટ થવા માંડ્યું. એ પત્રનો અખતરો કેવળ છ મહિના પૂરતો જ હતો, પણ જનતાએ "**શ્રી જૈન પ્રવચન**"ને ચાલુ રાખવાની આગ્રહભરી માગણી કરી અને તેના ફલસ્વરૂપ આજે તો "**શ્રી જૈન પ્રવચન**" બાર વર્ષોની અતિ ઉજ્વલ કારકીર્દિને સાથે લઇને આગેકદમ કરી રહ્યું છે.

"**શ્રી જૈન પ્રવચન**"માં ખાસ પ્રકાશન તરીકે પૂ. શ્રી **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનાં પ્રવચનોનું સારભૂત અવતરણ પ્રગટ થાય છે. આ અવતરણોના આધારે અત્યાર સુધીમાં **શ્રી વીરશાસન કાર્યાલય** અને બીજાઓ તરફથી પણ કેટલાક ગ્રન્થો પ્રગટ થઈ ચૂકયા છે. અમારી એવી ઇચ્છા હતી કે-કોઇ પણ રીતિએ પૂ. પ્રવચનકારશ્રી શ્રમ લેવાની કૃપા કરી, પ્રગટ થઈ ચૂકેલાં પ્રવચનોનું સંશોધન કરી આપે અને એ રીતિએ પૂ. પ્રવચનકારશ્રીના સંશોધનપૂર્વક જ ગ્રંથો છપાય તો સારૂં: કારણ કે-અવતરણોમાં ઘણી વાર તો મોટા પ્રમાણમાં પણ અધુરાપણું અને ત્રુટકપણું હોય છે. અમારી આ ઇચ્છાનો અમે અમલ કરી શકીએ, **એ હેતુથી જામનગરનિવાસી શેઠ શાન્તિદાસ**

ખેતશીભાઇએ આર્થિક સહાય આપવાનું વચન આપ્યું અને એથી ઉત્સાહિત બનેલા અમે "**શ્રી જૈન પ્રવચન ગ્રન્થશ્રેણિ**"ની યોજના જાહેર કરી. આ યોજના વિ. સં. ૧૯૯૩થી અમલમાં મૂકવાનું અમે જાહેર કરેલું, પરન્તુ સંયોગવશ બે વર્ષ ખાલી ગયાં. વિ. સં. ૧૯૯૫ના આરંભમાં, શ્રી જૈન પ્રવચન ગ્રન્થશ્રેણિના પ્રથમ ગ્રન્થ તરીકે "**દિશાસૂચન–પ્રથમ ભાગ**" તૈયાર કરીને અમે વાંચકો સમક્ષ રજૂ કરી શકયા. એ વખતે અમને લાગતું હતું કે–ગ્રન્થશ્રેણિના નિયમ મુજબ એક વર્ષના ત્રણ ગ્રન્થો પૈકી બાકી રહેલા બે ગ્રન્થો, અમે વિ. સં. ૧૯૯૫ના અન્ત સુધીમાં અવશ્ય પ્રગટ કરી શકીશું. એથી અમે જાહેરાત પણ કરી હતી કે–"**દિશાસૂચન**" ગ્રન્થનો બીજો અને ત્રીજો ભાગ હવે પછી આ વર્ષમાં જ પ્રગટ કરવામાં આવશે. પરન્તુ અનિવાર્ય સંયોગો વચ્ચે મૂકાઈ જવાના કારણે, અમે અમારી જાહેરાત મુજબ વર્તવામાં એક વધુ વખત નિષ્ફલ નિવડ્યા. આમ છતાં, આ વિ. સં. ૧૯૯૮માં "**દિશાસૂચન–બીજો ભાગ**" પ્રગટ થઇ શકયો છે એય અમારે મન ઓછા આનંદનો વિષય નથી. ચાલુ વર્ષમાં જ "દિશાસૂચન" ગ્રન્થના વધુ ભાગો અમે પ્રગટ કરી શકીએ, એ સુસંભવિત છે.

શ્રી જૈન પ્રવચન ગ્રન્થશ્રેણિના આદ્ય ગ્રન્થો તરીકે, પહેલાં તો, "શ્રી જૈન પ્રવચન–પહેલો ભાગ"–એ નામથી પ્રગટ થયેલા પુસ્તકને સંશોધનપૂર્વક બે વિભાગમાં પ્રગટ

કરવાનો અમારો વિચાર હતો. એને અંગે અમે કેટલીક પ્રવૃત્તિ પણ કરેલી, પરન્તુ પાછળથી અમને લાગ્યું કે–જાહેર પ્રવચનોનો સંગ્રહ પ્રથમ લેવો, કે જે ગ્રન્થશ્રેણિની ભૂમિકા રૂપે વધુ ઠીક થઇ પડે. એ જ વિચારથી જાહેર પ્રવચનોના સંગ્રહને "**દિશાસૂચન**" નામ આપીને, શરૂમાં પ્રગટ કરવાનું રાખ્યું. "દિશાસૂચન" ગ્રન્થ ઘણી લોકપ્રિયતાને પામ્યો છે અને એ જ કારણે અમારે વિ. સં. ૧૯૯૬ના અન્ત ભાગમાં "દિશાસૂચન–પહેલા ભાગ"ની બીજી આવૃત્તિ છપાવીને પ્રગટ કરવી પડી હતી. આ બીજો ભાગ અને હવે પછીના ભાગો પણ એવી જ રીતિએ લોકપ્રિયતા પ્રાપ્ત કરશે, એમ અમારૂં માનવું છે.

સંશોધનને અંગે અમારી નેમ એ જ હતી અને છે કે–એક સ્વપર-ઉપકારક સાહિત્ય વધુ સારા પ્રકારે જાહેરમાં મૂકવું. ઉપક્રમમાં, ઉપસંહારમાં કે વચ્ચે જ્યાં જ્યાં જરૂર લાગે ત્યાં ત્યાં સંભવિત શબ્દો કે વાક્યોનો સુધારો કે વધારો કરીને પણ મૂળ વસ્તુને વધુ સ્પષ્ટ, વધુ રોચક અને વધુ ઉપકારક બનાવવી. અમે અમારી આ નેમ પૂ. પ્રવચનકારશ્રી પાસે મૂકી અને તેઓશ્રી તેમ કરવામાં સંમત થયા. એ મુજબ જ આ ગ્રન્થ તૈયાર કરવામાં આવ્યો છે. શ્રી જૈ. પ્ર. ગ્રંથશ્રેણિની આ યોજના ઘણા વખતથી ખોરંભે પડી ગયેલી હોવાથી, આ ગ્રન્થને ઘણી જ ઝડપે છપાવવામાં આવ્યો છે. એથી છપાઇને લગતી વધારે પડતી અશુદ્ધિઓ રહી ગઇ હોય તો તે સંભવિત છે. આથી તે સુધારીને વાંચવાની વિનંતિ છે.

આમુખ

બસ—પ્રવૃત્તિ, પ્રવૃત્તિ ને પ્રવૃત્તિ.

સારોય સંસાર પ્રવૃત્તિમય છે. સમસ્ત વિશ્વ પ્રવૃત્તિ-શીલ છે. જગતના જીવ માત્રને પ્રવૃત્તિ વિના ચેન પડતું નથી. માનસિક, વાચિક અને કાયિક—એ ત્રિવિધ પ્રવૃત્તિઓમાંથી કોઇ એકવિધ પ્રવૃત્તિમાં, કોઇ દ્વિવિધ પ્રવૃત્તિમાં અને કોઈ ત્રિવિધ પ્રવૃત્તિમાં મશગુલ છે.

આનું કારણ શું? આનું ધ્યેય શું?

પ્રવૃત્તિ, એ ધ્યેય નથી. પ્રવૃત્તિ તો સાધન છે. સાધ્ય જૂદું છે. સૌથી વધારે મહત્ત્વની વસ્તુ સાધ્ય છે.

વિશ્વના સઘળા જ જીવો સુખના અર્થી છે. જગતે માનસિક સંતોષમાં સુખની કલ્પના કરી છે. મનને જે કાંઇ ગમતું હોય તે સર્વ પ્રાપ્ત થાય અને મનને જે કાંઇ ન ગમતું હોય તે સર્વ દૂર રહે, એટલું જ જગત ઇચ્છે છે. મનને ગમતી વસ્તુઓમાંની એક પણ વસ્તુ ન મળે, મળે પણ અધુરી મળે અગર તો મળી હોય ને ચાલી જાય, તો જગતના જીવો અસંતુષ્ટ બની જાય છે અને

એથી માનસિક વેદના અનુભવે છે. એ જ રીતિએ મનને નહિ ગમતી વસ્તુઓમાંની એક પણ વસ્તુનો જો યોગ થઈ જાય છે અગર તો થઇ ગયો હોય છે, તો પણ જગતના જીવો અસંતુષ્ટ બની જાય છે અને માનસિક વેદના અનુભવે છે. આ રીતિએ માનસિક સંતોષનું અર્થી બનેલું જગત, મનને ગમતી વસ્તુઓનો સંયોગ સાધવા માટે અને મનને નહિ ગમતી વસ્તુઓનો વિયોગ સાધવા માટે પ્રયત્નશીલ બનેલું છે.

જગતમાં આ જાતિનો પ્રયત્ન અનાદિ કાલથી ચાલી રહ્યો છે. જગત અનાદિ કાલથી છે અને અનન્ત કાલ રહેવાનું છે. જગત એ કોઇ સર્જિત વસ્તુ નથી, પણ સ્વાભાવિક વસ્તુ છે. જગતને સર્જિત માનીએ, તો એનો કોઇ સર્જક જોઇએ: અને-'સર્જક વિના કોઈ વસ્તુ સર્જાય જ નહિ'-એ નિયમના આધારે જો જગતના સર્જકને કબૂલ રાખીએ, તો પછી સર્જકનો પણ સર્જક જોઇએ. 'જગતનો સર્જક તેના સર્જક વિના સર્જાયો જ શી રીતિએ?'-એ પ્રશ્ન ઉભો જ રહે છે. જેમ કેરી પહેલી કે ગોટલો પહેલો? કેરી વિના ગોટલો સંભવે નહિ અને ગોટલા વિના કેરી સંભવે નહિ. આવી સમસ્યાઓ પ્રત્યેક વસ્તુને અંગે ઉપસ્થિત થવાની. આથી જગતને અનાદિકાલીન માન્યા વિના ચાલે તેમ નથી. જગત અનાદિકાલીન છે, એટલે જગતના જીવોનું અસ્તિત્વ પણ અનાદિકાલીન છે, એમ આપોઆપ પૂરવાર થઈ જાય છે: અને એથી એ વાત પણ સિદ્ધ જ છે કે-મનને ગમતી

૨૩૩૫૨

વસ્તુઓને મેળવવાનો અને મનને નહિ ગમતી વસ્તુઓને દૂર કાઢવાનો પ્રયત્ન, આ જગતમાં અનાદિ કાલથી ચાલી રહ્યો છે. ઇષ્ટસંયોગ અને અનિષ્ટવિયોગ માટે જગતના જીવો અનાદિ કાલથી મથી રહ્યા છે.

આટલી મહેનતનું પરિણામ શું ? જગતના અનન્ત જીવોમાંથી કેટલા જીવોને તેમને ગમતી સઘળી જ વસ્તુઓ મળી ગઈ અને તેમને નહિ ગમતી સઘળી જ વસ્તુઓ તેમનાથી દૂર રહી ? આપણે આપણો પોતાનો જ વિચાર કરીએ. શું આપણને તેવી સઘળી જ વસ્તુઓ પ્રાપ્ત થઈ ગઈ છે, કે જે વસ્તુઓ આપણને ગમતી હોય ? અને શું આપણને તેવી કોઈ જ વસ્તુનો યોગ થયો નથી, કે જે વસ્તુ આપણને ન ગમતી હોય ? 'આપણને જે કાંઇ ગમે છે તે સઘળાનો આપણી પાસે સદ્ભાવ છે અને આપણને જે કાંઇ ગમતું નથી તે સઘળાનો આપણી પાસે અભાવ છે'–એવું આપણે પોતે આપણી જાત માટે પણ પ્રમાણિકપણે કહી શકીએ તેમ છીએ ? આના જવાબમાં આપણું અન્તર 'ના' પાડે છે. આપણું અન્તર એમ પોકારી ઉઠે છે કે–'મને ગમતી એવી ઘણી ઘણી વસ્તુઓ મારી પાસે નથી અને એવી ઘણી ઘણી વસ્તુઓ મારી પાસે છે કે જે મને ગમતી નથી.' એક તરફ આપણા મનને ગમતી વસ્તુઓની નોંધ મૂકીએ અને બીજી તરફ આપણી પાસે જે કાંઇ આપણા મનને ગમતી વસ્તુઓ છે, તેની નોંધ મૂકીએ : પછી વિચારીએ કે–આપણને જે મળ્યું છે, તેનું પ્રમાણ કેટલું ?

એ હિસાબે આપણને કાંઇ જ મળ્યું નથી, એમ આપણું મન કહે છે: કારણ કે–મનને ગમતી વસ્તુઓની ગણત્રી કરવા બેસીએ તો તેની ગણના પણ થઇ શકે તેમ નથી. એ જ સ્થિતિ મનને નહિ ગમતી વસ્તુઓને અંગે પણ છે. મનને નહિ ગમતી વસ્તુઓ આપણને એટલી બધી મળી છે અને મળ્યે જ જાય છે કે–એના યોગે આપણું મન કેટલીક વાર તો પારાવાર દુઃખ અનુભવે છે. આવી સ્થિતિ માત્ર આપણી જ છે અને બીજાઓની નથી, એમ પણ નથી. લગભગ બધા જ જીવોની સ્થિતિ આ છે.

અનન્ત કાલની જહેમતનું આ પરિણામ, એ શું દુઃખદ વસ્તુ નથી? વિચારપ્રેરક વસ્તુ નથી?

આપણે માણસ છીએ. આપણી પાસે વિચાર કરવાને બુદ્ધિ છે અને અમલ કરવાને શક્તિ છે. બુદ્ધિ અને શક્તિનો વ્યય આપણે નથી કરતા એમ પણ નથી. મનને ગમતી સામગ્રી મેળવવાને માટે અને મનને નહિ ગમતી સામગ્રીને દૂર કરવાને માટે, આપણે બુદ્ધિ અને શક્તિનો વ્યય કરી રહ્યા છીએ. પણ એ વ્યયનું પરિણામ જોતાં લાગે છે કે–આ વિષયમાં જગતના મનુષ્યો કેવળ અન્ધ બનીને જ પ્રવૃત્તિ કરી રહ્યા છે. અન્યથા, અનન્ત કાલથી જે પ્રયત્ન નિષ્ફલ જ નહિ પણ નુકશાનકારક નિવડતો આવ્યો છે, તેનું કારણ શોધવાનો પ્રયત્ન ન થાય અને તેની તે દિશાએ જ તેનો તે પ્રયત્ન થયે જાય, એ બને જ કેમ? મહેનત કરવા છતાં, મહેનતમાં ઉણપ

નહિ આવવા દેવા છતાં, ધાર્યું ફલ ન મળે અગર તો વિપરીત ફલ મળે, એથી વિચારશીલ આત્મા તો ચોંકે, થંભે અને તેમ બનવાનું કારણ શોધે. કારણ શોધતે શોધતે જો પ્રયત્નની દિશાને પલટાવવાની જરૂર લાગે, તો પ્રયત્નની દિશાને પલટાવતાં પણ તે આંચકો ન ખાય.

જગત અનન્તાનન્ત જીવોથી ભરપૂર છે. એ જીવોમાંથી જેટલા જીવોને આપણે આપણી ચર્મ–ચક્ષુ દ્વારા જોઈ શકીએ તેમ છે, તેટલા જીવોમાં પણ મનુષ્યદેહધારી જીવોની સંખ્યા બીજા દેહધારી જીવોની અપેક્ષાએ અતિ અલ્પ છે. આપણે એ વિચાર કરવો જોઇએ કે– ‘મનુષ્યેતર દેહધારી અનન્ત જીવોમાં ઉત્પન્ન થવાને બદલે, સંખ્યાથી અતિ મર્યાદિત એવા મનુષ્ય દેહધારી જીવોના વર્ગમાં હું ઉત્પન્ન થયો, તેનું કારણ શું?’ મનુષ્ય દેહને પામેલા જીવોમાં પણ પરસ્પર વૈચિત્ર્ય ઘણું છે. ઇન્દ્રિયાદિને અંગે, બુદ્ધિવૈભવને અંગે, દુન્યવી સંપત્તિ આદિને અંગે અને સ્વજનાદિને અંગે, મનુષ્યદેહને ધરનારા જીવોમાં પણ પરસ્પર અસમાનતા ઓછી નથી. આનું કારણ શું? ઘણાઓને જે નથી મળ્યું, તે આપણને મળ્યું છે અને કેટલાકોને જે મળ્યું છે, તે આપણને મળ્યું નથી અગર પ્રયત્ન છતાં મળતું નથી, તેનું કારણ તો હોવું જોઇએ ને?

સર્વ જીવોમાં મનુષ્યની ખ્યાતિ વિવેકી અને સદાચારી જીવન ઉત્તમમાં ઉત્તમ પ્રકારે જીવી શકનાર તરીકેની છે.

મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારક,—એ ચાર પ્રકારના ભવોમાં મનુષ્યભવ સર્વશ્રેષ્ઠ ગણાય છે : કારણ કે—બુદ્ધિના સદુપયોગપૂર્વક સદાચારનો અમલ કરવાની જેવી તાકાત મનુષ્યને માટે સંભવિત છે, તેવી તાકાત બીજા ભવોને પામેલા જીવોને માટે સંભવિત નથી. આવી સર્વશ્રેષ્ઠ મનુષ્યગતિને પામવા છતાં પણ, આપણે જો વિચારહીનપણે વર્તીએ અને આપણા વાસ્તવિક હિતને સાધવાના વિવેકપૂર્વકનો વિચાર તથા પ્રયત્ન ન કરીએ, તો આપણને જે માણસાઈ મળી, તે શા કામની ?

આપણે કોણ છીએ ?

આપણી પોતાની વસ્તુ કયી ?

આપણે ક્યાંથી આવ્યા ?

આપણે જવાનું ક્યાં ?

આપણું ભાવિ શું ?

—આ અને આવી બીજી પણ જરૂરી વસ્તુઓનો આપણે જો વિચાર જ ન કરીએ, તો આપણે માણસ શાના ? આપણને બુદ્ધિ મળી તે શા કામની ?

આપણે પોતે આ શરીર નથી એ તો નિશ્ચિત વાત છે : કારણ કે—જ્યારે મૃત્યુ થાય છે ત્યારે શરીર અહીંનું અહીં જ રહી જાય છે અને આત્મા અન્યત્ર ચાલ્યો જાય છે. જે આ શરીરમાં આવ્યો છે અને અહીંથી બીજે જવાનો છે, તે જ આપણે છીએ. આપણે એટલે આત્મા.

'આપણે એટલે આત્મા'—એમ સિદ્ધ થવા સાથે, એ પણ સિદ્ધ થઇ જાય છે કે—આપણું તે જ કહેવાય, કે જે આત્માનું જ હોય: અર્થાત્—એક પણ આત્માથી કોઈ પણ કાળે જે વિખૂટું પડે તેમ હોય જ નહિ, તે જ આપણું કહેવાય. આ સંસારમાં આપણી જો કોઈ પણ વસ્તુ હોય, તો તે કેવળ આત્માના ગુણો જ છે. એ જ એક એવી વસ્તુ છે, કે જે કોઇ પણ કાળે એક પણ આત્માથી વિખૂટી પડતી જ નથી અને એ સિવાયની એક પણ વસ્તુ એવી નથી, કે જે એક પણ આત્માથી વિખૂટી પડે જ નહિ!

આત્માનો સ્વભાવ સચ્ચિદાનન્દમય છે અને એ જ તેના ગુણો છે. સચ્ચિદાનન્દમય સ્વરૂપવાળો પણ આપણો આત્મા, જડ કર્મોના અનાદિકાલીન યોગના કારણે અનંત કાલથી, એક ભવમાંથી બીજા ભવમાં અને બીજા ભવમાંથી ત્રીજા ભવમાં—એમ અનન્તા ભવોમાં આજ સુધીમાં ભમી ચૂકયો છે. એમ ભવભ્રમણ કરતો આપણો આત્મા કોઇ ભવમાંથી આ ભવમાં આવ્યો છે અને આ ભવનું આયુષ્ય પૂર્ણ કરીને અન્ય કોઇ ભવમાં ચાલ્યો જવાનો છે.

આયુષ્ય, એ પણ આત્માની સ્વકીય વસ્તુ નથી. એ પણ આત્માને લાગેલું એક જાતિનું કર્મ જ છે. એક આયુષ્યની પૂર્ણાહુતિની સાથે આત્માનો અન્ત આવતો નથી, પણ જે ભવનું તે આયુષ્ય હોય છે તે ભવનો જ અન્ત આવે છે. તો પછી આપણું ભાવિ શું? એ જ

કે–જ્યાં સુધી આત્મા ભવચક્રમાં ભમાવનાર વસ્તુથી સર્વથા મુક્ત ન બને, ત્યાં સુધી એક ભવમાંથી બીજા ભવમાં અને બીજા ભવમાંથી ત્રીજા ભવમાં, એ રીતિએ આ સંસારચક્રમાં ભમ્યા જ કરવાનું !

આ પ્રકારના ભવભ્રમણથી મુક્ત થવાનો ઉપાય જ જો આ સંસારમાં વિદ્યમાન ન હોય, તો તો આપણે હતાશ જ થઇ જવું પડે: કારણ કે–ગમે તેટલા પ્રયત્ને પણ જો ભવભ્રમણ ટળે તેમ હોય જ નહિ, તો એકાન્ત સુખની આશા રાખવાની રહી જ નહિ ! પણ તેમ નથી. ભવભ્રમણથી મુક્ત બનવાનો ઉપાય અવશ્ય છે.

ભવભ્રમણનું જે વાસ્તવિક કારણ છે, તેને નાબૂદ કરવું–એ જ ભવભ્રમણથી મુક્ત બનવાનો ઉપાય છે.

ત્યારે ભવભ્રમણનું કારણ કયું ?

ભવભ્રમણનું કારણ બીજું કોઇ નથી, પણ આપણાં પોતાનાં કૃત્યો, એ જ ભવભ્રમણનું વાસ્તવિક કારણ છે. આપણાં કૃત્યોના યોગે બંધાએલાં કર્મોએ, આપણા આત્માના સ્વરૂપને આવર્યું છે. જલમાં ઉપર તરતી રહેવાના ગુણવાળી પણ તુંબડી, જો કાદવથી લેપાઇ વજનદાર બને, તો જલમાં ડૂબી છેક તળીયે પણ જઈ રહે છે. એ જ રીતિએ આપણો આત્મા સ્વભાવે જન્મ અને મૃત્યુ આદિથી પર રહેનારો છે, પણ આપણે તેને આપણાં જ કૃત્યોથી એવો બનાવી દીધો છે કે–વર્તમાનમાં તે ભવભ્રમણ કરી રહ્યો છે. આપણે જ આપણા નિર્મલ

સ્વરૂપવાળા આત્માને મલિન બનાવ્યો છે અને એ મલિનતા એ જ આપણા ભવભ્રમણનું વાસ્તવિક કારણ છે. આપણે ધારીએ તો આ મલિનતાને જરૂર દૂર કરી શકીએ.

'નિર્મલ સ્વરૂપવાળો આપણો આત્મા મલિન બન્યો શાથી ?'—એવો પ્રશ્ન ઉઠવો સંભવિત છે. અનન્તજ્ઞાનિઓ ફરમાવે છે અને બરાબર વિચાર કરીએ તો આપણી બુદ્ધિ પણ કબૂલ કરે છે કે—આપણા આત્માની આ મલિનતા, એ પણ અનાદિકાલીન વસ્તુ છે. એનો કોઈ આદિકાલ છે જ નહિ. મલિનતામાં થતા પ્રત્યેક પરિવર્તનનો આદિકાલ જરૂર છે, પણ મલિનતાનો આદિકાલ નથી: કારણ કે—કૃત્ય વિના કર્મ બંધાય નહિ અને કર્મ વિના કૃત્ય થાય નહિ. આત્મા સ્વરૂપે અક્રિય છે. અક્રિય આત્મા કર્મથી લેપાતો નથી અને કર્મરહિત આત્મા સક્રિય હોઈ શકતો નથી. ક્રિયા વિના કર્મની ઉત્પત્તિ સંભવિત નથી, તેમ સર્વથા કર્મરહિત માટે ક્રિયા સંભવિત નથી. આથી એમ માનવું એ જ વ્યાજબી છે કે—આપણો આત્મા અનાદિ કાલથી મલિન દશાને ભોગવી રહ્યો છે. એ મલિનતામાં વધ-ઘટ થયા જ કરે છે. એ મલિનતા વધે છે પણ આપણાં કૃત્યોથી અને ઘટે છે પણ આપણાં કૃત્યોથી ! એ જ રીતિએ આપણે આપણા આત્માની મલિનતાને સર્વથા નિર્મૂલ પણ કરી શકીએ છીએ.

આપણાં કૃત્યો દ્વારાએ આપણે નિપજાવેલી આપણા આત્માની આ મલિનતા, એ જ આપણા દુઃખની જડ

છે. જ્યાં સુધી આ મલિનતા નહિ ટળે, ત્યાં સુધી એકાન્ત સુખમય દશા પ્રાપ્ત થવાની જ નથી. સત્કૃત્યના યોગે ઉત્પન્ન થયેલું પુણ્યકર્મ જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે આપણુને આપણા મનને ગમતી સામગ્રી તે પુણ્યના પ્રમાણમાં પ્રાપ્ત થાય છે અને દુષ્કૃત્યના યોગે ઉત્પન્ન થયેલું પાપકર્મ જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે આપણા મનને ન ગમે તેવી સામગ્રીનો આપણુને તે પ્રમાણમાં યોગ થઈ જાય છે. એકમાં આપણે સુખ અનુભવીએ છીએ અને બીજામાં આપણે દુઃખ અનુભવીએ છીએ: પરન્તુ વસ્તુતઃ તેમાં સુખ કે દુઃખ અનુભવવા જેવું કાંઇ છે જ નહિ! દુન્યવી સામગ્રીની અનુકૂળતા અને પ્રતિકૂળતા, એ તત્ત્વતઃ આપણા પોતાના જ પુણ્યોદયને અને પાપોદયને આભારી છે. ગમે તેવું પુણ્યકર્મ પણ શાશ્વત હોતું નથી. એનો અન્ત અવશ્ય હોય છે. પુણ્યનો અન્ત અવશ્ય છે, એટલે એ પુણ્યના યોગે પ્રાપ્ત થતી સામગ્રીનો વિયોગ પણ અવશ્યંભાવી છે. આ વસ્તુનો અનુભવ પ્રત્યેક જીવાત્મા કરી રહ્યો છે. દુન્યવી સંપત્તિ, દુન્યવી સત્તા, દુન્યવી સુખની સઘળી જ સામગ્રી, તેને જ તે પ્રમાણમાં મળે છે, કે જેનુ જે પ્રમાણમાં પુણ્ય ઉદયમાં વર્તતું હોય છે. હોંશીયારીથી કે પરિશ્રમથી મનગમતી દુન્યવી વસ્તુઓ મળે છે, એમ માનનારાઓની આંખ સામે પણ–' સંખ્યાબંધ હોંશીયારો અને ઉદ્યમશીલો તેમની ધારણા મુજબની સંપત્તિ આદિ દુન્યવી સામગ્રી મેળવી શકતા નથી. '–એવાં ઉદાહરણો મોજૂદ છે. દુન્યવી

અનુકૂળ સામગ્રી પુણ્યોદય વિના જેમ પ્રાપ્ત થતી નથી, તેમ તે ટકે છે પણ પુણ્યોદય વર્તતો હોય ત્યાં સુધી જ: અને મળેલી તથા ટકેલી પણ તે અનુકૂળ સામગ્રીનો ભોગવટો પણ તેઓ જ કરી શકે છે, કે જેઓનું તે પ્રકારનું પુણ્ય ઉદયમાં વર્તતું હોય છે. આવી પરાધીન સામગ્રીની અનુકૂળતા સાધવા અને તેની પ્રતિકૂળતા ટાળવા અનન્તકાળ સુધી મહેનત કરવામાં આવે, તો પણ કાંઇ જ વળે નહિ તે સ્વાભાવિક છે. ઘાણીનો બળદ ચાલે છે ઘણું, પણ અન્તર કાપી શકતો નથી. એનો પરિશ્રમ એને થકવે છે જરૂર, પણ તેની જગ્યાએથી તેને દૂર લઇ જઈ શકતો નથી. દુન્યવી સામગ્રીમાંની મનગમતી સામગ્રી મેળવવાના અને અણગમતી સામગ્રીથી દૂર રહેવાના પ્રયત્નમાં જ પડેલા જીવો, આ સંસારમાં અનન્તા કાળથી ઘાણીના બળદ જેવી દશાને ભોગવી રહ્યા છે.

દુનિયાના જીવો મનને ગમતી વસ્તુઓને મેળવવાનો અને મનને નહિ ગમતી વસ્તુઓથી દૂર રહેવાનો જે પ્રયત્ન કરી રહ્યા છે, તેનો હેતુ એટલો જ છે કે–એ દ્વારા સુખ મળે અને દુઃખ ટળે. સુખ સૌને ગમે છે અને દુઃખ કોઇને ગમતું નથી. સુખપ્રિય સૌ છે અને દુઃખપ્રિય કોઈ નથી. નાનામાં નાનો જીવ પણ સુખનો જ અર્થી છે. આ જગતમાં જીવો હોંશે હોંશે પણ દુઃખને સહન કરતા દેખાય છે, પરન્તુ તેનું કારણ એ નથી કે–તે જીવોને દુઃખ પસંદ છે. વર્તમાનમાં હોંશે હોંશે દુઃખ સહન કરી રહેલા તે જીવોનો ઈરાદો પણ, દુઃખને

સહન કરવા દ્વારા સુખને જ સાધવાનો છે. એમને એમ લાગ્યું છે કે–'આ રીતિએ આપણે દુઃખ સહન કરી લઈશું, દુઃખ ભોગવવાથી ડરી નહિ જઇએ, તો પરિણામે દુઃખ જશે અને સુખની પ્રાપ્તિ થશે.' આવી જ માન્યતા હોવાથી તેઓ દુઃખને પણ હોંશે હોંશે સહી લે છે.

દુનિયાના જીવો જે સુખના અર્થી છે, તે સુખ પણ સામાન્ય કોટિનું નથી. દુનિયાના જીવોને જે સુખ જોઇએ છે, તે એવું જોઈએ છે, કે જેમાં દુઃખનો એક અંશ પણ ન હોય. ઘણા સુખમાં થોડું પણ દુઃખ હોય, તો તે આપણને ગમતું નથી. એમ થયા જ કરે છે કે–'આટલું પણ દુઃખ ક્યારે જાય ?' આપણને એ ખટકયા જ કરે છે. કેટલીક વાર તો થોડા દુઃખનો ખટકારો, બાકીના ઘણા પણ સુખને સુખે ભોગવવા દેતો નથી. આથી સ્પષ્ટ છે કે–દુઃખના થોડા પણ અંશોવાળું સુખ આપણને પસંદ નથી. જો કે–દુઃખથી સર્વથા રહિત સુખ ન મળે ત્યાં સુધી આપણે દુઃખસહિતના સુખથી પણ નિભાવી લઇએ છીએ, પરન્તુ આપણું અન્તર તો એ જ ચાહ્યા કરે છે કે–'આટલું પણ દુઃખ ટળે તો સારૂં!' અર્થાત્–સૌ કોઇ દુઃખરહિત સુખના અભિલાષી છે.

દુનિયાના જીવોને જે દુઃખરહિત સુખ જોઇએ છે, તે પણ કેવું જોઈએ ? સંપૂર્ણ. સુખ ભલે દુઃખના અંશ માત્રથી પણ રહિત હોય, પરન્તુ તે જો અપૂર્ણ હોય છે, તો પણ આપણને અસંતોષ રહ્યા જ કરે છે. બાકી રહેલું

સુખ મેળવવાની અભિલાષા હૈયામાં પ્રગટ્યા વિના રહેતી નથી. બીજાને પોતાના કરતાં વધુ સુખી જોઇને, કેટલાકોના અન્તરમાં ઇર્ષ્યા પણ પ્રગટે છે. વળી 'મારૂં સુખ અધુરૂં છે.'—એ ખ્યાલ, એ અધુરાપણાને ટાળવાની ઇચ્છાને ઉત્પન્ન કરે છે અને એ ઇચ્છા પણ અવસરે દુઃખને ઉત્પન્ન કરનારી બની જાય છે. અર્થાત્—દુનિયાના જીવોને જે સુખ જોઇએ છે, તે સુખ જેમ દુઃખના એક અંશ માત્રથી પણ રહિત જોઇએ છે, તેમ અધુરાપણાથી પણ રહિત જોઇએ છે.

આટલા માત્રથી પણ દુનિયાના જીવોને જોઈતા સુખની વ્યાખ્યા પૂર્ણ થતી નથી. દુઃખરહિત અને સંપૂર્ણ એવું પણ સુખ, જો અમૂક કાલ પછીથી પણ ચાલ્યું જ જવાનું હોય છે, તો—'આ સુખ મળ્યું ખરૂં, પણ અમૂક કાળે પાછું જતું રહેશે.'—એ વિચારથી હૈયામાં દુઃખ ઉત્પન્ન થઈ જાય છે. ન્યાયાધીશ ફાંસીની સજા ફરમાવી દે, તે પછી જીવનના અભિલાષી ગૂન્હેગારને તમે ગમે તેટલી ઉત્તમ સામગ્રી આપો, પણ—'મને ફાંસીએ લટકાવીને મારી નાખવામાં આવશે.'—એવો વિચાર જ, ઉત્તમ પણ સામગ્રીનો બીજાઓની જેમ રસપૂર્વક ઉપભોગ કરવામાં, એને માટે અંતરાયભૂત બની જાય છે. મળેલું સુખ નાશ પામવાનું હોય છે તો તે જેમ દુઃખ ઉત્પન્ન કરી દે છે, તેમ મળેલું સુખ જો હાનિ પામવાનું—ઘટવાનું હોય છે તો પણ તે દુઃખ ઉત્પન્ન કરી દે છે.

આથી સ્પષ્ટ છે કે-દુનિયાના જીવોને જે સુખ જોઇએ છે, તે દુઃખરહિત પણ જોઈએ છે, સંપૂર્ણ પણ જોઇએ છે અને શાશ્વત કાલ એકસરખી રીતિએ ટકી રહે તેવું પણ જોઇએ છે. દુનિયાના બધા જ જીવો પોતાને જોઈતા સુખની વ્યાખ્યા આ રીતિએ શબ્દોમાં ગોઠવીને બતાવી શકે નહિ એ શકય છે : પરન્તુ દુનિયાના જીવોની ઇચ્છાઓના યથાસ્થિત સ્વરૂપને અથવા તો કહો કે-તે સર્વ ઈચ્છાઓની પાછળ વર્તી રહેલા હેતુના સ્વરૂપ આદિને જાણવાની શક્તિવાળા વિવેકશીલ આત્માઓ તો, આ વાતને બરાબર સમજી શકે છે.

હવે વિચાર કરો કે-દુનિયાના કોઈ પણ પદાર્થમાં આવું સુખ આપવાની તાકાત છે ? દુનિયાના એક પણ પદાર્થમાં જો આવું સુખ આપવાની તાકાત હોય, તો તો આપણે તે પદાર્થને મેળવવાનો પ્રયત્ન કરીએ તે વ્યાજબી ગણાય : પણ દુનિયાના એક પણ પદાર્થમાં જો આવું સુખ આપવાની તાકાત ન હોય, તો તો આપણે અનન્ત કાળ મથ્યા અને હજુય અનન્ત કાળ સુધી મથીએ, છતાં આપણે ઈચ્છીએ છીએ તેવું સુખ મળે જ નહિ. આથી કાં તો આપણે તેવા સુખની ઇચ્છાને જ તજી દેવી પડે અને કાં તો આપણા પ્રયત્નની દિશાને ફેરવવી પડે.

આ પ્રશ્ન ઘણો ગહન છે, છતાં પણ સુવિવેકી આત્માને માટે આનો ઉકેલ સુલભ છે. માત્ર આપણે વિવેકપૂર્વક આપણા હિત-અહિતનો વિચાર કરનારા બની જવાની

પહેલી જરૂર છે. સુવિવેકી બનીને વિચારાય, તો કોઇ પણ આત્માને માટે સાચું માર્ગદર્શન, એ અશક્ય વસ્તુ નથી.

દુનિયાના એક પણ પદાર્થમાં જો દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખ આપવાની તાકાત હોય, તો તો એકાદ માણસ પણ તેવો સુખી આપણી નજરે ચઢવો જોઇએ ને ? દુનિયાની મોટામાં મોટી સત્તાને ભોગવતો, સંખ્યાબંધ સેવકોથી સેવાતો, વિપુલતમ સંપત્તિનો માલીક, એવો પણ આદમી શું વસ્તુતઃ સુખી છે? એના સુખમાં દુઃખનો એક અંશેય નથી ? એના સુખથી અધિક સુખ શું સંભવિત નથી ? અને એનું સુખ શું એ શાશ્વત કાળ એકસરખી રીતિએ ભોગવી શકવાનો છે ? આ બધા જ પ્રશ્નોનો ઉત્તર 'ન'કારમાં મળે છે. આપણે આ દુનિયામાં વધુમાં વધુ સુખી આદમીની કલ્પના કરી લઈએ, પણ એનુંય સુખ એવું નથી, કે જે દુઃખરહિત હોય, સંપૂર્ણ હોય અને શાશ્વત હોય. દરેક બુદ્ધિશાલી ઘણી જ સહેલાઇથી સમજી શકશે કે—એ વધુમાં વધુ સુખી ગણાતા આદમીનું સુખ પણ, દુઃખરહિતેય નથી, અધુરાપણાથી રહિતેય નથી અને નાશવંત જરૂર છે. એને મળેલી સામગ્રી કદાચ આજીવન ટકી પણ રહે, તોય એનું મૃત્યુ નિર્માએલું જ છે. એને મળેલી સઘળી જ સુખસામગ્રી અહીં રહી જવાની છે અને એનો પણ આત્મા, જેમ કોઇ ભવમાંથી આ ભવમાં આવ્યો હતો તેમ, આ ભવમાંથી પોતાનાં કૃત્યો મુજબના અન્ય ભવમાં ચાલી જ જવાનો છે. મનને ગમતી દુન્યવી વસ્તુઓ મેળવવાને અને મનને નહિ ગમતી દુન્યવી

વસ્તુઓથી દૂર રહેવાને મથતા દરેકે દરેક મનુષ્યે, આ વાત પણ ખાસ વિચારવા જેવી છે.

ખરેખર, દુન્યવી કોઇ પણ પદાર્થના યોગથી ઉત્પન્ન થતું સુખ દુઃખરહિત હોય, સંપૂર્ણ હોય કે શાશ્વત હોય, એ શકય જ નથી. દુન્યવી અનુકૂળ પદાર્થો કોઈ પણ માણુસને સંપૂર્ણપણે પ્રાપ્ત થતા જ નથી. જેટલા પ્રમાણુમાં પુણ્યોદય વર્તતો હોય તેટલા પ્રમાણુમાં જ તે મળે છે, પુણ્યોદય વર્તતો હોય ત્યાં સુધી જ તે ટકે છે, પુણ્યોદય વર્તતો હોય ત્યાં સુધી જ તે ભોગવાય છે અને એ રીતિએ આ ભવના અન્ત સુધી મળીને ટકી પણ જાય અને ભોગવાઈ પણ જાય, તો પણ અન્તે તો આપણો આત્મા એકલો જ ચાલ્યો જાય છે. એ બધા પદાર્થો અને આપણું આ શરીર પણ અહીં રહી જાય છે. સાથે જાય છે– સત્કૃત્ય અને અસત્યકૃત્યથી બંધાયેલ પુણ્ય અને પાપ!

જેનો ઉદ્ભવ, તેનો વિલય–એ નિશ્ચિત વસ્તુ છે. પુણ્યનો ઉદ્ભવ થાય છે, માટે પુણ્યનો વિલય થવા વિષે સન્દેહને અવકાશ રહેતો જ નથી. જ્યારે પુણ્ય પોતે જ નિશ્ચયાત્મકપણે અન્તાવસ્થાને ધરનારૂં છે, તો પછી એ પુણ્યના યોગે પ્રાપ્ત થયેલી સામગ્રી પણ શાશ્વત કાળ ટકી ન રહે, એ સામગ્રી સાથેના આપણા યોગનો અમૂક કાળે પણ અન્ત આવે, એ સ્વાભાવિક જ છે. આ દૃષ્ટિએ પણ, દુન્યવી પદાર્થો પૈકીના અનુકૂળ માનેલા પદાર્થોને મેળવવાનો પ્રયત્ન કરવો, એ આપણી દુઃખ-

રહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખને પામવાની અભિલાષાને અનુકૂળ નથી, પણ પ્રતિકૂળ જ છે.

દુનિયામાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ—એમ પુરૂષાર્થો ચાર ગણાય છે. આ ચાર પુરૂષાર્થોમાંથી પણ, સુખની અભિલાષાને સેવતી દુનિયાએ માત્ર અર્થ અને કામ—એ બે પુરૂષાર્થોની સાધનાને જ પસંદ કરી છે. આવી પસંદગીથી પર એવા જીવો, આ સંસારમાં બહુ જ જૂજ છે. અર્થ અને કામ, એ બન્ને દ્વારા ઉત્પન્ન થતું સુખ શું દુ:ખરહિત, સંપૂર્ણ અને શાશ્વત છે? નહિ જ. અર્થ એટલે પૈસો, કામની સામગ્રીને પ્રાપ્ત કરવાનું સાધન: અને કામ એટલે ભોગોપભોગ. આ બેમાંથી એકેય, વસ્તુત:, સુખનું કારણ છે જ નહિ!

દુનિયાની કોઈ પણ વસ્તુ, વસ્તુત:, સુખદાયક નથી. એકને જે વસ્તુ સુખ ઉપજાવે છે, તેની તે જ વસ્તુ બીજાને દુ:ખ ઉપજાવે છે. જે વસ્તુ આજે આપણને સુખદાયક લાગે છે, તે જ વસ્તુ કાલે આપણને દુ:ખદાયક પણ ભાસે છે. આમ થવાનું કારણ એ જ છે કે—દુનિયાની કોઇ પણ વસ્તુમાં સુખ દેવાની કે દુ:ખ દેવાની તાકાત નથી, પણ માણસની પોતાની વૃત્તિ જ તે વસ્તુના યોગ અને ભોગ આદિમાં સુખ કે દુ:ખની કલ્પના કરી લે છે. આવા પદાર્થોને મેળવવાનો, ટકાવવાનો અને ભોગવવાનો અનન્ત કાળ પર્યન્ત પ્રયત્ન કરીએ, તો પણ આપણે ઇચ્છિત સુખ પામી શકીએ જ નહિ, તે સહજ છે.

ત્યારે શું આપણે દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખને મેળવવાની અભિલાષાને છોડી દેવી જોઇએ ? નહિ જ, કારણ કે–એવું સુખ પ્રાપ્ત કરવાનો માર્ગ નથી એમ નહિ જ ! તો પછી એ નક્કી કરવું જોઇએ કે–એવું સુખ પ્રાપ્ત કરવાને માટે શું કરવું જોઇએ ?

એ જ કે–દુઃખરહિત સુખ પામવા માટે સૌથી પહેલાં દુઃખને ઉત્પન્ન કરનારાં કારણોથી દૂર થઇ જવું જોઇએ : સંપૂર્ણ સુખ મેળવવા માટે ઉંચામાં ઉંચી કોટિની દશા પ્રાપ્ત કરવી જોઇએ : અને શાશ્વત સુખ અનુભવવા માટે મળેલી સુખમય દશા શાશ્વત કાળ એકસરખી રીતિએ ટકી રહે તેવી સ્થિતિ પ્રાપ્ત કરવી જોઇએ.

આમ થવું, એ કયી રીતિએ સંભવિત છે ?

આપણે એ વિચારી ચૂકયા છીએ કે–આત્મા, એ એક શાશ્વત વસ્તુ છે. એક ભવમાંથી બીજા ભવમાં અને બીજા ભવમાંથી ત્રીજા ભવમાં, એમ અનન્ત કાળથી આત્મા અનન્તા ભવોમાં ભમી ચૂકયો છે, પણ તેનો નાશ થયો નથી. એથી પણ સમજી શકાય તેમ છે કે–અનન્ત કાળે પણ તેનો નાશ થવાનો નથી. આવી શાશ્વતતાવાળા આત્માને ઉંચામાં ઉંચી કોટિની દશાએ આપણે પહોંચાડીએ, તો જ આપણે શાશ્વત અને સંપૂર્ણ સુખ અનુભવી શકીએ. આત્માની ઉંચામાં ઉંચી કોટિની દશા, એ તેની સર્વથા નિર્મલ અવસ્થા છે. અનાદિકાલથી આપણાં જ કૃત્યોના યોગે જે કર્મના યોગ રૂપ મલિનતાથી

આત્મા ઘેરાયો છે, તેને આપણે સર્વથા દૂર કરી દઇએ, તો આત્મા પોતાની સર્વથા નિર્મલ દશાને પામે. એ નિર્મલ દશામાં આત્મા કોઇ કૃત્ય કરતો જ નથી, એટલે કદિ પણ તે કર્મના આવરણથી આવરિત બનતો નથી. કર્મની મલિનતા ટળ્યા પછી તો, દુઃખ જેવી કોઇ વસ્તુ જ સંભવિત નથી : કારણ કે–કર્મના યોગે જ દુઃખ છે.

આત્માની આવી ઉંચામાં ઉંચી કોટિની અવસ્થાને મુક્તાવસ્થા કહેવામાં આવે છે. કોઇ પણ આત્મા કોઈ પણ કાળે આ અવસ્થાથી ઉંચી કોટિની અવસ્થાને પામી શકતો જ નથી : કારણ કે–એથી ઉંચી કોઇ અવસ્થા વિદ્યમાન પણ નથી અને સંભવિત પણ નથી.

આથી સ્પષ્ટ છે કે–સાચું સુખ દુનિયાના કોઇ પણ પદાર્થના યોગમાં રહેલું નથી, પરન્તુ આત્મામાં જ રહેલું છે અને એથી સુખના અર્થિઓએ કેવળ મુક્તાવસ્થાની પ્રાપ્તિની દિશાએ જ પ્રયત્ન કરવા જેવો છે.

હવે એ વિચારવું જોઇએ કે–આત્મા આવી ઉંચામાં ઉંચી કોટિની અવસ્થાને કયી રીતિએ પામી શકે ?

આત્માના સ્વભાવને પીછાનીને, આત્માના સ્વભાવના અભ્યાસ રૂપ પ્રવૃત્તિઓમાં આપણે જો બરાબર યોજાઇ જઇએ, તો એ નિશ્ચિત વાત છે કે–ક્રમશઃ આપણે આપણાં જ કૃત્યોથી બાંધેલાં કર્મોથી મુક્ત બનતા જઈએ અને અન્તે કર્મોથી સર્વથા મુક્ત પણ બની જઇને, કેવળ આત્મ–સ્વભાવમાં જ સુસ્થિત થઈ જઇએ.

આટલી બાબતોમાં આપણે સુનિશ્ચિત થઈ જઇએ, એટલે આપણો માર્ગ બહુ જ સરલ બની જાય છે.

'મોક્ષ પામવો જ જોઇએ.'–એ વસ્તુ નિશ્ચિત થઇ ગયા બાદ તો, આત્માના સ્વભાવના અભ્યાસ રૂપ પ્રવૃત્તિ આદરવાને માટે, આપણે આપણી બુદ્ધિને ગૌણ બનાવી દઇને સમર્પિતભાવને મૂખ્ય બનાવી દેવાનો રહે છે.

મોક્ષની પ્રાપ્તિ માટે આપણે કોને સમર્પિત બનવું જોઇએ, એ પણ એક વિચારણીય પ્રશ્ન છે. આપણે તેને જ સમર્પિત બનવું જોઇએ, કે જેને સમર્પિત બનવાના યોગે, જેની આજ્ઞા મુજબ વર્તવાના યોગે, આપણે આપણી મુક્તિપ્રાપ્તિની કામનામાં સારામાં સારી રીતિએ-પૂરિપૂર્ણપણે સફલ નિવડી શકીએ.

આ સંસારમાં જેટલા આત્માઓ છે, તે દરેકને પોતપોતાની ભિન્ન ભિન્ન ભવિતવ્યતા છે. આપણે જે આત્માઓને સમર્પિત થવાનું છે, તે ઉંચામાં ઉંચી કોટિની ભવિતવ્યતાવાળા આત્માઓ છે. તેવી ભવિતવ્યતાવાળા આત્માઓમાં બીજા આત્માઓ કરતાં સ્વાભાવિક રીતિએ જ વિશેષ ઉત્તમતા હોય છે. તે આત્માઓ પોતાને જે ભવને અન્તે સંપૂર્ણ મુક્તાવસ્થા પ્રાપ્ત થવાની હોય છે, તે ભવથી ત્રીજા ભવે ઉત્કટમાં ઉત્કટ કોટિની દયાભાવનાને અવશ્યમેવ પામે છે. તે આત્માઓ સંસારના જીવોના દુઃખને સહી શકતા નથી. એમને એમ થઈ જાય છે કે–'દુનિયાના સઘળાય જીવોને હું સાચા સુખનો વાસ્તવિક માર્ગ પમાડી

કરું, કે જેથી તેઓ દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખને પામે!' આ જાતિની ભાવદયાની ભાવનામાં ઉત્કટપણે રમતા એવા તે પુણ્યાત્માઓ, 'શ્રી તીર્થંકર–નામકર્મ' તરીકે ઓળખાતા સર્વશ્રેષ્ઠ કોટિના પુણ્યકર્મની નિકાચના કરે છે. એ પુણ્યના યોગે જ, પોતાના અન્તિમ ભવમાં તે આત્માઓ રાગ અને દ્વેષ તથા અજ્ઞાનાદિથી સર્વથા રહિત બન્યા બાદ જ ધર્મતીર્થની સ્થાપના કરે છે. આને જ શ્રી જૈનશાસન કહેવામાં આવે છે. વીતરાગતા અને સર્વજ્ઞપણું પામ્યા પહેલાં, આ ધર્મતીર્થની સ્થાપના કરાતી નથી જ: એટલે શ્રી જૈનશાસનમાં કોઈ પણ પ્રકારની ઉણપ રહેવાની કે કોઈ પણ પ્રકારની ભૂલ થવાની સંભાવના રહેતી જ નથી. 'શ્રી વીતરાગ પરમાત્મા, શ્રી અરિહંતદેવ, શ્રી જિનેશ્વરદેવ'–ઇત્યાદિ અનેક ગુણાનુરૂપ વિશેષણોથી, ધર્મતીર્થના સ્થાપકોને ઓળખવામાં આવે છે. ધર્મતીર્થની સ્થાપના, એટલે મુક્તિમાર્ગની સ્થાપના. સર્વજ્ઞ એવા શ્રી વીતરાગ પરમાત્મા, જીવ અને અજીવના વાસ્તવિક સ્વરૂપને દર્શાવીને, જીવના નિર્મલ આત્મસ્વરૂપને પ્રગટાવવાનો માર્ગ દર્શાવે છે. એ માર્ગ, એ જ શ્રી જૈનધર્મ. આવા શ્રી જૈનધર્મને પામીને તેને સેવનારા આત્માઓ, ક્રમે કરીને નિયમા સર્વથા કર્મમુક્ત અવસ્થાને પામી શકે છે. વિશ્વમાં ધર્મના નામે ઓળખાતા અનેક મતો વિદ્યમાન હતા, છે અને રહેશે; પણ શ્રી જૈનધર્મ સિવાયના બીજા કોઈ પણ ધર્મમાં વાસ્તવિક તારકગુણ નથી: કારણ કે–સર્વજ્ઞદશાને પામ્યા

સિવાય સ્વતન્ત્રપણે જીવ અને અજીવનું વાસ્તવિક સ્વરૂપ સંપૂર્ણતયા સમજી શકાય એ શક્ય જ નથી. શ્રી જૈન-ધર્મ એટલે શ્રી વીતરાગ-પરમાત્માની આજ્ઞા. આપણે આ તારકો પ્રત્યે જ સમર્પિતભાવ કેળવવો જોઇએ અને એ તારકોની આજ્ઞા મુજબ જ વર્તવાને માટે ઉદ્યમશીલ બની જવું જોઇએ. આટલું કરીએ એટલે મુક્તાવસ્થા આપણાથી દૂર નથી, પણ નજદિક જ છે.

આ ગ્રન્થ વાંચકોને એ દિશાએ જ વળવાનું સૂચવનારો છે. મુક્તાવસ્થાની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવાની વાસ્તવિક દિશાએ દોરાવાનું જ, પ્રસ્તુત ગ્રન્થમાં સૂચન છે. આ ગ્રંથમાં પ્રગટ કરવામાં આવતાં પ્રવચનોને ઉચ્ચારનાર પરમર્ષિનો ઉદ્દેશ, દુનિયાના જીવોને મુક્તિ-માર્ગની દિશાએ જ વાળવાનો છે. એથી જ પ્રસ્તુત ગ્રંથનું નામ 'દિશાસૂચન' રાખવામાં આવ્યું છે.

"દિશાસૂચન" નામના ગ્રન્થરત્નનો આ બીજો વિભાગ છે. પ્રથમ વિભાગમાં 'મુંબઇ' શહેરમાં અપાએલાં છ જાહેર પ્રવચનો અને મુંબાઈના પરા 'ઘાટ-કોપર'માં અપાએલાં ત્રણ જાહેર પ્રવચનો-એમ કુલ નવ પ્રવચનોનું સારભૂત અવતરણ, પૂ. પ્રવચનકાર પરમર્ષિની પાસે સંશોધન કરાવીને પ્રગટ કરવામાં આવ્યું હતું. આ બીજા વિભાગમાં કુલ સાત પ્રવચનોનું અવતરણ પ્રગટ કરવામાં આવે છે. કલોલ, કડી અને માંડલમાં અપાએલું એક એક પ્રવચન: ઝીંઝુવાડામાં અપાએલાં

બે પ્રવચનો : અને ચાણસ્મા તથા પાટણમાં અપાએલું એક એક પ્રવચન—એમ કુલ સાત જાહેર પ્રવચનોના અવતરણનું પૂ. આચાર્યદેવની પાસે શકયતા મુજબ સંશોધન કરાવીને, તે દ્વારા આ "દિશાસૂચન-બીજો ભાગ" તૈયાર કરવામાં આવ્યો છે.

અહીં 'જાહેર પ્રવચનો' કોને કહેવાય છે, તે વિષે પણ ખુલાસો કરી દેવો, એ સમુચિત ગણાશે. 'જાહેર પ્રવચનો'નો અર્થ એટલો જ છે કે—જાહેર જનતાને ભાગ લેવાનું જેમાં ખાસ આમંત્રણ કરવામાં આવ્યું હતું તેવાં પ્રવચનો! આમ તો રોજનાં ચાલુ પ્રવચનોમાં પણ જૈનો ઉપરાન્ત જૈનેતરો ભાગ લઈ શકે છે, પરન્તુ વર્તમાનમાં જાહેરાત દ્વારા જાહેર પ્રજાને જાહેર આમંત્રણ આપીને પણ પ્રવચનો કરાવવાનું કાર્ય કેટલાંક સ્થળોએ શ્રીસંઘોએ અને કેટલાંક સ્થળોએ મંડળોએ ઉપાડેલું છે: એ મુજબ:આ પ્રવચનો થયાં હતાં, માટે જ આ પ્રવચનોને જાહેર પ્રવચનો તરીકે ઓળખવામાં અને ઓળખાવવામાં આવે છે.

આ ગ્રન્થમાં જે મહાત્માએ આપેલાં જાહેર પ્રવચનોનું સારભૂત અવતરણ પ્રગટ કરવામાં આવે છે, તે મહાત્માનું નામ છે—પૂજ્યપાદ પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, સમર્થ વિદ્વાન, આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા! પૂજ્ય શ્રી **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા, વર્તમાન જૈન

સમાજમાં એકઅજોડ ઉપકારક પ્રવચનકાર તરીકેની વાસ્તવિક અને વિશિષ્ટ ખ્યાતિને પામેલા છે. આ મહાપુરૂષની પ્રવચનશૈલિ આદિ માટે તો, માત્ર આગેવાન આચાર્યાદિ જૈનમતાનુયાયી વર્ગ જ નહિ, પરન્તુ જૈનેતર વિદ્વાનો પણ ઉંચામાં ઉંચો મત ધરાવે છે. પૂર્વભવની કોઈ અનુપમ આરાધનાના યોગે, આ મહાપુરૂષ એવી ઉમદા પ્રવચનશક્તિને પામ્યા છે કે–કોઇ પણ પ્રવચન માટે તેઓશ્રીને પ્રવચનના વિષયનો પહેલેથી વિચાર પણ કરવો પડતો નથી. સભામાં જવું, સભાજનોને જોવા, શ્રોતાઓ કેટલા પ્રમાણમાં વસ્તુને પચાવી શકે તેમ છે એનું માપ કાઢવું અને શ્રોતાવર્ગને માટે વધુમાં વધુ ઉપકારક વસ્તુ કયી છે તે નક્કી કરી લેવી: આ તેઓશ્રીની શૈલી છે. પ્રવચનના દરેક વિષયને તેઓશ્રી, પોતે કાઢેલા આ ક્યાસ મુજબ જ, ચર્ચે છે. ‘કહેવું તે શ્રી સર્વજ્ઞ વીતરાગ પરમાત્માની આજ્ઞાને અનુસરતું જ કહેવું’–એ મર્યાદાનો જરા પણ લોપ કર્યા વિના, તેઓશ્રી શ્રોતાજનો ઉપર વધુમાં વધુ ઉપકાર કરી શકાય એવી વસ્તુ રજૂ કરે છે. યોગ્યતાસંપન્ન શ્રોતાજનોના અન્તર સુધી તેઓશ્રી આ રીતિએ શ્રી જિનાજ્ઞાને અનુસરતું કથન આબાદ પહોંચાડી શકે છે.

આ પ્રવચનોને જેઓ આ દૃષ્ટિને ધ્યાનમાં રાખીને વાંચશે, તેઓ આમાં ઉપદેશાએલી વસ્તુઓના વાસ્તવિક રહસ્યને પામી શકશે. જૈન મહાત્માઓનાં પ્રવચનો, એ પોતાની વિદ્વત્તાનું પ્રદર્શન કરવાનાં સાધનો નથી. એ

તો જનોપકારની જ દૃષ્ટિથી ઉચ્ચારાતાં સ્વપર-ઉપકારક વચનોના સમૂહો છે. આથી કોઇ કોઇ સ્થલે વિવેચક-દૃષ્ટિએ અપૂર્ણતા પણ લાગે અને એકની એક વાત અનેક વાર કહેવાઈ હોય એમ પણ બને: કારણ કે-જેવું સ્થલ ને જેવી શ્રોતાવર્ગની લાયકાત! ઉપરાન્ત દોઢ-બે કે વધુમાં વધુ અઢી-ત્રણ કલાકોના સમયમાં જ 'જાહેર પ્રવચન' પૂર્ણ કરવાનું હોય, એટલે એ પણ તેમ થવામાં એક કારણ-વિશેષ છે.

આ પ્રવચનોનું મનન કરવાથી,-'પૂ. શ્રી વિજય-રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા શા માટે સંસારના ભોગોપભોગોનો ત્યાગ કરીને શ્રી જિનાજ્ઞા મુજબ સંયમી બનવાની વારંવાર પ્રેરણા કરે છે.'-તેનો પણ, વિવેકશીલ વાંચકોને ખ્યાલ આવ્યા વિના નહિ જ રહે.

પ્રાન્તે-સૌ કોઈ આ પ્રવચનોના વાંચન અને મનન આદિ દ્વારા મુક્તિમાર્ગની દિશાએ વળો અને સ્વપર-કલ્યાણમાં રત બનીને દુ:ખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખના ભોક્તા બનો, એ જ એક શુભાભિલાષા.

—પ્રકાશક

સંશોધન સંબંધી કાંઈક :

શ્રી જૈન પ્રવચન કાર્યાલયના વ્યવસ્થાપકની માગણીથી મેં આ પુસ્તકનું સંશોધન કર્યું છે. સંશોધનને અંગેની હકીકતો પ્રકાશકે રજૂ કરેલી હોવાથી, અત્રે તેના પુનરાલેખનની જરૂર નથી. વ્યાખ્યાનોમાં પ્રસંગ પામીને કહેવાતી કથાઓમાં, કેટલીક સાંભળેલી પણ હોય છે તેમજ કથાસાહિત્યમાં એક જ કથાને અંગે ભિન્ન ભિન્ન વસ્તુને જણાવનારા પ્રસંગો પણ, કેટલીક કથાઓને અંગે જોવાય છે. આથી તેમાં ક્વચિત્ પ્રસંગફેર લાગે તો એ બનવાજોગ વસ્તુ છે : પરન્તુ મૂળ વસ્તુ તો તેને અવલંબીને થતા વિવેચનને અંગે છે : અને એમાં તો મેં મારાથી શક્ય એટલી કાળજી રાખી છે. પ્રકાશકે આ ગ્રન્થ ઘણી જ ઝડપે છપાવેલો હોઇને, આ ગ્રંથમાં કેટલાક દૃષ્ટિદોષો તેમ જ પ્રેસદોષો રહી ગયા છે અને સમયાભાવે હું શુદ્ધિપત્રક તૈયાર કરી શક્યો નથી.

આમ છતાં પણ, મતિદોષથી કે છદ્મસ્થભાવાદિના કારણે, શ્રી જિનાજ્ઞાથી વિપરીત એવી જો કોઇ પણ વસ્તુ આ ગ્રન્થમાં પ્રગટ થવા પામી હોય, તો તે માટે ત્રિવિધે ત્રિવિધે ક્ષમા યાચું છું. આ ગ્રન્થમાં શ્રી જિનાજ્ઞાથી વિરૂદ્ધ એવી કોઈ પણ વસ્તુ આવી છે–એવું જો કોઇ પણ શાસ્ત્રવેદિને લાગે, તો તેઓ મને અવશ્ય જણાવે. તેઓનું જણાવેલું યથાર્થ છે–એમ મને લાગશે, તો સ્વપર–કલ્યાણને માટે હું મારી ભૂલ જાહેર રીતિએ પણ સુધારીને આનંદ પામીશ. —વિજયરામચન્દ્રસૂરિ.

પૂજ્યપાદ સિદ્ધાન્તમહોદધિ, આચાર્યવર્ય શ્રીમદ્
વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાકર

પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ,
આચાર્યદેવ શ્રીમદ્
વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

આ પુસ્તક પ્રકાશનમાં આર્થિક સહાય કરનાર

જામનગરનિવાસી ધર્માનુરાગી ઉદાર આત્મા શ્રીયુત

શેઠ શ્રી શાન્તિદાસ ખેતશીભાઇ

આભાર-દર્શન

જામનગરનિવાસી શેઠ શ્રી શાન્તિદાસ ખેતશીભાઇએ પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનમાં આર્થિક સહાય આપી છે, તે બદલ અમો તેઓના ઋણી છીએ. શ્રી જૈનશાસનમાં સમ્યગ્જ્ઞાનના પ્રચારનો મહિમા પણ ખૂબ જ વર્ણવાયો છે અને શ્રીમન્તો જો ધારે તો શેઠ શ્રી શાન્તિદાસભાઇની માફક આ રીતિએ પોતાની લક્ષ્મીનો સુન્દર વ્યય કરી શકે. શેઠ શ્રી શાન્તિદાસભાઇની વૃત્તિ ખૂબ જ વિસ્તારને પામો, એ જ એક શુભાભિલાષા.

—પ્રકાશક.

દિશાસૂચન-બીજો ભાગ

અ૦નુ૦ક્ર૦મ૦ણિ૦કા

પ્રવચનક્રમ

સફલતાનો માર્ગ ૧
આત્મોન્નતિ ૪૨
માનવજીવનની સાર્થકતા... ... ... ૮૯
મનુષ્ય-કર્ત્તવ્ય... ... ... ૧૪૯
બાળ-સુધાર ૨૦૧
સુખની ચાવી... ... ... ૨૪૧
ઇષ્ટપ્રાપ્તિના ઉપાયો ૨૯૧

શિર્ષકક્રમ

[સફલતાનો માર્ગ]

અનુભવસિદ્ધ ચિકિત્સા ૧
ઇચ્છા અને પ્રયત્નથી વિપરીત પરિણામ... ... ૪
રોવડાવનાર કોણ છે?... ... ... ૫
પરિણામ ઉલ્ટું છતાં વિચાર કેમ નહિ?... ... ૬
આ નિરાશાવાદથી શું વળે?... ... ... ૭
વેદ્ય બદલો છો તો અહીં કેમ એમનું એમ? ... ૮
દુનિયાના કોઈ પદાર્થમાં સુખ નથી ૯
કેવા સુખની ઇચ્છા છે?... ... ... ૧૦
સંસારનું સુખ સારૂં કે દુઃખ સારૂં? ૧૧
માણસ તો વિચારશીલ હોય ૧૨
મરીને ક્યાં જવાનું? ૧૩

દિશા ફેરવવાની જરૂર... ... ... ૧૪
પહેલો ગુણ આ કેળવો! ૧૫
ઘંટીના પડ જેવી દશા... ... ... ૧૫
આપણે કોણ અને આપણું શું?... ... ... ૧૬
પહેલાં અન્ધતા ટાળવી જોઇએ... ... ... ૧૭
દેખતા અને આંધળાનો ફરક ૧૮
દુનિયાના જ સુખની ઇચ્છા એ જ મોહાન્ધતા ... ૧૯
એ સહેલું નથી ૧૯
ધર્મ શું તવંગર જ કરી શકે?... ... ... ૨૦
શુભોદય અને અશુભોદય—બન્નેમાં સુખ ૨૦
આવે ત્યારે અને જાય ત્યારે ૨૧
શું સિદ્ધ થાય છે? ૨૨
જે છેલ્લે જોઇએ તે પહેલાં કેમ નહિ? ૨૩
પરમાત્મા ઉચકીને નહિ લઈ જાય! ૨૪
પારકાને પોતાનું ન માનો! ૨૫
દયાપાત્રે ય ગણાય? ૨૬
રડવું નહિ ૨૬
પાપનું પ્રત્યક્ષ ફળ કહેનાર પોતે વિચારે છે? ... ૨૮
એ દ્વેષભાવથી બોલાય છે ૨૯
રડવું એ નિર્બળતા ૩૦
દુઃખને યાદ કરાવો છો!... ... ... ૩૦
રડવા જતાં આવું કર્યું? ૩૧
રખડવું, ભોગવવું અને રડવું—એ દશા છે!... ... ૩૨
દયામાં પક્ષપાત ન હોય!... ... ... ૩૩
ઉદારતા ક્યાંથી આવે?... ... ... ૩૪
ત્યાં સદાચાર પણ શાનો હોય?... ... ... ૩૫
પછી ભલાની ભાવના હોય? ૩૬

ઉપાય વિચારો... ... ... ૩૬
સારામાં સારો ઉપાય... ... ... ૩૭
દુનિયાના સાચા હિતસ્વી કોણ? ૩૮
મોહાન્ધ ભક્ત દુશ્મનથી ય ભૂંડા! ૩૮
ગોર જોડે ને ગુરૂ છોડાવે! ૩૯
મોહને કાઢવાનો ઉપાય... ... ... ૪૦
ઉપસંહાર ૪૦

[આત્મોન્નતિ]

આપણે, એ શરીર નહિ... ... ... ૪૨
આત્માની ચર્ચા કેમ નથી થતી?... ... ... ૪૩
આત્માને માનનારની આ દશા હોય? ૪૫
એકડા વિનાના મીંડાં... ... ... ૪૬
મનુષ્ય અને પશુમાં ફેર શો!... ... ... ૪૭
મરીને જવાના ક્યાં?... ... ... ૪૮
આવ્યા કે આવવું પડયું? ૪૯
'ક્યાં જવું'–એ આપણા હાથની વાત છે.... ... ૪૯
આત્મસુધારનો પ્રયત્ન ક્યારે થાય? ૫૦
દુઃખી તરફ આંખ જતી નથી અને સુખી તરફથી આંખ ખસતી નથી ... ૫૧
ઉંચ–નીચ આદિ ભિન્નતાઓ, પૂર્વની કાર્યવાહીના પ્રતાપે છે–એ સમજાઈ જવું જોઈએ ... ૫૨
આધીન વસ્તુની ઉપેક્ષા શા માટે? ૫૩
બાહ્ય વસ્તુઓનું મમત્વ... ... ... ૫૪
દુનિયામાં ચાલુ નિન્દાની પ્રવૃત્તિ... ... ... ૫૫
આંખમાં પરના દોષ જોવાની તાકાત છે, પણ પોતામાં એ દોષ આવવા દે છે? ... ૫૬

'આપણી ફરજ શી'–એ કદિ વિચાર્યું? ૫૯
આર્ય અને અનાર્ય વચ્ચે શો ફરક? ૬૦
આર્ય છતાં અનાર્ય જેવી દશા કેમ? ૬૧
ઘઉંના આટા જેવું બનવું પડે ૬૪
ઘઉંના આટા જેવા ક્યારે બનાય?... ... ... ૬૫
લક્ષ્મી હોય તો જ ધર્મ થાય?... ... ... ૬૬
હૃદયની દશા તો વિચારો! ૬૬
મળેલાનો સદુપયોગ એ જ કલ્યાણમાર્ગ છે!... ... ૬૮
પ્રયત્ન શા માટે? ૬૯
માનવું તો સુશક્ય છે ને? ૭૦
માનવાથી શો લાભ? ૭૧
નહિ છોડો તો છોડીને જવું પડશે! ૭૨
'હું સારો કહેવાઉં'–એ ધ્યેયને બદલે–'હું સારો બનું'–
એ ધ્યેય રાખવું જોઈએ! ... ૭૪
વિચારહીન ધંધો! ૭૫
દર્દી જેવી મનોદશા હોવી ઘટે!... ... ... ૭૬
ઉન્નતિનો આ પ્રથમ ઉપાય ૭૭
'વસુ વિના નર પશુ'–એ માન્યતા ફેરવવાની જરૂર... ૭૭
આત્મોન્નતિ સાધવા માટે ચાર ગુણો કેળવવાની જરૂર... ૭૯
સદ્‌વિચાર ૮૦
સહિષ્ણુતા ૮૧
સદાચાર ૮૨
ઉદારતા ૮૩
ઉપસંહાર ૮૪

[માનવજીવનની સાર્થકતા]

આજનું વ્યાખ્યાન શા માટે? ૮૯
સદુપયોગ ન કરે એ કિંમત ઘટાડે! ૯૧

જાણવાનો અને આચરવાનો પ્રયત્ન કરવો જોઈએ... ૯૨
વાંઝીયું જીવન... ... ... ૯૩
સફળતા ક્યારે ? ૯૩
ઉત્તમતાનો હેતુ ૯૪
આત્મા ઉપાલંભપાત્ર ઠરે... ... ... ૯૪
મહામૂર્ખ હોય છતાં કહેવાય નહિ... ... ... ૯૫
મહામૂર્ખ દોઢડાહ્યા હોય છે ૯૫
મૂર્ખ કોને કહેવાય ? ૯૬
વ્યવહારમાં સહનારા અહીં કેમ સહી શકતા નથી ?... ૯૬
સજ્જનો સાથે દુર્જનોને સનાતન વૈર હોવાનું કારણ ... ૯૭
સત્પુરૂષો કોને દુશ્મન રૂપ લાગે !... ... ... ૯૮
શરીરની જેટલી ગરજ છે, તેટલી ગરજ શરીર જે માટે છે તેની નથી ! ... ૯૮
રોગની માફક પણ દોષ ડંખે છે ?... ... ... ૯૯
બાળક જેવાય ક્યાં છો ?... ... ... ૧૦૦
અજ્ઞાન જેવાય છો ? ૧૦૦
ટીકાપાત્ર તો ઉલ્લંઠ છે !... ... ... ૧૦૧
અજ્ઞાની દયાપાત્ર છે !... ... ... ૧૦૧
હિતકારી સત્ય કહેવું જોઈએ ૧૦૧
હિતકરતાની પ્રધાનતા... ... ... ૧૦૨
હેતુને સમજતાં શીખો... ... ... ૧૦૨
કડવું પણ પ્રિય ક્યારે લાગે ? ૧૦૩
અવસરે કડવું પણ કહેવું પડે ૧૦૪
હિતશિક્ષા મીઠી કરતાં કડવી વધારે હોય છે... ... ૧૦૪
જૂના દોષ જૂના રોગથી ય વધુ ભયંકર ૧૦૫
વિપર્યાસ થાય ત્યારે આઘાત થવો જોઈએ... ... ૧૦૫
'આ ગુણ અને આ દોષ'—એ પહેલાં સમજો ... ૧૦૬

પૂર્વકાળનું શિક્ષણ ૧૦૭
ધર્મગુરૂને શોધતા જાવ છો ? ૧૦૮
ધર્મગુરૂ માટે ઉપલક ખાતું ૧૦૮
હિતકર ન કહે તે ભલું કરે કે ભૂંડું કરે ?... ... ૧૦૯
સુધારનાર વર્ગ ઉપર તદ્દન ખોટું અને અણસમજભર્યું તહોમત ... ૧૧૦
'શિક્ષા આવેશથી જ કરે છે'-એમ ન કહેવાય ... ૧૧૧
સુધરનારમાં પણ અયોગ્ય હોય છે... ... ... ૧૧૧
સુધારવાની ઈચ્છા જ પ્રેમસૂચક છે ૧૧૨
યોગ્ય શિક્ષા એટલે ?... ... ... ૧૧૨
શ્રી તીર્થંકરદેવો ૧૧૩
શાસ્ત્રમાં શિક્ષાનું વિધાન... ... ... ૧૧૩
શિષ્યો છદ્મસ્થને સોંપાય છે ૧૧૩
કડવી દવા દેનાર વૈદ્યમાં પ્રેમ નથી ? ૧૧૪
બધા પ્રેમથી સુધરે જ-એવો નિયમ નથી... ... ૧૧૪
સિદ્ધાંતની બે બાજુ ૧૧૫
બાળકને મા દવા કયી રીતિએ પાય છે ?... ... ૧૧૬
એ મામાં પ્રેમ નથી ?... ... ... ૧૧૬
શી રીતિએ કહેવું જોઈએ ? ૧૧૭
હિતશિક્ષા આપવી એટલે ? ૧૧૭
કડવું શાથી લાગે છે ?... ... ... ૧૧૮
ધર્મનું ભાન નથી ! ૧૧૮
ધર્મને ખોટો કેમ કહેવાય ? ૧૧૯
ફેંકાફેંક કર્યે સિદ્ધાંતો ન સમજાય... ... ... ૧૨૦
જ્ઞાન અને અનુભવથી જાણી શકાય ૧૨૦
દુશ્મનનું સન્માન પણ કડવું લાગે છે અને સ્નેહિનું અપમાન પણ મીઠું લાગે છે-તેનું કારણ ... ૧૨૨

પરમાત્મા કોને કહેવાય અને સાધુ કેવા હોય ? ...	૧૨૨
સત્પુરૂષનો યોગ કોને ગમે ?	૧૨૩
સત્પુરૂષના યોગ વિનાનો દિવસ વાંઝીયો લાગે ...	૧૨૪
સન્માર્ગનું શ્રવણ થવું જોઈએ	૧૨૫
આ પ્રયત્ન શા માટે ?...	૧૨૫
ધર્મશ્રવણની આતુરતા...	૧૨૬
ધર્મ માટે કેટલાએ ગામ તજ્યાં ?...	૧૨૬
વીજળી ઝબકે ને મોતી પરોવાય, એ આતુરતા ...	૧૨૭
ચાતકનું ઉદાહરણ કેમ ?	૧૨૮
પાત્રદોષ	૧૨૮
અર્થિપણું આવે તો રૂચિ થાય	૧૨૯
ત્રણેનો યોગ ફળે ક્યારે ?	૧૩૦
ચાર ગુણો કેળવવા જોઈએ	૧૩૦
આમાં પુરૂષાર્થ જોઈશે	૧૩૧
સફળતા કોણ સાધી શકે ?	૧૩૧
સફળતા કોણ સાધી શકે નહિ ?...	૧૩૨
રાજકુમારોનું ઉદાહરણ	૧૩૨
ધર્મકળાને પામેલો બધે વફાદાર બને	૧૩૯
આજની ફરીઆદોનું કારણ	૧૩૯
ચારની જરૂર...	૧૪૦
સહેલો માર્ગ	૧૪૦
છેવટ ત્રણ વસ્તુઓ તો કેળવવી જ જોઈએ... ...	૧૪૧
અયોગ્ય કાર્યો...	૧૪૧
‘હા’ પાડો છો તો આ બધું નહિ થાય	૧૪૨
સિંહ જેવી વૃત્તિ ય ન રખાય !	૧૪૩
પહેલાં પાપભય કેળવો !	૧૪૩
ક્યારે નીતિમાન બન્યા રહેવાય ?...	૧૪૪

ઇન્દ્રિયો ઉપર કાબુ ૧૪૪
ભાગ્યશાલિપણું ફળે ક્યારે? ૧૪૫
રસનાની લાલસા, જોવાનો શોખ અને ભટકવાના ચાળા
એ ત્રણ કુટેવો ... ૧૪૬
આજની દશા... ... ... ૧૪૬
ઉપસંહાર ૧૪૭

[મનુષ્ય-કર્તવ્ય]

આજના વ્યાખ્યાનનો હેતુ ૧૪૯
કર્તવ્યનો અમલ ક્યારે થાય? ૧૫૨
સારી વસ્તુ ઉકરડે ફેંકવા જેવી સ્થિતિ ૧૫૨
દુઃખમય દુનિયા સુખમય ભાસે ૧૫૩
શ્રવણ પછી અમલ પણ જોઈએ... ... ... ૧૫૪
માણસાઈ ગઈ એટલે ઉપમા નથી ૧૫૪
માણસાઇ કોને કહેવાય? ૧૫૫
નાશક અને પોષક ભાવના ૧૫૬
ઉત્તમ બને તોય ઉપમા નથી ૧૫૬
જાતને ભૂલો ૧૫૭
મોહનું અસ્ત્ર ૧૫૮
ભૂંડું ન કરે તેટલું ય અહોભાગ્ય ૧૫૮
રાજનીતિ, લોકનીતિ, અર્થનીતિ અને કામનીતિ માણસને
સ્વાર્થ શીખવે છે, જ્યારે ધર્મનીતિ પરમાર્થ શીખવે છે ૧૫૯
સૌએ પહેલી વાત સ્વાર્થની રાખી ૧૬૧
સત્પુરૂષોનો ઇરાદો ૧૬૨
સાચી સ્વાર્થસાધના ૧૬૩
'હું' પણું અને 'મારા'પણું ભૂલાય તો ૧૬૩
બધે પરતંત્ર, પણ દેવ-ગુરૂ-ધર્મમાં સ્વતંત્ર! ... ૧૬૪
એક કલાકે ય ધર્મ માટે છે! ૧૬૫

ધર્મ તરફ બેદરકારી શાથી ? ૧૬૫
પરલોક ન ભૂલાય તો અનીતિ આદિ ઉપર અંકુશ આવે ૧૬૬
ચોર ચોરી કયી રીતિએ કરે છે ? ૧૬૭
સાચી આસ્તિકતા છે ?... ... ... ૧૬૮
અંતરને પૂછીને ખાત્રી કરો ૧૬૮
બાબર દેવાને બહાદુર કહેવાય ? ૧૬૯
તમે કેવા કહેવાઓ ? ૧૭૦
નાસ્તિકતા એ મોટામાં મોટું પાપ ૧૭૦
પાપથી ડરતાં શીખો ! ૧૭૧
પરમાત્માની સામે પાપ થાય ? ૧૭૨
શ્રી ક્ષીરકદંબનું ઉદાહરણ ૧૭૩
હૈયું તો સમજે છે ને ?... ... ... ૧૭૬
શા માટે ઈશ્વરને દોષ દેવાય છે ?... ... ... ૧૭૭
કોને પૂછીને પાપ કરો છો ? ૧૭૭
લોભથી અને મોહથી થતું પાપ ૧૭૮
સુધારાને બદલે બગાડો... ... ... ૧૭૯
વ્યાખ્યાન યોગ્ય ઈરાદે સંભળાય છે ? ૧૭૯
દુનિયાનો અને પરમાત્માનો પણ દ્રોહ ૧૮૦
સતી જેવા ક્યારે કહેવાય ? ૧૮૧
હરાયા ઢોર જેવી દશા ૧૮૨
પરમાત્મા કયાંય ડંખતો નથી ? ૧૮૨
પાપ કરે છતાં મોંઢું કેમ હસે ? ૧૮૩
રોજ એક કલાક પણ હિતનો વિચાર કરો તોય પાપમાંથી ઘટતા જવાય ... ૧૮૪
પારકાના નહિ પણ પોતાના દોષો જોતાં શીખો ... ૧૮૫
એ શું રાવણ કરતાં સારા છે ? ૧૮૬
સ્વસ્ત્રીમાં સંતોષ નહિ, છતાં કહે-'અમે ગુણવાન !' ... ૧૮૬

છોડવા જેવું માનો તોય સારું! ૧૮૭
ધીરે ધીરે ઉંચે ચઢવાનો માર્ગ ૧૮૭
ન છોડી શકનારાઓ માટે ૧૮૮
પ્રથમ કર્તવ્ય–શ્રી વીતરાગની ભક્તિ ૧૮૮
બીજું કર્તવ્ય–પ્રાણીવર્ગ ઉપર કરૂણા ૧૮૯
ત્રીજું કર્તવ્ય–દાન ૧૯૦
ચોથું કર્તવ્ય–શાસ્ત્રનું શ્રવણ ૧૯૦
પાંચમું કર્તવ્ય–પાપનાશની ઇચ્છા ૧૯૧
છટ્ઠું કર્તવ્ય–ભવની ભીતિ ૧૯૨
સાતમું કર્તવ્ય–મુક્તિમાર્ગનો અનુરાગ ૧૯૨
આઠમું કર્તવ્ય–સત્પુરૂષનો સંસર્ગ ૧૯૨
નવમું કર્તવ્ય–વિષયવિરાગ ૧૯૩
વિષયવિરાગિણી સ્ત્રીનું ઉદાહરણ ૧૯૩
ઉપસંહાર ૧૯૯

[બાળ–સુધાર]

શા ઇરાદે 'હા' કહી?... ... ... ૨૦૧
બાળક કરતાં વડિલ વધારે જવાબદાર છે ૨૦૨
બાળકને સુધારવાં હોય તો મા, બાપ અને શિક્ષકે સુધરવું જોઈએ ... ૨૦૩
બાળકનો જ દોષ કાઢવો, એ વધારે પડતું છે ... ૨૦૪
ભલું કરવાની ભાવના કેળવવી જોઇએ ૨૦૫
મા–બાપ બનવા માટે ચાલતા અનર્થો ૨૦૬
સ્વાર્થી ભાવના ૨૦૬
માતાઓ શું કરી શકે? ૨૦૭
શરીરની જેમ આત્માને ય પાળવા–પોષવાની જરૂર ... ૨૦૮
વારસામાં મા પાસેથી શું મળ્યું?... ... ... ૨૦૯
પિતાને ફુરસદ કે દરકાર છે? ૨૧૦
'ભણે નહિ તો ખાય શું?'–એ ભાવના કાઢવી જોઇએ... ૨૧૧

બાળકને જો સાચો મનુષ્ય બનાવવાનો ઇરાદો હોત તો શું થાત? ... ૨૧૨
બધેથી એક જ ધ્વનિ ૨૧૨
જમાનો ખરાબ આવ્યો કે જમાનો ખરાબ લાવ્યા?... ૨૧૩
શિક્ષક ધારે તો ખરાબ અસરને ભૂંસી શકે અને સારા સંસ્કારોને સીંચી શકે ... ૨૧૪
પૂર્વકાળના શિક્ષક ૨૧૪
શિક્ષકની જોખમદારી ૨૧૫
પગારદાર શિક્ષકમાંથી પણ આ નીકળી જવું જોઈએ... ૨૧૬
સાચા શિક્ષક બનવામાં બાધક વસ્તુ ૨૧૬
ધ્યેય ભાષાશિક્ષણ આપવાનું જ નહિ પણ સાથે સંસ્કાર સીંચવાનું પણ હોવું જોઈએ ... ૨૧૭
સાચો શિક્ષક કોણ? ૨૧૭
કૉલેજના વિદ્યાર્થિઓ માટે પ્રોફેસરોને ન કહેવાય ... ૨૧૮
પગાર તથા સમય તરફ નહિ જોવું જોઈએ ... ૨૧૯
આજે સુસંસ્કારોની છાયા પડે—એ અશક્ય પ્રાયઃ છે ... ૨૧૯
વિદ્યા ગુણનું સાધન છે, એમ ઠસાવવું જોઈએ ... ૨૨૦
રોજ છેવટ અડધો કલાક પણ આ રીતિએ શિક્ષણ આપવું જોઈએ ... ૨૨૧
નિશાળમાં જીવન કેળવવું જોઈએ... ... ... ૨૨૨
માતા–પિતા સમજે તો ૨૨૩
એવા શિક્ષકોથી શુભ પરિણામ ન આવે ૨૨૩
આજનું શિક્ષણ અને આજની પરીક્ષા ૨૨૪
ત્રણેએ યોગ્ય બનવું પડશે ૨૨૪
આ દશામાં તો સારા નિવડે—એ નવાઈ જેવું ... ૨૨૫
કોઈ ખાત્રી આપી શકે તેમ નથી ૨૨૬
શિક્ષકને અભિમાન હોવું જોઈએ... ... ... ૨૨૭
પછી યુવાનો માટે ફરીયાદ નહિ કરવી પડે... ... ૨૨૭

બાળકોનો ધર્મ ૨૨૮
મા-બાપની ભક્તિ એ પણ જરૂરી વસ્તુ છે ... ૨૨૯
વિનય ક્યારે અને આજ્ઞા ક્યારે ?... ... ... ૨૨૯
કોનાં બાળકો સારાં નિવડે ? ૨૩૦
હૈયાં કોમળ હોય ત્યારે સુશિક્ષણ અપાવું જોઇએ ... ૨૩૧
દુર્ગુણો કેવી રીતિએ નખાય છે ? ૨૩૧
દોષના કારણ રૂપ કોણ ? ૨૩૨
મોટાને કહેવાય, પણ આમને શું કહેવાય ?... ... ૨૩૩
શિક્ષકને નોકરીની પરવા ૨૩૪
કણેક કેળવાય તેમ બાળક કેમ ન કેળવાય ? ... ૨૩૪
જેમ જેમ શિક્ષણ વધે તેમ તેમ વધવું શું જોઇએ અને આજે વધે છે શું ? ... ૨૩૫
આવી આવી રીતિએ સુધારો ! ૨૩૬
તમને જ હિતશિક્ષા આપવી પડે... ... ... ૨૩૬
બાળકની ફરજ ૨૩૭
બાળકને નાહક દોષ ન દેતા ! ૨૩૮
પ્લેગની પહાડ જેવા આદમીને અસર થાય અને તમારી અસર બાળકોને ન થાય ? ... ૨૩૮
ઉપસંહાર ૨૪૦

[સુખની ચાવી]

વિચારવા લાયક વસ્તુ ૨૪૧
પહેલાં શું નક્કી કરવું જોઈએ ?... ... ... ૨૪૨
ભેદ ભાગવો જોઇએ ૨૪૩
દુનિયામાં ચાલતી ઘટમાળ ૨૪૩
આજનો પ્રયત્ન કેમ ? ૨૪૪
આટલું નક્કી થાય તો... ... ... ૨૪૫
સુખ અને સુખની ચાવી ૨૪૫

સૌને કેવું સુખ જોઈએ છે? ૨૪૬
દુનિયાના પદાર્થોમાં સુખ માનવાથી દુઃખ જ થવાનું ... ૨૪૮
શાથી સુખ મળતું નથી? ૨૪૯
નાશવંતી વસ્તુઓની ઇચ્છા ૨૪૯
મોટામાં મોટો ઉપકાર ૨૫૦
મરવાનું નક્કી છતાં ૨૫૦
જન્મમાં નિમિત્તભૂત નહિ થવું જોઈએ ૨૫૧
વસ્તુ જોયા–જાણ્યા બાદ મેળવવાનું સહેલું... ... ૨૫૨
સુખી થવાનો પહેલામાં પહેલો ઉપાય ૨૫૩
ચાવી ઉપર કાટ ૨૫૩
વિચાર કર્યો છે? ૨૫૪
વિચાર કરતા બનો ૨૫૫
ડૉક્ટરોના દર્દિઓ ૨૫૬
અહીંના દર્દિઓ ૨૫૭
કરડી પણ કહેવી જરૂરી... ... ... ૨૫૮
મરવું નથી ગમતું તો... ... ... ૨૫૯
મહાપુરૂષો ત્યાગી શાથી બન્યા? ૨૬૦
મુક્તિ આપણે જ મેળવવાની ૨૬૧
સંસારના સુખથી મુક્તિસુખ ૨૬૨
મુક્તિસુખની ચાવી ૨૬૩
સંસારમાં સુખી કોણ?... ... ... ૨૬૪
આસ્તિક કે નાસ્તિક? ૨૬૫
વ્યવહાર જેટલાય પ્રમાણિક નહિ? ૨૬૫
આ સ્થિતિમાં સુખ મળે? ૨૬૭
ઉન્નતિ થઈ રહી છે કે અવનતિ?... ... ... ૨૬૭
સ્વસ્થ બનવું જોઈએ ૨૬૯
ઉપાધિ મૂકવી એય સુખ ૨૬૯
ત્યાગમાં સુખ તો ફરજ શી? ૨૭૦

બોલે તો દશા કળાય ૨૭૦
આજના વક્તા અને શ્રોતા ૨૭૧
સુખ મેળવવાનો એક જ ઉપાય—ત્યાગ ૨૭૨
શું નક્કી થયું? ૨૭૪
સાધુપણું ન લેવાય તો ૨૭૫
સુખ-શાંતિ પ્રસરાવવા માટે ૨૭૬
સિંહ અને શહેરી ૨૭૭
ભયંકર દશા... ... ... ૨૭૮
છેલ્લો ઉપાય... ... ... ૨૭૯
નીતિ અને દયાના સંબંધનું દૃષ્ટાંત... ... ... ૨૭૯
નીતિ ન પળાય એનું દુઃખ જોઈએ ૨૮૩
પાપનો ડર ક્યાં છે?... ... ... ૨૮૪
જાણીને અમલ થવો જોઈએ ૨૮૫
રબારી અને વાણીયો ૨૮૬
ઉપસંહાર ૨૮૮

[ઈષ્ટપ્રાપ્તિના ઉપાયો]

અનન્ય ઉપકાર ૨૯૧
ઈષ્ટ અને ઈચ્છિત ૨૯૪
અન્તર સમજવાની જરૂર ૨૯૭
ઇચ્છિત સુમાર વિનાનાં... ... ... ૨૯૮
રોગિનું ઈષ્ટ ૨૯૯
રોગિનાં ઇચ્છિતો ૩૦૦
રોગિનું દૃષ્ટાંત શા માટે? ૩૦૨
રોગિના ઉદાહરણમાંથી ઉપસ્થિત થયેલી ચાર વસ્તુઓની વિચારણા ... ૩૦૩
સૌનું ઈષ્ટ એક જ અને તે સુખ... ... ... ૩૦૬

સુખ પણ કેવું જોઇએ છે? ૩૦૭
દુઃખના લેશ વિનાનું સુખ ૩૦૭
સંપૂર્ણ સુખ... ... ... ૩૦૯
શાશ્વત સુખ... ... ... ૩૦૯
એકાન્તિક અને આત્યન્તિક સુખ જ પસંદ છે ... ૩૧૦
પરિશ્રમ કરો છો તો હેતુ સિદ્ધ થાય છે?... ... ૩૧૨
ઇચ્છાનો અન્ત નથી ૩૧૫
અનન્તજ્ઞાનિઓએ શું દર્શાવ્યું?... ... ... ૩૧૬
ઉપકારિઓ અને અપકારિઓ ૩૧૭
ઇચ્છિતનું દાન કરવું હોય તો વિવેક જોઇએ જ ... ૩૧૮
સર્વ ઇચ્છિતો દેવાને કોઇ સમર્થ નથી ૩૧૯
જગતના દુઃખનું નિદાન... ... ... ૩૨૦
'ઇચ્છિતદાન એ જ ઉપકાર છે'-એવો સિદ્ધાન્ત નહિ જ સ્થાપી શકાય ... ૩૨૦
ઇચ્છિતમાં વાંધો-ઇષ્ટમાં નહિ ૩૨૧
આજની ધમાલ ૩૨૨
ઇષ્ટમાં ગુણ-ઇચ્છિતમાં ઉપાધિ ૩૨૨
સાચા ઉપકારી ૩૨૩
ઇચ્છિતોને મેળવવાની વૃત્તિને પોષે તો શું કહેવું? ... ૩૨૩
ભયંકર અજ્ઞાનતા ૩૨૪
મોહજન્ય ઇચ્છાઓને પોષનારા ૩૨૫
ઇષ્ટ પાસે ઇચ્છિતની કિંમત નહિ ૩૨૫
હરિશ્ચંદ્ર નિર્દય ને જીદ્દી કેમ નહિ? ૩૨૬
ધર્મ અને અધર્મ ૩૨૬
ખોટી 'હા' થી નુકશાન ૩૨૭
દુઃખની જડ ૩૨૮
બહાવરા બનેલાઓ ૩૨૮

શાનો ખપ છે ? ૩૨૯
ઇચ્છિત મળવું, ભોગવાવું અને ટકવું—એ કાંઈ ઈચ્છા કે મજૂરીને આધીન નથી ... ૩૩૦
અહીં એવો રગડો કેમ ? ૩૩૧
સાધુઓને માટે કહેશે—દુનિયા બહારના માણસો ... ૩૩૨
વ્યાખ્યાન-શ્રવણથી લાભ ક્યારે ? ૩૩૩
ઇષ્ટના ભોગે ઇચ્છિત ન જોઇએ ૩૩૩
દર્દિની કબૂલાત ૩૩૫
દુનિયાના ચિકિત્સકને મળતા દર્દિઓ ૩૩૫
ધર્મદેશકને મળતા દર્દિઓ ૩૩૬
ઇચ્છિતના ત્રણ વિભાગ ૩૩૭
ઉપાયો પહેલાં પથ્ય બતાવવાની જરૂર ૩૩૮
'દુનિયાની વસ્તુઓને તજવા લાયક માનવી'—એ ઇષ્ટની સાધના માટેનો પાયો છે ... ૩૩૯
ઇષ્ટ નિર્વિઘ્ન ક્યારે બને ? ૩૪૦
અહીં 'હા' અને બહાર બીજું-એમ ન કરો ... ૩૪૧
વિચારપૂર્વકની આજ્ઞા ૩૪૨
નુકશાનકારક માનવાથી થતો ફાયદો ૩૪૨
ઇષ્ટપ્રાપ્તિનો પહેલો ઉપાય ૩૪૪
ઉપાયમાં ઇષ્ટની વ્યાપ્તતા ૩૪૫
સામાના દોષે નિરૂપાય ૩૪૫
આ ઉપાયમાં અહિંસાદિનો સમાવેશ ૩૪૫
અનુપમ ને આશિર્વાદ રૂપ જીવન બને ૩૪૬
મનુષ્ય અને મનુષ્યપણું... ... ... ૩૪૬
આગ્રહ કેમ ?... ... ... ૩૪૭
માણસની ભૂલે જનાવરને દંડાય ? ૩૪૭

ધારે એટલું ભલું-ભૂંડું કરી શકે ૩૪૮
પશુથી ભૂંડો ૩૪૮
સિંહ અને શહેરી ૩૪૯
મનુષ્ય બનવાનો આગ્રહ રાખો ૩૫૦
છોકરાને કદિ આ કહ્યું ? ૩૫૦
છોકરાનું આત્મહિત ન જાળવે તે કેવા ? ૩૫૧
સાચા વાલીઓ ડંખે છે ! ૩૫૧
મનુષ્યપણા ઉપર દાહ ૩૫૨
શિક્ષણ કે દવ ? ૩૫૨
ચેતવાની જરૂર ૩૫૩
લેણું લેવું ને દેણું દેવું નહિ-એવો ઘાટ ૩૫૪
એ ન્યાય ક્યાંનો ? ૩૫૪
પકડાવાની તૈયારીઓ ૩૫૫
દુઃખ-સુખની ઇચ્છા ૩૫૬
નિરપરાધિને તો દુઃખ નહિજ દેવું ૩૫૬
એક વણિકનું દૃષ્ટાંત ૩૫૭
નિયમ કર્યા પછી ૩૫૮
ઇષ્ટપ્રાપ્તિનો બીજો ઉપાય ૩૫૯
ઇષ્ટપ્રાપ્તિનો ત્રીજો ઉપાય ૩૫૯
ઇષ્ટપ્રાપ્તિનો ચોથો ઉપાય ૩૬૦
ઇષ્ટપ્રાપ્તિનો પાંચમો ઉપાય ૩૬૧
ઉપસંહાર ૩૬૧

સફલતાનો માર્ગ

વિ. સં. ૧૯૯૧ માં
કલોલમાં
અપાએલું

અનુભવસિદ્ધ ચિકિત્સા :

ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે અને આપણો અનુભવ પણ એવો જ છે કે—આ દુનિયાના સઘળાએ પ્રાણિઓ દુઃખના દ્વેષી છે અને સુખના અતિશય અર્થી છે. દુનિયાના પ્રાણિઓને દુઃખ ઉપર જેટલો દ્વેષ છે, તેના કરતાં પણ સુખનું અર્થિપણું વધારે છે. સારીય દુનિયાની એક માત્ર ઇચ્છા એ જ છે કે—'ગમે તે રીતિએ અમને સુખ મળે અને અમારૂં દુઃખ ટળે.'

માનવસ્વભાવના અગર તો કહો કે પ્રાણિ માત્રના સ્વભાવના કોઈ પણ સાચા ચિકિત્સકથી જેનો વિરોધ ન કરી શકાય, એવી ઉપકારી મહાપુરૂષોએ ફરમાવેલી આ ચિકિત્સા છે. દુનિયાના સઘળાય પ્રાણિઓ–નાના કે મોટા, સમજદાર કે બીનસમજદાર, ગરીબ કે શ્રીમંત, શેઠ કે નોકર, રાજા કે પ્રજા, સ્રી કે પુરૂષ, સૌ કોઈ–સુખ મેળવવા માટે અને દુઃખ ટાળવા માટે તનતોડ મહેનત કરી રહેલ છે. સુખ મેળવવાનો અને દુઃખથી દૂર ભાગવાનો સૌનો પ્રયત્ન રાત–દિવસ ચાલુ જ છે. જ્ઞાનિપુરૂષોએ કહેલી અને આપણા અનુભવની આ વાત છે. આપણે પોતે એ દશાનો અનુભવ કરી રહ્યા છીએ અને બીજાઓની પણ એ જ દશા છે, એવું આપણે આપણી નજરે જોઇ રહ્યા છીએ. દુનિયાના જીવોને કોઇ તેમની મોટી આફતની વાત કહે તો તે વાત સાંભળવા માત્રથી પણ ગભરાય છે અને એ જ રીતિએ કોઈ તેમને મહાસુખ મળવાનું છે એવી વાત કરે તો સન્નિપાત જેવી દશા પણ પામે છે. જો કોઇ આવીને કહે કે–'તમારૂં અમૂક અશુભ થવાનું છે, ધન ચાલ્યું જવાનું છે, દીકરો મરી જવાનો છે, તમારે શરીરે ભયંકર રોગ થવાનો છે' અથવા તો આવું આવું બીજું કાંઇ કહે, તો દુનિયાના જીવો એ દુઃખ આવ્યા પહેલાં જ ગભરાઇ ઉઠે છે: અને જો કોઈ આવીને કહે કે–'તમારૂં અમૂક શુભ થવાનું છે, તમને લાખ રૂપીઆ અચાનક મળી જવાના છે, તમારો રોગ ચાલ્યો જવાનો છે' અથવા

તો આવું આવું બીજું કાંઇ કહે, તો દુનિયાના જીવો એ સુખ આવ્યા પહેલાં જ સન્નિપાત થયો હોય એવી દશા પણ અનુભવે છે! અર્થાત્—એ આગામી સુખના વિચારથી જ ઘેલા જેવા બની જાય છે. દુઃખ કે સુખ આવવાનું હશે તો આવશે, એ વિચાર જ કાયમ રહેતો નથી અને પહેલેથી જ દુઃખ કે સુખ આવવાની વાત સાંભળતાંની સાથે જ, દુઃખની વાતથી ગભરામણ અને સુખની વાતથી સન્નિપાત જેવી દશા થઇ જાય છે. જો દુનિયાના જીવોની દશા આવી ન હોત, તો આજે આંકફરકીયા ફાવે છે તે ફાવતા ખરા ? પણ કલ્પના જ એ કે–' ચપટી વગાડતાં પૈસો આવી જવાનો !' આથી જ દુનિયાના જીવો દુઃખથી આઘા ભાગવા મથે છે અને સુખની વાત સાંભળતાં જ ઝંપાપાત કરે છે. દુનિયાના લુચ્ચા અને ઠગ ફાવતા હોય, તો તેનું કારણ પણ આ જ છે. દુનિયાના શેતાનોની વાત પણ મનાતી હોય, તો તેનું કારણ એ જ છે કે–જગતના જીવોની દુઃખથી નાસી છૂટવાની અને સુખ મેળવવાની તીવ્ર ઇચ્છા છે. તમે જોયું હશે કે–નાના જંતુઓ પણ અવાજ સાંભળતાંની સાથે ભયભીત બનીને આફતથી બચવા માટે ભાગાભાગ કરી મૂકે છે. દુનિયાના જીવોમાં કોઇ પણ જીવ એવો નથી જ, કે જે સુખની કામનાથી પર હોય અને દુઃખને પસંદ કરનારો હોય. અર્થાત્–દુનિયાના સઘળાએ પ્રાણિઓ દુઃખના દ્વેષી અને સુખના અતિશય અર્થી છે, એ શંકા વિનાની વાત છે.

ઇચ્છા અને પ્રયત્નથી વિપરીત પરિણામ :

આ રીતિએ, સંસારના પ્રાણિ માત્રમાં દુઃખનો દ્વેષ અને સુખનું અતિશય અર્થિપણું હોવા છતાં પણ, દુનિયાના જીવોને જે દુઃખોનો ભેટો થાય છે તે અને જે સુખો મેળવવાને માટે મરી ફીટવા જેટલી મહેનત કરવા છતાં પણ તે મળતાં નથી, તે જોતાં–' દુનિયા સુખી થવાને બદલે દુઃખી કેમ થાય છે ? '–આ પ્રશ્નની વિચારણા કરવાની જરૂર ઉભી થાય છે. ' દુનિયાના જીવો દુઃખના દ્વેષી અને સુખના અર્થી છે. '–એ અનુભવસિદ્ધ વસ્તુ છે, છતાં પ્રશ્ન એ ઉભો થાય છે કે–' દુનિયાના જીવો દુઃખી કેમ છે ? ' દુનિયાના જીવોને સુખ મેળવવાની તીવ્ર ઇચ્છા છે અને સુખ મેળવવાના ઇરાદાથી થતા પ્રયત્નો અહર્નિશ ચાલુ જ છે : વાત કરે છે તે પણ સુખ મેળવવાના હેતુથી : પ્રવૃત્તિ કરે છે તે પણ સુખ મેળવવાના હેતુથી : અને વિચાર કરે છે તે પણ સુખ મેળવવાના જ હેતુથી ! આ રીતિએ મન, વચન અને કાયાના ત્રણેય યોગો સુખની પ્રાપ્તિને માટે તલસી રહ્યા છે : છતાં આ જેમ અનુભવસિદ્ધ સત્ય છે, તેમ એ પણ અનુભવસિદ્ધ સત્ય છે કે–' સર્વથા સુખી પ્રાયઃ કોઈ દેખાતું નથી અને દુઃખી તો પ્રાયઃ બધા જ દેખાય છે. ' આનું કારણ શું ? આનું કારણ શોધી જ કાઢવું જોઇએ કે નહિ ? ' દુનિયાના જીવો દુઃખના દ્વેષી અને સુખના અતિશય અર્થી છે '–એ વાતમાં

જો શંકા હોય તો તો આપણે દુનિયાના જીવો દુઃખી હોવાનું કારણ ન શોધીએ, પરન્તુ આપણે જોઇએ છીએ કે–દરેક જીવની પ્રવૃત્તિ દુઃખ ટાળવાની અને સુખ મેળવવાની ઇચ્છાપૂર્વક ચાલુ જ છે. જીવ માત્રની પ્રવૃત્તિ દુઃખ ટાળવાની અને સુખ મેળવવાની ઇચ્છાપૂર્વકની હોવા છતાં પણ, આપણો અનુભવ લગભગ એવો જ છે કે–'સુખી પ્રાયઃ કોઇ નથી અને દુઃખી પ્રાયઃ બધા જ છે.' રાજાનેય ચિન્તા અને પ્રજાનેય ચિન્તા : શેઠનેય ચિન્તા અને નોકરનેય ચિન્તા : ત્યારે સુખ મેળવવાની પ્રવૃત્તિ, વાતો અને વિચારણાઓ અહર્નિશ ચાલુ હોવા છતાં પણ, દુનિયાના જીવો દુઃખી છે એનું કારણ શું ?

રોવડાવનાર કોણ છે ?

સ૦ પૂર્વના અશુભ કર્મનો ઉદય એ જ દુઃખનું કારણ છે.

અહીં એ વાત નથી. પૂર્વે અશુભ કર્મ બાંધીને આવ્યા હોય તેવા જીવો પણ, તેઓ જો અમૂક પ્રકારની લાયકાત અને સમજ પામી જાય તો, આંતરસુખ ન જ અનુભવી શકે એવું નથી. અશુભ કર્મના ઉદયે આવી પડેલી આફતવાળી દશામાં પણ, સુખ કયી રીતિએ અનુભવી શકાય, એ સમજાવવાનો અહીં પ્રયત્ન ચાલે છે. અશુભોદય દુઃખની સામગ્રી આપે, પણ રોવડાવે કોણ ? 'અશુભોદયે એક ચીજ ગઇ કે શુભોદયે એક ચીજ મળી, એનાથી જે ગભરામણની કે સન્નિપાત જેવી લાગણી થાય છે, તે શાથી થાય છે ?'–એ જ

અહીં વિચારવું છે. આ વસ્તુ, આગળ ચાલતાં આપોઆપ સમજાઇ જશે.

પરિણામ ઉલ્ટું છતાં વિચાર કેમ નહિ?

મૂળ વાત એ છે કે–દુનિયાના સઘળાય પ્રાણિઓ દુઃખના દ્વેષી અને સુખના અતિશય અર્થી છે : એ જ કારણે આ દુનિયામાં રાત અને દિવસ દુઃખ ટાળવાના અને સુખ મેળવવાના હેતુવાળો તનતોડ પ્રયત્ન ચાલી રહ્યો છે! વિચારો એના ને એના, વાતો એની ને એની અને પ્રવૃત્તિ પણ એની ને એની જ ચાલુ છે : એટલું છતાં પણ, દુનિયાના જીવો દુઃખી છે એ વાત સ્પષ્ટ છે. આથી 'દુનિયાના જીવો દુઃખી કેમ છે?'–આ પ્રશ્ન વિચારવાની જરૂર છે ખરી કે નહિ? તમે કોઈ એક મુકરર કરેલા ગામે જવાને માટે નીકળ્યા : એ ગામ પાંચ ગાઉ દૂર છે એમ તમે જાણો છો અને અમૂક રસ્તે ચાલતાં એ ગામે પહોંચાશે એવો તમને વિશ્વાસ છે : પછી તમે પાંચને બદલે છ સાત ગાઉ ચાલો અને ગામ ન જ આવે, તો તમે બીજાને પૂછો ખરા કે નહિ કે–'અમૂક ગામ ક્યાં રહ્યું?' આવું કાંઇ પણ પૂછવાને બદલે શું તમે આગળ ને આગળ ચાલ્યે જ જાવ? જો નહિ, તો અહીં પણ દુઃખ ટાળવાની અને સુખ મેળવવાની તીવ્ર ઇચ્છા, તેમજ એ માટે રાત–દિવસ પ્રયત્નો, વિચારો અને વાતો ચાલુ જ, છતાંય દુઃખ ટળે નહિ અને સુખ મળે નહિ, તો એમ થવાનું કારણ શોધવું જોઇએ કે

નહિ ? દુઃખનું કારણ તો શોધી કાઢવું જોઇએ ને ? આ વિષે તમે કદિ તમારી આખીય જીંદગીમાં કોઈક દહાડો અગર તો કોઈક સમયે પણ, સામાન્ય રીતિનો ય, વિચાર કર્યો છે ખરો ?

આ નિરાશાવાદથી શું વળે ?

સ૦ અમે તો એટલું જાણીએ કે–પૂર્વે પાપ કર્યા હોય એથી દુઃખ થાય.

અરે, આ વાતને કેમ આગળ કર્યા કરો છો ? પૂર્વનાં પાપ તો કોઇને છોડવાનાં નથી. એને યાદ કરી કરીને પણ કરવાનું શું છે ? પાપોને યાદ કરવા માત્રથી જ કાંઇ પાપ ટળી જવાનાં નથી. કેટલાક મૂર્ખા એવા હોય છે કે–દેવું દેવાનો પ્રયત્ન કરવાને બદલે દેવું ગણ્યા જ કરે. કહે કે–'આવડું દેવું કેમ અપાય ?' પણ અલ્યા, પાસે પૈસા છે તો દેવું ગણ્યા ન કર પણ દઇ દે, નહિતર કપાળે કાળો ચાંલ્લો ચોંટશે. બગડી ગએલું રોવાથી નહિ સુધરે. અહીં તો વાત એ છે કે–દુઃખને ટાળવાની અને સુખને મેળવવાની તીવ્ર ઇચ્છા અને પ્રયત્ન ચાલુ છતાં, દુઃખ ટળતું કેમ નથી અને સુખ મળતું કેમ નથી ? આનું કારણ શોધવું જોઇએ અને કારણ શોધ્યું એટલે સંસારનો રસ ઉડ્યો સમજો. એનું કારણ જાણ્યા પછી આજે થાય છે એ રીતિની સંસારમાં લ્હેર નહિ થાય. તમે કદિ કોઇને આ વિષે પૂછ્યું છે ખરૂં કે–'દુઃખને ટાળવા માટે અને સુખની પ્રાપ્તિ માટે આવી તીવ્ર ઇચ્છા અને આવો સતત્ પ્રયત્ન

ચાલુ હોવા છતાં, દુઃખ ટળતું નથી અને સુખ મળતું નથી, તો એનું કારણ શું ?' કોઇ સાધુને તમે આ વિષે પૂછ્યું છે ખરૂં ? કહોને કે–આ વિષે વિચાર જ નથી કર્યો, પછી પૂછવાનું તો રહ્યું જ ક્યાં ? 'શું કરીએ ? પૂર્વકર્મથી સુખ મળતું નથી અને દુઃખ ટળતું નથી !'–આમ કહીને લમણે હાથ દઈને બેસી રહેવું, એ નિરાશાવાદ છે : એવા નિરાશાવાદને આધીન થવાથી કાંઈ વળે નહિ. ધાર્યા કરતાં વિપરીત પરિણામ આવે છે–એમ માલૂમ પડતાંની સાથે જ ચોંકવું જોઇએ, ચેતવું જોઇએ અને એના સાચા કારણને શોધવાનો પ્રયત્ન કરવો જોઇએ. એમ થાય તો દુઃખની સામગ્રી વચ્ચે પણ શાંતિ અનુભવી શકાય. આથી જ, મહત્ત્વનો પ્રશ્ન એ છે કે–'તીવ્ર ઈચ્છા અને ચાલુ પ્રયત્ન હોવા છતાં પણ, દુઃખ ટળતું કેમ નથી અને સુખ મળતું કેમ નથી ?'

વૈદ્ય બદલો છો તો અહીં કેમ એમનું એમ ?

તમને કોઈ રોગ થાય ત્યારે વૈદ્યને ત્યાં જાવ છો કે નહિ ? કોઇ કહે કે–'વૈદ્ય મળ્યો છે, દવા ખાઉં છું અને પથ્ય પાળું છું છતાં મટતું નથી.'–તો તમે શું કહો ? અમૂક દિવસો પછી પણ ફેર ન જ પડે, તો વૈદ્ય ફેરવો છો કે નહિ ? ફેરવો જ છો. તેમ અહીં દુઃખ ટાળવાનો અને સુખ મેળવવાનો તનતોડ પ્રયત્ન ચાલુ જ હોવા છતાં પણ, દુઃખ ટળ્યું નહિ અને સુખ મળ્યું નહિ, તો કોઈ જ્ઞાની ગુરૂ પાસે પૂછવા ગયા ખરા ? અને

એકની સલાહ મુજબ ચાલતાં ફેર ન પડ્યો, તો બીજાની સલાહ લેવાનો વિચાર કર્યો ખરો ? આ વાતમાં કોઇ જ્ઞાનિની સલાહનો સ્વીકાર ન કર્યો કે કશી ફેરબદલી ન કરી, તેનું કારણ શું ? કોઇ ધર્મગુરૂને મળી, તેમની સાથે આ વાતની વિગતવાર ગોષ્ઠિ કરી હોય એવું પણ તમે કહી શકશો ?

દુનિયાના કોઈ પદાર્થમાં સુખ નથી :

ખરેખર, 'દુ:ખ ટાળવાનો અને સુખ મેળવવાનો આવો પ્રયત્ન ચાલુ છતાંય, દુ:ખ ટળતું નથી અને સુખ મળતું નથી '—એનું વાસ્તવિક કારણ સમજાઇ જાય, તો દુ:ખના સંયોગોમાં જે ગભરામણ થાય છે અને સુખના સંયોગોમાં જે સન્નિપાત જેવી દશા થાય છે, તે થાય નહિ ! અર્થાત્—સંયોગો સુખ કે દુ:ખ ઉપજાવી શકે નહિ. આપણે દુનિયા માને છે તેવા સુખની વાત કરતા નથી. દુનિયાના કોઇ પણ પદાર્થમાં વાસ્તવિક કોટિનું સુખ આપવાની શક્તિ નથી. સુખ માટે દુનિયાની વસ્તુઓનાં ફાં–ફાં માર્યા કરનારાઓનું દુ:ખ કદિ જશે નહિ અને તેમને સુખ કદિ મળશે નહિ. દુનિયાની વસ્તુઓમાં જ જો સુખ અને દુ:ખ આપવાની શક્તિ હોત, તો એક જ વસ્તુ એકને સુખ આપે છે અને એની એ વસ્તુ બીજાને દુ:ખ આપે છે, તે બનત જ નહિ. આથી સ્પષ્ટ છે કે–દુનિયાની વસ્તુઓ સુખ આપી શકતી નથી તેમ દુ:ખ પણ આપી શકતી નથી : માટે દુનિયાની વસ્તુઓ

કયી રીતિએ મળી જાય, એ વિચારવાનું અહીં નથી.

કેવા સુખની ઇચ્છા છે ?

દુનિયાના જીવોને સુખ તો જોઈએ છે, પણ તેય કેવું જોઇએ છે ? દુનિયાના જીવોને સુખ એવું જોઇએ છે, કે જે સુખ દુઃખના લેશ વિનાનું હોય, અધુરૂં નહિ પણ પૂરેપૂરૂં હોય અને એ સુખ પાછું એવું હોવું જોઇએ કે જે આવ્યા પછીથી કદિ પણ ચાલ્યું ન જાય. આવું સુખ જોઇએ છે, એમ દુનિયાના જીવો ભલે શબ્દો દ્વારા ન જણાવી શકતા હોય, તો પણ તેમની ભાવના તો આવું જ સુખ મેળવવાની છે, એ શંકા વિનાની વાત છે. આવું સુખ દુનિયામાં કોઇ પણ સ્થળે નથી. દુનિયામાં, દુનિયાના કોઈ પણ પદાર્થના સંયોગમાં આવું સુખ નથી, માટે દુનિયામાં દુઃખ છે એ આપોઆપ સિદ્ધ થઇ જાય છે. તમે લાડુ ખાતા હો અને લાડુમાં એક નાની પણ ગોળની ગાંગડી આવી જાય, તો એ ગોળની ગાંગડી પણ તમને દુઃખ રૂપ લાગે છે ને ? શાથી ? ગોળની ગાંગડી કાંઈ કડવી છે ? નહિ, પણ લાડુ ખાતાં એ આવી માટે ગમી નહિ. સારો લાડુ ન મળે અને ગોળની ગાંગડીઓવાળા પણ લાડુથી ચલાવી લેવાય એ વાત જૂદી છે, પરન્તુ ઇચ્છા તો રીતસર બનેલો લાડુ જ ખાવાની ને ? વળી દુનિયાના જીવોને થોડું સુખ મળી પણ જાય, તો પણ વધુ ને વધુ સુખ મેળવવાની ઇચ્છા રહ્યા જ કરે છે : એથી સિદ્ધ થાય છે કે—દુનિયાના

જીવોને જેમ દુઃખ વિનાનું સુખ જોઇએ છે, તેમ પૂરે-પૂરૂં પણ જોઈએ છે : કારણ કે—જ્યાં સુધી પૂરેપૂરૂં સુખ ન મળે કે તે મળવાનું નિશ્ચિત ન થાય, ત્યાં સુધી વધુ સુખ મેળવવાની ઇચ્છા રહ્યા કરે તે સ્વાભાવિક છે. દુઃખના લેશ વિનાનું અને સંપૂર્ણ સુખ મળી ગયું એમ માનો, પણ એ સુખ ચાલ્યું જવાનું હોય તો ? સામાન્ય સુખ માટે પણ તમે જૂઓ છો કે—જ્યારે એ સુખ ચાલ્યું જાય છે, ત્યારે દુનિયાના જીવોની કમબખ્તી થઇ જાય છે. આ બધી વસ્તુઓ ઉપરથી એ સ્પષ્ટ થઇ જાય છે કે—'દુનિયાના જીવોને દુઃખના લેશ વિનાનું, પૂરેપૂરૂં અને કદિ ચાલ્યું ન જાય એવું સુખ મેળવવાની ઇચ્છા છે.' આ સિવાય બીજી ઇચ્છા છે ખરી ?

સ૦ આટલું જો મળી જાય તો તો બીજા કશાની ઇચ્છા જ ન રહે !

સંસારનું સુખ સારૂં કે દુઃખ સારૂં ?

બરાબર છે. હવે એ વિચારવું જોઇએ કે—આવું સુખ દુનિયામાં કોઈ પણ સ્થળે છે ખરૂં ? કહેવું જ પડશે કે—નહિ જ ! જો કે—એક રીતિએ વિચારો તો તમને સાધારણ રીતિએ એમ લાગશે કે—દુનિયાના સુખ કરતાં તો દુનિયાનું દુઃખ સારૂં, કારણ કે—સંસારનું દુઃખ માણસને ધર્મની યાદ આપે છે. મોટે ભાગે એ દશા છે કે—સંસારના સુખી ધર્મના વિરોધી. કેટલાક એવાઓ તો પોતાની જાતને જ પરમાત્મા માને. એમ પણ કહે કે—'જોયો હવે

પરમેશ્વર! અમે જ પરમેશ્વર છીએ. પૈસા સિવાય પરમેશ્વરને ઓળખવાની પણ અમને ફુરસદ નથી!' આવા માણુસોને સાધુની વાતો વાયડી લાગે, તો એમાં આશ્ચર્ય પામવા જેવું છે પણ છે શું? એવાઓને સાધુઓની વાતો ગમે નહિ, એ સ્વાભાવિક છે: કારણ કે-સાધુઓની વાતોમાં તો ત્યાગ રૂપ દાન આદિ આવે અને તે એવાઓને રૂચિકર હોય નહિ! દુ:ખમાં પડેલાને તો કાંઇકેય છૂટવાની ઇચ્છા થાય, માટે એ દૃષ્ટિએ કહેવાય છે કે-દુનિયાના સુખી કરતાં એક દૃષ્ટિએ દુનિયાના દુ:ખી સારા. આથી એમ નહિ માનતા કે-તમને બધાને દુ:ખી જોવાની અમારી ઇચ્છા છે. અમે તો તમને સંપૂર્ણ સુખ મળે એવી જ ભાવનાવાળા છીએ.

માણસ તો વિચારશીલ હોય:

આપણે તો અહીં એ વિચારી રહ્યા છીએ કે-દુ:ખને ટાળવાની અને સુખને મેળવવાની તમારી તીવ્ર ઇચ્છા છે, મન-વચન-કાયાના યોગો એની જ મહેનતમાં યોજાએલા છે, રાત-દિવસ એ જ ઇચ્છા અને એ જ પ્રયત્ન ચાલુ છે, છતાં પણ સુખ મળતું કેમ નથી અને દુ:ખ ટળતું કેમ નથી? દુનિયાના બધા જીવોની અને તમારી આ દશા તમે નજરે જૂઓ છો અને અનુભવો છો, છતાં પણ તમે તેના કારણુની શોધમાં કેમ પડ્યા નથી? ૨૪ કલાકમાં ૦ા કલાક પણ આ વિચારવાનો તમને ટાઇમ છે ખરો? આ વિચારવા માટે ૦ા કલાકનો પણ સમય

રાખ્યો છે ખરો ? તમે તો માણુસ છો ને ? માણુસ એટલે વિચારશીલ. જેનામાં કાર્યાકાર્યનો, હિતાહિતનો, યોગ્યાયોગ્યનો વિચાર જ ન હોય, એને સાચો માણુસ કેમ કહેવાય ? તમે કદિ વિચાર કર્યો છે ખરો કે–' આપણી દુ:ખ ટાળવાની અને સુખ મેળવવાની આટલી તીવ્ર ઇચ્છા છે અને રાત–દિવસ પ્રયત્નો ચાલુ છે, છતાં દુ:ખ ટળતું કેમ નથી અને સુખ મળતું કેમ નથી ? ' આ સ્થિતિનો વિચાર સરખોય ન કરવો, એ શું માણુસાઈનું લક્ષણુ છે ? સુખના હેતુથી પ્રયત્ન કરવા છતાં દુ:ખ મળે અને એના કારણુનો વિચાર સરખોય ન કરાય, એ શું વિચારશીલતાને છાજતી વસ્તુ છે ?

મરીને ક્યાં જવાનું ?

અહીંથી મરીને જવાનું છે, એ તો નક્કી જ છે ને ? ક્યાં જવું પડશે–એની તમને ખબર નથી, પણુ અહીંથી વહેલા કે મોડા જવું જ પડશે–એ વાતમાં તો શંકા નથી ને ? ' ક્યાં જવાનું છે ? '–એ પણુ તમારી કાર્યવાહી ઉપરથી તમે જ સમજી લો. ચોર, લુંટારા વિગેરે એ તો સમજે જ છે કે–છૂટા રહ્યા એટલું ભાગ્ય, બાકી જેલ તો નક્કી જ છે : તેમ તમે પણુ વિચારો કે–' આ આ જાતિનાં કૃત્યો કરનારો હું મરીને કેવાક સ્થાનમાં જવાનો ? ' વખતે અત્યારે મરણુ આવે તો કયી દશા થાય, કેવી ગતિમાં જવું પડે, એનો તોલ દરેક સમજુ માણુસ અમૂક પ્રમાણુમાં જરૂર કાઢી શકે. બીજાનું ભલે ન

સમજાય, પણ પોતાનું તો સમજાય ને ? જીંદગીમાં કેમ વર્તીએ છીએ, તે સૌ જાણે છે. છૂપા પાપની બીજાને કદાચ ખબર ન પડે, પણ પોતાને તો ખબર પડે ને ? એ તો સૌ કોઇ જાણે છે કે–પોતે આટલી જીંદગીમાં કેટલાનું ભલું કર્યું અને કેટલાનું ભૂંડું કર્યું, કેટલું સાચું બોલ્યા અને કેટલું જુઠ્ઠું બોલ્યા, પાપ કેટલું કર્યું અને પુણ્ય કેટલું કર્યું ! આ વિચારાય તો આપણે મરીને ક્યાં જઈશું, એ આપણો આત્મા કહે ને ? નરક પાપી માટે અને સ્વર્ગ પુણ્યશાલી માટે, એ તો તમે જાણો છો ને ? તો વિચારો કે–તમે મરીને કયી ગતિમાં જવાના ? આપણે જો યોગ્ય રીતિએ વિચારણા કરનારા બની જઈએ, તો આપણને આપણા આત્માનું ભાન જરૂર થાય : પરન્તુ એ બાજુનો વિચાર જ સુઝતો નથી, તેનું કારણ શું ?–એ વિચારવું જોઇએ.

દિશા ફેરવવાની જરૂર :

જગત્ મોહથી આંધળું બન્યું છે, એથી જ એનામાં વસ્તુના ગુણ–દોષ જોવાની તાકાત રહી નથી. જે જેવું હોય તેને તેવા રૂપે દેખાવા ન દે, એનું નામ મોહાન્ધતા. મોહથી આંધળા બનેલા વસ્તુના યથાસ્થિત ગુણ–દોષને જોઈ શકતા નથી. થોડાક અપવાદ સિવાય દુનિયાના જીવોની એ સ્થિતિ છે. દુનિયાના જીવો એવા મોહાન્ધ છે, માટે જ દુઃખને ટાળવાની અને સુખને મેળવવાની તેમની પ્રબળ ઈચ્છા હોવા છતાં પણ, તેમનું દુઃખ

ટળતું નથી અને તેમને જોઈતું સુખ મળતું નથી : એટલું જ નહિ પણ એના જ યોગે, સુખ મેળવવા અને દુઃખ ટાળવા માટે થતી મહેનતના પરિણામે પણ, સુખ જાય છે અને દુઃખ આવે છે. મોહાન્ધતા, એ જ એનું વાસ્તવિક કારણ છે. દુનિયાના જીવોની દુઃખને ટાળવાની અને સુખને મેળવવાની તીવ્ર ઇચ્છા અને ચાલુ પ્રયત્ન છતાં, મોહાન્ધ દશાના યોગે, મહેનતનું પરિણામ સુખના નાશમાં અને દુઃખની પ્રાપ્તિમાં આવે છે. અર્થાત્— પ્રયત્નની આખીય દિશા ફેરવવાની જરૂર છે.

પહેલો ગુણ આ કેળવો !

જેઓને પોતાની સુખ મેળવવાની મહેનત સફળ કરવી હોય, તેઓએ મોહની અન્ધતા ટાળવી જોઇએ. મોહની અન્ધતા ટળે એટલે મોહને ટાળવાનો પ્રયત્ન થાય જ. જે વસ્તુ જે રૂપે હોય તેને તે રૂપે ન દેખાવા દે, એ મોહાન્ધતા. સુખી થવું હોય, સુખ મેળવવા માટેની મહેનત સફળ કરવી હોય, તો જે વસ્તુ જે રૂપે હોય, તે વસ્તુને તે રૂપે માનવાનો ગુણ સૌથી પહેલાં કેળવવો પડશે. એ ગુણ ન આવે ત્યાં સુધી મહેનત ફળે નહિ, દુઃખ જાય નહિ અને સુખ મળે નહિ.

ઘંટીના પડ જેવી દશા :

મોહ આજે દુનિયાના જીવોને કયી સ્થિતિમાં મૂકીને બેઠો છે, તે વિચારો. પહેલું તો એ કે—જે પોતાનું નથી

એને દુનિયાના જીવો પોતાનું માને છે, એ જ મોટું દુઃખ છે. દુનિયાના જીવો પોતાની પાસે પૈસા ન હોય અને જો સામાન્ય વિચારશીલ હોય તો એમ માને કે–" પૈસા નથી એ પાપનો ઉદય : માટે પૈસા ન હોય તોય તે સ્થિતિ શાન્તિથી ભોગવવી અને સુકૃત કરવું : પરિણામે પાપ જાય, પુણ્ય આવે અને પુણ્યથી પૈસા મળે." આ ઇચ્છા કે ભાવના પણ બરાબર નથી. પૈસા મેળવવાની વાત છે ત્યાં સુધી દુઃખ રહેવાનું : કારણ કે–પૈસા મળ્યા, પાપ કર્યું, પૈસા ગયા, વળી સુકૃત કર્યું, પાપ ગયું, પુણ્ય આવ્યું, પૈસા મળ્યા અને ફેર પાછી એની એ જ દશા. એ તો ઘંટીના પડ જેવી દશા છે. મળે, ફસાય ને જાય,–એમ ચાલ્યા જ કરે, ત્યાં સુખ મળે ક્યાંથી ? માટે અશુભોદય માની સુકૃત કરતાં પણ તેના બદલા તરીકે પૈસા વિગેરે મેળવવાની જ ભાવના રાખવી, એ યોગ્ય નથી.

આપણે કોણ અને આપણું શું ?

એટલે કે–જેઓને સાચું સુખ મેળવવું હોય, સુખ માટેની બરબાદ જતી મહેનતને સફળ કરવી હોય અને દુઃખથી સર્વથા દૂર રહેવું હોય, તેઓએ ' જે પોતાનું નથી તેને પોતાનું માનવાની વૃત્તિ 'ને ટાળવી જોઇએ. આપણે કોણ ? દુનિયાની કોઇ પણ વસ્તુ તે આપણે નહિ ! આ શરીર તે પણ આપણે નહિ ! ત્યારે આપણે કોણ ? આપણે એટલે આત્મા. તો પછી આપણું શું ? તે જ, કે જે આત્માથી કોઇ કાળે વિખુટું પડે એવા

સ્વભાવનું ન હોય! આત્માના ગુણો સિવાય બીજી કોઈ પણ વસ્તુને માટે એવું કહી કે માની શકાય તેમ નથી. ત્યારે આપણું શું ? આત્માના ગુણો જ! બીજું બધુંય પારકું. આથી આપણે જે કાંઈ પણ મહેનત કરવાની, તે પૈસા વિગેરે મેળવવાને માટે નહિ કરવાની, પણ આપણા આત્મગુણો પ્રગટે એ માટે જ કરવાની. દુઃખના નાશનો અને સુખની પ્રાપ્તિનો ઉપાય જ એ કે–આત્માના ગુણોને પ્રગટાવવા.

પહેલાં અન્ધતા ટાળવી જોઈએ :

આ વસ્તુ બરાબર સમજાઈ જાય, આ ભાવના આવી જાય, એટલે બેડો પાર. મોહની એ અન્ધતા જાય તો સુખ આવ્યા વિના રહે નહિ. ' આપણું નથી એ આવે કે જાય, પણ આપણને શું ? '–એ ભાવના જેનામાં આવે, એને દુઃખના કે સુખના–બધા સંયોગોમાં સુખ મળે. વાસ્તવિક કોટિના સુખનો આંશિક અનુભવ એવો આત્મા જરૂર કરી શકે. માટે સૌથી પહેલાં, સુખ મેળવવાની અને દુઃખ ટાળવાની મહેનત કરતાં પહેલાં પણ, મોહની અન્ધતા ટાળવી એ ઘણું જ જરૂરી છે. આત્માના ગુણોને માટે જેટલું હાનિકર તે સર્વનો ત્યાગ અને આત્માના ગુણોને માટે હિતકરનો જ સ્વીકાર–એ અનુપમ દશા છે, પણ અત્યારે ને અત્યારે તમે એમ કરી શકો એવી તમારી ભાવના હોય કે થાય એમ દેખાતું નથી, માટે એ પછીથી રાખો, પણ ખોટું કાઢવાની અને સાચું

લેવાની તાકાત નહિ આવે ત્યાં સુધી ખોટાને ખોટું અને સાચાને સાચું માનીશું, એમ તો જરૂર રાખો. એ રીતિએ પણ મોહની અન્ધતા ટાળવી જોઇએ. મોહની અન્ધતા ટાળ્યા પછી મોહને ટાળવાની વાત આપોઆપ જ ગમશે અને એ ગમશે એટલે મોહને ટાળવાનો પ્રયત્ન પણ શકચતા મુજબ થશે જ અને પરિણામે મોહ ટળશે પણ ખરો !

દેખતા અને આંધળાનો ફરક :

ખોટા–સાચાનું, સ્વ–પરનું જ્ઞાન થાય એટલે અડધું દુઃખ ટળી જાય. દેખતાને ઠોકર વાગી જાય તો પણ પડતો પડતો એ બચી જાય : પડી જાય તો પણ એને ઓછું નુકશાન થાય : જ્યારે આંધળાને વારંવાર ઠોકર વાગે અને પડે એવો કે–નશિબ હોય તો બચે ! આંધળાને વાગવાનું અને દેખતાને બચવાનું નક્કી છે. દેખતાને તો ઠોકર વાગવાનોય સંભવ ઓછો. એ જ રીતિએ અહીં પણ સમજી લો ! મોહથી અન્ધ અને મોહવાળા વચ્ચે મોટો ફરક છે. મોહવાળા મોહાન્ધ જ હોય એવો નિયમ નથી. મોહની અન્ધતા ટળે છતાં મોહવાળા હોઇ શકે, પણ–' આ મારૂં ને આ પારકું, આત્માના ગુણો એ જ મારૂં અને એ સિવાયનું બધું પર '–એટલું તો એ જરૂર સમજી શકે : અને એથી જ એ પડતાં પડતાં પણ બચી જાય : માટે સુખના અર્થિએ સૌથી પહેલાં મોહની અન્ધતાને ટાળવી જોઇએ.

દુનિયાના જ સુખની ઇચ્છા એ જ મોહાન્ધતા :

જે આત્માઓ મોહથી અન્ધ બનેલા નથી, તેઓ વાસ્તવિક સુખનો થોડો–ઘણોય અનુભવ કરી શકે છે : એટલું જ નહિ પરન્તુ તેઓ સાચું સુખ મેળવવાની સાચી દિશા જાણતા હોઇને, ઉંધે રસ્તે ચઢી અથડાઈ પડતા નથી. રાજા કે સેવક, નોકર કે શેઠ, ગમે તે હોય પણ મોહની અન્ધતા ટળે, તો સુખી. આજે રાજાની હાલત શી છે ? આજે કોણ સુખી છે ? રાજાને માથે બીજી સત્તાનો અને પ્રજાનો ભય બેઠો છે. શેઠીયાઓની હાલત પણ કાંઈ ઓછી ખરાબ નથી. તમે કોને સુખી માનો છો ? તમે કયા દુ:ખને આજે રૂઓ છો ? તમારે કયું સુખ જોઇએ છે ? કેવળ દુનિયાનું સુખ જ ને ? બસ, તેથી જ તમારી મહેનત ઉંધી પડે છે અને એ જ મોહની અન્ધતા છે.

એ સહેલું નથી :

હું તે આત્મા, મારૂં તે આત્માના ગુણો, એ સિવાયનું બીજું બધું પર,—આટલું સમજી જાવ તો કેવી દશા થાય ? પણ આ વસ્તુ હૃદયમાં જચવી, એ સહેલી વાત નથી. અહીંથી ઉઠે અને રૂમાલ ખોવાઈ જાય તો ? કોઈ લઇ જાય તો ? પછી એની વાણી સાંભળો. કારણ ? એણે રૂમાલને પોતાનો માન્યો છે. ખોવાઇ જાય તો શોધ કરે, કોઇ લઇ જાય તો પાછો લઈ આવે, પણ વલોપાત કરી નહિ બોલવાનું બોલીને શું કરવાનું ?

આવાને સુખ થાય શી રીતિએ ? અંશે પણ સાચું સુખ આવા આત્માઓ કયી રીતિએ અનુભવી શકે ?

ધર્મ શું તવંગર જ કરી શકે ?

દુનિયાનાં સાધનો, એ સુખનાં સાધનો છે જ નહિ. દુનિયાનાં સાધનોમાં સુખ માનનારાઓ ધર્મને સાધી શકતા નથી. આજે ધર્મમાં કયી દશા છે ? જેમની પાસે દ્રવ્ય નથી, તે એમ કહે છે કે–'મને દ્રવ્ય મળે તો હું આમ કરૂં ને તેમ કરૂં.' અને જેમની પાસે દ્રવ્ય છે તેઓ વધુ ને વધુ દ્રવ્ય મેળવવાની પોક મૂકે છે. આ બેયને માટે ધર્મ મુશ્કેલ : પરન્તુ જો પૈસાને પર મનાય તો થોડાવાળો થોડા અને ઘણાવાળો ઘણા આપ્યા વિના રહે ? 'શ્રીમંત થયા પછી જ ધર્મ કરાય.'–એમ માનનારા અથવા તો–'મોટા શ્રીમંત બનીને પછી ધર્મ થશે'–એમ માનનારા ધર્મને આરાધી શકતા નથી. ધર્મ તો તે કરી શકે, કે જે પૈસાને પોતાના ન માને અને હરેક હાલતમાં, ગરીબ દશામાં કે તવંગર દશામાં, પોતાની શક્તિ મુજબ ધર્મ આરાધી લેવાની જ ભાવનાવાળો હોય.

શુભોદય અને અશુભોદય–બન્નેમાં સુખ :

આજે તો લગભગ દશા એ જોવાય છે કે–દુનિયાના જીવોને શુભોદય કે અશુભોદય, બેમાંથી એક પણ ભોગવતાં આવડતું નથી. શુભોદયમાં ઉન્મત્ત બને અને અશુભોદયમાં રોદણાં રડે, એવી મોટે ભાગે દશા છે :

પણ અહીં તો તદ્દન જૂદી જ વાત છે. સંસારનું સુખ જોઈતું હોય તો શુભોદય જોઇએ અને સંસારનું દુઃખ અશુભોદયથી મળે, પરન્તુ આપણે જે સુખની વાત કરી રહ્યા છીએ, તેનો અનુભવ કરવામાં તો શુભોદય કે અશુભોદય કોઇની પણ જરૂર નથી. મોહાન્ધતા ટળે અને વિવેકગુણ પ્રગટે, એટલે એ આત્મા તો શુભના ઉદયમાં કે અશુભના ઉદયમાં પણ સુખી. સંસાર જેને સુખનાં સાધનો માને છે–તે સાધનો તેને મળે કે ન મળે, તેની પાસે તે સાધનો ટકે કે ન ટકે, રહે કે ન રહે, તો પણ એ સુખી. એને મળ્યું હોય તો કહેશે કે–'અનેકનું ભલું કરી લઉં' અને જાય તો કહેશે કે–'ઉપાધિ ગઇ.' એવા માણસ ઉપર આફ્ત આવે ત્યારે એ માને કે–દેવું ચૂકવાય છે: કારણ કે–એ માને છે કે–આપણું બાંધેલું આપણે ભોગવવાનું છે.

આવે ત્યારે અને જાય ત્યારે :

જ્યારે મોહાન્ધ આત્માની દશા એથી ભિન્ન પ્રકારની હોય છે. એને તો સંસારની તુચ્છ પણ સામગ્રી મળી જાય તો જાણે કે શેર લોહી ચઢી જાય છે: વગર દવાએ જાણે શક્તિ વધી જાય છે: ફાંકો વધી જતાં વાર નથી લાગતી: એને એમ થાય છે કે–'હું કોણ?' અરે, કોણ તે તું ગઇ કાલનો ભીખારી! કાલે રખડતો હતો તે!! આ તો આવ્યા પછીની વાત થઇ, પણ આવવાનું નક્કી છે એટલું જાણે ત્યાં જ એનો પટ્ટો

થઇ જાય છે. શું એને ખબર નથી કે–‘ એ બધું એક દિવસ જવાનું છે અથવા તો મારે એને છોડીને જવાનું છે ? ’ ખબર તો છે, પણ મોહાન્ધતાના યોગે એ સાદી પણ વાત એના ધ્યાન બહાર જ રહી જાય છે. આ જ રીતિએ દુઃખમાં પણ મોહાન્ધ આત્મા અતિશય દીન બની જાય છે. દુઃખ આવવાની વાત સાંભળતાં પણ એના હોશકોશ ઉડી જાય છે. ‘ મારૂં કરેલું મારે ભોગવવું પડે ’–એટલી સાદી પણ વાત એને યાદ આવતી નથી. કાંઇક ઠીક ઠીક સંજોગોને લીધે એક વખત ઉન્મત્ત થઇને ફરનારો આદમી પણ, દુઃખના સંયોગો આવતાં, ગળીયા બળદ જેવો બની જાય છે. મોહાન્ધ બનેલા માણુસને લક્ષ્મી મળે તોય તેને પોતાને નુકશાન થાય છે અને જાય તો પણ તેને પોતાને નુકશાન થાય છે : કારણ કે-લક્ષ્મી આવે ત્યારે એ પગ પછાડે છે અને લક્ષ્મી જાય ત્યારે એ માથું પછાડે છે. મોહાન્ધતા ટળી હોય અને વિવેકગુણ પ્રગટ્યો હોય, તો આમ ન બને.

શું સિદ્ધ થાય છે ?

મોહાન્ધ આત્માઓમાં એકેય વખતે ડહાપણ રહેતું નથી. આથી સિદ્ધ થાય છે કે–દુનિયાના સઘળાય જીવોની દુઃખને ટાળવાની અને સુખને મેળવવાની અતિશય ઇચ્છા છે તેમજ એ માટેનો ચોવીસે કલાક પ્રયત્ન ચાલુ જ છે, છતાં દુઃખ ટળતું નથી અને સુખ

મળતું નથી અને મહેનતનું કાંઇ સારૂં પરિણામ આવતું નથી, એનું કારણ મોહાન્ધતા છે: એટલે સુખ મેળવવાના નિષ્ફળ જતા પ્રયત્નને સફળ કરવો હોય અને દુઃખ ટાળવું હોય તો પહેલાં મોહાન્ધતાને જ ટાળવી જોઇએ.

જે છેલ્લે જોઇએ તે પહેલાં કેમ નહિ ?

તમે જે આખો દિવસ મહેનત કરો છો તેનું, તમારી મહેનતનું કોઈ ટાઇમટેબલ છે? એ કાર્યવાહી જોઇએ તો એમાં દુઃખ જાય એવો ઉપાય છે? જન્મ્યા ત્યારે જો માનું મોઢું જોયા કરવાનું હોય, યુવાન થયા ત્યારે જો તરૂણીનું મોઢું જોયા કરવાનું હોય અને બુઢ્ઢા થાવ ત્યારે જો દીકરાનું મોઢું જોયા કરવાનું હોય, તો આત્માની તરફ જોવાનું ક્યારે? બાળકાળ મૂર્ખાઈભરી રમતમાં પસાર થઈ જાય, યુવાકાળ વિષયની પરવશતામાં પસાર થઈ જાય અને વૃદ્ધકાળ કચકુચમાં જાય, તો આત્માનું કયા કાળે સધાય? આ દશામાં કાળજે ઠંડક ક્યારે વળે? એવો વિચાર કદિ કર્યો છે કે–'આમાં આપણું શું?' આ બધું શું સાથે આવશે? હાં, એથી બંધાએલાં અશુભ કર્મો જરૂર સાથે આવશે. છેલ્લે તો આત્માના ગુણોનો અથવા તો આત્માની પરિપૂર્ણ શુદ્ધાવસ્થાનો જ ખપ પડશે, તો પછી છેલ્લે જેનો ખપ છે તેની પહેલેથી જોગવાઈ કેમ નહિ કરવી જોઇએ? જ્યાં સુધી આત્મા પરિપૂર્ણ શુદ્ધ દશાને ન પામે, ત્યાં સુધી જન્મ–મરણાદિનાં દુઃખોથી પણ મુક્ત બની શકે

નહિ. અહીં મર્યા એટલે બધું જ પત્યું એમ નથી. આત્મા અન્ય સ્થાને ગયો, સ્થાન ફર્યું, પણ કર્મ રહ્યાં તો દુઃખ રહ્યું જ. આથી મહેનત એવી કરવી જોઇએ કે–આત્મા કર્મરહિત બને. આ ધ્યેયથી જે કાંઇ યોગ્ય મહેનત થાય તે જ સફલ છે. એ વિના કોઇ પણ મહેનતનું પરિણામ સુખમાં આવે એ બને જ નહિ. માટે તમારે કબૂલ કરવું પડશે કે–તમને સુખ નથી મળતું એમાં ભૂલ બીજાની નથી પણ તમારી પોતાની જ છે.

પરમાત્મા ઉચકીને નહિ લઇ જાય !

શુભ કે અશુભ, ગમે તેવા સંયોગોમાં પણ સુખ મેળવવું હોય, તો મોહાન્ધતા ટાળવી પડશે. ભગવાન પાસે જવું, હાથ જોડવા, સેવાભક્તિ કરવી,–એ બધું શા માટે છે ? એમ કરવાનો હેતુ એ જ છે અને એ જ હોવો જોઈએ કે–‘ મોહાન્ધતા ટળે અને આત્માના ગુણો પ્રગટે એ માટે ભગવાનની આજ્ઞાને અનુસરવાનો ખૂબ ખૂબ ઉલ્લાસ જાગે.’ ભગવાનની આજ્ઞા મુજબ ચાલનારા નિયમા સુખી થાય છે અને એથી જ આપણા એ તારક છે. બાકી સૌએ પોતપોતાનું કામ પોતે જ કરવાનું છે. આત્માની બાબતમાં કોઈ કરી આપે એમ બનતું નથી : એમ બની શકતું નથી : દરેકે પોતાના આત્માનો ઉદ્ધાર પોતે જાતે જ કરવાનો છે. પરમાત્મા શું શાશ્વત સુખના ધામમાં ઉંચકીને લઇ જાય ? પાપ આપણે કરીએ અને આપણી શુભ ભાવના અને શુભ

પ્રવૃત્તિ વિના છોડાવે એ, એમ ? પાપ થઇ જાય તો પણ પશ્ચાત્તાપથી આપણું હૈયું સળગવું જોઇએ. આપણો આત્મા અંદરથી સળગે તો પાપ જાય. પાપનો ડર નહિ, ભગવાનની આજ્ઞા પ્રત્યે આદરભાવ નહિ અને એમ ને એમ ભગવાન પાસે જઈ આવવું, તો એમ જઇ આવવા માત્રથી જ પાપ ચાલ્યું જાય એમ માનશો નહિ. એ માન્યતા હોય તો એ ભૂલભરેલી માન્યતા છે. પરમાત્મા પાસે જઇને પાપનો પશ્ચાત્તાપ થાય અને ભગવાનની આજ્ઞાને આરાધવાની શુભ ભાવના આવે તો જ કલ્યાણ થાય.

પારકાને પોતાનું ન માનો !

આજની તમારી દશા જોતાં તમને એમ લાગે છે ખરૂં કે–' કદિ તમે આ બધું પારકું છે એમ માનશો ?' દુનિયાની બધી વસ્તુઓને તમે પારકી માનો છો ખરા ? ના, તમે તો પોતાની છે એમ જ લગભગ માની બેઠા છો અને માટે જ દુ:ખી થાવ છો : છતાં તમે માનો કે ન માનો, પણ દુનિયાની સઘળીય વસ્તુઓ પારકી છે, એ ચોક્કસ બીના છે. આ વાત પૂરવાર કરવી, એ તો તદ્દન સહેલું છે. તમારે અહીંથી એકલા જવાનું છે. શરીર પણ સાથે નહિ આવે. જે સાથે ન આવે અગર તો શાશ્વત કાળ માટે જે સાથે રહી શકે એવું હોય નહિ, તે પારકું કહેવાય. સાથે શું આવે છે ? દુનિયાના પદાર્થો, બૈરી–છોકરાં–પૈસો એ સાથે આવે છે ? જો ના,

તો એ પારકું ખરૂં કે નહિ? ખરૂં, છતાં પારકાને પોતાનું માન્યું છે ને? એ જ દુ:ખનું કારણ છે.

દયાપાત્ર ય ગણાય?

આ બધું પારકું છે, એ તો સાધારણ બુદ્ધિવાળો પણ સમજી શકે. તમે પણ કબૂલ કરો છો કે-દુનિયાના સઘળાય પદાર્થો અને બૈરી-છોકરાં-પૈસો તેમજ આ શરીર પણ પોતાનું નથી: છતાં આટલી સમજવાળો ઉંધું જોઈને એની ખાતર પાપ જ કર્યે જાય, તો એ દયાપાત્રે ય ગણાય? દુનિયામાં તમે જે રીતિએ બીજાઓ પ્રત્યે વર્તો છો અને 'અમૂક તો દયાપાત્ર ન જ ગણાય' વિગેરે બોલો છો, તે રીતિએ જો અહીં વિચાર કરીએ તો તો તમે પણ દયાપાત્ર ઠરો નહિ: પરન્તુ જગતના સ્વભાવને સારી રીતિએ જાણનારા મહાપુરૂષો તો તમારા જેવા કે તમારાથી ભયંકર પણ આત્માઓની દયા જ ચિન્તવનારા હોય છે. એ દયાના પ્રતાપે જ આ ઉપદેશ આદિની પ્રવૃત્તિ થાય છે.

રડવું નહિ:

અમારા અન્તરમાં આટલી દયા હોવા છતાં પણ, તમે આ ઉપદેશને ન સ્વીકારો તો અમે રડીએ નહિ. જેમ ગુસ્સે ન થઇએ, તેમ રડીએ પણ નહિ. તમારી દયા જ ચિન્તવીએ. જ્ઞાનિપુરૂષોએ સાધુપુરૂષોને આજ્ઞા કરી છે કે-

'સુખના અર્થી જીવોને મોહની અન્ધતાનું તથા મોહનું સ્વરૂપ સમજાવવું. એ જો માને અને સાથે આવવા તૈયાર હોય તો સાથે લઈ લેવા. સાથે ન આવે અને ત્યાં જ રહી શક્તિ મુજબ મોહને મારવા ઈચ્છતા હોય, તો તેમને તેવો બોધ આપવો અને સર્વથા મોહ છોડવાના પ્રયત્નમાં રહેવાનું સૂચવવું. છતાં કોઇને જો કાંઇ અસર ન થાય તો બીચારા ગુરૂકર્મી લાગે છે, એમ માનીને ચાલતા થવું પણ રડવું નહિ.'

તમે મોહમાં પડ્યા હો, તમે મોહાન્ધ બન્યા હો, એમાં જ્ઞાની રડે શું કરવાને ? જ્ઞાની રડે એથી કાંઈ તમે સુધરી જવાના છો ? જ્ઞાની તો સૌની દુર્દશા જોઇ રહ્યા છે. જેટલા જેટલા આત્માઓ મોહાન્ધ બન્યા છે તે સર્વે દુ:ખી થઈ રહ્યા છે, એમ જ્ઞાનિઓ જોઇ રહ્યા છે. તેઓ તો મોહાન્ધતા તજી વસ્તુને વસ્તુગતે ઓળખવાનો અને વસ્તુને વસ્તુગતે ઓળખ્યા બાદ પરનો ત્યાગ કરવાનો અને સ્વને ખીલવવાનો ઉપદેશ આપે, પણ રડે શું કરવાને ? ઉપદેશ સારો હોય અને ઉપદેશક ઉત્તમ કોટિનો હોય, છતાં એટલા માત્રથી જ બધાને અસર થઇ જાય, એમ કદિ ન માનતા. ઉત્તમ કોટિના ઉપદેશકનો સારો પણ ઉપદેશ, અયોગ્ય જીવોને સારી અસર ન કરે: એટલું જ નહિ, પણ સામો જો વધારે પડતી અયોગ્યતાવાળો હોય તો ઉલ્ટી અસર પણ થાય, તો તેમાં જ્ઞાની શું કરે ? એ તો સામાની મોહાન્ધતા ઘણી પ્રબળ છે, એમ ચિંતવે પણ રડે નહિ !

પાપનું પ્રત્યક્ષ ફળ કહેનાર પોતે વિચારે છે?

દુનિયાના મોટા ભાગની એ દશા છે કે-એને ગુણ અને દોષના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન નથી. આથી તે કેટલીય વાર ગુણને દોષ રૂપ માની લે છે અને દોષને ગુણ રૂપ માની લે છે. આમાં પણ પાછી એવી દશા હોય છે કે-પારકા દોષો સુઝે છે, પણ પોતાના દોષો સુઝતા નથી. તમને જો કોઇ મારી જાય, તો તમે ખમી ખાવ અને એના પણ ભૂંડાને ન ચિન્તવો, એ શું બનવાજોગ છે? તમારૂં ચાલે તો તમે સામાને માર્યા અને ગાળો દીધા વિના પણ રહો? હાં, સામો બળવાન હોય તો ચૂપ રહેવું પડે છે: પરન્તુ ભોગજોગે એમ બની જાય કે-પેલો મારીને ચાલ્યો જતો હોય, એમાં એને કુદરતી ઠેસ વાગી જાય અને પડી જાય, તો કહેશો કે-'જોયું? આ પાપનું પ્રત્યક્ષ ફળ!' પણ એ વિચાર પોતા માટે નહિ આવે. 'પાપનું એ પ્રત્યક્ષ ફળ'-એમ કહેતાં પહેલાં વિચાર કરવો જોઈએ: નહિતર અજ્ઞાન દુનિયા એમ માની લે કે-'દુનિયામાં જેટલા જેટલા દુઃખી છે તેટલા તેટલા જ પાપ કરે છે અને જેટલા સુખી છે તે બધા પુણ્ય જ કરનારા છે!' પાપ કરીને આવ્યા છે માટે દુઃખી છે અને પુણ્ય કરીને આવ્યા છે માટે સુખી છે-એમ કહેવામાં વાંધો નથી, પરન્તુ બધાં પાપ-પુણ્યનાં ફળો આ જ ભવમાં મળી જાય છે, એમ નથી. પૂર્વના પાપોદયે આજે દુઃખના

સંયોગોમાં મૂકાએલો જીવ ધર્માત્મા પણ હોઈ શકે અને પૂર્વના પુણ્યોદયે આજે સુખના સંયોગોમાં મૂકાએલો જીવ પાપાત્મા પણ હોઈ શકે : પણ મૂળ વાત તો એ હતી કે–બીજાને પાપનું ફળ મળ્યું, એમ માની લેનારો અને કહેનારો, પોતે પાપથી વિરામ પામવાનો વિચાર સરખો પણ કેમ કરતો નથી ? શું તે એમ માને છે કે–'મને મારાં પાપોનું ફળ નથી મળવાનું ?' બીજા માટે જૂદો કાયદો અને પોતાને માટે જૂદો કાયદો, એમ એ માને છે ? નહિ જ! પણ પોતાનો દોષ જોવો જ ન હોય, ત્યાં એ વિચાર આવે જ ક્યાંથી ?

એ દ્વેષભાવથી બોલાય છે :

બીજી વાત એ છે કે–બીજાને માટે પાપનું પ્રત્યક્ષ ફળ મળ્યું એમ કહેનારા, એવું જે બોલે છે તે શું પાપ અને પાપથી મળતા ફળ ઉપરની શ્રદ્ધા હોવાને લીધે બોલે છે ? નહિ જ ! એવું જે બોલાય છે, તે તો પોતાના અંતરમાં સામા પ્રત્યે જે રોષ બેઠો છે, એના પ્રતાપે બોલાય છે. આવો દ્વેષભાવ રાખવો અથવા દ્વેષ-ભાવથી આવી વાણી બોલવી, એ કોઈ પણ આત્માને માટે યોગ્ય અગર તો હિતકર નથી. અવસર પામીને, સામાના પણ હિતની કામનાથી એમ જરૂર કહી શકાય કે–'પાપનું આ ફળ અનુભવાય છે, છતાં પાપ શા માટે કરે છે ?' પણ એવું હિતબુદ્ધિથી કહેનારની આકૃતિ અને વાણી જૂદી જ હોય.

રડવું એ નિર્બળતા :

પાપના પ્રત્યક્ષ ફળની વાતમાં જેમ તમારી આ દશા છે, તેવી જ દશા આજની તમારી દયામાં પણ છે. તમે એમ કહી શકો છો કે-'તમારામાં દયાનો વાસ્તવિક ગુણ આવ્યો છે?' જે આત્માઓમાં મોહાન્ધતા હોય છે, તે આત્માઓમાં સાચો દયાગુણ પણ પ્રગટતો નથી. ભાવાનુકમ્પાની વાત તો દૂર રહી, પણ દ્રવ્યાનુકમ્પા પણ દુનિયાના પદાર્થો પ્રત્યેની મમતામાં ઘટાડો થયા વિના પ્રગટતી નથી. દુઃખિને જોતાંની સાથે જ એના દુઃખનિવારણની ભાવના આવવી જોઇએ અને પોતાનાથી શક્ય હોય તો-'દુઃખિના દુઃખનું નિવારણ હું કરૂં' -એમ થવું જોઈએ. દુઃખિના દુઃખને જોઈને તમને રડવું આવી જાય છે, તે દયાથી આવે છે કે નિર્બળતાથી આવે છે? તમે જો ધીરતાથી લાંબી નજરે વિચારશો તો સમજી શકશો કે-'દુઃખિના દુઃખને જોઇને રડવું એ નિર્બળતા છે. દુઃખિનું દુઃખ ટાળવું, દુઃખિને આશ્વાસન આપવું, એ ધર્મ છે: પણ ખોટાં આંસુ પાડવાં એ ધર્મ નથી. ખોટાં આંસુ પાડવાં, એને દયા કહેવાય કે નિર્બળતા કહેવાય, એ વાત પણ તમારે ખાસ વિચારવા જેવી છે.

દુઃખને યાદ કરાવો છો !

શક્તિસંપન્ન જો દુઃખિના દુઃખને રોયા જ કરે, તો દુઃખિને ઉલટો કંટાળો અને ગુસ્સો આવે. સામાનું દુઃખ

ટળે એ માટે કાંઈ કરે નહિ અને એને આશ્વાસન મળે એવું બોલે નહિ, પણ રડ્યા કરે અને સામાનું દુ:ખ તાજું જ કર્યા કરે, તો દુ:ખિનું શું થાય? આજે કોઇ મરી જાય તો રડવા જવાનો રિવાજ છે. પેલાં બીચારાં માંડ માંડને દુ:ખને ભૂલી શાન્ત થયાં હોય, ત્યાં ખબર મળે કે–ફલાણા ભાઇ કે ફલાણી બાઇ આવ્યાં છે, એટલે મોઢું ઢાંકીને રોવા માંડે. ત્યારે તમે દુ:ખિને આશ્વાસન આપવા જાવ છો કે દુ:ખિને રડાવવા જાવ છો?

રડવા જતાં આવું કહ્યું ?

રડવા ગએલા કોઇએ ત્યાં જઇને એમ કહ્યું ખરૂં કે–'મરનાર તો મરી ગયા, પણ આપણને ચેતવતા ગયા. એ જેમ મરી ગયા તેમ આપણે પણ મરવાનું છે, માટે સાધવાનું રહી ન જાય અને કરવા યોગ્ય કરી લેવાય, એની એ ચેતવણી આપતા ગયા છે!' પણ આવું કહી કોણ શકે? 'મરનાર છેલ્લી ઘડી સુધી મારૂં-મારૂં કરતાં મરી ગયા, છતાં જેને મારૂં માનતા હતા એમાંનું કશું જ સાથે ન ગયું, શરીર પણ અહીં પડ્યું રહ્યું, માટે આપણે એવી પર વસ્તુઓમાં મમત્વ ન રાખવું જોઇએ, એમ એ ચેતવી ગયા છે'–આવું કોણ કહી શકે? આવું હિતકર સત્ય કહેવા માટે પણ પોતે યોગ્ય બનવું પડે. પોતે પણ જો એવી જ વિષમ મોહાન્ધ દશામાં ડૂબ્યો હોય, તો આવું વિચારી શકે, એ જ અશક્ય પ્રાય: છે અને જ્યાં એવી વિવેકપૂર્ણ વિચારણા

જ ઉદ્ભવે તેમ ન હોય, ત્યાં વળી હિતકર વાત હિતકર રીતિએ સામાને કહેવાનું તો બને જ શાનું? ખરેખર, સાચી શિખામણ લેવા માટે અને સાચી શીખામણ દેવા માટે પણ મોહાન્ધ દશા ટાળવી પડશે. પર વસ્તુઓને પોતાની માની છે, એ માન્યતા હૈયામાંથી કાઢવી પડશે.

રખડવું, ભોગવવું અને રડવું-એ દશા છે!

જ્યાં સુધી મોહાન્ધ દશા ન જાય, જે વસ્તુ જે રૂપે છે તેનાથી વિપરીત રૂપે આજે દેખાય છે અને મનાય છે તે દશા ન જાય, વસ્તુને વસ્તુસ્વરૂપે ઓળખવા જેટલો આત્મામાં વિવેક ન આવે, ત્યાં સુધી સામાન્ય પણ સદ્‌ગુણો વાસ્તવિક રીતિએ આવે નહિ. સાચી ઉદારતા, સાચી દયા, સાચી સહિષ્ણુતા, સાચી ક્ષમા, સાચી શાન્તિ, સાચી સદ્‌ભાવના અને સાચો સદાચાર-એ બધું મોહથી અન્ધ બનેલામાં આવે, એમ શું તમે હવે કહી શકો છો? આજે દુનિયાના જીવોની કયી દશા છે? મેળવવા માટે રખડવું, મળે તો આજુબાજુનો કે હિતાહિતનો વિચાર કર્યા વિના ભોગવવું અને ન મળે તો નહિ મળવાના વાસ્તવિક કારણને શોધવાનો પ્રયત્ન કરવો નહિ પણ રડવું, એવી જ દશા છે ને? આવી દશા હોવાનું કારણ એ છે કે-એ જીવો મોહથી આંધળા બન્યા છે. આ દશામાં સાધારણ પણ ગુણ વાસ્તવિક રીતિએ આવી જાય, એ બનવું તમને શકય લાગે છે ખરૂં?

સ૦ મોહાન્ધ દશા હોય ત્યાં સુધી ખરી રીતે કોઈ સદ્‌ગુણ આવી શકતો જ નથી અને એ જ કારણે અમારામાં આપે ફરમાવ્યું તેમ દયાનો પણ વાસ્તવિક ગુણ આવ્યો નથી.

દયામાં પક્ષપાત ન હોય !

તો પછી તમે જ વિચારો કે–આ શું ઓછી વિષમ દશા છે ? સાચી દયા, એ દુઃખ ટાળવાનો અને સુખ મેળવવાનો માર્ગ છે, પણ મોહાન્ધતા હોય ત્યાં સુધી દયા વાસ્તવિક રીતિએ આવે નહિ. તમારી દયા તો પક્ષપાતી છે. તમે એકની દયા કરશો અને બીજાની નહિ કરો. આને દયાવૃત્તિ કહેવાય ખરી ? સાચી દયાવૃત્તિમાં પક્ષપાત ન હોય. પ્રાણિમાત્રની દયા આવવી જોઇએ. પ્રાણિમાત્ર દુઃખી છે એમ થવું જોઇએ. પ્રાણિમાત્રનું દુઃખ ટાળવાની ઈચ્છા, એ દયા છે. ગમે તેવો નાનો જીવ હોય, પણ તેને ય બચાવવાની ભાવના હોવી જોઈએ અને એ પણ દયા છે. અપકારી અથવા તો અનુપકારી જીવોને પણ બચાવવા એ દયા છે. જેનામાં આવો દયાનો ગુણ આવી જાય, એને કેમ ચાલવું જોઇએ અને કેમ બેસવું જોઇએ એ વિગેરે બરાબર આવડે. એ આડું–અવળું જોઇને બીજા જીવોને પગ નીચે છુંદતો બેપરવા બનીને ચાલે નહિ અને બેસતાં પણ કોઈ જીવ નીચે આવી મરી ન જાય એની કાળજી રાખે. એમાં ભૂલ થઈ જાય તો ય જ્યારે ખ્યાલ આવે ત્યારે એને

પશ્ચાત્તાપ થયા વિના રહે નહિ. તમે કેમ ચાલો છો અને કેમ બેસો છો ? ચાલતાં ને બેસતાં જૂઓ છો ખરા કે-'કોઈ જીવ ચગદાઇ ન જાય ?' કહો ને કે-'એવો વિચાર જ પ્રાયઃ ઓછો આવે છે !' તમને તમારા જીવનની લાલસા ખરી અને બીજો જીવ કચડાઇ મરી જાય તેની ફીકરેય નહિ ?

ઉદારતા કયાંથી આવે ?

આથી સ્પષ્ટ છે કે-મોહાન્ધ આત્મામાં વાસ્તવિક દયા આવતી નથી. દુનિયાની ચીજોને પોતાની જ ચીજો માનનારમાં વાસ્તવિક કોટિની દયા આવે કયી રીતિએ ? અને જેનામાં સાચી દયા ન હોય, એનામાં સાચી ઉદારતા પણ નહિ આવે. જે માણસોમાં ઉદારતા ગુણુ આવે છે, તેમને ભૂખ આદિના દુઃખથી દુઃખી જીવોને શક્તિ મુજબ ખવડાવ્યા વિના, પીવડાવ્યા વિના, ઓઢાડ્યા વિના, પહેરાવ્યા વિના ખાવું ય ન ભાવે. પોતાની શક્તિ ન હોય તો લાચારી થાય અને શક્તિ હોય તો અનુકમ્પાબુદ્ધિથી અવશ્ય ખવડાવે-પીવડાવે તથા પહેરાવે-ઓઢાડે : પરન્તુ દુનિયાની ચીજોને પોતાની માનનાર એવી ઉદારતા કયી રીતિએ કરી શકે ? કોઇ ઠેકાણે જાવ અને નામના ખાતર જ પચાસ લંડાવી આવો, એ શું ઉદારતા છે ? સાચો ઉદાર તો ઉદારતા કરી આવે, પણ કહેતો ન ફરે. બીજાઓ પોતાની ઉદારતાને જાણી પોતાની પ્રશંસા કરે, એવી પણ એની ઈચ્છા ન હોય. કીર્તિ માટે અને

નામના માટે જ જે કરો, તે ઉદારતા ન ગણાય. એક તરફ નામના ખાતર પચાસ મંડાવી આવે અને બીજી તરફ ઘેરથી બે ભૂખ્યા જાય, તો એ શું ઉદારતા છે? ઉદારતાથી પચાસનું દાન દઈ આવનારને ત્યાંથી ભૂખ્યાને એમ ને એમ ભૂખ્યે પેટે નિરાશ થઈને પાછા ન ફરવું પડે. નોકર ભૂખ્યા હોય અને શેઠ ખાવા ચાલ્યા જાય? નોકરો ભૂખ્યા ભૂખ્યા કામ કર્યા કરે અને શેઠ ખાઇ સુઇ જાય, એમાં શું કશો જ વાંધો નહિ? ઉદારતા ગુણ આવ્યો હોય તો, ઉદાર શેઠના નોકર ભૂખ્યા ન રહે. જરા મોડું થાય તો શેઠ પોતાને ઘેર જમાડી દે: પરન્તુ મોહાન્ધતાના યોગે સાચી દયા કે સાચી ઉદારતા આવતી નથી.

ત્યાં સદાચાર પણ શાનો હોય?

જ્યાં દયા અને ઉદારતા ન હોય, ત્યાં સદાચાર તો ટકે જ શાનો? એવો માણસ બીજાઓએ અથવા નોકરે ભૂલ કરી હોય તો ખમી ખાય ખરો? તમારો નોકર પણ માણસ છે, એમ તમને થાય ખરૂં? એનાથી પણ ભૂલ થઇ જાય, એમ તમને લાગે ખરૂં? એનાથી ભૂલ થઇ ગઈ હોય તો તમે તમારા સ્વાર્થ ખાતર એને નીચોવો કે નહિ? બાર મહિને સવાસોનો પગાર આપતા હો, પચાસની ભૂલ થઇ એટલે પચાસ એને ખાતે ઉધારો, એ પણ એને નીચોવવા જેવું છે કે નહિ? પછી તો પેલો પણ અણુસમજુ હોય તો મનમાં પ્રાય: એવી જ ગાંઠ વાળે

કે–' કાંઇ વાંધો નહિ. એક વાર ગલ્લો હાથ આવવા દો!'

પછી ભલાની ભાવના હોય ?

આવી દશા જ્યાં હોય ત્યાં સામાનું ભલું થાય–એ ભાવના પણ ક્યાંથી આવે ? ત્યાં તો એક જ વાત હોય કે–સામાનું ભલું કે ભૂંડું ગમે તે થાવ, પણ મને મળો ! પોતાની માનેલી ચીજો મેળવવા માટે સામાનું ભૂંડું થાય તો પણ એને એની પરવા નહિ ! એટલે સામાનું ભલું થાવ–આટલી પણ ભાવના નહિ !

ઉપાય વિચારો :

આ બધી વસ્તુઓ લાવવાને માટે મોહાન્ધતા ટાળીને મોહને ટાળવાનો પ્રયત્ન કરવો પડશે. મોહ ઉપર ઘા, એ જ આ બધા ગુણોનું મૂળ છે. મોહ ઉપર ઘા પડવા જોઇએ. ત્યારે મોહને કાઢવાને માટે શું કરવું જોઇએ ? દુનિયાના સઘળાય જીવો દુઃખના દ્વેષી અને સુખના અતિશય અર્થી છે તથા રાત–દિવસ દુઃખને ટાળવાનો અને સુખને મેળવવાનો પ્રયત્ન ચાલે છે, છતાં દુઃખ શાથી ટળતું નથી અને સુખ શાથી મળતું નથી ?–એ પ્રશ્નનું સમાધાન થઇ ગયું. જ્યાં સુધી મોહની અન્ધતા છે, ત્યાં સુધી દયા વિગેરે ગુણો વાસ્તવિકપણે નહિ આવે : અને એ ગુણો આવ્યા વિના તમે જેવું ઇચ્છો છો તેવું સુખ કદિ પણ નહિ મળે. આથી પહેલી વાત એ જ કે–મોહાન્ધતાને ટાળવી જોઇએ અને એને ટાળવાનો ઉપાય જાણવો, વિચારવો અને સેવવો જોઇએ.

સારામાં સારો ઉપાય :

> ૬૦ આ ઉપરથી તો મોહને કાઢવાનો ઉપાય એ જ કે—
> સંસારને તજી દઈ ચાલી નીકળવું.

હા, મોહને કાઢવાનો સારામાં સારો ઉપાય તો આ જ છે. તમે વિચાર કરો. અમારે કશી ઉપાધિ છે ? કોઈ પણ ગામમાં અમારૂં ઘર નહિ અને તેમ છતાં અમે રસ્તે રખડતા નહિ : બહારગામ તમારે જવું હોય તો ઓળખાણ, ચીઠ્ઠી વિગેરે જોઇએ છે અને અમારે એવું કાંઈ જોઇએ—કરે નહિ : અમારે તો સૌ સાથે ઓળખાણ. અહીં આવ્યા તે કાંઇ ચીઠ્ઠી લઇને આવ્યા છીએ ? તમારી ઓળખાણ હતી માટે આવ્યા છીએ ? નહિ જ ! માટે મોહને જીતવાની ઉત્તમ સામગ્રી સંસારત્યાગમાં છે. મોહને જીતવાની ઉત્તમ સામગ્રી જેટલી સાધુઓને છે, તેટલી તમને નથી. તમારે મોહ જીતવાને માટે ઘણાની સામે થવું પડે. મોહને જીતવાનો સંસારત્યાગ એ સારો માર્ગ છે, પણ એય સહેલો નથી. અહીં આવીને પણ જે મોહમાં ફસાય તે ડૂબે. મોહની પ્રબળતા જેવી—તેવી નથી. જો ઘર અને ઘરની વસ્તુઓ ઉપર પ્રબળ મોહ ન હોય, તો બાઈઓ ચૌદ ચૌદ કલાક ઘરનું વૈતરૂં કરે ખરી ? એ મોહ ટળી જાય તો ઉત્તમ દશા આવ્યા વિના રહે નહિ. મોહ ઓછો થાય, તો પણ કુટુંબમાં પરસ્પર શાંતિ ટકી રહે. બાપ—દીકરાની અને ભાઈ—ભાઈની લડાઈમાં પ્રતાપ મોહની પ્રબલતાનો છે.

મોહ કરતાં મોહાન્ધ દશા ઘણી ભૂંડી છે. પ્રબલપણે મોહાન્ધ બનેલા આત્મામાં સામાન્ય પણ વિવેક રહી શકતો નથી, એ નિશ્ચિત વાત છે.

દુનિયાના સાચા હિતસ્વી કોણ ?

આટલું સમજ્યા પછી તમે કોઈને સલાહ આપો તો છોડવાની સલાહ આપો, પણ લેવાની સલાહ ન આપો. જે લોકો દુનિયાના જીવોને દુનિયાની સામગ્રીને છોડવાની સલાહ આપે છે, તેઓ દુનિયાના જીવોના સાચા હિતસ્વી છે: અને જે લોકો દુનિયાના જીવોને દુનિયાની સામગ્રીને લેવાની સલાહ આપે છે, તેઓ દુનિયાના જીવોના મોટા દુશ્મનો છે. પૌદ્ગલિક પદાર્થોને છોડવાની સલાહ આપનારા ભલા છે અને લેવાની સલાહ આપનારા ભૂંડા છે.

મોહાન્ધ ભક્ત દુશ્મનથી ય ભૂંડા !

જ્યાં સુધી મોહાન્ધતા ખસે નહિ અને મોહને ટાળવાનો પ્રયત્ન થાય નહિ, ત્યાં સુધી આત્માના ગુણોનો વિકાસ સધાય નહિ: ત્યાં સુધી એવાઓ પ્રભુને પૂજે કે સાધુને સેવે, એ મુશ્કેલ. દુનિયાની વસ્તુઓ મેળવવાની લાલસાથી પ્રભુને પૂજનારા અને સાધુને સેવનારાઓમાંના ઘણાઓ કહે છે કે–' અમારૂં ભલું કરજો, નહિતર અમારા જેવા ભૂંડા કોઈ નથી.' એવો પચીસ વર્ષથી પૂજા કરતો હોય અને એમાં પાપોદયે પૈસા જાય, તો કહે

કે–'જોયા ભગવાન! પચીસ વર્ષ સુધી પૂજ્યા તોય શું કર્યું?' એની આજ્ઞાથી વિરૂદ્ધ ક્રિયા કરવી અને દોષ એને દેવો, એના જેવી બીજી મૂર્ખાઈ કયી હોઈ શકે? એવા પૂજનારા ક્યારે લાઠી મારશે, એની જ શંકા. એવાઓ પોતાના અશુભોદયે ખરાબ થતાં પાપના પરિણામનો વિચાર નહિ કરે અને દોષ દેવ–ગુરૂને દેશે! મોહાન્ધ ભક્તો દુશ્મન કરતાં ય વધારે ભયભર્યા છે. મોહને ખોટો સમજે, એ તો પોતાના પાપોદયને સમજી શકે, પણ મોહમસ્તને દુશ્મનથી ય ભૂંડા બનતાં વાર ન લાગે. જ્યારે જ્યારે કોઈ આવીને એમ કહે છે કે–'સાહેબ! શું કહું? આફત આવી, આપનું નામ દીધું અને બચી ગયો!' ત્યારે ત્યારે કહેવું પડે છે કે–'ભલા આદમી! બચી ગયો એટલો તારો શુભોદય, પણ એવી રીતે એ માટે જ નામ ના દઈશ! અશુભોદયે તારી આફત ન ટળત તો શું કહેત?' આફત વખતે દેવ–ગુરૂ–ધર્મને સંભાળવાના, તે તો આત્માની સમાધિ જાળવવા માટે! એમ થવું જોઈએ કે–'જગત્માં શરણ લેવા લાયક આ જ છે.' એ મોહાન્ધતા ટળી કહેવાય. મોહાન્ધતા ટળે તો તો કશો જ વાંધો નથી.

ગોર જોડે ને ગુરૂ છોડાવે!

તમે જાણો છો? ભયંકર પાપિઓએ પાપ ઢાંકવાના ઈરાદાથી મંદિરમાં નહિ પેસવું જોઈએ. ખોટું કામ કરી પકડાવાની ધાસ્તીએ મંદિરમાં પેસી જાય, એટલે દેવ

બચાવી લે, એમ ? એને પૂછો કે–' કદિ મંદિર બહાર ઉભો રહીને પાપ કરવા માટે રોયો છે ? ' માટે મોહાન્ધતા ટાળો અને મોહના પાયા ઉપર પહેલો મારો કરો ! સાધુ એનું નામ, કે જે પોતાના મોહને મારવાનો જ પ્રયત્ન કરે અને સાથે સાથે શક્ય હોય તો દુનિયાના જીવોને તેમના મોહના પાયા ઉખેડવાનો જ ઉપદેશ આપે. ગોર પરણાવી આપે અને ગુરૂ છોડાવી દે ! સંસારમાં જોડી આપે એ ગોર અને સંસારથી છોડાવી દે એ ગુરૂ : આથી સમજો કે–યોગ્ય આત્માઓને સંસારથી છોડાવવા એ કોઇ પણ પ્રકારનો ગૂન્હો નથી, પણ ઉત્તમ કોટિની ગુરૂતા છે.

મોહને કાઢવાનો ઉપાય :

મોહને કાઢનારા સાધુ કહેવાય. સાધુ કોના ? શ્રી વીતરાગ ભગવાનના. શ્રી વીતરાગ ભગવાનની નિર્ગ્રન્થોને માટેની જે આજ્ઞા, તેને જે પાળે તે સાધુ. એ કહે, તે ધર્મ. મોહને સર્વથા છોડી મુક્તિમાર્ગ સ્થાપી મુક્તિમાં ગયા, એ પરમાત્મા. આ ત્રણની પૂજા, સેવા અને આરાધના કરવી, એ મોહને કાઢવાનો ઉપાય. મોહ જેમ જેમ જાય, તેમ તેમ દુર્ગુણો જાય અને સદ્‌ગુણો પ્રગટે.

ઉપસંહાર :

હવે છેલ્લે સંકલના વિચારી લો. દુનિયાના જીવોની સુખ મેળવવાની તીવ્ર ઇચ્છા અને પ્રયત્ન ચાલુ છતાં

સુખ મળતું નથી અને દુઃખ પ્રાપ્ત થાય છે, એનું કારણ મોહાન્ધતા છે. મોહાન્ધતા જાય એટલે સ્વ-પરનો વિવેક આવે. વિવેક આવે એટલે મોહને ટાળવાનો પ્રયત્ન કરવાની ભાવના પ્રગટ્યા વિના રહે નહિ. મોહને ટાળવા માટે કરવાનું શું? સુદેવ, સુગુરૂ અને સુધર્મની સેવા! જે આ પ્રમાણે કરશે તે તરશે અને જે નહિ કરે તે તો અત્યાર સુધી જેવી દશા ભોગવે છે તેવી અગર તેથી અધિક ખરાબ દશા ભોગવશે, એ સુનિશ્ચિત છે. આથી સૌ કોઈ મોહાન્ધતાથી પર બનો, વિવેકને પામો અને વિવેકમય વર્તન દ્વારા સાચા સુખની સાધનામાં લીન બનો, એ જ એક શુભાભિલાષા!

આત્મોન્નતિ

વિ. સં. ૧૯૯૧ માં
કડીમાં
અપાએલું

આપણે, એ શરીર નહિ :

આ વિશ્વમાં, એક નાસ્તિકદર્શન સિવાય સઘળાંય આસ્તિકદર્શનોએ, શરીરથી ભિન્ન એવા આત્માના અસ્તિત્વનો કોઈ ને કોઈ પ્રકારે સ્વીકાર કર્યો છે. સંસારમાં જે એક દેહમાંથી બીજા દેહમાં અને એક ભવમાંથી બીજા ભવમાં પરિભ્રમણ કરે છે, તે આત્મા છે. શરીર, એ આત્મા નથી; પણ આત્મા એ શરીરથી સ્વતંત્ર વસ્તુ છે. આત્મા, એ આપણે; પણ શરીર, એ

આપણે નહિ. જો કે–આસ્તિકદર્શનોએ શરીરથી ભિન્ન એવા આત્માનું અસ્તિત્વ અવશ્ય સ્વીકાર્યું છે, પણ તેમાંય આત્માના સ્વરૂપને લગતી ઘણી ગરબડ છે અને એથી તત્ત્વવર્ણનમાં પણ ઓછી ભિન્નતા નથી. પરન્તુ અહીં તો આપણે એટલી જ વાત કહીને આગળ ચાલવું છે કે–સઘળા આસ્તિકદર્શનકારોને શરીરથી સ્વતંત્ર એવા આત્માનું અસ્તિત્વ છે એ વાત તો માન્ય જ છે : અને આથી જ–'ઉન્નતિ સાધવી હોય તો આત્માની સાધો : આત્માની ઉન્નતિ એ જ સાચી ઉન્નતિ છે : અને બાહ્ય પદાર્થોની ઉન્નતિ કરવામાં જ પ્રયત્નશીલ રહેવાથી નુકશાન થાય છે.'–આ સિદ્ધાંત પોતપોતાની સમજ મુજબ સૌએ સ્વીકાર્યો છે. આપણે, જો આત્મા ન હોત અને શરીર હોત, તો–'બાહ્ય પદાર્થોની ઉન્નતિમાં ઉન્નતિ છે'–એમ જરૂર માનત, પણ જ્યારે આપણે એ શરીર નહિ પણ આત્મા છીએ, ત્યારે તો એ વાત નિશ્ચિત જ છે કે–શરીર આદિ બાહ્ય પદાર્થોની ઉન્નતિ પાછળ ઘેલા બનવું અને આત્માની ઉન્નતિને ભૂલી જવી, એ ડહાપણભર્યું નથી પણ સર્વથા નુકશાન કરનારૂં જ છે!

આત્માની ચર્ચા કેમ નથી થતી ?

આજે તો કેટલાંક દર્શનો લુપ્તપ્રાયઃ થઈ ગયાં છે અને કેટલાંક દર્શનો નિર્બલ બની ગયાં છે; તેમજ દુનિયા જડવાદ તરફ વેગથી ધસી રહી છે. આથી આત્મા આદિના સ્વરૂપને લગતી અને આત્માની ઉન્નતિ સાધવાના

ઉપાયોને લગતી ચર્ચાઓ લગભગ બંધ પડી ગઇ છે. આના યોગે જનસમાજને–'આપણે કોણ છીએ ?, આપણી ઉન્નતિ શામાં ? અને આપણી વાસ્તવિક ઉન્નતિનાં સાધનો ક્યાં ?'–આ વિગેરે વિચારવાની પૂર્વે જેવી તક મળતી હતી, તેવી તક મળતી નથી. આથી જ આજે આત્માના સ્વરૂપની અને આત્માની ઉન્નતિની વાતો નવી હોય એવું પણ કેટલાકોને, જનસમાજના મોટા વર્ગને લાગે છે. કેટલાકોને તો આત્મોન્નતિની વાતો સાંભળતાં પણ મુંઝવણ થાય છે. આ બધાનું પ્રધાન કારણ એ જ છે કે–' આપણે કોણ ?, આપણું શું ? અને આપણી ઉન્નતિ શામાં ? '–એનો વિચાર જ ભૂલાયો છે : પણ એમ થવું, એ આવા સંજોગોમાં શક્ય છે. વર્તમાનમાં એવા નાસ્તિક મતપ્રચારકો પણ નથી, કે જેઓ પૂર્વકાળની માફક આત્માના અસ્તિત્વનો વિરોધ કરતા હોય : અને એવા આસ્તિક દર્શનવાદિઓ પણ થોડા જ હશે, કે જેઓ આત્માની સિદ્ધિ માટે ચર્ચાઓ કર્યા જ કરતા હોય ! આજના નાસ્તિકોની ચર્ચાઓ પાયા વિનાની છે અને આસ્તિક દર્શનવાદિઓમાં પણ ઘણે અંશે શીથિલતા આવી ગઇ છે. આવી સ્થિતિમાં પણ, આપણે જે દેશમાં જન્મ્યા છીએ તે આ આર્યદેશના રૂઢ સંસ્કારોનો એ પ્રતાપ છે કે–આર્યદેશમાં જન્મ પામેલાઓમાંનો મોટો ભાગ આત્માના અસ્તિત્વને સ્વીકારનારો છે : લગભગ સૌ બોલે છે કે–' જીવ ગયો અને ખોખું પડયું રહ્યું.' આથી આપણે માનીએ છીએ કે–અહીં સૌને આત્માના અસ્તિત્વની વાતમાં તો વાંધો નથી : એટલે તમે બધા

'આત્મા છે અને તે પણ શરીરથી જૂદો છે.'—એવું માનનારા છો, એમ માનીને જ આગળ ચાલીએ છીએ: આત્માના અસ્તિત્વની સિદ્ધિમાં વધુ કહેવાની અહીં જરૂર નથી, એમ હું માની લઉં છું.

આત્માને માનનારની આ દશા હોય?

આત્માનું અસ્તિત્વ સ્વીકારવા છતાં અને શરીરથી આત્મા ભિન્ન છે એમ માનવા છતાં પણ, આજે તમારી ચોવીસેય કલાકની વૃત્તિ અને પ્રવૃત્તિ કયી વસ્તુ મેળવવા માટે છે અને કયી વસ્તુની ઉન્નતિ સાધવા માટે છે, એ વિચારવાની ખાસ જરૂર છે. જેટલી ચિન્તા તમને શરીર આદિ બાહ્ય પદાર્થોની છે, તેટલી આત્માની ચિન્તા છે ખરી? બાહ્ય પદાર્થોની પ્રાપ્તિ માટે જેટલા પ્રયત્નો ચાલુ છે, તેટલા આત્માની ઉન્નતિ સધાય એ માટે ચાલુ છે ખરા? આત્માને નહિ માનનાર અને એથી કેવળ અર્થ અને કામમાં ઉન્નતિ માની અર્થ અને કામની લોભી બનેલી દુનિયા તો ચોવીસે કલાક એની જ ચિન્તામાં સળગ્યા કરે, તે સ્વાભાવિક છે: પણ તમે તો આત્માને માનનારા છો! તમે ચોવીસે કલાક અર્થ અને કામની પ્રવૃત્તિ કર્યા કરો અને આત્માને યાદ પણ કરો નહિ, તો એ શું કહેવાય? આત્માને માનનારની આ દશા ઓછી ખેદજનક છે? આત્માને જે ન માને તે ભલે ગમે તેમ વર્તે, પણ આત્માને માનનારા અને તે પણ શરીરથી ભિન્ન તરીકે માનનારા, આત્માને બદલે

શરીર આદિ બાહ્ય વસ્તુઓનું જ સારૂં કરવાની ચિન્તા કર્યા કરે, તો એ શું ખેદનો વિષય નથી ? છે જ ! આત્માને માનનારને આત્માની ચિન્તા ન થાય, આત્માને માનનારને આત્માના સ્વરૂપના કે આત્માની ઉન્નતિના વિચારો પણ ન આવે, તો એ સામાન્ય કોટિની કમનશિબી નથી. એવી કમનશિબીથી બચી જવાય, એવી કમનશિબ હાલત દૂર થાય, એ માટે જ આત્માની ઉન્નતિ સાધવી એ કેટલી જરૂરી છે એ વાત વિચારવાની છે. આત્માની ઉન્નતિ સધાય તો જ આપણો સાચો ઉદ્ધાર થાય, એ વાત ઠસાવવાની ખૂબ જ જરૂર છે. આત્માની ઉન્નતિ કરવાના વિચારો-ઉપાયો દર્શાવતાં પહેલાં, આત્માની ઉન્નતિ કેટલી જરૂરી છે, એ વસ્તુ દર્શાવવી જરૂરી છે: એટલે એ પ્રથમ દર્શાવીને તે પછીથી ઉપાયોની વાત કરવાની રહે તે સ્વાભાવિક છે.

એકડા વિનાનાં મીંડાં :

'આત્માની ઉન્નતિ કરવા સિવાય આ ઉત્તમ માનવજીવનને પામ્યાની સાર્થકતા નથી જ'-એ વસ્તુ જ્યાં સુધી બરાબર ન સમજાઈ જાય, ત્યાં સુધી આત્માની ઉન્નતિના ઉપાયો જનસમાજ સાંભળશે નહિ અને કદાચ રૂઢિ આદિના કારણે સાંભળશે તો પણ એ ઉપાયોને સદ્દહશે નહિ : માટે સૌથી પ્રથમ, 'આત્માની ઉન્નતિ એ જ ઉત્તમ માનવજીવનની સાર્થકતા.'-આ સમજાવું જોઇએ : આ સમજાયા પછી એ સમજનારા, જરૂર એની ઉન્ન-

તિના ઉપાયોને હૃદયપૂર્વક સાંભળશે, વિચારશે, સદ્દહશે અને શક્તિ મુજબ એ ઉપાયોનો જીવનમાં અમલ પણ કરશે : બાકી એ વસ્તુ સમજાયા વિના જેટલી વાતો કરાય, એ બધીય લગભગ એકડા વિનાનાં મીંડાં જેવી જ નિવડે! માટે–' આત્માની ઉન્નતિ કરવી એ જ ઉત્તમ માનવજીવનને પામ્યાની સફળતા છે. '–આ વસ્તુ સૌથી પહેલાં સમજાઇ જવી જોઇએ. આ વસ્તુ સમજાઇ જાય, હૃદયમાં જચી જાય, એક આત્માની જ ઉન્નતિ સાધવા યોગ્ય છે–એમ નક્કી થઈ જાય, પછી આત્માની ઉન્નતિના ઉપાયો સાંભળવાની આપોઆપ ભાવના જાગૃત થાય : પછી તો જ્યારે જ્યારે કોઇ, આત્માની ઉન્નતિના ઉપાયો દર્શાવે, ત્યારે ત્યારે તે ભક્તિ અને ધ્યાનપૂર્વક સંભળાય તેમજ એનો જીવનમાં અમલ કરવાનો પણ શકયતા મુજબ પ્રયત્ન થયા વિના રહે નહિ!

મનુષ્ય અને પશુમાં ફેર શો?

આજે તમે જૂઓ તો જણાશે કે–બાહ્ય વસ્તુઓને મેળવવાનો અને સાચવવાનો મનુષ્યો પણ પ્રયત્ન કરી રહ્યા છે અને પશુઓ પણ પ્રયત્ન કરે છે. મનુષ્યમાં વિશેષ બુદ્ધિ હોઈને તેના પ્રયત્નો વ્યવસ્થિત દેખાય છે, જ્યારે પશુ આદિના પ્રયત્નો તેવી રીતિએ દેખાતા નથી : બાકી બાહ્ય વસ્તુઓને મેળવવાનો અને મળેલી બાહ્ય વસ્તુઓને સાચવવાનો પ્રયત્ન તો મનુષ્યોમાં જેમ ચાલુ છે, તેમ પશુઓમાં પણ ચાલુ જ છે. મનુષ્ય

કહેવાવા છતાં પણ પશુઓની માફક વર્તાય, તો મનુષ્ય-પણું મળ્યું એની વિશેષતા શી ? ‘ આત્મા જ એક ભવમાંથી બીજા ભવમાં પરિભ્રમણ કરે છે અને આ શરીર આદિ બાહ્ય વસ્તુઓ એની સાથે જઈ શકતી નથી ’– આવી સ્થિતિ હોવા છતાં પણ, નાશવંતી વસ્તુઓ પાછળ જ જે બુદ્ધિ, શક્તિ અને સમય ખર્ચે, એ અજ્ઞાની જ કહેવાય કે બીજો કોઈ ? સમજદાર તો તે કહેવાય, કે જે નાશવંતી વસ્તુઓની ઉન્નતિ પાછળ ન પડતાં, આત્માની ઉન્નતિ સાધવાનો પ્રયત્ન કરે : તો વિચારો કે–મનુષ્ય સમજદાર ગણાય છે, એટલે એણે કેવો પ્રયત્ન કરવો જોઇએ ? આત્માની ઉન્નતિ સાધવાનો કે બીજો ?

મરીને જવાના ક્યાં ?

બાહ્ય વસ્તુઓને મેળવવાનો અને મેળવેલી બાહ્ય વસ્તુઓને સાચવવાનો તમે ગમે તેટલો પ્રયત્ન કરો, પણ એક દિ’ અહીંથી મરીને જવાનું છે–એ તો નક્કી જ છે ને ? અહીંથી મરીને જવાની વાતમાં તો કોઇથી પણ ઇનકાર થઇ શકે તેમ નથી, તો વિચારો કે–‘ મરીને જવાના ક્યાં ? અને જ્યાં જવાના ત્યાં, અહીં જે મેળવ્યું અને સાચવ્યું તે બધું સાથે આવવાનું કે નહિ ? ’ ઘણી મહેનતે અને ઘણાં પાપો કરીને અહીં જે કાંઈ મેળવો છો અને સાચવો છો, તેમાંનું તમારા આત્મા સાથે કાંઈ જ આવવાનું નથી, એટલે એ પ્રશ્ન ઉભો જ રહે છે કે–આવી રીતિએ જીવનારા અહીંથી મરીને જવાના ક્યાં ?

આવ્યા કે આવવું પડ્યું ?

અહીં કોઈ પણ સ્થળેથી આવ્યા છો, એ નક્કી વાત છે. કોઈક જગ્યાએ પણ કાંઈકેય ન કર્યું હોત, તો આ ફેરફાર દેખાય છે તે ન દેખાત! એક શ્રીમંત, એક ગરીબ : એક રાજા, એક પ્રજાજન : એક શેઠ, એક નોકર : એક સાધનસંપન્ન, એક સાધનહીન : એક સશક્ત, એક અશક્ત : આ બધો જે ફેરફાર દેખાય છે, તે શું સૂચવે છે? એ જ સૂચવે છે કે–કોઇક જગ્યાએ પણ કાંઇક કરીને આવ્યા છો. સાથે સાથે તમે તમારી ઇચ્છાથી આવ્યા છો એમ પણ નથી. આવવું પડ્યું છે માટે આવ્યા છો. ઇચ્છાથી આવવાનું હોત, તો આજે દુનિયાભરમાં પ્રાણિમાત્રમાં જે ફેરફાર દેખાય છે, તે દેખાત નહિ! એટલે આવ્યા એ જેમ નકકી વાત છે, તેમ ઇચ્છા મુજબ આવ્યા નથી પણ આવવું પડ્યું છે, એ વાત પણ સુનિશ્ચિત જ છે.

'ક્યાં જવું'–એ આપણા હાથની વાત છે :

આપણે આવ્યા, એ આપણા હાથ બહારની વસ્તુ હતી એમ માની લઇએ, પણ અહીંથી ક્યાં જવું–એ આપણે સમજી જઈએ અને યોગ્ય રીતિએ વર્તનારા બની જઈએ તો આપણા હાથ બહારની વસ્તુ નથી. આપણે સમજીએ તો, અહીંથી ક્યાં જવું–એ પ્રાયઃ આપણા હાથની વસ્તુ છે. સારી–ખોટી જે જગ્યાએ જવું હોય, ત્યાં આપણે જઈ શકીએ : કારણ કે–જેવો

પ્રયત્ન તેવું પરિણામ, એ નક્કી વાત છે. સારી દિશાએ જેટલો પ્રયત્ન થાય તેટલો લાભ થાય અને ઉંધી દિશાએ જેટલો પ્રયત્ન થાય તેટલી હાનિ થાય. 'આત્મા એ જ આપણે છીએ'–એ વસ્તુ બરાબર સમજાઈ જાય, અને એમ પણ સમજાઈ જાય કે–'બાહ્ય વસ્તુઓને મેળવવાનો અને મળેલી બાહ્ય વસ્તુઓને સાચવ્યા કરવાનો પ્રયત્ન નકામો છે, તેમજ આત્મસુધારની પ્રવૃત્તિ કરવી જરૂરી છે'–તો સારી જગ્યાએ જ જવાનો પ્રયત્ન થાય. સારી જગ્યાએ જવું, એ પણ આપણા હાથની વાત છે–એનો અર્થ એવો તો નથી જ થતો કે–આપણી ઇચ્છા માત્રથી જ સારી જગ્યાએ જવાય. સારી જગ્યાએ જવું હોય તો આત્મસુધારના પ્રયત્નમાં લાગવું જોઇએ. આત્મસુધારના પ્રયત્નમાં નહિ લાગતાં, બાહ્ય વસ્તુઓને મેળવવાના અને સાચવવાના પ્રયત્નમાં પડાય, તો સારી જગ્યાએ જવાની ઇચ્છા હોવા છતાં પણ, અને આપણા જ હાથની એ વાત હોવા છતાં પણ, ખરાબ જગ્યાએ આપણે ફરજીયાત જવું પડે.

આત્મસુધારનો પ્રયત્ન ક્યારે થાય?

આત્મસુધારનો પ્રયત્ન કરવાની જરૂર છે, એમ સમજાય ક્યારે? કહેવા માત્રથી તો નહિ ને? તમને લાગવું જોઇએ કે–આત્મસુધારણા કરવાને માટે કરવાજોગું કાંઇ પણ નહિ કરીએ, તો ભયંકર હાલત પામીશું! એ નક્કી થઈ જવું જોઇએ કે–તે જ આત્માઓ ભયંકર

પ્રકારે દુઃખી થાય છે, કે જે આત્માઓ આત્મસુધારનો પ્રયત્ન નહિ કરતાં, પુણ્ય-પાપના વિચારથી પણ વિમુખ બનીને, બાહ્ય વસ્તુઓને મેળવવાના અને સાચવવાના પ્રયત્નમાં જ મશ્ગુલ બન્યા હોય છે! આ સમજાય તો યોગ્ય પ્રયત્ન જરૂર થાય.

દુઃખી તરફ આંખ જતી નથી અને
સુખી તરફથી આંખ ખસતી નથી :

પણ આજે તો મોટા ભાગે એ જ દશા જોવાય છે કે-દુનિયાના જીવો દુઃખિના દુઃખની ઉપેક્ષા કરી રહ્યા છે અને સુખિના સુખની ઇર્ષ્યા કરી રહ્યા છે. દુઃખિના દુઃખ પાસે પ્રાયઃ આંખ જતી નથી અને સુખિના સુખ પાસેથી પ્રાયઃ આંખ ખસતી નથી. 'આ દુઃખી શાથી અને આ સુખી શાથી?'-'આને દુઃખના સંયોગો શાથી અને બીજાને સુખના સંયોગો શાથી?'-એ વિગેરે વિવેકપૂર્વક જોવાતું નથી કે વિચારાતું નથી. દુનિયાના સુખી તરફ જોયા કરાય છે એટલે લક્ષ્મી આદિ ગમે તેમ કરીને પણ મેળવવાના વિચાર આવે છે: અને દુઃખી તરફ પ્રાયઃ જોવાતું નથી એટલે દુઃખ શાથી મળે છે, એના વિચારો આવતા નથી. દુનિયાના મોટા ભાગના જીવો એવી તેવડવાળા ય નથી, કે જેથી મૂળ કારણને ન વિચારી શકે. આથી વર્ત્તમાન દશા નજરમાં આવે છે. 'આણે આમ વ્યાપાર કર્યો'-'આણે આમ સટ્ટો કર્યો'-'આણે આમ વ્યાજ ખાધું'-'આણે આમ

ધાપ મારી ' અને ' આણે અમૂક રીતિએ લક્ષ્મી મેળવી '–આવું આવું નજરે આવે છે અને આથી જ જાત-ભાત ભૂલીને પણ એ જ જાતિના પ્રયત્નો થાય છે. દુઃખી તરફ નજર ન જાય, સુખી તરફથી નજર ખસે નહિ, દુઃખ–સુખનું મૂળ કારણ વિચારવાની તેવડ હોય નહિ અને વર્ત્તમાનના ધાંધલીયા તથા વિનાશક પ્રયત્નો નજર સામે આવ્યા જ કરતા હોય છે, એટલે દુનિયાના મોટા ભાગના જીવો એ જ પ્રયત્નોની પાછળ મંડે છે. જો દુઃખી તરફ બરાબર નજર જતી હોય, એ જીવો આટલા આટલા પ્રયત્નો કરે છે છતાં એમનું દુઃખ વધ્યે જાય છે–એ જોવાતું હોય, તો તો કાંઈક વિચાર આવે : પણ આ તો નવ્વાણું રડ્યા એ તરફ ન જૂએ અને એક હસ્યો એ તરફ જોયા કરે, એટલે સાનભાન ભૂલીને ગમે તેવા પ્રયત્નો કરાય, એમાં નવાઇ જેવું પણ શું છે ?

ઉંચ–નીચ આદિ ભિન્નતાઓ, પૂર્વની કાર્યવાહીના પ્રતાપે છે–એ સમજાઈ જવું જોઇએ :

ત્યારે આ વ્યવહાર ખોટો છે અને કરવા જેવું તો કાંઈક જૂદું જ છે એમ લાગે, તો જ–' આત્મસુધાર કરવા જેવો છે '–એમ લાગે : પછી આત્માની ઉન્નતિના ઉપાયોનો અમલ કરવામાં બહુ વાર નહિ લાગે : પણ જ્યાં સુધી એમ ન લાગે કે–' અત્યારે જે પ્રયત્ન થાય છે તે ખોટો થાય છે, એથી ભયંકર દુઃખદશાની પ્રાપ્તિ થવાની : માટે સુખી દશા પ્રાપ્ત કરવી હોય,

તો આત્મસુધારનો પ્રયત્ન કરવાની જરૂર છે '–ત્યાં સુધી આ વાત સમજાશે નહિ : ત્યાં સુધી શુદ્ધ વિચારણાના અભાવે–' આવું આવું તો સાધુઓ કહે.'–એમ કહીને તમે આ વાતને નિરૂપયોગી બનાવી દેવાના : અને ' આપણે તો બધું જોવું જોઇએ.'–આવી રીતિના દોઢ-ડહાપણથી બધી જ જરૂરી વાતો તમારા મગજની બહાર નીકળી જવાની ! માટે એમ ન થાય અને આ પ્રયત્ન સફળ થાય, એમ કરવાની પરમ આવશ્યકતા છે : પણ એમ બને ક્યારે ? ત્યારે જ, કે જ્યારે તમે સમજો કે–' દુનિયાના જીવોમાં જેટલી જેટલી ઉંચ–નીચ આદિની ભિન્નતાઓ છે તે, તે તે જીવોની પૂર્વની કાર્ય-વાહીના પ્રતાપે છે! માટે એવા ન બનવું હોય તો કાંઈક સારૂં કરવું જોઇએ ! ! ' આટલું જો સમજાઈ જાય તો પણ ઘણું કામ થઈ જાય : પણ એ સમજાવા સાથે હૃદયપૂર્વક મનાઈ જવું જોઇએ.

આર્વીન વસ્તુની ઉપેક્ષા શા માટે ?

બધાને સારૂં ગમે છે અને સારૂં જોઇએ છે એ નક્કી વાત છે : અને માટે જ આટલી મહેનત કરવી પડે છે. અરે, મળ્યું છે એટલું પણ જો કાયમ રહેવાનું હોત, જવાનું ન હોત, તો આટલી મહેનત આપણે કદાચ ન કરત : પણ મળ્યું છે એય કાયમ રહેવાનું નથી. મકાન આદિ જે કાંઇ બાહ્ય પદાર્થોની પ્રાપ્તિ થઈ છે તે સ્થાયિપણે ટકવાની નથી : કાં તો એ જશે

અને કદાચ એ ટકશે તો એના માલિક ગણાતાને જવું પડશે : પણ એ છૂટવાનું એ વાત નક્કી છે : માટે જ આ વિચાર કરવો પડે છે. મળ્યું છે એટલું હંમેશ માટે ટકી રહેવાનું હોત અને એનો કદિ પણ વિયોગ થવાનો ન હોત, તો આપણે કદાચ એમ કહેત કે-'ભાઇ ! મળ્યું એમાં સંતોષ માનો' પણ જે ઓછું-વધતું મળ્યું છે, તેનોય સંયોગ સ્થાયી નથી. કાં તો એ છોડી જશે, કાં તો એના માલિક બની બેઠેલાઓને એ છોડી જવું પડશે, એટલે એનો વિયોગ તો થવાનો જ છે. એ રીતિએ આત્મા ચાલ્યો આવ્યો અને ચાલ્યો જશે, એ વાત જૂદી છે. એ વસ્તુ આ નથી. આપણે તો એ કહીએ છીએ કે-' કયાં જવું એ આપણે આધીન વસ્તુ છે.' જ્યારે કયાંય પણ જવું એ નક્કી જ છે, તો ઇચ્છા મુજબ સારા સ્થાને જવાય એવો પ્રયત્ન કેમ નહિ કરવો ? જે વસ્તુ આપણે આધીન છે, તે વસ્તુની શા માટે ઉપેક્ષા કરવી જોઇએ ? આ વિચાર કરવો, એ આત્માની ઉન્નતિનો વિચાર કહેવાય.

બાહ્ય વસ્તુઓનું મમત્વ :

છતાં આજે તો મોટે ભાગે દુનિયા બાહ્ય વસ્તુઓની ઉન્નતિ કરવાનો જ પ્રાયઃ વિચાર કરી રહી છે. એ સંભાળ રાખે છે તે પણ બાહ્ય વસ્તુઓની રાખે છે. જીવનભર દુનિયાના જીવોને એ જ વિચાર પ્રાયઃ રહે છે અને સંભાળ પણ એ જ વસ્તુઓની રહે છે. માની

લો કે-કોઇ આપણને મારી નાખવા આવે છે, તો આપણને શું થાય છે? મરણ થવાની તૈયારીવાળા પ્રસંગે પણ આત્માનો વિચાર કેટલા આત્માઓ કરે? જે સાથે આવનાર છે-એનો વિચાર કેટલા કરે? અને જે સાથે આવનાર નથી-એનો વિચાર કેટલા કરે? એવા પ્રસંગે દુનિયાના જીવો આમ બે હાથ વચ્ચે શરીરને દબાવી દે છે. શું બે હાથ વચ્ચે શરીરને દબાવવાથી શરીર સાથે રહે એમ છે? વાસ્તવિક રીતિએ તો નાશ થાય છે એ શરીરનો થાય છે: આત્મા તો બીજે ચાલ્યો જાય છે: છતાં એવા પ્રસંગેય આત્માની ચિન્તા કરનારા કેટલા? એ ઘડીએ પણ,-'આ બધી બાહ્ય વસ્તુઓ પ્રત્યે મમતા રહી કે દુર્ભાવના આવી ગઈ તો મારૂં શું થશે?'-એવો વિચાર કેટલાને આવે? ત્યારે કહો કે-દુનિયાના જીવોનો મોટો ભાગ બાહ્ય વસ્તુઓની મમતામાં જ રમી રહ્યો છે: પણ-'આત્માનું શું થશે? અહીંથી મરીને ક્યાં જવાશે?' -આવા આવા વિચારો, કે જે ખાસ જરૂરના છે અને જેના યોગે હિત થાય તેમ છે, તે વિચારો દુનિયાનો મોટો ભાગ કરતો જ નથી, એમ કહીએ તો ચાલે.

દુનિયામાં ચાલુ નિન્દાની પ્રવૃત્તિ :

આમ થવાનું કારણ એ પણ છે કે-આજે દુનિયાનો મોટો ભાગ પોતાના દોષ તરફ બેદરકાર બન્યો છે. 'પ્રજાને રીતસર પાળે નહિ, પ્રજાનું હિત ઇચ્છે

નહિ—એ રાજા શાનો ?'—એમ પ્રજા કહેશે : 'પોતે લ્હેર ઉડાવે, અમન—ચમન કરે અને અમને પેટ પૂરતું પણ આપે નહિ—એ મુડીદાર શાનો ?'—એમ મજૂર-વર્ગ કહેશે : 'આવાં ખાતામાં દાન આપે નહિ, દાતાર બને નહિ—એ લક્ષ્મીવાન શાનો ?'—એમ ગરીબવર્ગ કહેશે : માત્ર પ્રજાવર્ગ, મજૂરવર્ગ કે ગરીબવર્ગ જ આમ બોલે છે એમ પણ નથી. પ્રજાવર્ગ, મજૂરવર્ગ અને ગરીબ-વર્ગની માફક રાજા પણ પ્રજાનો, મુડીદાર પણ મજૂરનો અને લક્ષ્મીવાન પણ ગરીબનો દોષ જૂએ છે : દુનિયામાં આજે આવી નિન્દાની પ્રવૃત્તિ ચાલુ જ છે : પણ પોતાની ભૂલની નિન્દા કરનારા કેટલા ? 'આવા આવા રાજાઓ શ્રાપભૂત છે, આવા આવા મુડીવાદિઓ શ્રાપભૂત છે અને આવા આવા લક્ષ્મીવાનો શ્રાપભૂત છે.'—એ રીતિએ નિન્દા કરવામાં જ સમય, શક્તિ અને સાધનોનો વ્યય કરનારાઓને એમ થાય છે ખરૂં કે—'અમે ભૂલીએ તો અમે પણ દુનિયાને માટે શ્રાપભૂત છીએ ?' આમ નથી થતું એનું કારણ શું ? પારકા દોષ જોવાની આદત પડી છે, એ જ એનું કારણ છે. એમને એમ થવું જોઇએ કે—'પારકા દોષ જોયા કર્યે મારૂં ન સુધરે, પણ મારા દોષ સુધારૂં તો જ મારૂં અને બીજાઓનું પણ સુધરે!'

આંખમાં પરના દોષ જોવાની તાકાત છે,
પણ પોતામાં એ દોષ આવવા દે છે ?

આવાઓ, કેટલીક વાર, પોતાની પારકાના જ દોષોને

જોવાની વૃત્તિને આંખની સાથે સરખાવે છે અને કહે છે કે–'આંખમાં જેમ પરના દોષો જોવાની તાકાત છે પણ પોતાના દોષો જોવાની તાકાત નથી, તેમ આત્માની પણ એવી જ ટેવ છે કે–તે સામાના દોષ જૂએ.' આ રીતિએ આંખના જેવો જ આત્માનો પણ સ્વભાવ છે એવું જણાવવા દ્વારા તેઓ, પોતાની પરદોષ જોવાની વૃત્તિને નિન્દ્ય કોટિમાં જતી રોકવાનો વ્યર્થ અને અધમ કોટિનો પ્રયત્ન કરે છે, એમ કહ્યા વિના ચાલે તેમ નથી. 'આંખ પારકો દોષ જોઈ શકે છે પણ પોતાનો દોષ જોઈ શકતી નથી'–એમ કહેનારાઓ, એ વાતને તો ભૂલી જ જાય છે કે–'આંખમાં એક એવો ગુણ પણ છે કે–' એ પોતામાં દોષ પડે એ ખમી શકતી નથી.' પારકા ગુણ-દોષ એ જૂએ ખરી, પરન્તુ પોતામાં એક જરા સરખો ય કચરો આવી જાય, તો એને એ તરત ખટકે છે. પહેલી વાત તો એ છે કે–બનતાં સુધી એ પોતામાં કચરાને આવવા જ દેતી નથી : છતાં કદાચ આવી જાય તો એને તે તરત જ ખટકે છે અને તરત જ પાણી ઝારવા માંડે છે. જ્યાં સુધી આંખમાં પડેલો કચરો આંખમાંથી ન નીકળે, ત્યાં સુધી આંખ ઝંપીને બેસે જ નહિ. બહાર ઉડતો કચરો આંખ જૂએ ખરી, પણ એ કચરો પોતામાં આવી પડે નહિ એની આંખ ખૂબ ખૂબ કાળજી રાખે છે. એટલી કાળજી રાખવા છતાં પણ, કોઈ વાર આંખમાં કચરો આવી પડે એ બનવાજોગ છે : પણ જ્યારે જ્યારે કોઈ પણ પ્રકારનો કચરો આંખમાં આવી પડે છે,

ત્યારે ત્યારે તો એને એ એવો ખટકે છે કે–એ કચરાં
કાઢયે જ છૂટકો. અર્થાત્–આંખમાં જેમ પરદોષ જોવાન
શક્તિ છે, તેમ એ પણ શક્તિ છે કે–પોતામાં બહારનો દો
આવવા દેવો નહિ અને આવી જાય તો દોષને ટક
દેવો નહિ. શું પારકાના દોષ જોનારા આત્માઓમાં આ
ગુણ છે ? આંખની વાત કરનારા આત્માઓ, શું પોતામ
દોષ ન આવી જાય એની અને આવી જાય તો એ
ટાળવાની આંખના જેટલી પણ કાળજીવાળા છે ? એ રીતિએ
આત્મા કેળવાયો હોય તો ભલે દોષ જૂએ, પણ એ
રીતિએ કેળવાએલો આત્મા પરાયા દોષ જોવાને ઉત્સુ
હોતો જ નથી. સંયોગવશ એ આત્મા પરાયો દોષ જૂએ
તો પણ તે આજે જોવાય છે એવી રીતિએ તો ન જ જૂએ
આંખ દોષ હોય તો દોષ જૂએ, એમ આંખની એક જ
વાતને પકડનારા ભૂલે છે : વસ્તુતઃ તો, 'આંખ બનત
સુધી પોતામાં બહારનો દોષ આવવા દેતી નથી અ
તેમ છતાં બહારનો દોષ આવી જાય તો આંખને એ
તરત જ ખટકે છે અને એ દોષ કાઢવામાં આવે
ત્યારે જ આંખ ઝંપે છે'–આ વસ્તુને વિચારીને દરે
આત્માએ એવો ગુણ કેળવવો જરૂરી છે. આ ગુણ
કેળવાઈ જાય તો રાજા અને પ્રજા વચ્ચે, મુડીવાદિઓ
અને મજૂરવાદિઓ વચ્ચે અને એવા જ બીજા બીજ
પણ વર્ગોની વચ્ચે આજે જે સંઘર્ષણ ઉપસ્થિત થયું
તે તૂર્ત જ શમી જાય. તરત જ એવો વિચાર આવે કે
રાજાની, મુડીવાદિની અને લક્ષ્મીવાનની જેમ ફરજ દે

તેમ આપણી પણ કાંઈક ફરજ છે ખરી ! જ્યાં સુધી કેવળ પારકા જ દોષ જોવાની વૃત્તિ બેઠી છે અને એ વૃત્તિના યોગે પારકા દોષોને વધારીને અથવા અછતા દોષો ઉભા કરીને નિન્દા કરવાની પ્રવૃત્તિ ચાલુ છે, ત્યાં સુધી પોતાના દોષો જોવાશે નહિ અને પોતાના દોષો કાઢવા તરફ લક્ષ્ય પણ દોરાશે નહિ. આત્મસુધાર કરવા ઈચ્છનારે તો પહેલાં પોતાના દોષોને જોઇ, તે દોષોને કાઢવાનો પ્રયત્ન કરવો જોઈએ.

‘ આપણી ફરજ શી ’–એ કદિ વિચાર્યું ?

તમે જેમ બીજાની ફરજોનો વિચાર કરો છો, તેમ– ‘ તમારી ફરજો શી શી છે ? ’–એનો પણ તમારે વિચાર કરવાનો ખરો કે નહિ ? તમે મનુષ્યપણું પામ્યા છો, તો મનુષ્યપણું જે પામ્યો હોય તેની ફરજ શી ? રાજાની પ્રજાને પાળવાની ફરજ છે, મુડીદારની મજુરોને સુખી કરવાની ફરજ છે અને લક્ષ્મીવાનની દાતાર બનવાની ફરજ છે, આ રીતિએ બીજાની ફરજોનો તો તમે વિચાર કરો છો, પણ તમે કદિ એ વિચાર્યું ખરૂં કે– ‘ આપણે મનુષ્યપણું પામ્યા માટે આપણી ફરજ શી ?’ પશુપણું ન પામતાં મનુષ્યપણું પામ્યા અને અનાર્યદેશ નહિ પામતાં આર્યદેશ પામ્યા, તો એની સાર્થકતા શી શી કરણીઓને તજવાથી અને કયી કયી કરણીઓને સેવવાથી સધાય, એનો વિચાર સરખો ય કર્યો છે ? પશુ કરતાં મનુષ્યમાં અને અનાર્ય મનુષ્ય કરતાં આર્ય

મનુષ્યમાં વિશેષતા તો હોવી જોઇએ ને ? તમારામાં પશુ કરતાં અને અનાર્ય મનુષ્ય કરતાં પણ કયી વિશેષતા છે, એ બતાવી શકશો ?

આર્ય અને અનાર્ય વચ્ચે શો ફરક ?

અનાર્યમાં અને આર્યમાં ફેર શો ? જે મનુષ્ય ધર્મની શ્રદ્ધાથી પણ રહિત થઇને પૈસા કમાવામાં જ મશગુલ રહે, ભોગ્યાભોગ્ય વસ્તુઓના ભોગવટામાં જ મશગુલ રહે અને મળેલી બાહ્ય વસ્તુઓને સાચવી રાખવાનો તથા નવી નવી બાહ્ય વસ્તુઓને મેળવવાનો જ વિચાર અને પ્રયત્ન કર્યા કરે, પછી એને આર્ય છતાં અનાર્ય જેવો કહેવાય, તો એમાં ખોટું પણ શું છે ? અનાર્યને અનાર્ય શાથી કહેવાય છે ? એને બાહ્ય વસ્તુઓ મેળવતાં અને સાચવતાં ન આવડે માટે ? નહિ જ, અનાર્યોને પણ બાહ્ય વસ્તુઓ મેળવતાં, ભોગવતાં અને સાચવતાં નથી આવડતું એમ તો નથી જ ! ત્યારે એને અનાર્ય કેમ કહેવાય અને આપણે આર્ય શાથી કહેવાઇએ ?

સ૦ અનાર્યો આત્માનું કલ્યાણ નથી સાધતા માટે અનાર્ય કહેવાય છે.

જો આટલું ય સમજો છો, તો વિચારો કે-આપણે પોતે આર્ય છીએ કે અનાર્ય ? એ લોકો તો ધર્મ પામવાની અને ધર્મ કરવાની સામગ્રી પામ્યા નથી, પરન્તુ જે લોકો ધર્મ પામવાની અને ધર્મનું આરાધન

કરવાની સામગ્રી પામ્યા છે, છતાં પણ આત્મહિતના વિચારથી પણ સર્વથા બેદરકાર રહે છે, તેઓ અનાર્ય કરતાં પણ વધુ ગૂન્હેગાર ગણાય કે નહિ ? અનાર્યોને દુનિયાનાં સાધનોને જ મેળવવાની અને સાચવવાની ચિંતા હોય, જ્યારે આર્યોને આત્માની ચિન્તા વિશેષ પ્રકારે હોવી જોઇએ. આર્યોમાંથી પણ જો આત્માની ચિન્તા સર્વથા ઉડી જ જાય, તો તેઓ અનાર્ય જેવા કહેવાય કે નહિ ? આ બધું સ્થિર બુદ્ધિથી વિચારવાની જરૂર છે.

આર્ય છતાં અનાર્ય જેવી દશા કેમ ?

જ્યાં સુધી બાહ્ય વસ્તુઓ પ્રત્યે અન્ધ મમત્વભાવ બેઠો છે, ત્યાં સુધી આ બધા વિચારો કરવાનું પણ નહિ સુઝે. દુનિયાના પદાર્થોના મારાપણામાં જ ડૂબેલા આત્માઓ આર્યત્વને ભૂલી જાય અને જીવનમાં આચારો એવા જ સેવે કે જેથી અનાર્ય જેવા કહેવાય, એ આર્યદેશમાં જન્મેલાઓને માટે યોગ્ય નથી. આજે તો કોઇને પૂછીએ કે–' આ ઉત્તમ માનવજીવન પામીને તમે શું કમાયા ? તમારૂં શું શું છે ? '–તો એ પોતાના માનેલા બંગલા, બગીચા, વિગેરે ગણાવશે : એ કહેશે કે–' સાહેબ ! મારી મુંબઈ, કલકત્તા, રંગુન અને પેરીસમાં પેઢીઓ છે : મારો આવો વ્યાપાર ચાલે છે : મારી પાસે આટલી મુડી છે : મારે આટલાં સ્વજનો છે : મારે આટલા સ્નેહિઓ છે : મારી આટલી શાખ છે : અને મારા

આટલા નોકરો છે. વિગેરે વિગેરે.' આ રીતિએ જેની પાસે જેટલા પ્રમાણમાં દુનિયાના બાહ્ય પદાર્થો હોય, તેટલા પ્રમાણમાં તે પદાર્થોને મારા તરીકે જણાવે: પણ કોઇ સ્થળે-'મેં આત્મા માટે આટલું કર્યું, આટલું પુણ્ય કર્યું ને આટલું પાપ કર્યું.'-એની વાત જ પ્રાય: નહિ આવે. કદાચ એ પોતાના પુણ્ય અને પાપને લગતી વાત કરશે, તો પણ બહુલતયા તેનો ઈરાદો એવો કે-'મારી ખ્યાતિ વધે, બધા મારી પ્રશંસા કરે.' અરે, આજે તો એવા પણ દંભિઓ છે કે-પોતાના નાના સરખા દોષને મોટો ચીતરીને દુનિયાને એમ બતાવે કે-હું સત્યની જાણે સાક્ષાત્ મૂર્તિ છું અને પોતાના ભયંકર દોષોને એવા પ્રકારનો દંભ કરીને તે દંભના અંચળા નીચે ઢાંકવા મથે: માટે એવાની વાત જવા દ્યો. તદ્દન શુદ્ધ બુદ્ધિથી એવું વિચારનારા અને કહેનારા કેટલા માણસો નીકળે કે-'અમે અમૂક અમૂક વસ્તુઓ આત્માના હિતના ઈરાદાથી કરી છે અને બાકી તો પાપપ્રયત્નમાં પડીને આત્માને ડૂબાવ્યો છે?' પણ દુનિયાની વસ્તુઓને મેળવવાના અને સાચવવાના પ્રયત્નને જેઓ પાપપ્રયત્ન માનતા હોય, તેઓ જ આવું શુદ્ધ બુદ્ધિથી બોલી શકે: કારણ કે-તેઓમાં તો આત્માનો ખ્યાલ હોય અને તેઓ બાહ્ય વસ્તુઓના અન્ધ મમત્વથી લેપાએલા ન હોય. એવા આત્માઓને જો તમે એમ પૂછો કે-'આ ઉત્તમ માનવજીવનને પામીને તમે શું કમાયા? તમારૂં શું શું છે?' તો તેઓ પેલા જેવો

જવાબ ન દે ! સામાન્ય વિવેકિમાં પણ મોહ ન જાય ત્યાં સુધી દુનિયાના પદાર્થો પ્રત્યે મમત્વ હોય, પણ દુનિયાના નાશવંત પદાર્થો પ્રત્યેના મમત્વની અન્ધતા તો ન જ હોય. આજે તમે એમ પણ કહી શકો એવી પણ દશા છે કે-'અમે દુનિયાના નાશવંત પદાર્થોનો જેટલો વિચાર કર્યો છે, એથી વધારે તો નહિ, પણ એટલો વિચાર તો જરૂર આત્માને અંગે કર્યો છે?' તમારે કહેવું પડશે કે-'દુનિયાના નાશવંત પદાર્થોનો જેટલો વિચાર કર્યો છે, તેટલો પણ વિચાર આત્માને અંગે કરવાની વાત તો પછી, પણ દુનિયાના નાશવંત પદાર્થોનો વિચાર અને પ્રયત્ન કરવામાંથી આત્માને અંગે વિચાર કરવા જેટલી ફુરસદ જ મેળવી નથી : કારણ કે-આત્માની દરકાર જ કરી નથી.' આટલી જીંદગી તો આવી રીતિએ લગભગ આત્માનો વિચાર પણ કર્યા વિનાની ગઈ : હવે તમને આજની વૃત્તિ અને પ્રવૃત્તિ જોતાં એમ લાગે છે ખરૂં કે-'જીંદગી છે ત્યાં સુધીમાં પણ કદિ તમને આત્માનો વિચાર આવશે ?' આત્માનો વિચાર આવે એટલો અવકાશ જ તમે ક્યાં રાખ્યો છે ? ત્યારે તમને એમ લાગે છે ખરૂં ને કે-'તમે આમ ને આમ બાહ્ય પદાર્થોને મેળવવાના અને સાચવવાના વિચારો અને પ્રયત્નો કરતા કરતા એક દિ' મરવાના ?' જો હા, તો પછી તમારે માટે એમ કહેવાય જ ને કે-'આર્યદેશ અને માનવજન્મ પામીને પણ તમે અનાર્ય જેવું અગર તો પશુ જેવું જીવન જીવીને મર્યા !' તમારે તમારી પાછળ આવું કહેવડાવવું છે?

અનાર્યને છાજતાં આચરણુ કરતાં કરતાં જ મરી જવું છે ? આ રીતિએ જીવતા હો અને આ રીતિએ મરવાના હો, તો તમે તમારી ફરજનો વિચાર કર્યો કહેવાય ? નહિ જ, કારણુ કે–આર્યદેશમાં માનવજન્મ પામનારની ફરજ તો એ જ કહેવાય કે–‘ એ આત્માની ચિન્તા વિશેષ પ્રકારે કરે !’ પણુ એને બદલે જો આત્માના હિતનો વિચાર સરખોય ન આવતો હોય તેમજ આર્ય છતાં અનાર્ય જેવું અને મનુષ્ય છતાં પશુ જેવું જીવન જીવાતું હોય, તો તો એમ જ કહેવાય કે–‘ આર્યદેશાદિમાં મનુષ્યપણું પામવા છતાં પણ, એવા ઉત્તમ માનવજીવનની કિંમત તે બીચારો આંકી શકયો નહિ.’

ઘઉંના આટા જેવું બનવું પડે :

જ્યાં સુધી આવી દશા હોય, આત્માનો વિચાર ભૂલાયો હોય, આત્માનું હિત કરવું એ જરૂરી છે–એમ ન લાગ્યું હોય અને રાત–દિવસ દુનિયાના પદાર્થોને જ મેળવવાના અને સાચવવાના વિચારો અને પ્રયત્નો ચાલુ હોય, ત્યાં સુધી આત્માની ઉન્નતિના ઉપાયો કહેવાથી શો ફાયદો થાય ? આત્માની ઉન્નતિ કરવાના બતાવેલા ઉપાયો, એવી દશા હોય ત્યાં સુધી પ્રાયઃ કશી જ અસર ન ઉપજાવે. ઘી અને ગોળ નાખીએ તો લાડવો થાય, પણુ તે રાખમાં નાખીએ તો શું થાય ? લાડવો હોય એવો ઘાટ બને તો પણુ એ કામ શું લાગે ? નકામો જ જાય ને ? અરે, નકામો જાય એટલું જ નહિ, પણુ ઘી

અને ગોળ જેવી કિંમતી ચીજો પણ નાશ પામે. ઘી અને ગોળ નાખવાથી લાડવો બને ખરો, પણ તે ઘઉંના આટામાં અને તે પણ વિધિ મુજબ નખાય તો લાડવો બને! એ જ રીતિએ તમારામાં આત્મોન્નતિના ઉપાયો રૂપ ઘી-ગોળ નાંખતાં પહેલાં, તમને ઘઉંના આટા જેવા બનાવવા જોઇએ ને?

ઘઉંના આટા જેવા ક્યારે બનાય?

ઘઉંના આટા જેવા ક્યારે બનાય? ઘઉંના આટા જેવા ત્યારે જ બનાય, કે જ્યારે-'સંસારના પદાર્થોને મેળવવાની મહેનત કરવી એ નકામી છે તેમજ નુકશાન કરનારી છે અને આત્માના હિતનો વિચાર તથા પ્રયત્ન કરવો એ જ કામનો છે અને ફાયદો કરનારો છે.'-એમ લાગે! આટલું લાગે તો જ આત્માની ઉન્નતિના ઉપાયો જે રીતિએ ગમવા જોઇએ તે રીતિએ ગમે: માટે આત્માની ઉન્નતિ કરવી હોય તો સૌથી પહેલાં આત્માને યોગ્ય બનાવવો જોઈએ: અર્થાત્-'શરીર, ધન, કુટુંબ આદિ બાહ્ય પદાર્થોનો પ્રયત્ન નકામો છે, એ પ્રયત્ન આત્મહિતનો સાધક નથી પણ બાધક છે'-એમ લાગવું જોઇએ: 'બહારના પદાર્થોથી સુખ કલ્પીને તે મેળવવા, ભોગવવા અને સાચવવાનો પ્રયત્ન કરવો, એ આત્માની ઉન્નતિનો ઉપાય નથી, પણ એથી આત્મહિતનો નાશ થાય છે અને આત્માની ઉન્નતિને માટે કાંઇક બીજું જ કરવા યોગ્ય છે.'-એટલું સમજાઈ જવું જોઇએ.

લક્ષ્મી હોય તો જ ધર્મ થાય?

સં૰ પણ પૈસા ન હોય તો ધર્મ થાય શી રીતિએ ? માટે પૈસા તો જોઈએ ને?

પહેલી વાત તો એ છે કે-આ એક ભ્રમણા જ માત્ર છે. પૈસા હોય તો જ ધર્મ થાય અને પૈસા ન હોય તો ધર્મ ન જ થાય, એમ માનવું એ ભૂલભરેલું છે. છતે પૈસે અનેક શ્રીમંતો ધર્મ કરતા નથી અને એવા પણ માણસો આ દુનિયામાં વિદ્યમાન છે, કે જેઓ વગર પૈસે પણ ધર્મ કરે છે. એ વાત સાચી છે કે-પૈસાથી પણ ધર્મ થઈ શકે છે, પણ-'ધર્મ કરવા માટે પૈસો હોવો જ જોઈએ અગર પૈસો મેળવવો જ જોઇએ.'-એમ કહેવું એ બરાબર નથી. પૈસો પુણ્યયોગે મળી ગયો હોય, તો એવી તુચ્છ અને નાશવંતી લક્ષ્મીનો ધર્મના કાર્યમાં બને તેટલો વધુ ઉપયોગ કરી લેવો એ ઉત્તમ છે, પણ એમ રખે માનતા કે-પૈસા વિના ધર્મ થાય જ નહિ. પૈસાનો સર્વથા અભાવ હોય એવી દશામાં પણ, ઉત્તમ વિવેક આદિને પામેલા આત્માઓ, ધર્મ સાધી શકે છે. જેમકે-સાધુઓએ પૈસાનો ત્યાગ કરેલો હોવા છતાં પણ, તેઓ ઉત્તમ ધર્મની ઉત્તમ પ્રકારની આરાધના કરી શકે છે.

હૃદયની દશા તો વિચારો!

બીજી વાત એ છે કે-આજે લક્ષ્મીની મૂર્છામાં પડી, લક્ષ્મીને મેળવવાનો અને લક્ષ્મીને સાચવવાનો

પ્રયત્ન કરનારાઓમાંના કેટલાકો, પોતાની મૂર્ચ્છા છૂપાવવાને માટે પણ ધર્મનું નામ આગળ ધરતા જોવાય છે. એવાઓને પૂછવું જોઇએ કે–"તમે લક્ષ્મી મેળવો છો તે શું કેવળ ધર્મ કરવા માટે જ મેળવો છો ?" આ પ્રશ્નના ઉત્તરમાં જો 'હા' કહે, તો એને આગળ વધીને એમ પણ પૂછી શકાય કે–"તમને જેટલી લક્ષ્મી મળી છે, તેમાંથી તમે ધર્મ માટે કેટલી વાપરો છો અને શરીર–સ્ત્રી–કુટુંબ આદિ માટે તથા ભોગ્ય વસ્તુઓ ભોગવવાને માટે કેટલી વાપરો છો ?" તમારા હૃદયમાં કયી કયી વસ્તુઓને માટે કેવા કેવા વિચારો બેઠા છે, એનો ખ્યાલ તો કરી જૂઓ ! દુનિયાના જીવોના મોટા ભાગની લગભગ એ દશા છે કે–એમના હૈયામાં બેઠેલી વાતોને ન ખોલવામાં આવે ત્યાં સુધી જ એ માણુસ લાગે. આ શરીર ઉપર જેમ ચામડી ન હોય તો હાડમાંસમય શરીર જોવાથી ચીતરી ચઢે તેમ છે, તેમજ હૃદયની વાતો જો ખોલવામાં આવે તો એને માણુસ કહેવો કે શેતાન કહેવો, એનો વિચાર થઇ પડે તેમ છે. જે જીવોની એ દશા ન હોય તેઓ પુણ્યવાન છે, પરન્તુ દુનિયાના જીવોના મોટા ભાગની વિચારદશા તો એવી છે કે–એ ઢંકાએલી રહે ત્યાં સુધી જ એ માણુસ કહેવાય ! 'મળેલાનો કેવો અને કેટલો ઉપયોગ કરવાની તમારી ઇચ્છા છે ?, અધિક મેળવવા માટે શું શું કરવાને તમે તૈયાર છો ? અને અધિક મળી જાય તો એ દ્વારા શું શું કરવાને તમે ઇચ્છો છો ?'–એ બધું જો યથાસ્થિત-

પણ રીતસર કહેવાય કે વિચારાય, તો તમને લાગે છે કે-તમે બુદ્ધિશાલી, વવેકી અને સમજદાર આદમી તરીકે ગણાઈ શકો ? નહિ જ, માટે-'ધર્મ કરવાને માટે જ અમે લક્ષ્મી પેદા કરીએ છીએ'-એવો દંભ કરતા હો અગર કરવાનો વિચાર રાખતા હો તો તે છોડી દો!

મળેલાનો સદુપયોગ એ જ કલ્યાણમાર્ગ છે!

ત્રીજી વાત એ છે કે-કોઇ આદમી સાધુની પાસે આવીને એમ કહેતો હોય કે-'શું કરીએ ? પૈસા નથી, નહિતર અત્યારે બધા પૈસા ધર્મનાં કાર્યોમાં ખર્ચું!' તો એ એમ કહે એટલા જ માત્રથી એનામાં લક્ષ્મી મેળવીને એનો સદુપયોગ જ કરવાની ભાવના છે, એમ માની લેતાં પહેલાં ઘણો વિચાર કરવો પડે. કદાચ તે સમયે થોડી-ઘણી તેવી ભાવના હોય, તો પણ તે ભાવના લક્ષ્મી મળ્યા બાદ ટકી રહેશે કે કેમ ?-એય વિચારવા જેવું છે. આજે મહિને પચીસ મળતા હોય અને ભાગ્યયોગે કાલથી મહિને પચીસ સો મળી જાય, તો શું એ વધારાના ચોવીસ સો ને પંચોતેર રૂપીઆ ધર્મમાં ખર્ચવાનો છે એમ? પચીસને બદલે પચીસ સો મળી જાય તો, શું શું થઇ જાય છે ? બધું ફરી જાય. રીતભાત અને ચાલચલગત ફરી જાય! એને જોઇને સારા પણ માણસોને એમ પૂછવાનું મન થઈ જાય કે-'અલ્યા, ગઈ કાલ સુધી સલામ ભરતો હતો, હાથ જોડતો હતો, નમ્રતાથી વાતચીત કરતો હતો, માણસાઈથી ચાલતો

હતો અને આજે શું થયું ? આટલી અક્કડતા, આટલો ઘમંડ, આટલી તોછડાઈ, આ બધું શાથી આવ્યું ?' મહિને પચીસને બદલે પચીસ સો મળવા માંડે તે પછી, એ પહેલાંની જેમ ઝુંપડીમાં રહે ખરો ? 'પહેલાંના જેવાં કપડાં વિગેરે પહેર'—એમ કહો તોય એ પહેરે ખરો ? પહેલાં જેવી દયાની ને ધર્મની વાતો કરતો હતો—એવી વાતો કરે ખરો ? પહેલાં શ્રીમંતોની કૃપણતાને નિન્દનારો, તે દિવસે શું કરે ? મોટે ભાગે તો તે પણ એવું જ કરે, કે જેથી પહેલાંની તેની પોતાની વ્યાખ્યા મુજબ પણ તે કૃપણ જ ગણાય. ત્યારે કહો કે—મળ્યું હતું એનો સદુપયોગ કરતો ન હતો અને વધુ મળી જાય તો એનો સદુપયોગ કરવાની ઈચ્છા પણ પાંગળી હતી. જે થોડામાંથી ય થોડું આપવાની બુદ્ધિવાળો હોય છે, તે જ શ્રીમન્તાઈ આવ્યા પછી કાંઈકે ય ઉદાર બની શકે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે—લક્ષ્મી હોય તો જ ધર્મ થાય, એમ માનવું એ ભ્રમણા છે અને 'વધુ લક્ષ્મી મળે તો ધર્મ કરૂં'—એવી વાતો કર્યા કરવાને બદલે, મળ્યું હોય તેનો યથાશક્તિ સદુપયોગ કરવો, એમાં કલ્યાણ છે.

પ્રયત્ન શા માટે ?

દુનિયાની બાહ્ય વસ્તુઓને મેળવવાનો અને સાચવવાનો મોહ ધર્મ કરવા ખાતર પણ રાખવો, એ યોગ્ય નથી : દુનિયાની બાહ્ય વસ્તુઓ વર્જ્ય કોટિની છે, એટલું

હૃદયમાં બરાબર જચી જવું જોઇએ. આ પ્રયત્ન એ માટે જ છે. આત્માનું કલ્યાણ કયી રીતિએ થાય અને આત્માનું કલ્યાણ કરવાની કેટલી જરૂર છે—એ સમજાવવા માટે જ આજનો આ પ્રયત્ન છે : આથી જ અત્યાર સુધી, દુનિયાની વસ્તુઓ આત્માથી પર છે, તેનો રાગ આત્મકલ્યાણમાં આડખીલી રૂપ છે, દુન્યવી વસ્તુઓને જ મેળવવાનો અને સાચવવાનો પ્રયત્ન કર્યા કરવો, એ મળેલા ઉત્તમ પણ માનવજીવનને નિષ્ફળ કરવા બરાબર છે તેમજ આત્માનું કલ્યાણ દુન્યવી વસ્તુઓની પ્રાપ્તિ અને સાચવણીમાં નથી, પરન્તુ કોઈ બીજી જ રીતિએ છે, એ બધાનો તમને ખ્યાલ આવે એવું કહેવાયું છે.

માનવું તો સુશક્ય છે ને ?

આ બધાનો ખ્યાલ આવે એટલે આત્મા જાગૃત થાય : અને આત્મા જાગૃત થાય એટલે આત્મકલ્યાણનું કાર્ય શરૂ થાય. સૌથી પહેલાં દુનિયાની સઘળીય વસ્તુઓ વર્જ્ય કોટિની છે, એટલું સમજાઈ જવું જોઈએ. તજવા યોગ્યનું તજવા યોગ્ય તરીકેનું ભાન થાય અને તજવાની ભાવના પણ થાય, તે છતાં તે ન છૂટે એ બને. આ બધી વસ્તુઓ વર્જ્ય કોટિની છે—એમ માનવામાં આવે તે છતાં પણ, એનો ત્યાગ કરી દેવો એ બધાયને માટે સુશક્ય નથી એમ જો કોઇ કહે, તો તે વાતને આપણે જરૂર માની લઇએ, પરન્તુ એ બધી વસ્તુઓ વર્જવા જેવી છે, એમ માનવું એ તો સુશક્ય છે ને ?

માનવાથી શો લાભ?

સ૦ એવી રીતે માનવા માત્રથી પણ ફાયદો થઈ જાય! કરવું તો જોઈએ ને ??

માન્યા પછી કરવાની વાત તો રહેવાની જ છે, પરન્તુ મનાવવા માટે જેટલી મહેનત કરવી પડે છે, તેટલી મહેનત તે પછી કરાવવા માટે નહિ કરવી પડે : કારણ કે-દુનિયાની સઘળીય અહિતકર વસ્તુઓને વર્જ્ય મનાવવામાં જે મુશ્કેલી નડે છે, તે વર્જ્ય માનેલી વસ્તુઓનો ત્યાગ કરાવવામાં નડતી નથી. 'સારાને સારૂં અને ખોટાને ખોટું માનવાથી શો ફાયદો ?'-એમ તે પૂછાય ? પૈસો જરૂરી છે એમ તમે માન્યું છે, તો પૈસો મેળવવાને માટે તમે કેટકેટલી મહેનત કરો છો ? પૈસાને ખાતર અવસરે કાયાની પણ પરવા કરતા નથી ને ? મોસમ હોય છે ત્યારે ખાવા-પીવાનું, પહેરવા-ઓઢવાનું અને આરામ લેવાનું પણ ભાન ભૂલાય છે કે નહિ ? અરે, પૈસા મેળવવાની અને ભોગ ભોગવવાની લાલસામાં તો આખો આત્મા જ ભૂલાયો છે કે નહિ ? આમ થવાનું કારણ ? એ બધું જરૂરી મનાયું છે માટે ને ? જરૂરી છે-એમ મનાઇ જાય, એના વિના નહિ જ ચાલે-એમ હૃદયમાં નક્કી થઇ જાય, એટલે એ વસ્તુ મેળવવાનો પ્રયત્ન કરવાનું મન કરવા માટે બહુ કહેવું પડતું નથી, પણ માત્ર દિશા જ પ્રાયઃ બતાવી દેવી પડે છે : આથી જ આત્માની ઉન્નતિના ઉપાયો દર્શાવતાં પહેલાં આત્માની ઉન્નતિ સાધ-

વાની જરૂર છે, એ દર્શાવવા માટે મહેનત લેવી પડે છે. આજે દેવને પૂજવામાં, ગુરૂને સેવવામાં અને ધર્મને આચરવામાં પોતાની જાતને સ્વતંત્ર કહીને, દેવ-ગુરૂ-ધર્મની પૂજા, સેવા તથા આચરણાથી વંચિત રહેનારા તેમજ દેવ-ગુરૂ-ધર્મ માટે ગમે તેમ બોલનારા પણ, પચાસ-સાઈઠ રૂપીઆ માટે માલિક કે ઑફીસર સાથે કેવી રીતિએ વર્તે છે? શેઠની અને ઘરાઘની જોડે કેટલી નમ્રતા દર્શાવે છે? કેવી રીતિએ વર્તે છે, એ કહું? લગભગ પાળેલા કુતરા જેવી દશા જોઈ લો. શેઠ આવે ત્યારે ઉભા થવું, બોલે ત્યારે સામે જોયા કરવું, ઠપકો દે ત્યારે નીચી મુંડીએ સાંભળવો, કહેવું હોય તે વિનયથી કહેવું, શેઠના મનોભાવ સમજવાનો પ્રયત્ન કર્યા કરવો અને શેઠ જે રીતિએ ખૂશ થાય એમ વર્તવા તૈયાર રહેવું, આ શું સ્વતન્ત્રતા છે? આ કોણે શીખવ્યું? પૈસાની જરૂરે આ શીખવ્યું ને? એ જ રીતિએ જો અહીં આત્મકલ્યાણ સાધવાની જરૂર છે એમ સમજાઈ જાય અને શરીર આદિ દુનિયાની વસ્તુઓ વર્જ્ય કોટિની છે એમ લાગી જાય, હૃદયપૂર્વક મનાઇ જાય, તો વર્જ્યના ત્યાગનો અને ઉપાદેયના સ્વીકારનો પ્રયત્ન કરવાની બુદ્ધિ આપોઆપ જાગૃત થશે: માટેજ પહેલાં વર્જ્યને વર્જ્ય અને ઉપાદેયને ઉપાદેય માનવાની વાત કરી.

નહિ છોડો તો છોડીને જવું પડશે!

ત્યારે સૌથી પહેલાં, આત્માની ઉન્નતિને જરૂરી

માનવી જોઇએ. આજે દુનિયાના મોટા ભાગના જીવોએ, પોતાની ઉન્નતિ, શરીર આદિ દુનિયાના બાહ્ય પદાર્થોની ઉન્નતિમાં માની છે; પણ વાસ્તવિક રીતિએ એ નાશવંત વસ્તુઓને મેળવવાનો અને સાચવવાનો પ્રયત્ન કર્યા કરવો, એમાં સાચી ઉન્નતિ તો નથી જ, પણ ઉલ્ટું નુકશાન છે, એમ સમજાઈ જવું જોઈએ. તમે દુનિયાના પદાર્થો લેવામાં જ ઉન્નતિ માની છે, જ્યારે એનો યોગ્ય રીતિએ વિધિપૂર્વક ત્યાગ કરવામાં જ સાચી ઉન્નતિ છે, એમ જ્ઞાનિપુરૂષો ફરમાવે છે; અને મૂળ વાત એ જ કહેવાની છતાં, પહેલાં એ વાત સમજાવવી જરૂરી છે કે–આત્મા સિવાયની બીજી વસ્તુઓ ત્યાજ્ય મનાઈ જવી જોઇએ અને આત્માના ગુણોને ખીલવવાની મહેનત જ ઉપાદેય મનાવી જોઇએ. આત્મા સિવાયની જેટલી વસ્તુઓ છે, તે પર છે: એ વસ્તુઓ રાખી રહેતી નથી. કેઇ કરોડપતિઓ ભિખારી થઈ ગયા અને કેઈ રાજાઓ પણ રખડતા થઈ ગયા. આમ છતાં માનો કે–પુણ્ય હોય અને એથી આ બધી વસ્તુઓ આ જીવનના અન્ત સુધી રહી જાય, પણ તેથી શું ? અન્તે તો એને છોડીને જ આત્માને જવું પડે છે! અને 'ક્યાં જવું ?' –એ વસ્તુ દરેકને માટે પોતાને આધીન હોવા છતાં પણ, દુનિયાની જ વસ્તુઓને મેળવવા અને સાચવવા પાછળ ઘેલા બનેલાઓને દુર્ગતિમાં ચાલ્યા જવું પડે છે! આટલો નિશ્ચય થઈ જશે, તો આત્માની ઉન્નતિના ઉપાયો સારી રીતિએ સંભળાશે, સદ્દહાશે અને આચરાશે. આથી તમે સમજી

શકયા હશો કે–આત્માની ઉન્નતિના ઉપાયોમાં તમે જે આજે કરી રહ્યા છો, તે છોડીને બીજું જ કરવાનુ છે.

'હું સારો કહેવાઉં'–એ ધ્યેયને બદલે–
'હું સારો બનું'–એ ધ્યેય રાખવું જોઇએ!

આજે મોટે ભાગે દુનિયાના જીવોનું એ ધ્યેય છે કે–'અમે સારા કહેવાઇએ!' પણ આત્માની ઉન્નતિનો ઉપાય આદરવો હશે, તો એ ધ્યેયને પણ ફેરવવું પડશે. આજે–'હું સારો કહેવાઉં'–એ ધ્યેય છે, પણ ધ્યેય તો એ જ હોવું જોઇએ કે–'હું સારો બનું!' સારા બનવાનું જે ધ્યેય નથી, તે લાવવું પડશે. ગમે તેમ કરીને, સીધી કે વાંકી રીતિએ આજે પ્રસિદ્ધિમાં આવવાની ભાવના છે, એને બદલે સારા બનવાની ભાવના કેળવવી પડશે. અહીં 'તમે સારા કહેવાઓ'–એ ભાવના એ રીતિની છે કે–'તમે સારા બનો!' સારા બન્યા પછી સજ્જન દુનિયા સારા કહ્યા વિના રહેશે નહિ અને દુર્જન દુનિયા ખોટા કહેશે તો પણ એની દરકાર રહેશે નહિ! દુનિયાના શબ્દો ઉપર સારા–ખોટાનું માપ ન બાંધો, પણ સારા–ખોટાનો વિવેક કરી સારા બનવાનું ધ્યેય રાખો! સારા બનેલાને–'સારા કહેવડાવવાની'–ભાવના નહિ રહે, છતાં સજ્જન દુનિયા સારા કહેશે: માટે 'હું સારો કહેવાઉં'– એ ધ્યેયને કાઢી નાખવું જોઇએ અને–'હું સારો બનું'–એ ધ્યેયને સ્વીકારી, તે મુજબનો પ્રયત્ન કરવો જોઇએ.

વિચારહીન ધંધો !

સારા બનવા માટે, વાસ્તવિક સુખ તરફ આવવા માટે,–‘ દુનિયાના પદાર્થો મેળવવા અને ભોગવવા એ લાભપ્રદ નથી તેમજ એ મેળવવા અને ભોગવવા પાછળ મંડ્યા રહેવું–એ મળેલા ઉત્તમ માનવજીવનને અને ધર્મ આરાધવાની મળેલી ઉત્તમ સામગ્રીને હારી જવા જેવું છે–નિષ્ફળ કરવા જેવું છે’–આ વાત તમારા હૈયામાં જચી જવી જોઈએ. તમે આ જીવનમાં જે કાંઈ અનીતિ કરી રહ્યા હો, પાપ સેવી રહ્યા હો, જુઠ બોલી રહ્યા હો અને છળકપટ કરી પર વસ્તુ મેળવી રહ્યા હો, તો એમાં મલકાવા જેવું નથી. અનીતિ, જૂઠ, પાપ અને પ્રપંચથી દુન્યવી પર વસ્તુઓ મેળવી, પણ એ બધાનું ફળ ભોગવવાનું કોને? આત્માને ખાતે એ ઉધર્યું તે ચૂકવશે કોણ? ચૂકવવું પડશે, એમાં શંકા રાખવા જેવી નથી: કારણ કે–પૂર્વે જે ઉધર્યું છે તે અત્યારે ચૂકવાઈ રહ્યું છે: નહિતર, દુનિયાના જીવોની આવી દુ:ખી હાલત હોત ખરી? તો વિચાર કરો કે–આવો વિચાર વગરનો ધંધો કરે કોણ? આત્માને ખાતે જમે કશું કરાવવું નહિ અને ઉધાર ખાતે વધારો થયા જ કરે, તો શું થાય? દેવાળીયા થવાય ને? દુનિયામાં તો દેવાળીયા બુધવારી કૉર્ટમાં જઇ નાદારી જાહેર કરવાથી પણ દેવામાંથી બચી જાય છે, પણ અહીં તેમ ચાલે એમ નથી. અહીં કદિ મુદત પૂરી થઈ જતી નથી. અહીં તો આત્મા

ખાતે ઉધર્યું, એ આત્માએ જ પૂરૂં કરવું પડે, નહિતર ત્યાં સુધી દુઃખમાં ને દુર્ગતિમાં સબડ્યા કરવું પડે. આવો વિચાર વગરનો હાનિકારક ધંધો થાય ? નહિ જ, છતાં આજે લગભગ બધા જીવો એવો ધંધો કરી રહ્યા છે ને ? કોઇકના આત્મામાં પણ આ સત્ય ઉતરી જાય, એ માટે આ બધું કહેવાય છે. સામાને રૂચે કે ન રૂચે, પણ ભલું કરનારૂં હોય તે કહેવું જોઇએ : એ ગાળો દે તો ગાળો સહીને પણ હિતકર વસ્તુ હિતકર રીતિએ કહેવી જોઇએ. સામાના આત્માનું ભલું ઇચ્છવું, એ ઉત્તમ કોટિની દયા છે અને એ દયા જેનામાં હોય, તે અવસરે હિતકર વાત કહ્યા વિના કેમ જ રહી શકે ?

દર્દી જેવી મનોદશા હોવી ઘટે !

આત્માની ઉન્નતિ સાધવી હોય તો, આ દુનિયાની સંપત્તિ આદિ બધી વસ્તુઓને વર્જ્ય કોટિની માનવી જોઈએ. એટલું હૃદયપૂર્વક મનાઇ જાય, એ પછીથી કદાચ એ મેળવવા મથશો તો પણ પ્રાયઃ નીતિ આદિ નહિ ચૂકાય. માંદાને વૈદ્યે ના પાડેલી ચીજ ખાવાનું મન થાય છે, પણ એ ચીજ ખાતાં ખાતાં માંદાને શું થાય છે ? હાથમાં લે, વળી વિચાર આવે કે–વૈદ્યે ના પાડી છે અને શરીરને નુકશાન કરશે, એટલે મૂકી દે. વળી લે અને વિચાર આવે એટલે મૂકી દે ! અને કદિ ખાય તો પણ જરા : ખાધા પછી પણ જરા અસર થઇ લાગે કે–એની અસરથી બચવા માટેના યોગ્ય ઉપાયો યોજે :

એ જ રીતિએ દુનિયાની ચીજો વર્જ્ય કોટિની મનાઈ જાય, તો એ મેળવવાની તાલાવેલી ઘટે : અને તાલાવેલી ઘટે એટલે નીતિ આદિ પ્રાયઃ ન ચૂકાય : તથા જરૂર એમ થયા કરે કે–' આ ભૂંડું થાય છે.' અને એથી બચવાના યોગ્ય ઉપાયો પણ યોજાય.

ઉન્નતિનો આ પ્રથમ ઉપાય :

આત્માના હિતને બગાડનારી વસ્તુઓને વર્જ્ય માનવી, એ આત્માની ઉન્નતિ માટેની યોગ્યતા છે : આત્માની ઉન્નતિ સાધવી હોય તો પહેલી આ લાયકાત જોઈએ. આ રીતિએ અત્યાર સુધી લાયકાતની વાત કરી. મળી ગએલી બાહ્ય વસ્તુઓને ભોગવવા ખાતર ભોગવવી, એ પણ ડહાપણ નથી. શરીરથી માંડીને સઘળીય વસ્તુઓ પર છે : એને મારી માનીને ભોગવવી, રાગપૂર્વક ભોગવવી, એ આત્માની અવનતિનો ઉપાય છે : અને એને વર્જ્ય કોટિની માની એનાથી શક્તિ મુજબ બચવું અને પરની સહાય વિના જ સુખમયપણે જીવી શકાય એવી અવસ્થાને પ્રાપ્ત કરવાના કલ્યાણકારી પ્રયત્નમાં એનો ઉપયોગ કરવાને મથવું, એ જ આત્માની ઉન્નતિનો ઉપાય છે.

' વસુ વિના નર પશુ '–એ માન્યતા ફેરવવાની જરૂર :

આજે તો તમે નક્કી કર્યું છે કે–' વસુ વિનાના નર પશુ ! ' પણ એ કાઢી નાખો. વસુને મેળવવામાં

અને સાચવવામાં અનીતિ આદિ કરીને જીવનને બરબાદ કરનારાઓ તો પશુથીય ભૂંડા છે : આથી એ શબ્દો કાઢી નાખવા જોઈએ અને એને બદલે એવા શબ્દોનાં બૉર્ડ ટાંકી રાખવાં જોઇએ કે–

"શરીરથી માંડીને દુન્યવી સઘળી ય વસ્તુઓ પર છે : એને પોતાની માની રાગપૂર્વક ભોગવવી, એ આત્માની અવનતિનો ઉપાય છે અને એ વસ્તુઓને વર્જ્ય માનીને, યથાશક્તિ એનો ત્યાગ તથા સદુપયોગ કરવો, એ આત્માની ઉન્નતિનો ઉપાય છે."

જો આવા સંસ્કાર પડે, તો તમારા છોકરા પૈસા માટે કોઈને ભીખ માગતો ન કરે ! પ્રતાપને જંગલમાં રખડવું પડ્યું, છતાં એણે ટેક ન છોડી. એ પ્રતાપ કુળસંસ્કારનો છે. એ દશામાં તેનાં ભૂખે ટળવળતાં છોકરાં પણ ભીખ ન માગે, એ કુળસંસ્કારનો પ્રતાપ છે. એવી રીતિએ આત્માની ઉન્નતિ માટે જરૂરી સંસ્કાર પડે તો તમારો દીકરો પૈસા માટે અનીતિ ન કરે. તમે જો તેના સાચાજ પિતા થવાને ઇચ્છતા હો, તો એને શીખામણ દેજો કે–'બેટા ! ભૂખે મરવાનો વખત આવે અને બીજો કોઈ નીતિયુક્ત ઉપાય ન હોય તો ભૂખે મરજે, પણ અનીતિ ના કરતો !' સાચાં માબાપ તે કહેવાય, કે જે સંતાનને અનીતિ આદિના રસ્તે નહિ ચઢાવતાં, બાહ્ય વસ્તુઓના ભોગવટામાં આંધળો નહિ બનાવતાં,

રીતસર પાળે અને છેવટે મુક્તિસુખનો એ ભોક્તા બને તેવા પ્રયત્નો કરે! એ તો દીકરાને કહે કે-'તું લાખ કમાઈશ પણ પાપી થઈશ તો મને દુઃખ થશે: અને ભૂખે મરવા જેવી દશા આવે તે છતાં પણ પાપ નહિ કરતાં ભૂખે મરીશ તો પણ આનંદ થશે. કોઈ કહેશે તો કહીશ કે-એ મારો દીકરો હતો માટે જ એણે પાપ કરવાનું પસંદ ન કર્યું અને પોતાના આત્માનું કલ્યાણ સમજીને પાપોદયે આવેલી દુઃખી હાલતને સમભાવે વેઠી લીધી!' પણ 'વસુ વિનાના નર પશુ'-એવી વાતો કરનારાં માબાપો એવી હિતશિક્ષા નહિ આપી શકે અને એવા સંસ્કારો પણ નહિ પાડી શકે, માટે-'વસુ વિનાના નર પશુ' એ માન્યતા ફેરવવાની પણ ખાસ જરૂર છે.

આત્મોન્નતિ સાધવા માટે ચાર ગુણો કેળવવાની જરૂર

આત્માની ઉન્નતિ સાધવાનો સારામાં સારો ઉપાય તો, પર વસ્તુઓનો મન, વચન અને કાયાથી કરવા-કરાવવા અને અનુમોદવા રૂપે ત્યાગ કરવો અને શરીર આદિ પર વસ્તુઓનો કેવળ સદુપયોગ કરવો, એ છે: એવા ત્યાગને અને સદુપયોગને જ આરાધવાનો પ્રયત્ન કરનારા, સૌથી ઉચ્ચ કોટિના આત્મકલ્યાણ સાધનારા છે: પણ આજે તમે એ કોટિમાં આવો એમ લાગતું નથી: માટે આત્માની ઉન્નતિના ઉપાય તરીકે ચાર ગુણો કેળવવાનું સૂચવાય છે. ૧-સદ્‌વિચાર, ૨-સહિષ્ણુતા, ૩-સદાચાર અને ૪-ઉદારતા. આ ચાર ગુણો વાસ્તવિક રૂપે

આવે, એટલે થોડી–ઘણી પણ આત્માની ઉન્નતિ જરૂર સધાય અને પછી સઘળી ય પર વસ્તુઓનો ત્યાગ કરવાનું સહેલું થઇ પડે. આ ગુણોની જરૂરીયાત સમજાય, એ માટે આટલી લાંબી ભૂમિકા કરવી પડી : કારણ કે– વર્જ્ય વસ્તુઓને વર્જ્ય તરીકે અને ઉપાદેય વસ્તુઓને ઉપાદેય તરીકે સમજાયા વિના, આ ગુણો પણ વાસ્તવિક રીતિએ આવતા નથી. સામાન્ય પ્રકારના ઉત્તમ ગુણો પણ વાસ્તવિક કોટિના ગુણો તરીકે લાવવા હોય, તો પણ સમજી જ લેવું જોઇએ કે–' આ શરીર આદિ સઘળું જ પર છે અને એ પ્રત્યે મમત્વ રાખવું,–એ આત્માને ડુબાવવા માટે જ છે! '

સદ્‌વિચાર :

' જેમ આપણે આપણું ભલું ઇચ્છીએ છીએ, તેમ બધા જીવોનું ભલું ઇચ્છવું '–એ સદ્‌વિચાર છે અને આ સદ્‌વિચાર એવો છે, કે જે બીજા સર્વ સદ્‌વિચારોને ઘસડી લાવી શકે. કોઈ પણ જીવના ભૂંડાની ભાવના સ્વપ્ને પણ નહિ આવવી જોઈએ અને સૌના ભલાની ભાવના સદાને માટે જીવન્ત બની જવી જોઈએ. વાસ્તવિક રીતિએ આવો સદ્‌વિચાર તે આત્માઓના અંતરમાં જ પ્રગટે, કે જે આત્માઓનું વિવેકચક્ષુ ખૂલ્યું હોય કે ખૂલવાની તૈયારીમાં હોય અને એથી દુન્યવી સ્વાર્થની કામના ઘણી મોળી પડી હોય. સૌના ભલાની ભાવના દુનિયાના સ્વાર્થિમાં આવે ?

પૈસા માટે કાળાં-ધોળાં કરનારમાં આવે ? આત્
સિવાયની બધી વસ્તુઓને પર માન્યા વિના આવે
નહિ જ ! પૈસા આદિ દુન્યવી વસ્તુઓને સુખનું કાર
માનીને ગમે તે પ્રકારે પણ એ મેળવવી, એવા ધ્યેયવાળ
આદમીમાં કદિ પણ આવો સદ્‌વિચાર યથાસ્થિતપ
આવે નહિ ! ત્યારે સદ્‌વિચાર વિનાનો આદમી આંગ
ચઢાવવા જેવોય છે ખરો ? જેનામાં બીજા જીવે
ભૂંડું નહિ ઇચ્છવાની અને કોઈનું પણ ભલું થાય
સારૂં-એવું વિચારવાની લાયકાત નથી, એને આદ
કોણ કહે ? પણ જ્યાં લગભગ બધા જ પરમાં ખૂ
ખૂબ મુંઝાએલા હોય, ત્યાં આવો વિચાર કરે જ કોણ ?

સહિષ્ણુતા :

પહેલો ગુણ સદ્‌વિચાર અને બીજો ગુણ સહિષ્ણુત
આવી પડેલી આફતને સહન કરી લેવાની જેનામાં ટ
ન હોય, એ સદ્‌વિચારને શી રીતિએ ટકાવી શકે ? ગ
તેવી આફત આવે, પણ તેને જો સમભાવે સહવાની
હોય તો જ સદ્‌વિચાર ટકવો સહેલો. સદ્‌વિચાર હો
તો સહિષ્ણુતા કેળવાય અને સહિષ્ણુતા હોય તો સ
વિચાર ટકે. વાત-વાતમાં ગુસ્સો આવે તો સદ્‌વિચ
ટકે નહિ. સહિષ્ણુ આત્મા ભલે પોતાની મીલ્કત કે
ઉઠાવી ન જાય એ માટે પ્રયત્ન કરે, છતાં કોઈ મીલ
ઉઠાવી જાય તો એના પ્રત્યે દુર્ભાવ લાવી એનું ભૂંડું
ચિંતવે. ગએલું પાછું મેળવવાનો પ્રયત્ન કરે, છતાં

એનો કલ્યાણભાવના રૂપ સદ્‌વિચાર જાય નહિ. દુનિયાના ધન વિગેરે પદાર્થો વર્જ્ય સમજાયા હોય, સદ્‌વિચાર હૃદયમાં બેઠો હોય અને સહિષ્ણુતા કેળવી હોય, તો જ એવા પ્રસંગે પણ દુર્ભાવ ન આવે.

સદાચાર :

સહિષ્ણુતા કોણ જાળવી શકે? સદાચારી હોય તે! આજે સદાચારમાં કયી દશા છે? આજે કેટલાકો રાવણનું નામ આવે છે, તો મોંઢું મરડે છે : કારણ? રાવણ કરતાં એ સારા છે માટે? રાવણ તો એક માત્ર સતી સીતાજીને ઉઠાવી ગયા; એ જ એમનો ગૂન્હો કે બીજું કાંઇ ખરૂં? ત્યારે શું રાવણનું નામ સાંભળીને મોંઢું મરડનારા શ્રી રાવણથી સારા છે? કે એમનાથી પણ વધારે ભૂંડા છે?? શ્રી રાવણ તો માત્ર ઉઠાવી ગયા, પણ શ્રીમતી સીતાજીના સતીવ્રતનો ભંગ એમણે બલાત્કારે ન કર્યો. શ્રી રાવણને એવો નિયમ હતો કે-'કોઈ પણ પરસ્ત્રી ઉપર બળાત્કાર કરવો નહિ. તે જ્યાં સુધી પોતાને ન ઇચ્છે, ત્યાં સુધી તેણીની ઇચ્છા વિરૂદ્ધ તેણીને ભોગવવી નહિ.' સદાચારની એ પ્રતિજ્ઞાએ એમને બચાવ્યા. શ્રીમતી સીતાજીએ તેમને ઓછાં કઠોર વચનો કહ્યાં નથી, છતાં એ સહન કર્યાં, એ પ્રતાપ કોનો? એ પ્રતાપ સદાચારનો ખરો કે નહિ? એ ધારત તો અત્યાચાર ન કરી શકત? બળાત્કારથી શ્રીમતી સીતાજીના શીલનો ભંગ ન કરી શકત? શ્રીમતી સીતાજી

તે વખતે શીલ બચાવવા ગમે તે કરત, પણ રાવણમાં ઓછી શક્તિ હતી ? છતાં પોતે પ્રાર્થના જ કર્યા કરે અને શ્રીમતી સીતાજીનાં કઠોરમાં કઠોર વચનો પણ સહન કરે, એ પ્રતાપ સદાચારના નિયમનો ! ઉઠાવી ગયા એ ખરાબ કર્યું, પણ એક પ્રબળમાં પ્રબળ સત્તાધીશ હોવા છતાં બળાત્કાર ન કર્યો, એ જેવી-તેવી વસ્તુ છે ? આજે દુનિયાના જીવો શ્રી રાવણ જેવા પણ છે ખરા ? એ ઉઠાવી ગયા, પણ આજનો ઘણો ભાગ એથી ય આગળ વધ્યો છે કે નહિ ? શ્રી રાવણના જેવી પ્રતિજ્ઞા કરવા પણ તૈયાર છો ? એવી પ્રતિજ્ઞા કરવાને પણ આજે બહુ જ ઓછા તૈયાર થાય તેમ છે : માટે મર્યાદિતપણે એ જ કહેવાય કે-સદાચાર કેળવો ! સદાચાર એ વ્યવહાર અને ધર્મ બન્નેને દીપાવનાર ગુણ છે અને દુરાચાર, એ વ્યવહાર અને ધર્મ બન્નેને લજવનાર દુર્ગુણ છે. સદાચારી કુળદીપક છે અને દુરાચારી કુળમાં કલંક સમાન છે.

ઉદારતા :

સદાચારને ટકાવવા માટે ઉદારતા જોઇએ. કોઇના પણ ભોગોપભોગમાં કામ લાગી શકે એવા પદાર્થોને માટે-'કોઈનું મારે નહિ ભોગવવું, પણ મારૂં સૌ ભોગવો'-એ જાતિની મનોવૃત્તિ એ ઉદારતા છે. જેનામાં આવો ઉદારતા ગુણ હોય, તેનામાં કોઈનું પડાવી લેવાની કે પચાવી પાડવાની ઇચ્છા ન હોય. પોતાનું સૌને

ઉપયોગમાં આવો, એ જ એની ઇચ્છા. જરૂર પડે અને બીજાની વસ્તુ લેવી પડે તો લે, પણ એ વસ્તુને બગાડવાની કે પચાવી પાડવાની દાનત ન હોય: તેમજ પોતા પાસે જે હોય તે બીજાના ઉપયોગમાં આવી જાય, તો એ નાખૂશ ન થાય. ઉદારતા વિના સદાચાર ટકી શકે નહિ, સદાચાર વિના સહિષ્ણુ બની શકાય નહિ અને સહિષ્ણુતા સદ્‌વિચાર વિના ટકે નહિ. આ ચારે ગુણોની એક-બીજા સાથે સંકળાએલ સંકલના છે.

ઉપસંહાર:

જે આત્માને એટલું સમજાઈ જાય કે-'દુનિયાના સઘળા પૌદ્‌ગલિક પદાર્થો ત્યાજ્ય કોટિના છે અને એને જ સાચવવાનો કે મેળવવાનો પ્રયત્ન કર્યા કરવો, એ ડહાપણભર્યું નથી, હિતકારક નથી, પણ નુકશાનકર્તા છે.'-તે આત્મા દુન્યવી પદાર્થોની ઉન્નતિમાં ઉન્નતિ માનનારો બની રહે, એ શકય જ નથી. એને તો એમ જ લાગે કે-'મારે એક આત્માની ઉન્નતિ તરફ જ લક્ષ્ય આપવું જોઇએ.' આત્માની ઉન્નતિ સાધવાનો પરમ ઉપાય તો એ જ છે કે-'દુન્યવી સઘળીય વસ્તુઓના પાપસંસર્ગનો મનથી, વચનથી અને કાયાથી, કરવા-કરાવવા અને અનુમોદવા રૂપે ત્યાગ કરવો.'

આ પરમ ઉપાયનું આલંબન અમલના રૂપમાં ગ્રહણ કરવાને માટે આત્માને સત્ત્વશીલ બનાવવો જોઇએ. જ્યાં સુધી આત્મામાં એ જાતિનો પરિણામ ન જાગે અને

સત્ત્વ ન આવે, ત્યાં સુધી એ ભાવના અને સત્ત્વ કેળવાય તેવા પ્રયત્નો કરતા રહેવું જોઈએ, જે આત્માઓ સત્ત્વશીલ બનીને એ પરમ ઉપાયનું આલંબન ગ્રહણ કરી ચૂકયા હોય તેમની સેવા કરવી જોઈએ અને એ માર્ગને ગ્રહણ કરવા તૈયાર થનારા આત્માઓની અનુમોદના કરવી જોઇએ : તેમજ પોતાનું આત્મસત્ત્વ ખીલવવાને માટે, છેવટ કાંઈ ન બને તો પણ સદ્‌વિચાર, સહિષ્ણુતા, સદાચાર અને ઉદારતા,—એ ચાર ગુણો વાસ્તવિક રૂપમાં કેળવી લેવા જોઈએ.

આ ચાર સદ્‌ગુણો જેનામાં યથાસ્થિતપણે આવી જાય, તેનો આત્મા અવનતિને પામે નહિ અને એની ઉન્નતિ થોડા કાળમાં થાય. સર્વ પૌદ્‌ગલિક પદાર્થોનો સર્વથા ત્યાગ, જ્ઞાનિપુરૂષોએ દર્શાવેલા વિધિ મુજબ કરવો, એ આત્માની ઉન્નતિ કરવાનો પ્રબળ ઉપાય છે. એને માટે તમે અશક્તિ આદિ કહો તે કદાચ મનાય, પણ આ ચાર સદ્‌ગુણો તો તમે જીવનમાં ઉતારવા ધારો તો જીવનમાં જરૂર ઉતરી શકે તેમ છે. માત્ર એ માટે થોડો પણ યોગ્ય પ્રયત્ન કરવો જોઈએ. એ ચાર સદ્‌ગુણો આવ્યા વિના, આ જીવનમાં પણ શાંતિ થવાની નથી. એ ચાર સદ્‌ગુણો વિનાનું જીવન ખરાબ રીતિએ પસાર થાય છે. જે આત્મામાં બીજાનું ભલું ઈચ્છવાનો સદ્‌વિચાર નથી હોતો, તે આત્મામાં બહુ બૂરા વિચારો હોય છે. તમારામાં સદ્‌વિચાર છે ? જો સદ્‌વિચાર હોય, તો આજે તમારા તરફથી જે અન્યાયી અને અનાડી

પ્રવૃત્તિઓ ચાલી રહી છે, તે ચાલી શકે ખરી ? સહિષ્ણુતા તો, ન ચાલે ત્યાં સુધી જ રહે છે ને ? પરન્તુ એ વાસ્તવિક સહિષ્ણુતા નથી, પણ કાયરતા છે. આત્માને કષાયાધીન થવા દીધા વિના, કેવળ આત્માના હિતનો વિચાર જ દૃષ્ટિ સન્મુખ રાખીને સહન કરી લેવું, એ જ સાચી સહિષ્ણુતા છે. આફત લાવનાર તરફ પણ દુર્ભાવ ન આવવો જોઇએ. ત્રીજો ગુણ સદાચાર. એ કયાં સુધી ટકે, એ આત્માને પૂછજો. સદાચાર પણ સાચી ઉદારતા હોય તો ટકે ને ? ઉદાર હોય તે રસ્તે ચાલતાં ગમે તેવી ચીજને જોઇને પણ લોભાય નહિ. આજે આ ચારેય સદ્‌ગુણો લગભગ નષ્ટપ્રાય: જેવી દશા ભોગવી રહ્યા છે.

આ ચાર સદ્‌ગુણોને ખીલવવા હોય, આત્મસત્ત્વને વિકસાવવું હોય અને ધીમે ધીમે પણ આત્માની ઉન્નતિ સાધવી હોય, તો દુનિયાની બધી અહિતકર પૌદ્‌ગલિક વસ્તુઓને પર માનવી જોઇએ. જ્યાં સુધી એ માન્યતા નહિ થાય અને નાશવંત પદાર્થોમાં આંધળું મમત્વ રહેશે, ત્યાં સુધી સમાધિપૂર્વક જીવાશેય નહિ અને સમાધિપૂર્વક મરાશેય નહિ. જન્મ્યા રોતા રોતા, જીવો છો પણ રોતા રોતા અને આ રીતિએ મરવું પડે તો મરવાના પણ રોતા રોતા,—એમ તમને હવે લાગે છે કે નહિ ? રોતા જન્મ્યા એમાં તો નિરૂપાય હતા, પરન્તુ હસતા હસતા સમભાવે જીવવું હોય અને હસતા હસતા સમાધિમય અવસ્થાને ભોગવતા મરવું હોય, તો દુનિયાના પૌદ્‌ગલિક પદાર્થોને પર માની, એ સર્વનો સર્વથા ત્યાગ કરવાનું ન બની શકે

તો પણ, છેવટમાં છેવટ સદ્વિચાર, સહિષ્ણુતા, સદાચાર અને ઉદારતા,–એ ચાર સદ્ગુણો ખીલવવા જોઇએ. આટલું કરો તોય હસીને સમભાવે જીવાય અને હસીને સમાધિપૂર્વક મરાય. જન્મ્યા ત્યારે બીજા હસ્યા ને તમે રડ્યા, હવે એવી રીતિએ જીવો અને એવી રીતિએ મરો કે–'તમે હસો ને બધા રડે!' આથી બીજાઓને રડાવવાનું સાધુ કહેતા હતા એવો અર્થ કાઢવાની બેવકૂફી નહિ કરતા! આનો અર્થ તો એટલો જ છે કે–જીવનને વધુમાં વધુ સુન્દર બનાવવું, કે જેથી મૃત્યુ વખતે જાણનારાને લાગે કે–'એક મહાન્ ઉપકારી આત્મા ગયો!' એ વખતે એ તમારા સમાધિમય મરણને ન રડે, તમારા તેવા મરણની તો પ્રશંસા જ કરે, પણ તમારાથી થતા ઉપકારનો જે અભાવ થયો, એને યાદ કરીને રડે! પણ આજે તો હસીને પાપ કરાય છે, એથી જીવાય છે પણ રડતાં અને મરાય છે પણ રડતાં! માટે છેવટ એટલું તો જરૂર કરવું જોઇએ કે–

(૧) બીજા જીવોનું ભલું ન થાય તો કાંઈ નહિ, પણ કોઈનુંય ભૂંડું તો ન જ ઇચ્છવું:

(૨) પ્રતિકૂળ સંયોગોને સમભાવે સહન કરવાની શક્તિ કેળવવી. ગમે તેવા પ્રતિકૂળ સંયોગો આવે પણ મુંઝાવું નહિ અને માનવું કે–આપણી આફત આપણે ઉભી કરેલી છે, માટે હસીને ભોગવીએ કે રડીને ભોગવીએ, પણ ભોગવ્યે જ છૂટકો છે:

(૩) સદ્‌વિચાર અને સહનશીલતાને ટકાવવા માટે પણ સદાચારી બનવું જોઈએ અને દુરાચારનો ત્યાગ કરવો જોઈએ : તેમજ–

(૪) ઉદારતાનો ગુણ કેળવવો જોઇએ.

જે આત્માઓ પોતાના જીવનમાં છેવટ આ ચાર સદ્‌ગુણોને ખીલવવા મથે છે, તે આત્માઓ પણ પોતાની મનુષ્ય તરીકેની ફરજ અદા કરી શકે છે અને મનુષ્ય છતાં પશુ જેવું તથા આર્ય છતાં અનાર્ય જેવું જીવન જીવવાથી બચીને સ્વપર–કલ્યાણ સાધી શકે છે. આજે ચોવીસે ય કલાકની પ્રવૃત્તિમાંથી આત્મા ભૂલાયો છે, એને બદલે ચોવીસે ય કલાક આત્માની યાદ કાયમ રહે એમ કરવું જોઈએ : અને એ રીતિએ સ્વપરનો વિવેક કરીને યોગ્ય રીતિએ વર્તનારા આત્માઓ, આ દુર્લભ માનવજીવનની પ્રાપ્તિને સારામાં સારી રીતિએ સફળ બનાવે છે : અર્થાત્–આત્માની ઉન્નતિ સુન્દર પ્રકારે સાધી શકે છે. તમે બધા આ રીતિએ તમારા આ જીવનને ઉજાળનારા બનો અને ક્રમશઃ શાશ્વત સુખના ભોક્તા બનો, એ જ એક કલ્યાણકામના !

માનવજીવનની સાર્થકતા

વિ. સં. ૧૯૯૧ મ
માંડલમાં
અપાએલું

આજનું વ્યાખ્યાન શા માટે ?

વિશ્વના સઘળાએ તત્ત્વજ્ઞાનિઓએ, દરેક જાતિ
ઉપદેશો આપવામાં, મનુષ્યોને જ પ્રધાનપદ આપ્યું દે
તેઓએ જે જે ઉપદેશો આપ્યા છે, તે સઘળા ઉપદેશે
પ્રાયઃ મનુષ્યોને જ ઉદ્દેશીને આપ્યા છે. મનુષ્યોને
ઉદ્દેશીને ઉપદેશ આપવાનું કારણ એ છે કે–ઉત્ત
ઉપદેશનો ઉત્તમમાં ઉત્તમ પ્રકારનો અમલ, ઉત્તમ કોટિ

મનુષ્યો જ કરી શકે છે. તત્ત્વજ્ઞાની મહાપુરૂષોના ઉપદેશનો જેવો અમલ મનુષ્યો કરી શકે છે, તેવો અમલ મનુષ્ય સિવાયના પંચેન્દ્રિય પ્રાણિઓ અને ખૂદ દેવતાઓ પણ કરી શકતા નથી. કારણ એ છે કે–તત્ત્વજ્ઞાની મહાપુરૂષોના ઉપદેશનો સર્વોત્તમ પ્રકારનો અમલ કરવાની સામગ્રી માત્ર મનુષ્યોને જ મળી શકે છે. તેવી સામગ્રી મનુષ્યેતર પ્રાણિઓને મળી શકતી જ નથી. આ જ કારણે, દરેકે દરેક તત્ત્વજ્ઞાનિઓએ મનુષ્યજીવનની મહત્તા ગાઇ છે. સારામાં સારા અને એકાન્તે ઉપકારી એવા પણ તત્ત્વજ્ઞાની પુણ્યપુરૂષોએ જે મનુષ્યજીવનની મહત્તા ગાઈ છે, તે મહત્ત્વનું મનુષ્યજીવન કયી રીતિએ સાર્થક થઈ શકે, શું કરવાથી સાર્થક થઈ શકે અને કયી રીતિએ વર્તવામાં આવે તો ઉત્તમ મનુષ્યજીવન આપણને ફળ્યું કહેવાય, એ ચર્ચવાને માટે જ આજનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું છે. “ માનવજીવનની સાર્થકતા ” વિષે આજનું વ્યાખ્યાન રાખવાનું કારણ એ છે કે–“ ઉત્તમ જીવન મળે અને તેને જો સાર્થક ન કરાય, તો એ મળવા માત્રથી જ આનંદ પામવા જેવું નથી. ઉત્તમ જીવન પ્રાપ્ત થવા સાથે તેની સાર્થકતા પણ સધાય તો જ આનંદ પામવા જેવું છે.” –આ વાત તમારા ધ્યાનમાં આવે. સારી વસ્તુ મળી જાય અને એને જો સાર્થક ન કરાય, એને સફળ કરવાનો પ્રયત્ન કરવામાં ન આવે, તો એ સારી પણ વસ્તુની કિંમત, તે આત્માને માટે ઘટી જાય છે. આપણને મળેલા આ કિંમતી માનવજીવનના સંબંધમાં આવું ન બને અને

આપણે આ કિંમતી જીવનદ્વારા બની શકે તેટલો વધારે કિંમતી લાભ ઉઠાવી શકીએ, એવું તો આપણે જરૂર ઇચ્છીએ અને આજના આ પ્રયત્નનો મૂળભૂત હેતુ અથવા તો સાર-જે કહો તે એ જ છે.

સદુપયોગ ન કરે એ કિંમત ઘટાડે !

'ઉત્તમ મનુષ્યજીવનને પામીને શું કરવું જોઈએ ?'-તેનો જેઓ વિચાર નથી કરતા, ઉત્તમ મનુષ્યજીવનને સાર્થક કરવાનો વિચાર કરીને પણ જેઓ મનુષ્યજીવનની સાચી સાર્થકતા કોને કહેવાય અને તે કેમ સધાય, એનો દીલચશ્પીથી વિવેકપૂર્વક વિચાર નથી કરતા તેમજ મનુષ્યજીવનને સાર્થક કરવાના ઉપાયોને જાણ્યા પછી પણ તે ઉપાયોને સેવવામાં તત્પરતા દાખવવાને બદલે જેઓ બેદરકારી દાખવે છે, તેઓ પોતાની અને પોતાને પૂર્વના પુણ્યે પ્રાપ્ત થઇ ગએલા ઉત્તમ એવા પણ આ મનુષ્યજીવનની કિંમત ઘટાડનારા જ બની જાય છે. દુનિયામાં પણ કહેવાય છે કે-" સારી વસ્તુઓ અયોગ્યના હાથમાં દેવી નહિ : અયોગ્યના હાથમાં જવાથી, સારી પણ વસ્તુની કિંમતને હાનિ પહોંચે છે." ઘડો કાચો હોય, છતાં એમાં પાણી ભરવામાં આવે તો ફાયદો કોને ? ઘડાને, પાણીને કે પાણી ભરનારને ? કોઇને જ નહિ. ઘડો ભાગી જાય, પાણી ઢોળાઈ જાય અને પાણી ભરનારની મહેનત બરબાદ જાય. વળી તે ઘરમાં ભાગે તો ઘર ભીંજવે અને ઉપાડીને ચાલતો હોય તો શરીર

ને કપડાં ભીંજવે. આથી સ્પષ્ટ છે કે-જે વસ્તુનો જેવો અને જેટલો ઉપયોગ કરવો જોઈએ, તે વસ્તુનો જો તેવો અને તેટલો ઉપયોગ કરતાં ન આવડે, તો વસ્તુનો નાશ થાય અને બીજી પણ ઘણી હાનિઓ ભોગવવાનો વખત આવી લાગે. સારી પણ વસ્તુ, ઉપયોગ કરતાં આવડે તો જ લાભનું કારણ બને છે. સદુપયોગ નહિ કરવાથી અથવા દુરૂપયોગ કરવાથી, કિંમતી પણ વસ્તુની કિંમત ઘટે છે: તેમજ જેને તે વસ્તુની પ્રાપ્તિ થઇ હોય છે, તેની પણ કિંમત ઘટે છે.

જાણવાનો અને આચરવાનો પ્રયત્ન કરવો જોઇએ:

આ વસ્તુનો વિચાર કરીને, જેઓને ઉત્તમ એવા મનુષ્યજન્મની પ્રાપ્તિ થઈ છે, તેમણે સમજવું જોઇએ કે-"જે ઉત્તમ વસ્તુ મળી ગઇ છે, તેની ઉત્તમતાને જાણવાનો અને સફળ કરવાનો પ્રયત્ન જો આપણે નહિ કરીએ, તેને સફળ કરવાનાં સાધનોનો આપણે જો આપણા જીવનમાં અમલ નહિ કરીએ અને તેને સાર્થક બનાવનાર વસ્તુઓની આપણે જો જિન્દગીના અન્ત સુધી ઉપેક્ષા જ કર્યા કરીશું, તો આ ઉત્તમ પણ વસ્તુને કલંકિત કરવાનું કલંક આપણે કપાળે ચોંટશે." માટે, જે આત્માઓ ઉત્તમ એવા મનુષ્યજન્મને પામ્યા છે, તેઓએ બેદરકાર નહિ બનતાં, નાશવંત વસ્તુઓની પ્રાપ્તિ અને સાચવણી પાછળ ઘેલા નહિ બનતાં, ઉત્તમ મનુષ્યજીવન કયી રીતિએ સાર્થક થાય, તે જાણવાનો અને

તે મુજબ આચરણ કરવાનો શક્ય પ્રયત્ન કરવો જોઈએ.

વાંઝીયું જીવન :

તમે જાણતા હશો કે-જે વૃક્ષોને ફળ નથી આવતાં, તે વૃક્ષો દુનિયામાં વાંઝીયાં ગણાય છે. એ રીતિએ, આ મનુષ્યજીવન પણ, જો એને સાર્થક કરનારા આચારોથી વંચિત રહે, તો વાંઝીયું ગણાય. ફળ વિનાની શોભા, એ વાસ્તવિક શોભા નથી : ફલહીન વૃક્ષોની શોભા, એ વાસ્તવિક શોભા ગણાતી નથી : તો વિચારો કે-પોતાને મળેલું મનુષ્યજીવન વાંઝીયું ન જાય, તેની ચિન્તા કેટલા કરે છે ? 'આપણું જીવન નિષ્ફલ જાય છે કે સફલ થાય છે ?'-એવો વિચાર કેટલાકોએ કર્યો હશે ?

સફળતા ક્યારે ?

ઉત્તમ મનુષ્યજીવન પ્રાપ્ત તો થયું, પણ એ પ્રાપ્ત થયાની વાસ્તવિક સફળતા ક્યારે ? ત્યારે જ, કે જ્યારે એની વાસ્તવિક કિંમત સમજાય ! મનુષ્યજીવનની વાસ્તવિક સફળતા ત્યારે જ થાય, કે જ્યારે એની સફળતાને સંભળાવનાર યોગ્ય ધર્મગુરૂ મળે, એ ધર્મગુરૂ મનુષ્યજીવનને સફળ કરવાના જે માર્ગો દર્શાવે તે માર્ગોનો વિચાર કરાય અને એ પછી પણ તે તે માર્ગોનો શ્રદ્ધાપૂર્વક અમલ કરવામાં આવે ! ઉત્તમ મનુષ્યજીવનની કિંમત સમજાય નહિ, એને સફળ કરવાના માર્ગો દર્શાવનાર મળે નહિ, એ માર્ગોનો વિચાર કરાય નહિ

અને વિચાર કરીને પણ જો એ માર્ગોનો જીવનમાં શ્રદ્ધાપૂર્વકનો શકય અમલ થાય નહિ, તો ઉત્તમ એવા મનુષ્યજીવનની પ્રાપ્તિ થઈ ગઇ, એટલા જ માત્રથી બહુ ખૂશી થઈ જવા જેવું નથી.

ઉત્તમતાનો હેતુ :

મનુષ્યભવ મળી ગયો, એ જ પૂરતું નથી. મનુષ્યભવ, એ તો તરવાનું પરમ સાધન છે. તત્ત્વજ્ઞાનિઓએ આ જીવનનો જે મહિમા ગાયો છે, તેનું એક જ કારણ છે. અને તે એ કે–" આ જીવનમાં જો બરાબર પ્રયત્ન કરવામાં આવે, તો આત્માનું જે વાસ્તવિક સ્વરૂપ છે, તેને પ્રગટ કરવામાં આ જીવન ઘણી સારી રીતિએ સફળ થઇ શકે તેમ છે." આ જીવનમાં આત્માને પોતાનું સ્વરૂપ પ્રગટાવવાની, પુણ્યોદય અને લઘુકર્મિતાના યોગે, બીજા કોઇ ભવમાં ન મળી શકે તેવી ઉત્તમ પ્રકારની સામગ્રી પણ મળી શકે છે અને એ માટે જ આ જીવનનો મહિમા ગવાયો છે. મનુષ્ય સિવાયનાં જીવનોમાં તેવી વિશિષ્ટ સામગ્રી મળી શકતી હોત, તો આ જીવન આટલું કિંમતી ગણાત જ નહિ.

આત્મા ઉપાલંભપાત્ર ઠરે :

આમ છતાં પણ, જો તે સફળ ન થાય, જે હેતુથી આ મનુષ્યજીવનની મહત્તા ગવાઈ છે તે હેતુને સફલ ન કરાય, તો આ જન્મ ઉત્તમ છતાં અને તેની પ્રાપ્તિ

થઇ ગએલી હોવા છતાં પણ, આત્મા એને પામીને જે મેળવવા યોગ્ય છે તે ન મેળવી શક્યો, માટે ઉપાલંભપાત્ર ઠરે છે: કારણ કે–યોગ્ય વસ્તુ પામે અને ફળ ન લે, તે વ્યવહારમાં પણ મૂર્ખો ગણાય છે.

મહામૂર્ખ હોય છતાં કહેવાય નહિ:

વ્યવહારમાં જેમ સારી વસ્તુ મળી જાય તે છતાં પણ તેનાથી લેવાજોગું ફળ લેવાની બેદરકારી સેવનારો મૂર્ખ ગણાય છે, તેમ અહીં પણ આવા ઉત્તમ મનુષ્યજીવનને પામીને, એને જો સફળ ન કરાય, તો મહામૂર્ખ જ કહેવાય ને? જો કે–એવી રીતિએ વર્તનારા, એટલે કે–આવી ઉત્તમ વસ્તુની પ્રાપ્તિને પણ નિષ્ફલ કરનારા, એટલું જ નહિ પણ આવી ઉત્તમ વસ્તુની ભવિષ્યની પ્રાપ્તિને પણ દુર્લભ બનાવનારી ક્રિયાઓ કરનારા મહામૂર્ખ છે, એ તદ્દન સ્પષ્ટ બીના છે: પણ એવા મહામૂર્ખ આત્માઓને મહામૂર્ખ કહેવાય અને તેથી પણ તેઓને ચાનક લાગતાં સુધરે, એવી પણ સ્થિતિ આજે બહુધા છે નહિ!

મહામૂર્ખ દોઢડાહ્યા હોય છે:

મહામૂર્ખને મૂર્ખા કહેવા, એ પણ આફત વહોરવા જેવું છે! મૂર્ખાને મૂર્ખ કહેવાય, પણ મહામૂર્ખાને મૂર્ખ કહેવામાં ય આફત. મૂર્ખમાં તો સહવાની તાકાત હોય છે, પણ મહામૂર્ખ તો એવા દોઢડાહ્યા હોય છે કે–પોતે મહામૂર્ખા હોવા છતાં, તેઓ પોતાની જાતને સૌ કરતાં વધારે ડાહ્યા માને છે.

મૂર્ખ કોને કહેવાય?

વ્યવહારમાં તમે કોઇને અમૂક કામને માટે મોકલો છો અને તે કામ નથી થતું ત્યારે એને મૂર્ખ કહો છો, તો એને શરમ આવે છે. એ સમજે છે કે–'મને મૂર્ખ કહ્યો તે વાસ્તવિક છે.' એને એમ થાય છે કે–'મને હુંશીયાર ધારીને અમૂક કાર્ય માટે મોકલ્યો, હું તે કાર્ય કરી શક્યો નહિ, માટે એ મને મૂર્ખ કહે તે સ્વાભાવિક છે.' કેટલાક તો ઉલ્ટું એમ પણ કહે છે કે–'એણે જે મારા પર વિશ્વાસ મૂક્યો, એ વિશ્વાસનો મેં ઘાત કર્યો: કારણ કે–જે કાર્ય મારે કરવું જોઈતું હતું તે મેં કર્યું નહિ!!' આનું કારણ શું? એજ કે–'યોગ્ય કાર્ય ન કરે તે મૂર્ખ કહેવાય'–એમ એ જાણે છે: આથી વ્યવહારમાં જો એને કોઈ મૂર્ખ કહે તો તે સહી લે છે!

વ્યવહારમાં સહનારા અહીં કેમ સહી શકતા નથી?

પણ આ મનુષ્યજન્મને પામીને કરવા યોગ્ય નહિ કરનારને અને નહિ કરવા યોગ્ય કરનારને જો મૂર્ખ કે મહા-મૂર્ખ કહો, તો કેટલાક એવા પણ છે, કે જેઓ મારામારી કરવા ઉઠે. આનો હેતુ શોધી કાઢો! દુનિયામાં જેઓ નહિ જેવા સ્વાર્થ માટે પણ મૂર્ખ કે મહામૂર્ખ વિગેરે સંબોધનો પણ શરમાવા સાથે સહન કરે છે, તેઓ અહીં કેવળ હિતબુદ્ધિથી અને હિતસાધનાની ચાનક લાગે એજ એક હેતુથી કરાતું વર્ણન પણ સહન નથી કરી શકતા, તેનું કારણ શું? તેનું કારણ એ છે કે–

પ્રણે એમણે ઈષ્ટસિદ્ધિ માની છે માટે એ બધું સહન કરીને પણ ભૂલને સુધારવાનો પ્રયત્ન કરે છે અને અહીં તેવી ઈષ્ટસિદ્ધિ નથી માની, માટે સામે થાય છે.

સજ્જનો સાથે દુર્જનોને સનાતન વૈર હોવાનું કારણ:

કોઇ પૂછે કે–દુર્જનો સજ્જનના વૈરી કેમ? દુર્જન અને સજ્જનનું વૈર સનાતન કાળનું છે. સજ્જનોએ કાંઇ દુર્જનોનું બગાડ્યું નથી, છતાં દુર્જનોને સજ્જનો તરફ વૈર હોવાનું કારણ શું? એ જ કારણ છે કે–સજ્જનો દુર્જનોની પ્રવૃત્તિમાં આડે આવે છે, આડખીલી રૂપ બને છે. જો કે–સજ્જનો કાંઈ દુર્જનોની આડે આવવાને ઈચ્છતા નથી કે તેમને આડખીલી રૂપ થવાને પણ ઈચ્છતા નથી, પરન્તુ દુર્જનોને તો એમ જ લાગે છે કે–'સજ્જનો અમારી પ્રવૃત્તિમાં આડે આવનારા છે, અમારા માર્ગમાં આડખીલી રૂપ છે.' કારણ કે–સજ્જનો બોલે અને દુર્જનો આપોઆપ હલકા પડે. તેમને હલકા પાડવાની, સજ્જનની ઈચ્છા સરખી ય ન હોય, છતાં પણ દુર્જનો હલકા પડે: કારણ કે–સજ્જનની સજ્જન–પ્રવૃત્તિ દુર્જનની પ્રવૃત્તિને આપોઆપ દુર્જન–પ્રવૃત્તિ તરીકે જાહેર કરે છે. સજ્જન એમ કહે કે–' સાચું બોલવું.'–એટલે ઝટ જુઠું બોલનારને આડું આવે: જુઠું બોલનારા હલકા પડે. દુર્જનોને સજ્જનોની સાથે શાશ્વત વૈર હોવાનું આ જ કારણ છે. આવી જ રીતિએ સજ્જનોની સઘળીય પ્રવૃત્તિઓ દુર્જનોને પોતાની પ્રવૃત્તિઓમાં આડે આવનારી લાગે છે.

સત્પુરૂષો કોને દુશ્મન રૂપ લાગે ?

એ જ રીતિએ માનવજીવનને નિષ્ફલ કરનારાઓને, માનવજીવનને બરબાદ કરનારાઓને, માનવજીવન પામીને જે હેતુ સાધવો જોઈએ એ હેતુને નહિ સાધતાં વિપરીત પ્રવૃત્તિ કરનારાઓને, માનવજીવનની સાર્થકતા દર્શાવનારા સત્પુરૂષો દુશ્મન જેવા લાગે છે અને એથી જ એવી રીતિએ ઉત્તમ વસ્તુનો દુરૂપયોગ કરનારને, હિતબુદ્ધિથી વસ્તુસ્વરૂપ દર્શાવવા માટે મહામૂર્ખ કહેવામાં પણ પ્રાયઃ આફત વહોરવા જેવું જ થાય છે. એ તો એમ જ માને કે–'અમારી નિંદા કરે છે.' આવા આત્માઓ પ્રાયઃ સુધરી શકતા નથી. પોતે ભૂલ કરતો હોય, છતાં વ્યાજબી ઠપકો સાંભળવા જેટલી પણ જેનામાં લાયકાત ન હોય, તે પોતાની ભૂલને સુધારી શકતો નથી.

શરીરની જેટલી ગરજ છે, તેટલી
ગરજ શરીર જે માટે છે તેની નથી !

દુનિયાના વૈદ્યો કે ડૉકટરોને તો, દર્દિઓની દવા કરવામાં દર્દિઓ તરફથી ઘણી ઘણી અનુકૂળતા મળે છે. દર્દિને બોલાવવા એમને જવું પડતું નથી, પણ દર્દી એની મેળે સામે આવે છે : તપાસવાના અને દવાના પૈસા આપવા પડે છે, છતાં–'સાહેબ ! મહેરબાની કરીને મને વહેલો તપાસો !'–એમ કહીને દર્દી પરાણે શરીર બતાવે છે : વગર પૂછ્યે પોતાને થતું દર્દ કહે છે : અને પેલો કાંઈ પણ કહે, એ પહેલાં તો, એમ પણ કહી દે

છે કે–' સાહેબ ! આપ જેમ કહેશો તેમ વર્તીશ.' કારણ ? શરીરની ગરજ છે ! પણ જે માટે આ શરીર કિંમતી ગણાય છે તેની ગરજ દુનિયાના મોટા ભાગને નથી ! ! શરીરને કાંઇ પણ થાય, તો તરત જ વૈદ્ય કે ડૉકટરની પાસે દોડી જાય : શરીરનો તમામ ભાગ ઉઘાડો કરીને બતાવવો પડે તેમ હોય તો ઉઘાડો કરીને પણ બતાવે : પોતાને જ્યાં જ્યાં જે જે પ્રકારનું દુઃખ થતું હોય, તે સર્વ વિગતવાર કહે : અને–' આપ કહેશો તેમ કરીશ'– એમ કહીને રીતસર દવા ખાવાની તથા બરાબર પથ્ય પાળવાની ખાત્રી પણ આપે. કારણ ? એણે શરીરની કિંમત આંકી છે : પણ જેને માટે તત્ત્વજ્ઞાનિઓએ આ શરીરને કિંમતી ગણ્યું છે, તેની ચિંતા દુનિયાના મોટા ભાગને નથી.

રોગની માફક પણ દોષ ડંખે છે ?

શરીર માટે વૈદ્યની પાસે જેટલા મનુષ્યો જાય છે, તેટલા મનુષ્યો આત્મા માટે સત્પુરૂષોની પાસે જાય છે ખરા ? રોગ જેમ ભયંકર લાગે છે, તેમ દોષ ભયંકર લાગે છે ખરો ? જો રોગની માફક દોષ પણ ભયંકર લાગતો હોત, જો રોગની માફકેય દોષ ડંખતો હોત અને જો રોગને કાઢવા માટેની જેટલી કાળજી છે તેટલી પણ કાળજી દોષને કાઢવા માટેની હોત, તો આજે જેવી દશા પ્રવર્તી રહી છે, તેવી વિષમ દશા હોત ખરી ? નહિ જ ! શરીરના રોગ માટે શરીરના વૈદ્યો પાસે દોડી જવાય છે અને આત્માનો દોષ કાઢવાને માટે સત્પુરૂષો સામે

આવે તોય એવો ઉલ્લાસ જાગતો નથી, તેનું કારણ શું?

બાળક જેવા ય કયાં છો ?

સ૦ એ વિષયમાં હજુ બાળક જેવા છીએ, એટલે એમ થાય છે.

બાળક જેવા હો તો તો હજુ ય સારૂં, કારણ કે-બાળકમાં એક ગુણ હોય છે. તે વાલીપણાની છાયામાં રહે છે. બાળકમાં જો વાલીપણાની છાયામાં રહેવાનો ગુણ ન હોય, તો એ જીવી શકે અને ઉછરી શકે એમ તમને લાગે છે ખરૂં? એ ગુણ પણ તમારામાં છે ખરો ?

અજ્ઞાન જેવા ય છો ?

સ૦ બાળક જેવા નહિ તો અજ્ઞાની તો છીએ જ ને?

જેઓ માત્ર અજ્ઞાની હોય, તેમને તો હજુ પણ પહોંચાય : પણ આજે તો મોટે ભાગે એ દશા છે કે-પોતે મહા અજ્ઞાની હોય તે છતાં પણ-'અમે અજ્ઞાન છીએ.'-એમ કબૂલ નહિ કરે. અજ્ઞાન જો સજ્ઞાન સજ્જનની નિશ્રામાં રહે તો તો બહુ પંચાત નથી. સમ્યગ્જ્ઞાની સત્પુરૂષોની નિશ્રા સ્વીકારીને આજ્ઞાધીનપણે જીવન જીવનાર અજ્ઞાન આત્માઓ પણ, પોતાના જીવનની સુંદર પ્રકારે સાર્થકતા સાધી શકે છે: પણ આજે તો અજ્ઞાની છતાં જ્ઞાની હોવાનો ઘમંડ બહુ વધી ગયો છે, એ મોટી પંચાત છે. વિચાર કરો કે-તમે પોતે જ કોઇ સજ્ઞાન સજ્જનની નિશ્રા સ્વીકારી છે ખરી?

ટીકાપાત્ર તો ઉલ્લંઠ છે!

બાળક સ્વયં વૈદ્યને ત્યાં ન જાય, પણ મા-બાપ આદિ કોઇ પણ તેને વૈદ્યની પાસે લઈ જાય ત્યારે તો જાય ને? દવા પીવામાં આડાઇ કરે, પણ મા જરા કડક થાય અને હાથ-પગ વિગેરે દબાવે એટલે બસ. એ રીતિએ દવા પાઇ દીધા પછી બાળક કાંઈ ગાળો નથી દેતું. આજના અજ્ઞાનિઓની તો જમાત જ જૂદી છે: આજના અજ્ઞાનિઓ તો હિતશિક્ષા દેનારને ગાળો દે અને તેમનું ચાલે તો શું ન કરે એ કહી શકાય નહિ. ટીકાપાત્ર અજ્ઞાની નથી, પણ જે ઉલ્લંઠ હોય તે જ ટીકાપાત્ર છે.

અજ્ઞાની દયાપાત્ર છે!

અજ્ઞાની ઉપર તો દયા રાખવી જોઇએ, કારણ કે- અજ્ઞાની દયાપાત્ર છે. સજ્જનોએ એના ઉપર મહેરબાની કરવી જોઇએ: તેનું ભલું થાય તેમ કરવું જોઈએ: પણ અજ્ઞાનતાની સાથે ઉલ્લંઠાઈ હોય તેનું શું થાય? ઉલ્લંઠો પણ દયાપાત્ર તો છે જ: પરન્તુ તેમની ઉલ્લંઠાઈ તેમને તેમનું ભલું કરી શકે એવાઓથી દૂર રાખે છે.

હિતકારી સત્ય કહેવું જોઈએ:

માટે જ કહ્યું કે-એવા ઉલ્લંઠો મહામૂર્ખ હોવા છતાં, એમને સદ્બુદ્ધિથી વસ્તુસ્વરૂપ દર્શાવવા માટે કહેવાતો 'મૂર્ખ' શબ્દ સાંભળવો ગમતો નથી; છતાં તેવા જીવો ઉપર પણ આપણને દુર્ભાવ નથી. આપણે તો બધાની

પાસે માનવજીવનની સાર્થકતા સધાવવી છે: માટે ઉપકારિઓએ કહ્યું કે-સામાને ગમે કે ન ગમે, રૂચે કે ન રૂચે, મીઠું લાગે કે કડવું લાગે, પણ અવસર આવી લાગે તો હિતકર સત્ય અવશ્ય કહેવું જોઈએ.

હિતકરતાની પ્રધાનતા:

સ૦ શાસ્ત્રોમાં તો એમ આવે છે ને કે-'**सत्यमपि प्रियं ब्रूयात्**?'

હા, પણ સત્ય હોય, પ્રિય હોય, છતાં હિતકર ન હોય તો? પ્રિય સત્ય બોલવાથી હિત થતું હોય તો તો જાણે એ ઉત્તમ વાત છે, પણ પ્રિય સત્યથી અહિત થતું હોય તો? સત્ય જેમ પ્રિય હોવું જોઇએ, તેમ હિતકર પણ હોવું જોઈએ ને? સત્યમાં તમે જાણો છો કે-શું શું જોઇએ? પ્રિયતા જોઈએ, મિતતા જોઇએ અને હિતકારિતા પણ જોઈએ: છતાં હિતકારિતાની એ સર્વમાં પ્રધાનતા છે. પ્રિય હોય, મિત હોય અને તથ્ય પણ હોય, પરન્તુ જો અહિતકર હોય, તો તે નહિ બોલવું જોઈએ. પ્રિય સત્ય બોલવાથી હિત થતું હોય, ત્યાં સુધી અપ્રિય ન બોલવું, એ બરાબર છે: પણ અપ્રિય બોલ્યા વિના હિત થાય તેમ ન હોય, તો અપ્રિય પણ સત્ય બોલીને હિત કરવું જોઈએ.

હેતુને સમજતાં શીખો:

માણસે વચનના સ્વરૂપનો વિચાર કરવા સાથે હેતુનો પણ વિચાર કરવો જોઇએ. બાળક આંખથી સમજે ત્યાં

સુધી આંખથી સમજાવાય, ધમકીથી માને ત્યાં સુધી ધમકીથી મનાવાય, પણ તે પછી ન માને તો? નીતિશાસ્ત્રકારોને પણ કહેવું પડ્યું છે કે–" लालयेत् पंच वर्षाणि । " અને–

સ૦ दश वर्षाणि ताडयेत् ।

પાંચ વર્ષની ઉંમર સુધી લાલન–પાલનથી કામ લેવાનું કહ્યું અને પછી જરૂર પડે તો તાડન કરવાનું પણ કહ્યું ને? માટે દરેક વસ્તુના હેતુને સમજતાં શીખો! હિત કરવાને માટે કટુ પ્રયોગ જ કરવો પડે તેમ હોય, તે વિના ચાલે તેમ ન હોય, તો કટુ પ્રયોગ પણ કરવો પડે. જે બાળકને મા દૂધ–સાકર પાતી હોય, તે જ બાળકને એ જ મા પ્રસંગ પડ્યે કડવું કરીયાતું પણ પાય છે ને? 'મારો છોકરો તો દૂધ–સાકર પીનારો, એને કડવું કરીયાતું કેમ પવાય?'–એમ એ મા કહે છે ખરી? નહિ જ, એ તો એમ જ કહે કે–' માંદો છે માટે કરીયાતું પણ પાવું પડે!'

કડવું પણ પ્રિય ક્યારે લાગે?

હિતકર સત્ય એકાન્તે પ્રિય હોય, એમ બનતું નથી: હિતકર સત્યમાં કાંઈકેય કડવાશ હોય છે: પરન્તુ જ્યારે સાંભળનારની દૃષ્ટિ પોતાના હિત તરફ અને સામાના શુભ ઉદ્દેશ તરફ હોય છે, ત્યારે તેને એ કડવાશ પણ મીઠી લાગે છે. એ માને છે કે–' મારા જેવાને જો આવી રીતિએ ઉપકારિઓ ઉપાલંભ ન આપે, તો હું સુધરૂં કયી રીતિએ?' આથી એને એ કડવાશ કડવાશ રૂપ લાગતી નથી, પણ મીઠાશ દેનારી લાગે છે.

અવસરે કડવું પણ કહેવું પડે :

એક તરફ સાપ ચાલ્યો આવતો હોય અને અજાણ્યો માણસ એ તરફ ધસ્યો જતો હોય, તે વખતે એને ધીમેથી સમજાવવા બેસાય ? 'ભાઈ ! સામેથી સાપ આવે છે માટે ધીરો પડ !'–એવું ભાષણ કરવા રહેવાય ? ત્યાં તો એવો શબ્દપ્રયોગ કરવો પડે કે–પેલો ગમે તેટલા જોસમાં ધસ્યો જતો હોય, પણ એકદમ ઉભો રહી જાય. 'એ આંધળા ! જરા ઉભો રહે ! !'–એમ પણ કહેવાય કે ન કહેવાય ? એ ઉભો રહે, 'મને આંધળો કેમ કહ્યો ?'–એમ પૂછે, પછી એને સાપ બતાવાય, તો એને આંધળો કહેનાર ઉપર એ ગુસ્સો કરે કે એનો ઉપકાર માને ? નાનું બચ્ચું સાપને પકડવા જતું હોય, ત્યારે હાથ ખેંચીને પણ આઘું મૂકાય કે નહિ ? કોમળ હાથ ઉતરી જાય, એ વિચાર તે વખતે થાય ? એવા અવસરે તો સૌ કોઈ એમ જ કહે કે–હાથ ઉતરી જાય તેની ફીકર નહિ, પણ એનો જીવ બચાવવો જ જોઈએ. જો–'હાથ કોમળ છે માટે કેમ ખેંચાય ?'–એવો વિચાર કરવા રહે, તો સાપ લેટી જાય : માટે સમજો કે–એવા અવસરે કડવું પણ કહેવું પડે અને જરૂર હોય તો કોમળ હાથ પણ ખેંચવો પડે.

હિતશિક્ષા મીઠી કરતાં કડવી વધારે હોય છે :

'હિત કરવા માટે, જેનું હિત કરવું હોય તેને કડવું લાગે એવું કહેવાની જરૂર હોય તે છતાં પણ, કડવું સત્ય

તો ન જ કહેવાય '–એવો કાયદો ખોટો છે. એવો અવસર હોય અને કડવું કહ્યા સિવાય હિતને નુકશાન પહોંચે તેમ હોય, તો કડવું પણ હિતકારી વચન હિતકારી રીતિએ કહીને સામાના ઉપર ઉપકાર કરવો, એ સત્પુરૂષોનો ધર્મ છે. હિતશિક્ષા મીઠી કરતાં કડવી વધારે હોય છે.

જૂના દોષ જૂના રોગથી ય વધુ ભયંકર :

કેટલાક જૂના વ્યાધિ એવા હોય છે કે–એમાં મીઠાં ઔષધ કામ નથી કરતાં. એમાં તો ઘણી વાર માથાના વાળ પણ ઉખડી જાય એવા કડવા ઉકાળા જોઇએ છે અને વૈદ્યને પણ કહેવું પડે છે કે–'એ વિના રોગ નહિ જાય.' અહીં પણ આત્માને અનાદિ કાળથી વળગેલા જૂના દોષ કાઢવા છે: જૂના દોષ તો જૂના રોગથી પણ વધુ ભયંકર છે: એ દોષ પણ એવા છે કે–લગભગ ગુણ રૂપ મનાઇ ગયા છે!

વિપર્યાસ થાય ત્યારે આઘાત થવો જોઈએ :

આપણે કોઇને કહીએ કે–' તમે જીવનમાં કેટલા દોષ સેવો છો?' ત્યારે એ જો ઉલ્લંઠ ન હોય અને કાંઇકે ય સરળ હોય, તો તો ઓઘ રીતિએ એમ કહે કે–'જીવન જ આખું દોષમય છે ને?' પણ એને આગળ વધીને પૂછવામાં આવે કે–'કયા કયા દોષો સેવો છો?'–તો જ્ઞાનિપુરૂષોએ જે રીતિએ દોષોનું વર્ણન કર્યું છે, તે રીતિએ તે નહિ કહી શકે: કારણ કે–કેટલાક દોષો પણ ગુણ રૂપ મનાઇ

ગયા છે! દોષને પણ ગુણ રૂપ માની બેઠેલાને, દોષનું બરાબર ભાન એકલા મીઠા શબ્દોથી થાય, એમ તમારી બુદ્ધિ કબૂલ કરે છે ખરી? જ્યારે આવો ભયંકર વિપર્યાસ થઈ ગયો હોય, ત્યારે એનું ભાન કરાવવાને માટે, પહેલાં તો એવું કહેવું જોઈએ કે-એ યોગ્ય હોય તો એને પોતાના દોષિત જીવનને માટે આઘાત થાય. 'અરે, હું આટલું બધું ભૂલ્યો છું?'-એવો એના હૃદયમાં આઘાત થાય, એવા શબ્દોમાં હિતશિક્ષા આપવી જોઈએ. જ્યાં દોષ દોષ રૂપે સમજાઇ જાય, પછી તો બાહ્ય દૃષ્ટિએ કડવાં લાગતાં વચનો કહેવા માટે પણ, એ આદમી ઉપકાર જ માને અને તે પછી એને દોષ ટાળવાના બધા માર્ગો રીતસર દર્શાવી શકાય.

'આ ગુણ અને આ દોષ'-એ પહેલાં સમજો :

ગૂન્હો કબૂલ કરાવવા માટે શું કરવું પડે છે? ત્રાસ પણ દેવો પડે છે અને લાલચ પણ આપવી પડે છે. 'સાચું નહિ બોલે તો મારીશ અને સાચું બોલીશ તો છોડી દઈશ.'-એમ પણ કહેવું પડે છે. બાળકે કોઇ વસ્તુ લીધી હોય અને તેની પાસે એ વસ્તુ લીધાની વાત મનાવવી હોય, તો તમે શું કરો છો? 'જો, હું જાણું છું કે-તેં લીધી છે, પણ તું સાચું બોલ! જો સાચું બોલીશ તો છોડી દઇશ, પણ જો ખોટું બોલ્યો તો આજે તને છોડવાનો નથી.'-આવી રીતિએ બાળકને માટે પણ ત્રાસ અને લાલચનો ઉપયોગ કરવો પડે

છે. આવી રીતિ અખત્યાર કરવાથી, મોટે ભાગે ગૂન્હા પણ કબૂલાઈ જાય છે. જો ત્રાસ જેવું કાંઈ બતાવવામાં ન આવે, તો દુનિયામાં કેટલા એવા આદમી છે કે–પોતાના દોષોને કબૂલ કરી લે ? જે પોતાના દોષ સરળતાથી કબૂલ કરી લેતા હોય, તેવા આત્માઓને તો કડવો પણ હિતકર ઉપદેશ, હિતકર ઉપાલંભ કે કડવું પણ સત્ય, કટુ નથી લાગતું પણ મીઠું લાગે છે. અહીં પણ દોષોને દોષ રૂપે મનાવવા માટે પહેલો પ્રયત્ન કરવો પડશે. દોષોને દોષ રૂપે બતાવવા માટે હિતના ઇરાદે કટુ શબ્દો વાપરવાની જરૂર હોય તો કટુ શબ્દો પણ વાપરવા પડે. દોષ દોષ રૂપે લાગી જાય, તો પછી જીવનને સાર્થક કરવાનો માર્ગ સહેલો થઈ જાય : માટે પહેલાં–'આ ગુણ અને આ દોષ'–એમ સમજાઈ જવું જોઇએ.

પૂર્વકાળનું શિક્ષણ :

આને ગુણ કહેવાય અને આને દોષ કહેવાય, ગુણ પ્રાણાન્તે મૂકવા નહિ અને દોષ પ્રાણાન્તે સેવવા નહિ, આવું પૂર્વકાળમાં શિક્ષણ અપાતું. પૂર્વના રાજાઓ પણ ધર્મકળા વિનાની સઘળી જ કળાઓને અજ્ઞાન રૂપ માનતા. બીજી બધી જ કળાઓ રાજકુમાર ભણ્યો હોય, પણ એક ધર્મકળા ન ભણ્યો હોય તો, પૂર્વના યોગ્ય રાજવી કહેતા કે–'તું ગાદી માટે લાયક નથી.' પૂર્વકાળમાં કુલીન લોકોની અંદર આવી મર્યાદા હતી. શાથી ? એથી જ કે–'ગુણ જાય નહિ અને દોષ આવે નહિ'–એની કાળજી હતી.

આ જીંદગીમાં ગુણમાં વધવું જોઈએ અને દોષમાં ઘટવું જોઈએ, આવી એમને સમજ હતી.

ધર્મગુરૂને શોધતા જાવ છો?

આજે કોઇ એવી કેળવણી આપે છે? એક ગુરૂ આપે, પણ તેમનું સાંભળવાની જોઇએ તેવી દરકાર ન હોય ત્યાં શું થાય? નાનપણમાં મા પાસે જાવ છો, મોટપણમાં બાપ પાસે જાવ છો, ભણવા માટે શિક્ષક પાસે જાવ છો, પણ ધર્મ લેવા માટે ધર્મગુરૂને શોધતા જાવ છો ખરા? આ તો અડફેટે આવી જાય તો થોડો-ઘણો વ્યવહાર સાચવી લેવાની જ વાત છે ને?

ધર્મગુરૂ માટે ઉપલક ખાતું :

એ રીતિએ ગુરૂ આવી ગયા, તો પણ કહેવાનું કે-ટાઇમ હોય તો! તમે બધાં ખાતાં બરાબર રાખ્યાં છે, પણ આ તો જાણે ઉપલક ખાતું ગણ્યું છે! ચોપડામાં ઉપલક ખાતું રાખો છો, પણ એની ગણત્રી કેટલી? ગુરૂ આવી જાય, કહી જાય, ટાઇમ હોય તો સાંભળીએ, અમને યોગ્ય લાગે તો ઉપદેશ લઇએ, પણ બંધાએલા નહિ! ગુરૂ પાસે જવું જોઇએ, એમના ઉપદેશનું રીતસર શ્રવણ કરવું જોઇએ, એ સાંભળીને આત્માની સાથે એનો વિચાર કરવો જોઇએ અને તે પછી તેનો શ્રદ્ધાપૂર્વક અમલ કરવો જોઇએ,—આવું રાખ્યું છે? નહિ! અને વ્યવહારમાં તો કોઇ વાતમાં એમ નથી થતું!!

માટે કહું છું કે–તમે ધર્મગુરૂનો સંબંધ, પરિચય, તેમના ઉપદેશનું શ્રવણ, સાંભળેલાનો વિચાર અને અમલ,– આ બધું ઉપલક ખાતા તરીકે રાખ્યું છે: જાણે જીવનમાં આ વસ્તુની જરૂર જ ન હોય, એમ તમે માની લીધું છે! નહિતર તમારી આ દશા હોય ખરી?

હિતકર ન કહે તે ભલું કરે કે ભૂંડું કરે?

સંસારવ્યવહારના શિક્ષણની તમે જરૂર માની છે, તો ત્યાં તમે નિયમિત રહો છો ને? રહો છો જ: પણ સાચું શિક્ષણ પ્રાપ્ત કરવાને માટે તમે કેટલા નિયમિત છો, એ વિચારો! એટલે કે–આજે સાચું શિક્ષણ, 'દોષો દોષ રૂપે જણાય અને ગુણો ગુણ રૂપે જણાય તેમજ ગુણોને પ્રાણાન્તે પણ જવા ન દેવાય અને દોષોને પ્રાણાન્તે પણ આવવા ન દેવાય'–એવું શિક્ષણ લેવાનું તમે સ્થાન જ ક્યાં રાખ્યું છે? એવું શિક્ષણ મેળવવાને માટે તમે કયે સ્થાને ગયા? જ્યાં આ દશા હોય, ત્યાં દોષોનું ભાન કરાવવાને માટે, ગુણ રૂપ મનાઇ ગએલા દોષોને દોષ રૂપે સમજાવવાને માટે તેમજ ગુણ મેળવવાની અને દોષ ટાળવાની જરૂર છે–એનો ખ્યાલ આપવાને માટે, કડવા પણ હિતકર શબ્દોનો પ્રયોગ કરવો પડે કે નહિ? એમાં કડવું કહેવાનો હેતુ કડવું કરવું એ હોતો જ નથી. કડવું લાગે તેવું કહેનારા બધા જ કડવું કરવાની ભાવનાવાળા હોય છે, એવી માન્યતા હોય તો તે ભ્રમણા છે. કડવું કરવાની ભાવના ન હોય અને કેવળ કલ્યાણની જ ભાવના હોય,

તે છતાં, કડવું પણ હિતકર સત્ય અવસરે કહેવું પડે અને તે યોગ્ય રીતિએ જરૂર કહી શકાય. જેઓ સામાને ખોટું લાગશે એમ માનીને જ તેના હિતની વાત નથી કહેતા, તેઓ તેનું ભલું નહિ પણ ભૂંડું કરનારા છે.

સુધારનાર વર્ગ ઉપર તદ્દન ખોટું અને અણસમજભર્યું તહોમત !

સ૦ ખરૂં જોતાં દરેકને પ્રેમથી સુધારવા જોઇએ. સુધારવાના બ્હાને જેઓ શિક્ષા કરે છે તેઓ સુધારતા નથી, પણ પોતાનામાં પ્રેમથી સુધારવાની શકિત નથી માટે શિક્ષા કરવાનો અયોગ્ય રસ્તો લે છે અને પછી એને યોગ્ય તરીકે ઓળખાવે છે.

આ ભાઇ એમ કહે છે કે-જેનામાં પ્રેમ હોય તે સુધારવા માટે કોઇ પણ પ્રસંગે મારે જ નહિ. સુધારવાને બહાને તેઓ જ શિક્ષા કરે છે, કે જેઓમાં પ્રેમ નથી પણ નિર્બળતા છે. આ રીતિએ બીજાને સુધારવાની બધી જોખમદારી સુધારનાર ઉપર મૂકવામાં આવે છે. સુધરનારને માથે જાણે કે-કોઇ જોખમદારી જ ન હોય, એમ કહેવાય છે. સુધારનાર માત્ર આવેશમાં આવી જઇને જ શિક્ષા કરનારા છે, એમ કહેવાય છે. "પ્રેમથી સુધારવાની અશક્તિ છે માટે સુધારવાને બહાને આવેશમાં આવી જઇને સુધારનારા શિક્ષા કરે છે."-એવું આ આખા સુધારનાર વર્ગ ઉપર આરોપનામું છે. અજ્ઞાનથી આવેશમાં આવી જઇને શિક્ષા કરનારા હોય એમ પણ

અને, એવા પણ કોઇ હોય એ વાત માન્ય છે, પણ સુધારવાની ભાવનાવાળા જે કોઇ યોગ્ય શિક્ષા કરતા હોય, તે બધા આવેશમાં આવી જઇને જ અને પ્રેમથી સુધારવાની શક્તિના અભાવે જ શિક્ષા કરે છે, એમ કહેવું તે સુધારનાર વર્ગ ઉપર તદ્દન ખોટું ને અણુસમજભર્યું તહોમત મૂકવા જેવું છે.

‘શિક્ષા આવેશથી જ કરે છે’–એમ ન કહેવાય:

સામો પ્રેમથી સુધરે તેવો હોય, સામામાં પ્રેમથી સુધરવાની લાયકાત હોય, ત્યાં સુધી પ્રેમથી, સંતોષથી, શાંતિથી સુધારવાનો પ્રયત્ન કરવો જોઇએ, એ અમાન્ય નથી: પરન્તુ–“માત્ર પ્રેમથી જ સુધારાય પણ શિક્ષાથી સુધારાય જ નહિ અને સુધારવાને માટે જરૂરી શિક્ષા કરનારા પ્રેમથી સુધારવાને અશક્ત હોવાથી આવેશમાં આવી જઇને જ શિક્ષા કરે છે.”–એમ કહી શકાય નહિ.

સુધરનારમાં પણ અયોગ્ય હોય છે:

‘બધાને પ્રેમથી જ સુધારવા’–એવો કાયદો હોઈ શકે જ નહિ: કારણ કે–‘બધા પ્રેમથી સુધરે એવા જ હોય છે’–એમ કોઇથી પણ કહી શકાય તેમ નથી અને કદાચ અજ્ઞાનતાથી કોઈ તેમ કહી પણ દે, તો પણ એ વાતને યથાર્થ તરીકે પૂરવાર કરી શકાય એ શક્ય જ નથી. સુધરનાર વર્ગમાં એવાઓ પણ હોય છે, કે જેઓ માત્ર પ્રિય વચનો રૂપ પ્રેમથી સુધરી ન શકે પણ ઉલ્ટા બગડે અને યોગ્ય શિક્ષા સાથે ભળે તો

અવશ્ય સુધરી શકે. આ કારણે, જેમ પહેલાં કહેવાયું કે-સુધારનારમાં પણ કોઈ કોઈ અયોગ્ય હોય છે, તેમ સુધરનારમાં પણ અયોગ્ય હોય છે, એ ભૂલવા જેવું નથી.

સુધારવાની ઈચ્છા જ પ્રેમસૂચક છે :

અહીં પ્રેમનો અર્થ-'શિક્ષા ન કરવી, હિતકર પણ કડવા લાગે તેવા શબ્દો ન કહેવા'-એવો કર્યો છે, માટે આ કહેવું પડે છે : બાકી સામાને સુધારવાની ઈચ્છા એ જ પ્રેમસૂચક છે. જગતમાં બધા આત્માઓ આજના કહેવાતા પ્રેમથી સુધરી જ જાય એ શકય નથી, માટે આખા ય સુધારનાર વર્ગ ઉપર આવું પ્રેમના અભાવનું અને આવેશનું તહોમત મૂકવું, એ તદ્દન ખોટું છે.

યોગ્ય શિક્ષા એટલે?

સ૦ એનો અર્થ એ જ કે-પ્રેમથી ન જ સુધારી શકાય ? શિક્ષા કરવી જ જોઈએ ?

આટલું સ્પષ્ટ વિવેચન થઈ ગયા પછી, આવા પ્રશ્નો કરવા માટે અવકાશ જ નથી : છતાં ય તમારા પ્રશ્નોના ઉત્તરમાં તમે સમજી લો કે-માત્ર પ્રેમથી એટલે કે મીઠાશથી સુધરવાને જે લાયક ન હોય, તે આત્માઓને શકય હોય તો યોગ્ય શિક્ષા દ્વારા પણ સુધારવા જોઈએ. 'યોગ્ય શિક્ષા' એટલે કે-'જ્ઞાનિપુરૂષોએ જે રીતિએ હિતશિક્ષાનું વિધાન કર્યું છે તે રીતિએ કરાતી શિક્ષા.' વળી એકલી મીઠાશથી સુધારનારનો દાખલો તો લાવો !

સ૦ તીર્થંકરદેવો.

શ્રી તીર્થંકરદેવો :

શ્રી તીર્થંકરદેવો ઉપદેશ આદિમાં વસ્તુસ્વરૂપને દર્શાવવાને માટે, શું જરૂરી પણ તમે જે શબ્દોને કડવા કહો છો તેવા શબ્દોનો પણ પ્રયોગ નથી જ કરતા ? વળી તે તારકો ઉપદેશ સિવાય સાચવવાનું કામ કરે છે ખરા ? કહેવું જ પડશે કે–નહિ. શ્રી તીર્થંકરદેવો પોતાના વરદ હસ્તે દીક્ષા આપે ખરા, પણ દીક્ષા આપ્યા પછી દીક્ષિત આત્મા તેવા મહાત્માઓને જ સોંપાય છે, કે જેઓ યોગ્ય શિક્ષાદિ દ્વારા પણ તેને માર્ગમાં સ્થિર રાખી શકે.

શાસ્ત્રમાં શિક્ષાનું વિધાન :

સ૦ શાસ્ત્રમાં શિક્ષા કરવાનું લખ્યું છે ?

હા, માર્ગમાં ટકાવવા માટે, માર્ગની સાધના કરાવવા માટે જૂદી જૂદી રીતિએ શિક્ષા કરવાનું પણ શાસ્ત્રમાં લખ્યું છે. સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા, એ વિગેરે રીતિએ નિશ્રામાં રહેલાઓને માર્ગની આરાધના કરાવવાનું પણ શાસ્ત્રોમાં સ્પષ્ટ વિધાન કરવામાં આવ્યું છે.

શિષ્યો છદ્મસ્થને સોંપાય છે:

આ શાસનમાં તો કાયદો છે કે–વીતરાગતા આવી જાય તે પછી, દીક્ષિત છદ્મસ્થોની જોખમદારી પોતે રાખે નહિ. શિક્ષાને યોગ્ય આત્માઓ તેઓને જ સોંપાય, કે જેઓ યોગ્યતાનુસાર શિક્ષાદિ આપી કે કરી શકે તેમ હોય. વીતરાગતા આવી ગયા પછી, સામાને સુધારવાને

માટે પણ લાલ આંખ કયી રીતિએ કરે? વીતરાગ બનેલા આત્માઓ, શિષ્યાદિને સંભાળવાનું કાર્ય છદ્મસ્થ ગીતાર્થોને સોંપી દે છે. શ્રી તીર્થંકરદેવો એ કાર્ય પોતે સંભાળતા નથી, પણ છદ્મસ્થ ગણધરાદિને સોંપે છે.

કડવી દવા દેનાર વૈદ્યમાં પ્રેમ નથી?

આ ઉપરથી પણ સમજી શકાય તેમ છે કે–શિક્ષા કરે એટલા માત્રથી શિક્ષા કરનારમાં જેને શિક્ષા કરાય છે તેના તરફ પ્રેમ નથી, એમ ન કહેવાય. કડવી દવા આપે એથી વૈદ્યને વૈરી ન કહેવાય. વૈદ્યને દ્વેષ છે કે–એ બધાને મીઠાં પડીકાં બાંધી આપે નહિ? વૈદ્ય જ્યાં સુધી મીઠી દવાથી રોગ જાય તેમ હોય ત્યાં સુધી મીઠી દવા આપે અને જ્યારે જૂએ કે–મીઠી દવા કામ કરે તેમ નથી, ત્યારે કડવી દવા પણ આપે. કોઇ કહે કે–'કડવી દવા નહિ ખાઉં.' તો એ કહે કે–'રોગ કાઢવો હોય તો કડવી દવા ખાવી પડશે.' આવું કહેનાર વૈદ્યમાં પ્રેમ નથી, એમ કહી શકાય ખરૂં? નહિ જ.

બધા પ્રેમથી સુધરે જ–એવો નિયમ નથી:

માત્ર પ્રેમથી જ, એટલે કે–કેવળ મીઠાં વચનો બોલવા દ્વારા જ બધાને સુધારી શકાય, એ જો શક્ય હોત, તો કોઈને માટે પણ શ્રી તીર્થંકરદેવોની દેશના નિષ્ફલ જાત ખરી? એ તારકની વાણી કેવી? જે તારકની વાણીમાંથી એકલું અમી ઝરે, જે તારકના શબ્દે શબ્દે કેવળ ઉપકારકતા હોય, જે તારકના ઉપદેશમાં ભારોભાર

હિતસાધકતા હોય, તે તારકોની એવી મહિમાવંતી વાણી છતાં, કેટલાય વૈરી બન્યા, એનું કારણ શું? દુષ્ટાત્માઓએ તે તારકના પ્રત્યે પણ કષ્ટ આદિ આચર્યાં, તેનું કારણ શું? એ તારકના જેવો પ્રેમ એટલે કે શબ્દોની મીઠાશ બીજામાં હોઈ શકે ખરી? નહિ રાગ કે નહિ દ્વેષ, છતાં એ તારકની મહિમાવંતી વાણીથી ય જગતના સઘળાય જીવો, અરે, જેટલા જીવોએ એ વાણી સાંભળી તેટલા પણ સઘળા જીવો સુધર્યા કેમ નહિ? માટે કહો કે-બધા પ્રેમથી સુધરે જ, એવો એકાન્ત નિયમ છે જ નહિ: અને આથી જ હિતબુદ્ધિથી, સામાને સુધારવાને માટે, હૈયામાં પૂરેપૂરો પ્રેમ હોવા છતાં પણ, યોજવા યોગ્ય ઉપાયો યોગ્યને માટે યોજવાનું ઉપકારી મહાપુરૂષોએ ફરમાવ્યું છે.

સિદ્ધાંતની બે બાજુ :

દરેક સિદ્ધાંતને બે બાજુ હોય છે. કોઈ પણ સિદ્ધાંતની એક બાજુ પકડાય નહિ. બધી જોખમદારી સુધારનારને માથે મૂકી દેવી, એ યોગ્ય નથી. સુધરનારની પણ યોગ્યાયોગ્યતાનો વિચાર કરવો જોઇએ. સુધારવા માટે પહેલાં મીઠાશ અજમાવવી એનો ઇનકાર નથી, પરન્તુ મીઠાશથી સુધરે તેમ ન જ હોય, તો એને સુધારવાની વાતને પડતી મૂકવી, એ વ્યાજબી નથી. પ્રેમથી-મીઠાશથી ન સમજે તો શિક્ષાનો ઉપાય પણ અજમાવવો જોઈએ. હિતબુદ્ધિથી યોગ્ય શિક્ષા કરનારમાં

પ્રેમ નથી પણ આવેશ જ છે, એમ કહેવાય જ નહિ.

બાળકને મા દવા કયી રીતિએ પાય છે ?

મા, બાળકને દવા પીવડાવવાને માટે કેટકેટલા માર્ગો અંગીકાર કરે છે ? પહેલાં કહેશે-' પીઈ જા જોઇએ.' ન માને તો કહેશે-'લે પીઇ જા, પછી હું તને સાકર આપું !' છતાં ન માને તો જરા કડકાઇથી કહેશે-' તું ગમે તેમ કર, પણ તારે દવા તો પીવી જ પડશે.' છતાં ન માને તો કહેશે-' પીએ છે કે નહિ ?' છતાં ન માને તો કહેશે-' સીધી રીતિએ દવા પીઈ જા, નહિતર પરિણામ સારૂં નહિ આવે : આ હું ખીજાઈ નથી ત્યાં સુધી : માટે પીઈ લે.' આમ છતાં પણ બાળક ન માને તો મા શું કરે ? પાસે બોલાવે, પાસે ન આવે તો ઉઠીને પોતે પકડી લાવે, તે પછી પણ ન પીએ તો બે પગ વચ્ચે સુવાડે, છતાં ન પીએ તો હાથ-પગ દબાવે અને તે છતાંય ન પીએ તો મોંઢામાં વેલણુ ઘાલીને પણ પાય !

એ મામાં પ્રેમ નથી ?

બાળકને દવા પાવા માટેનો શું-' દવા પી બા ! '- એમ કહીને બેસી રહેવું, એ એક જ રસ્તો છે ? હા, જ્યાં સુધી બની શકે ત્યાં સુધી દવા પાવા માટે મા કરડો માર્ગ ન લે, પણ ' દવા પી બા ! '-આ કહેવા શિવાયનો બીજો માર્ગ ન જ લેવાય, એમ કેમ જ કહેવાય ? અને એમ અનેક પ્રકારના ઉપાયો પૈકીનો કોઈ પણ ઉપાય અજમાવે, એવી મામાં પ્રેમ નથી પણ આવેશ છે,

એમ પણ કેમ કહેવાય ? જરૂર, શત્રુનો ઉપાય પ્રેમ છે, મીઠાશ છે, પણ એનાથી ન માને તો છોડી દેવાય નહિ. છોડી દેવાય તો નુકશાન કોને ? બન્નેને. બાળકનું બગડે અને માતા પણ દુનિયામાં વગોવાય.

શી રીતિએ કહેવું જોઈએ ?

જો કે-ધર્મ કરવો એ ઐચ્છિક વસ્તુ છે, એટલે એમાં દરેક માટે આ બધી પદ્ધતિ સ્વીકારી શકાતી નથી, પરન્તુ જે આત્માઓમાં જેટલી યોગ્યતા દેખાય, તેના પ્રમાણમાં તેના હિતની દૃષ્ટિથી જરૂરી અને શાસ્ત્રવિહિત પદ્ધતિ અવશ્ય સ્વીકારી શકાય છે. સામો ધર્મથી ખસી જતો હોય, દોષને ગુણ રૂપ માની બેઠો હોય, ઉત્તમ માનવજીવનને બરબાદ કરી રહ્યો હોય અને મીઠી વાતોથી ઠેકાણે આવે તેમ ન હોય, પણ જો ઉપાલંભને યોગ્ય હોય તો હિતબુદ્ધિથી, એને કડવું લાગે તો પણ, સત્પુરૂષોએ હિતકર સત્ય કહેવું જોઇએ. એના આત્માની સાથે એ અવાજ જઇને અથડાય, એ ચોંકે, પોતાની ભૂલને સમજે અને સુધરવાના પ્રયત્નમાં લાગે, એ રીતિએ એને કડવું પણ હિતકારી વચન કહેવું જોઇએ.

હિતશિક્ષા આપવી એટલે ?

હિતશિક્ષા આપવી, એનો અર્થ જ એ છે કે-દોષનું ભાન કરાવવું. દોષનું ભાન ન હોય ત્યાં સુધી એ કથન કડવું લાગે, પણ દોષનું ભાન થયા બાદ તો એ કથન મીઠું લાગે. દોષો દોષ રૂપે સમજાયા નથી અને દોષો

પ્રત્યે જેવો તિરસ્કાર પ્રગટવો જોઇએ તેવો તિરસ્કાર પ્રગટ્યો નથી, માટે જ આજ્ઞાવિહિત હિતશિક્ષા સામે પણ આજે યથેચ્છપણે બોલાઈ રહ્યું છે.

કડવું શાથી લાગે છે ?

આથી સમજવું જોઇએ કે-સત્પુરૂષો કડવું કહેતા નથી, પણ એ કડવું લાગે છે તેનું કારણ દોષનું ભાન નથી થયું, દોષ ગુણ રૂપ મનાયા છે, એ છે. દોષ દોષ રૂપે મનાઈ જાય અને આત્મા માર્ગે આવી જાય, પછી એ શિક્ષાને યોગ્ય બને છે. અયોગ્યને તો શિક્ષા પણ ન કરાય, કારણ કે-તેઓ શિક્ષાથી સુધરવાને બદલે ઉલ્ટા બગડે છે, માટે શિક્ષા પણ યોગ્ય આત્માઓ માટે જ છે : યોગ્ય આત્માઓ એવી શિક્ષાથી સુધરે છે અને માનવજીવનની સાર્થકતા સાધી જાય છે. આ બધા ઉપાયો યોગ્ય રીતિએ યોગ્ય આત્માઓ માટે યોજવા, એ ધર્મ છે : માટે માત્ર મીઠાશ લાગે એ જ રીતિએ સમજાવવું કે સુધારવું, એવું એકાન્ત વિધાન આ શાસનમાં નથી.

ધર્મનું ભાન નથી !

સ૦ જો આને જ ધર્મ કહેવામાં આવે, તો એના જેવો બીજો અધર્મ કયો હોઇ શકે ? ધર્મના જ નામે અનેક તોફાનો મચાવાય છે અને કારમી કતલો ચાલે છે.

આટલી બધી સ્પષ્ટ રીતિએ વાત થઇ ગયા પછીથી પણ, આવું જ બોલવું, એ ભયંકર અજ્ઞાનતા છે. ‘ધર્મના

નામે અનેક પ્રકારનાં તોફાનો પણ થાય છે અને કતલો પણ ચાલે છે '–એ વાત સાચી છે, પણ એવું કરનારા જેમ ધર્મના સ્વરૂપને સમજ્યા નથી, તેમ ઉપદેશ તથા શિક્ષા દ્વારા ધર્મમાં ટકાવવાની વાતને અધર્મ કહેનારા પણ ધર્મના મર્મને પામ્યા જ નથી. આટલું આટલું સ્પષ્ટ કહેવાય છે, તે છતાં પણ ધર્મ ઉપર આવો તદ્દન ગેરવ્યાજબી આરોપ મૂકાય છે, તે એ જ સૂચવે છે કે–ધર્મનું સામાન્ય કોટિનુંય ભાન નથી.

ધર્મને ખોટો કેમ કહેવાય ?

અને ધર્મના નામે એવી કતલો ચલાવનારા નીકળ્યા એથી ધર્મને ખોટો કેમ કહી દેવાય ? તે તે લોકો ધર્મને સમજ્યા નથી એમ કહેવાય, પણ ધર્મમાત્ર ઉપર એવો આરોપ મૂકી શકાય નહિ. સાધુના વેષમાં ફરનારા કેટલા ય દુરાચારી નિવડ્યા, એથી–'સાધુ ન જોઇએ'–એમ કેમ કહેવાય ? વ્યાપારી ઘણા દેવાળીઆ નીકળ્યા, એથી–'બજાર ન જોઇએ'–એમ કહ્યું ? સજ્જનના લેબાશમાં ઘણા દુર્જનો પેઠા, એથી સજ્જનતાને વખોડાય ? અહિંસાને નામે હિંસા ચલાવનારા, સત્યને નામે અસત્યનો પ્રચાર કરનારા અને સંયમને નામે સ્વચ્છન્દને પોષનારા નીકળ્યા, એથી અહિંસાને, સત્યને અને સંયમને વખોડાય ? તમે અંતર અવાજમાં તો માનો છો ને ? કહો, અંતર અવાજને નામે દંભ સેવનારાઓ નથી નીકળ્યા ? છતાં અંતર અવાજને ખોટો કેમ કહેતા

નથી ? અને ધર્મને નહિ સમજનારા ધર્મને નામે અધર્મ સેવે, એ વાતને આગળ કરીને ધર્મને કેમ નિન્દો છો? ખબર ન પડે તો એમ કહેવાય કે–'અમારી દૃષ્ટિમાં નથી આવતું' અથવા તો 'અમે સમજી શકતા નથી.'–પણ ધર્મને અધર્મ કેમ કહી દેવાય ? શું આજે સત્ય સિદ્ધાંતોની સામે પણ સત્યના નામે જ ઉધમાત મચાવનારા નથી પાકયા ?

ફેંકાફેંક કર્યે સિદ્ધાંતો ન સમજાય :

માટે સમજો કે–શુદ્ધ હેતુથી, શુદ્ધ પરિણામથી, હિત જાણીને, જ્ઞાનોપયોગ પૂર્વક જ્ઞાનિપુરૂષોએ દર્શાવેલા વિધિ મુજબ કરવામાં આવે તે ધર્મ છે. વ્યવહારને સમજવા માટે જેટલાં વર્ષો કાઢયાં, તેટલાં વર્ષો ધર્મ સમજવાને માટે કાઢો તો સિદ્ધાંતો સમજાય કે એમ ને એમ ફેંકાફેંક કર્યે ધર્મસિદ્ધાંતો સમજાય ? માટે પહેલાં જ્ઞાન અને અનુભવ મેળવો ! વગર જાણ્યે, વગર ભણ્યે, વગર વિચાર્યે, ધર્મને અધર્મ કહી દેનારા અને 'ધર્મ નહિ જોઇએ'–એમ કહેનારા તો મહામૂર્ખા છે.

જ્ઞાન અને અનુભવથી જાણી શકાય :

કેવળ પ્રેમ–પ્રેમ બોલ્યા ન કરો. 'જેવો આત્મા એવો ઉપાય'–એમ સમજો અને જે કહેવાય છે તેનો હેતુ ધ્યાનમાં લો. જ્ઞાનિની આજ્ઞા મુજબ કડવું લાગે તેવું પણ સત્ય હિતકર હોય તો કહેવાય અને સુધારવા માટે યોગ્યને યોગ્ય શિક્ષા કરાય, એ પણ ધર્મ છે. અનુભવ અને

જ્ઞાન વિના આ વસ્તુ નહિ સમજાય. દુનિયામાં એવા પણ અનુભવી વૈદ્યો હોય છે કે–જોઈને કહી દે કે–'આ ચાર દિ'માં મરી જશે.' તમે કહેશો–' અમે તો એવું કાંઇ જ જોઈ શકતા નથી.' પણ તમારી આંખ અને એની આંખ વચ્ચે ફરક છે. એ કહેશે–' ચાર દિ'માં ખબર પડશે. આવી ખબર જરૂરી અનુભવ વિના ન પડે!'

સ૦ વૈદ્ય જ્ઞાની જોઈએ ને ?

વૈદકનો જ્ઞાની હોય, પણ સર્વજ્ઞ ન હોય. એ તો અનુભવથી કહી શકે. બજારમાં અનુભવિઓ અનુમાન કરી શકે છે કે નહિ ? એ રીતિએ અનુભવી વૈદ્ય અનુમાન કરી શકે. શ્રી સર્વજ્ઞદેવ સાક્ષાત્ જૂએ છે : એવું જ્ઞાન બધાને ન હોય : પણ યોગ્ય અનુભવિનું અનુમાન મોટે ભાગે સાચું હોય. કેટલાક વચનસિદ્ધ પુરૂષો હોય છે. ભવિષ્યમાં જે બનવાનું હોય તેવું વચન તેમના મોંમાંથી નીકળી જાય. એ સર્વજ્ઞ હતા ? નહિ. અમૂક વિશિષ્ટ ગુણની છાયાને લીધે તેવું જ્ઞાન ન હોય તોય એમ બની જાય. ઘણા બોલનાર એવા હોય છે કે–શ્રોતાઓના ચહેરા જોવાથી તેમના અંતરની વાતોને કળી જાય. એ એક જાતિનો ગુણવિશેષ છે. પેલાને થાય કે–' આમણે મારી વાત ક્યાંથી જાણી ? ' કષાયની વાત ચાલે અને ભાઇ ઘેર કજીયો કરીને આવ્યા હોય, એટલે પણ એને એમ લાગે. એમ અનુભવથી જાણી શકાય કે–'આ, આ રીતિએ સુધરે તેમ છે અને આ, આ રીતિએ સુધરે તેમ છે.' પછી એ રીતિના યોગ્ય માર્ગો લેવાય.

દુશ્મનનું સન્માન પણ કડવું લાગે છે અને સ્નેહિનું અપમાન પણ મીઠું લાગે છે-તેનું કારણ :

એ રીતિએ જરૂર પડે તો સુધારો કરવા માટે કડવું લાગે તેવું કહેવાની અને યોગ્યને યોગ્ય શિક્ષા કરવાની પણ ધર્મમાં છૂટ છે, પરન્તુ એનું ભલું થાય એ ઇરાદે અને તે પણ જ્ઞાનિની આજ્ઞા મુજબ જ કહેવાય કે કરાય ! સ્નેહી પચાસ આદમી વચ્ચે કરડું કહે તો પણ ડાહ્યો માણુસ એમ જ સમજે કે-'એમ કરવામાં જ મારૂં કાંઇક ભલું હશે.' અને દુશ્મન હાથ ફેરવે તોય શંકા થાય. દુનિયામાં પણ જૂઓ કે-દુશ્મનનું સન્માન પણ કડવું લાગે છે અને સ્નેહિનું અપમાન પણ મીઠું લાગે છે ! માટે હેતુ જોવો જોઇએ. શિક્ષા મીઠા શબ્દોમાં પણ દેવાય અને જરૂર લાગે તો કડવા લાગે તેવા શબ્દોમાં પણ દેવાય. જેવો આત્મા અને જેવો અવસર.

પરમાત્મા કોને કહેવાય અને સાધુ કેવા હોય ?

આથી એ સ્પષ્ટ થાય છે કે-સામાને ગમે કે ન ગમે, રૂચે કે ન રૂચે, મીઠું લાગે કે કડવું લાગે, તો પણ અવસર જોઇને હિતકર સત્ય કાન ઉપર તો નાખવું, એ સત્પુરૂષોની ફરજ છે. હવે મનુષ્યજન્મ મળ્યો છે, તેને સફળ કરવા માટે કયી કયી વસ્તુ જરૂરી છે, એ વાત ઉપર આવીએ. ઉત્તમ એવા પણ મનુષ્યજીવનને સફળ કરવા માટે સત્પુરૂષનો યોગ થવો, એ જરૂરી છે. સત્સંગ, એ મહા ઉપકારક વસ્તુ છે. સત્ કોને કહેવાય ? સત્સ-

માગમ પહેલો જરૂરી, પણ સત્ કોને મનાય, એ નક્કી કરવું પડશે ને? આ જગ્યાએ આપણે પરમાત્માની વાત બાજૂ ઉપર રાખી છે, કારણ કે–પરમાત્માની પીછાન કરાવનારા સત્પુરૂષો છે. એ પરમાત્મા, એ એકાંતે આરાધ્ય કોટિના છે. સઘળી ઉપાધિથી પર થઇને, પર થવાનો માર્ગ સ્થાપી, જે સ્વસ્થાનમાં સ્થિત થયા, તે પરમાત્મા છે. અત્યારે એ પરમાત્માના સ્વરૂપને ઓળખાવનાર કોણ છે? સત્પુરૂષો. પરમાત્માએ દર્શાવેલા તારક માર્ગમાં રહી, તારકમાર્ગને બતાવનારા સત્પુરૂષો છે. પરમાત્માના સ્થાનમાં સ્થિત થવાની એમની ઉર્મિ હોય છે. એ ઉર્મિને બાધ પહોંચાડે તેવા સઘળા ભૌતિક–પૌદ્ગલિક સંયોગોથી તેઓ પર થયા હોય છે અથવા તો પર થવાની જ એક માત્ર પ્રવૃત્તિમાં મચ્યા રહેલા હોય છે. એવા બનીને જેઓ અવસરે આજ્ઞાવિહિતપણે અર્થિને પરમાત્માના સ્વરૂપનું અને સન્માર્ગનું શ્રવણ કરાવે, તે સાધુ કહેવાય. એવા સત્પુરૂષનો યોગ, એ પણ આ જીવનને સફળ કરવાને માટેનું ઉત્તમ સાધન છે, પરમ આલંબન છે.

સત્પુરૂષનો યોગ કોને ગમે?

સત્પુરૂષનો યોગ ગમે ક્યારે? સઘળા પૌદ્ગલિક સંયોગો અનિષ્ટ લાગે ત્યારે! સત્પુરૂષ પૌદ્ગલિક સંયોગોથી પર થએલા અથવા તો પર થવાની જ એક માત્ર પ્રવૃત્તિમાં મચેલા હોય છે, એટલે સત્પુરૂષનો યોગ

વાસ્તવિક રીતિએ ત્યારે જ ગમે, કે જ્યારે પૌદ્ગલિક સંયોગો અનિષ્ટકારી ભાસે. પૌદ્ગલિક પદાર્થોના યોગ અને ભોગ માત્રથી જ આ મનુષ્યજીવનને ઉત્તમ કહેવાય નહિ. પૌદ્ગલિક પદાર્થોનો સંયોગ તો મનુષ્યજીવન કરતાં પણ દેવજીવનમાં વધારે છે: છતાં દેવજીવનથી મનુષ્યજીવનને ઉત્તમ જણાવ્યું, એથી પૂરવાર થાય છે કે–પૌદ્ગલિક પદાર્થોના સંયોગ વધારવા, પૌદ્ગલિક પદાર્થોના રંગરાગ વધારવા, એ મનુષ્યજીવનને સફળ કરવાનો ઉપાય નથી. જેને પૌદ્ગલિક પદાર્થોના સંયોગોમાં રાચવું–એમાં માનવજીવનની બરબાદી લાગે, એ સંયોગોને જે તજવા યોગ્ય માને અને જેને એ સંયોગોથી જેમ બને તેમ પર બનીને અન્તે પૌદ્ગલિક સંયોગમાત્રથી સર્વથા પર બનવાની ભાવના થાય, તે જ વાસ્તવિક રીતિએ સત્પુરૂષોના યોગને સાધી શકે, કેળવી શકે અને એને સુંદર પ્રકારે સફળ પણ બનાવી શકે.

સત્પુરૂષના યોગ વિનાનો દિવસ વાંઝીયો લાગે :

એવા આત્માને સત્પુરૂષના સમાગમમાં રહેવાની ઈચ્છા થાય. જે દિવસે સત્પુરૂષનો યોગ ન થઇ શકે તે દિવસ એને વાંઝીયો લાગે. ઘેર સાહ્યબી હોય, નોકર–ચાકર વિગેરે હોય, છતાં જે દિવસે સત્પુરૂષોનો યોગ ન થાય, તે દિવસ ફોગટ ગયો એમ લાગવું જોઈએ. સત્પુરૂષનો યોગ ઇચ્છનારની, સત્પુરૂષના યોગની મહત્તા સમજનારની, સત્પુરૂષ જેવા બનવાની મનઃકામના હોય.

સન્માર્ગનું શ્રવણ થવું જોઇએ :

હવે સત્પુરૂષનો યોગ તો થઈ ગયો, પણ બેય મૌન બેસે તો ? સત્પુરૂષનો સંસર્ગ કરવાનો શા માટે? સન્માર્ગનું શ્રવણ અને આરાધન કરવા માટે! સન્માર્ગના ઉપદેશ સિવાય બીજું સાંભળવાનું ત્યાં હોય નહિ. સન્માર્ગ સિવાય બીજું બધું સાંભળવાનાં સ્થાનો તો દુનિયામાં છે જ, પણ સન્માર્ગનું શ્રવણ કરવાનું આ સ્થાન છે. બીજે બધેથી પૌદ્ગલિક સંયોગો વધારવા આદિની વાતો સાંભળવાને મળે છે, જ્યારે સત્પુરૂષો પાસેથી સન્માર્ગનું શ્રવણ મળે છે. સત્પુરૂષનો યોગ સાધનારમાં સન્માર્ગને આરાધકભાવે સાંભળવાની સાચી અભિલાષા હોવી જોઈએ. એથી વિપરીત ઈરાદો હોય, તો પ્રાપ્ત થએલો સત્પુરૂષનો યોગ નિષ્ફલ પણ જાય.

આ પ્રયત્ન શા માટે ?

આ ઉત્તમ માનવજીવનની સફળતા સાધવા માટેની વાત ચાલે છે. આ જન્મમાં પૂરેપૂરી સફળતા ન સધાય, તો પણ ધર્મ સાધવાની સામગ્રી ભવિષ્યમાં પણ સારી રીતિએ મળતી રહે, એ માટેનો માર્ગ દર્શાવવાનો અને યોગ્ય જીવોને આ માર્ગે વાળવાનો આ પ્રયત્ન છે. આ જીવનમાં બહુ ન સધાય, તો પણ માનવજીવનની સફળતા સાધવાના માર્ગ ઉપર રહી જવાય તોય ઘણું છે, એમ માનીને આપણે આ પરિશ્રમ સેવી રહ્યા છીએ. એ રીતિએ સફળતા સાધતાં, અહીં ને અહીં, આ

ભવમાં જ કામ થઈ જાય તો એનો ઈનકાર નથી, પરન્તુ વિચાર કરતાં લાગે છે કે–હજુ એવી દશા આવી નથી અને આ ભવમાં એટલી બધી ઉત્તમ દશા આવી શકે તેમ પણ નથી: માટે માનવજીવનની સફળતા સાધવા માટેના શકય એટલા પ્રયત્નો ચાલુ રાખવા જોઇએ: એમ કરતાં કરતાં ઉત્તરોત્તર સારા સંયોગો મળતા જાય અને સારા સારા પ્રયત્નો પણ થતા જાય, એટલે અન્તે આત્માની પરિપૂર્ણ સિદ્ધિ થાય.

ધર્મશ્રવણની આતુરતા :

આ માટે સત્પુરૂષનો યોગ જરૂરી છે, એ દર્શાવતાં સુદેવ અને સુગુરૂની પીછાન કરાવી. હવે ધર્મની વાત. સુદેવની સેવા અને સત્પુરૂષનો યોગ પામ્યા પછી પણ, તે તારકોની આજ્ઞા રૂપ ધર્મનું શ્રવણ કરવાને આતુર રહેવું જોઇએ. સન્માર્ગના શ્રવણ માટે પૂરેપૂરી આતુરતા હોવી જોઇએ. બજારના ભાવ સાંભળવાની કેટલી આતુરતા રહે છે? એ આતુરતા જોવી હોય તો શહેરના શૅર બજારને કે સટ્ટા બજારને જોઇ લેવું. વ્યાપારની જરૂર સ્વીકારનારને ભાવ સાંભળવાની કેટલી બધી તાલાવેલી હોય છે, તેનો ખ્યાલ એ બજારોમાં ઘણી જ સહેલાઇથી આવી શકે છે.

ધર્મ માટે કેટલાએ ગામ તજ્યાં ?

સ૦ માટે તો અમે ગામડામાં વસ્યા છીએ !

'તમે ગામડામાં વસ્યા છો કે વસવું પડયું છે'–એ

વિચારો અને પછી બોલો : આવી વાતોમાં પણ દંભ કરવો, એ શું ઉચિત છે ? બાકી શહેર જ ખરાબ અને ગામડું જ સારૂં અથવા ગામડું જ ખરાબ અને શહેર જ સારૂં, એવો પણ નિયમ નથી. ખરાબ સંસ્કાર ન હોય એ ગામડું ય સારૂં અને શહેરે ય સારૂં : પણ આજે તો શહેરોમાં અને ગામડાંમાં–બધે ખરાબ સંસ્કારો ઘુસ્યા છે. તમારે ત્યાં એ નથી ? મોસમ વખતે શું થાય છે ? આ તો એમ દેખાડવાનો પ્રયત્ન થાય છે કે–જાણે સારા સંસ્કારોમાં રહેવા માટે અથવા ખરાબ સંસ્કારોથી દૂર રહેવા માટે શહેર તજી ગામડામાં આવી વસ્યા છો ! શું તમે ધર્મ માટે ગામડામાં વસ્યા છો ? દુનિયાની ચીજો માટે ગામ, શહેર અને દેશ તજનારા નીકળ્યા, પણ ધર્મ માટે ગામ, શહેર કે દેશ તજનારા કેટલા નીકળ્યા ? પૈસા કમાવા માટે ગામડાના શહેરમાં ગયા, શહેરના ગામડામાં આવ્યા, હિન્દના પરદેશ ગયા અને પરદેશના હિન્દમાં આવ્યા, પણ ધર્મ માટે કેટલા નીકળ્યા ?

વીજળી ઝબકે ને મોતી પરોવાય, એ આતુરતા :

અસ્તુ. અહીં તો આતુરતાની વાત ચાલે છે. બજારમાં ભાવ સાંભળવાની આતુરતા એવી હોય છે કે– કોણ આવ્યું અને કોણ ગયું, એનું ભાન પણ હોતું નથી. એમ સન્માર્ગ સાંભળવાને માટે આતુર રહેવું જોઇએ. એ આતુરતા કેવી હોવી જોઇએ, એ પણ સમજી લેવું જોઇએ. ‘ વીજળી ઝબકે એટલામાં મોતી પરોવી લે. ’–

એના જેવી દશા હોવી જોઈએ. વીજળી ઝબકે એટલામાં મોતી પરોવી લેવું હોય, તો શું કરવું પડે? હાથમાં દોરો અને મોતી લઈને બેસી રહેવું પડે. વીજળી ઝબકે એટલે મોતી અને દોરો લઉં–એમ રાખે તે પરોવી શકે? નહિ. એ તો બધું તૈયાર રાખીને બેસે, દોરો ને મોતી નજીક હોય, વીજળીનો ઝબકારો થાય ને પરોવાઈ જાય.

ચાતકનું ઉદાહરણ કેમ ?

સન્માર્ગને સાંભળવા માટે એ રીતિએ આતુર રહેવું જોઇએ! અમીપાનના અખતરા પણ હોતા નથી અને વાયદા પણ હોતા નથી. ચાતક મેઘવૃષ્ટિ થાય એ માટે કેટલું આતુર હોય છે? બહુ જ: કારણ કે–એને ગળામાં કાણું હોય છે: વરસાદ આવે ત્યારે જ પાણી પી શકે: વરસાદ આવે નહિ તો એની તૃષા છીપાય નહિ! આથી ચાતક મેઘવૃષ્ટિ થાય એ માટે બહુ જ આતુર હોય છે. સન્માર્ગના શ્રવણ માટે પણ એ રીતિની આતુરતા કેળવવી જોઈએ અને એ કેળવાય તો જ સન્માર્ગને યોગ્ય રીતિએ ઝીલી શકાય.

પાત્રદોષ :

સન્માર્ગ સંભળાય પણ રૂચે નહિ, તો કામ ન આવે. સન્માર્ગે પ્રગતિશીલ બનવાને માટે એ માર્ગની રૂચિ પણ થવી જોઇએ. ઉપદેશ સારો હોય એટલા માત્રથી રૂચિ થઈ જ જાય, એમ ન માનતા. રૂચિ થવા માટે આત્માની યોગ્યતા જોઇએ. સાકર મીઠી કે કડવી? મીઠી. સારી કે

ખરાબ? સારી. પણ ગધેડાને ખવડાવાય તો? ગધેડાને સાકર હાનિ જ કરે. એ જ રીતિએ સારૂં પણ તત્ત્વ રૂચે તો યોગ્યને જ! પ્રૉફેસર હુંશીયાર હોય, પણ તે જે કાંઇ કહે તેને ગ્રહણ કેટલા કરી શકે? નાપાસ થનારાઓ જો એમ જ કહે કે–'પ્રૉફેસરને ભણાવતાં આવડતું નથી.' તો એમને પૂછવું પડે કે–' તો પાંત્રીશમાંથી પચીસ પાસ થયા તે શાથી?' વરસાદ જ્યાં જ્યાં પડે, ત્યાં ત્યાં અનાજ ઉગે, એવો કાંઇ નિયમ છે? શિખરની ટોચ ઉપર પાણી પડે તો ટકે નહિ, ઉખર ભૂમિમાં પડે તો કાદવ કરે, ઢાળ ઉપર પડે તો વહી જાય, સાપના મોંમાં પડે તો ઝેર રૂપ પણ થાય અને ગાયના મુખમાં જાય તો દૂધ રૂપે પણ પરિણમે. આ રીતિએ એકનું એક પાણી સ્થળના ગુણ–દોષને કારણે તે તે રૂપે પરિણમે છે, માટે તેમાં દોષ પાત્રનો છે.

અર્થિપણું આવે તો રૂચિ થાય :

આથી સિદ્ધ થાય છે કે–સારૂં પણ તત્ત્વ તેને જ રૂચિકર થાય, કે જે તેને માટેની જરૂરી લાયકાત પામ્યો હોય. કુવિચારોનો ત્યાગ અને કુત્સિત શંકાઓનો અભાવ થવો જોઇએ. ભણનાર વિદ્યાર્થી શિક્ષકના કથનને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે અને રમતીયાળ વિદ્યાર્થી એવા ઉંધા પ્રશ્નો લાવીને મૂકે કે–શિક્ષકનો સમય પૂરો થઈ જાય અને પેલાને પોણો કલાક મોજ પડે. ભણનાર અને રમતીયાળ વિદ્યાર્થી વચ્ચે એ ફરક હોય છે. ભણ-

નાર તો વિનયપૂર્વક, આતુરતાપૂર્વક, ધ્યાન રાખીને સાંભળે અને પ્રશ્નો કરે તો પણ તે એવા જ પ્રશ્નો કરે, કે જેથી મૂળ વિષયનો વધારે સારો સ્ફોટ થાય. જ્યારે રમતીયાળને તો રખડવાનો ટાઈમ જોઈતો હોય, એટલે એ તો કોઈ રીતિએ પાઠ આગળ ન ચાલે એમ ઇચ્છે: માટે તત્ત્વ સારૂં હોય તો પણ અર્થિપણું આદિ ગુણો આવે તો જ રૂચિકર નિવડે.

ત્રણેનો યોગ ફળે ક્યારે ?

આ રીતિએ સત્પુરૂષનો યોગ થઈ જાય, સન્માર્ગના શ્રવણની તક પણ મળી જાય અને સન્માર્ગ પ્રતિ રૂચિ પણ થઈ જાય,—આ ત્રણે વસ્તુઓ થઈ જાય, તો પણ એક ચોથી વસ્તુ જોઇએ : અને તે એ કે—સન્માર્ગનું શ્રવણ અને તેની રૂચિના પ્રતાપે જે તજવા યોગ્ય લાગે તેના ત્યાગનો પ્રયત્ન અને જે આચરવા યોગ્ય સમજાય તેને આચરવાનો પ્રયત્ન. જે તજવા યોગ્ય હોય તેને તજાય અને જે આચરવા યોગ્ય હોય તેને આચરાય, તો જ ઉત્તમ માનવજીવનની વાસ્તવિક સફળતા સાધી શકાય! નહિતર, એ ત્રણેનો યોગ જેવો અને જેટલો ફળવો જોઇએ, તેવો અને તેટલો ફળે નહિ.

ચાર ગુણો કેળવવા જોઇએ :

એક તત્ત્વજ્ઞાની મહાપુરૂષ ફરમાવે છે કે—મનુષ્ય-જીવનની સફળતા સાધવી હોય તો ચાર ગુણો કેળવવા જોઇએ : ૧—એક તો તજવા યોગ્યનો ત્યાગ કરવો જોઇએ,

૨–બીજું કરવા યોગ્ય કરવું જોઇએ, ૩–ત્રીજું પ્રશંસવા યોગ્યની પ્રશંસા કરવી જોઇએ અને ૪–ચોથું સાંભળવા યોગ્ય સાંભળવું જોઇએ.

આમાં પુરૂષાર્થ જોઇશે :

આમાંથી બે ગુણોની વાત તો થઇ ગઇ : પ્રશંસવા યોગ્યની પ્રશંસા સત્પુરૂષના યોગમાં આવી ગઇ અને સાંભળવા યોગ્યના શ્રવણની વાત રૂચિપૂર્વકના ધર્મશ્રવણમાં આવી ગઇ. હવે જે બે ગુણો બાકી રહ્યા, તે એ કે–કરવા યોગ્ય કરવું જોઈએ અને તજવા યોગ્ય તજવું જોઇએ. આ બેમાં શિથિલતા નહિ ચાલે. કરવા યોગ્યને કરવામાં અને તજવા યોગ્યને તજવામાં પુરૂષાર્થ જોઇશે. સત્પુરૂષનો યોગ થાય, સન્માર્ગનું શ્રવણ કરાય અને સન્માર્ગ ઉપર રૂચિ પણ પ્રગટ થાય, પરન્તુ જ્યાં સુધી તજવા યોગ્યને તજાય નહિ અને કરવા યોગ્યને કરાય નહિ, ત્યાં સુધી સાધના અધુરી જ રહે.

સફળતા કોણ સાધી શકે ?

જેઓ કરવા યોગ્યને કરવામાં સંપૂર્ણપણે રક્ત બને છે અને તજવા યોગ્ય સઘળી વસ્તુઓનો ત્યાગ કરે છે, તેઓ જલ્દિ સફળતા સાધી શકે છે : અને જેઓ એવો વિવેક કેળવી, એમ કરવામાં જ આત્માનું કલ્યાણ છે એમ માને છે તેમજ રફ્તે રફ્તે જેમ જેમ શકયતા વધે તેમ તેમ આરાધનામાં વધતા જાય છે, તેઓ પણ ક્રમે કરીને સફળતા સાધી શકે છે. જેને સન્માર્ગ રૂચી જાય છે,

તેના જીવનમાં વિવેક આવી જાય છે. તેઓ સંસારમાં રહેવા છતાં, દુનિયાદારીમાં રહેવા છતાં, બીજાઓ કરતાં ઉત્તમ જીવન જીવનારા બની જાય છે.

સફળતા કોણ સાધી શકે નહિ?

અહીં હું એક ત્રણ રાજકુમારોનું દૃષ્ટાંત આપું છું. સાંભળેલા દૃષ્ટાન્તમાં હકીકતો સંબંધી હેરફેર સંભવિત છે, પણ આપણે તો મૂળ વસ્તુ જે તેના ઉપરથી સાર લેવાનો છે, તે તરફ જોવાનું છે. ત્રણ રાજકુમારોના આ દૃષ્ટાન્ત ઉપરથી સમજાશે કે–'સન્માર્ગ જેને રૂચ્યો હોય તેની દુનિયામાં રહેવા છતાં પણ કેવી ઉત્તમ દશા હોય છે!' આ કરવા યોગ્ય અને આ તજવા યોગ્ય, એટલો પણ વિવેક જે આત્માઓમાં આવી જાય છે, તેઓ પોતાનું રફતે રફતે પણ કલ્યાણ સાધી શકે છે: પરન્તુ જે આત્માઓ દોષને દોષ રૂપે સમજતા નથી, ગુણને ગુણ રૂપે સમજતા નથી તેમજ દોષને પણ ગુણ રૂપ માની દોષને ટાળવાનો ઉપદેશ સાંભળવાને પણ ઉત્સુક બનતા નથી, તે આત્માઓ આ ઉત્તમ માનવજીવનને પામીને પણ જોઈતો લાભ ઉઠાવી શકતા નથી.

રાજકુમારોનું ઉદાહરણ:

એક રાજાને ચાર દીકરા હતા. પોતાની પાછળ રાજ્યને માટે પોતાના પુત્રો વચ્ચે વિખવાદ ઉત્પન્ન ન થાય, એ માટે રાજા યોજના કરવાનો વિચાર કરતો હતો: પણ ચંચળ આયુષ્યને ધરનારાની કેટલી ય ધારણાઓ

મનની મનમાં રહી જાય અને આ દેહ છૂટી જાય, એ તદ્દન સુસંભવિત છે. તે રાજા માટે પણ એમ જ બન્યું.

રાજાએ પોતાના ચારે ય દીકરાઓને સર્વ કળાઓમાં કુશળ બનાવ્યા છે : સૌએ ધર્મકળા પણ લીધી છે : પરન્તુ સૌથી મોટા દીકરામાં ધર્મકળા બરાબર પરિણમી નથી.

ધર્મકળા પરિણમ્યા વિના અન્ય કળાઓ અનર્થને કરનારી નિવડે, એમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

રાજા તો યોજના કરવાના વિચારમાં ને વિચારમાં મરી ગયો, એટલે રાજકુમારોએ પરસ્પર સમજાવટપૂર્વક રાજ્યની વહેંચણી કરવાની બાકી રહી. ત્રણે નાના રાજકુમારોએ વિચાર કર્યો કે–'પિતાની ગાદી ઉપર પાટવી આવે.' આથી તેઓએ ભેગા થઇને, મંત્રિઓને અને સામંતોને બોલાવીને, મોટા ઉત્સવપૂર્વક મોટા ભાઇનો રાજ્યાભિષેક કર્યો.

રાજ્યાભિષેક થઈ ગયો. મોટા ભાઇને રાજા તરીકે જાહેર કરી દીધો. આ પછીથી મોટા ભાઇની પાસે ત્રણ નાના રાજકુમારોએ માગણી કરી કે–"તમને અમે રાજા બનાવ્યા. હવે તમે અમને, અમે સુખપૂર્વક આપના ભાઇ તરીકે જીવી શકીએ એટલો રાજ્યમાંથી ભાગ આપો. અમને એટલી જ માત્ર સામગ્રી આપો, કે જેથી આપના ભાઈ તરીકે અમે અમારૂં જીવન સુખ અને ગૌરવપૂર્વક વ્યતીત કરી શકીએ!"

આ માગણી કાંઇ ગેરવ્યાજબી હતી? પહેલાં તો પોતે જ એને રાજ્ય ઉપર સ્થાપન કર્યો અને પછી પણ સરખો ભાગ નહિ માગતાં અમૂક જ ભાગ માગ્યો, એટલે આ માગણીને કોઇથી ગેરવ્યાજબી કેમ કહેવાય?

દુનિયાનો ન્યાય આવી માગણીને ગેરવ્યાજબી ઠરાવી શકે નહિ: છતાં સદ્‌વિચારથી પરાઙ્‌મુખ બનેલો મોટો ભાઇ એ માગણીને સ્વીકારતો નથી અને પોતાના તે ભાઇઓનું અપમાન જ ગણાય એવું આપવાનું કહે છે.

આ ત્રણે ય કહે છે કે–" અમે આપના સગા ભાઈ હોવા છતાં અને પિતાના રાજ્યમાં અમારો પણ હક્ક હોવા છતાં, અમે તમો કહો છો તે રીતિએ જીવીએ-એમાં નથી તો આપની શોભા કે નથી તો અમારી શોભા!"

છતાં ધર્મકળાના પરિણમનથી બેનશિબ રહેલો અને એથી રાજ્યનો અતિ લોભી બનેલો મોટો કહે છે કે– " એક તસુભર પણ વધુ જગ્યા નહિ મળે."

આવા પ્રસંગે જો પેલા ત્રણમાં ધર્મકળાનો અંશ ન હોત, તો પરિણામ કેવું આવત? મોટો ગાદી ઉપર સુખે જીવી શકત ખરો? આ ત્રણ રાજકુમારો કાંઈ કાયર નહોતા કે આવડત વિનાના પણ નહોતા. તેઓ જો ધારે તો રાજ્યમાં ઉપદ્રવ મચાવી શકે તેમ હતા અને બળજબરીથી પોતાની ઇચ્છા પાર પાડી શકે તેવા પણ હતા; પણ–'રાજ્ય ખાતર ભાઇ સાથે ભાઈ લડ્યા.' અથવા 'રાજ્ય ખાતર ભાઈની સામે જ ભાઇઓએ

બહારવટું ખેડયું.'—એમ કહેવડાવવાને તેઓ ઇચ્છતા ન હતા, એટલે ત્રણે જણા ત્યાંથી મૂંગા મૂંગા ચાલી નીકળ્યા.

ત્રણે ય રાજકુમારો એક રાજાની રાજધાનીમાં જઇ પહોંચ્યા અને સીધા રાજ્યના મંત્રિઓને ત્યાં ગયા.

મંત્રિઓ કુશળ હતા. તેઓ પામી ગયા કે–'આ કોઇ સાધારણ માણસો નથી, પણ રાજકુમારો છે.' તેમનું યોગ્ય સન્માન કર્યા બાદ, મંત્રિઓએ તેમને આદરપૂર્વક પૂછયું કે–"આપ કોણ છો ?"

પેલાઓએ પોતાની કથનીમાંનો અમૂક ભાગ કહ્યો, પણ પોતાના ભાઇની સાથે થએલા વિગ્રહની વાત જણાવી નહિ. એ પ્રતાપ પણ ધર્મકળાનો ખરો ને ?

છેવટે કહ્યું કે–"અમે આપના રાજ્યની સેવા સ્વીકારવાને ઇચ્છીએ છીએ. આપને યોગ્ય લાગે તો રાખો."

કુશળ મંત્રિઓએ કહ્યું કે–"આપ આવતી કાલે સમયસર રાજસભામાં પધારજો અને અમે રાજાને વાત કરીશું." આમ કહીને તેમને સન્માનભેર વિદાય કર્યા.

બીજે દિવસે ત્રણે રાજકુમારો વખતસર રાજસભામાં આવી પહોંચ્યા. મંત્રિઓએ એમને યોગ્ય આસનો ઉપર બેસાડયા. આ પછી મંત્રિઓએ રાજાને તે ત્રણેયની ઓળખાણ કરાવી અને કહ્યું કે–"તેઓ આપણા રાજ્યની સેવા કરવાને ઇચ્છે છે."

રાજાએ તેઓનો પાનબીડાથી સત્કાર કરાવીને, મંત્રિ-

ઓને પૂછ્યું કે-"તેઓને કેટલા પગારની ઈચ્છા છે?"

રાજકુમારોએ કહ્યું કે-"એક વર્ષની ત્રણ લાખ સોનામહોરો: વર્ષદહાડે એક એકની એક એક લાખ સોનામહોરો જોઇએ."

રાજા કહે છે-"ત્રણ લાખ સોનામહોરો? માત્ર ત્રણ જણને ત્રણ લાખ સોનામહોરો કેમ અપાય? ત્રણ લાખ સોનામહોરોમાં તો મોટું સૈન્ય નિભાવી શકાય."

મંત્રિઓએ રાજાને સમજાવવાનો પ્રયત્ન કર્યો: તેમને રાખી લેવાને માટે સૂચવાય એટલું સૂચવ્યું: પણ રાજાએ માન્યું નહિ: આથી મંત્રિઓએ પેલા ત્રણ રાજકુમારોને ઉદ્દેશીને કહ્યું કે-"આપની યોગ્યતા માટે અમને માન છે, પણ રાજા આપના જેવા મોટા પગારદાર લાયક માણસોને રાખી શકતા નથી, એ માટે દીલગીર છીએ. આપ ખરેખર એવા મોટા પગારને લાયક છો, એમ અમે માનીએ છીએ."

આ પ્રમાણે કહીને તેઓને સન્માનપૂર્વક વિદાય આપી. ફરતાં ફરતાં તે ત્રણે રાજકુમારો, આ રાજાના દુશ્મન રાજ્યમાં જઈ ચડયા. ત્યાં પણ આ જ પ્રમાણે માગણી કરી. રાજાએ વિચાર કર્યો કે-"ત્રણ લાખ સોનામહોરો જેટલો પગાર માગનારા સામાન્ય કોટિના માણસો હોય નહિ." આવો વિચાર કરીને, તે રાજાએ તે ત્રણેયને ત્રણ લાખને બદલે છ લાખ સોનામહોરે પોતાના રાજ્યમાં રાખી લીધા.

રાજા કશું કામ બતાવતા નથી અને પગાર આપ્યે જાય છે. રાજ્યમાં એમનું પૂરેપૂરૂં માન જળવાય છે. આ રીતિએ છ મહિના વીતી ગયા, પણ કોઇ કામ બતાવાયું નહિ, એટલે રાજકુમારોએ રાજાને કહ્યું કે-"આપ અમને કાંઈક કામ બતાવો!"

રાજાએ કહ્યું: "જ્યારે તમારે લાયક કામ આવશે ત્યારે કહીશું."

રાજકુમારોએ કહ્યું: "એમ નહિ, એમ ને એમ આપનો પગાર ખાવો એ ઉચિત નથી: માટે જે કાંઇ કાર્ય હોય તે ફરમાવો!"

રાજાએ કહ્યું: "બીજું તો ખાસ કાર્ય નથી, પણ અમૂક રાજાની સાથે અમારે ઘણા વખતની દુશ્મનાવટ છે, તેને હરાવવો છે!"

રાજકુમારોએ કહ્યું: "ઓહો, એમાં શું? આપ દૂત મોકલો અને યુદ્ધનું આહ્વાન કરો!"

દૂત ત્યાં પહોંચ્યો. મંત્રિઓ તરત જ સમજી ગયા કે-"પેલા ત્રણ ત્યાં પહોંચ્યા." રાજાને કહ્યું કે-"પેલા ત્રણને પાછા કાઢ્યા એનું આ પરિણામ!" પણ હવે શું થાય? યુદ્ધનું આહ્વાન સ્વીકારવું પડ્યું.

યુદ્ધભૂમિમાં બન્ને સૈન્યો એકત્રિત થયાં. વચ્ચે રાજા અને આજુબાજુ મંત્રિઓ ઘોડેસ્વાર થઇને ઉભા છે. ત્યાં પેલા ત્રણ રાજકુમારોએ ત્રણ બાણ મૂક્યાં. બાણો સાથે ચીઠ્ઠી મોકલી હતી. તેમાં લખ્યું હતું કે-" ત્રણ લાખ

સોનામહોરોથી જેટલા સૈનિકો રાખી શકયા હો, તે સર્વની સાથે તૈયાર રહો: અમે આવીએ છીએ."

આખા સૈન્યને ભેદતા તેઓ આવે છે.

ચેતવણી આપવાનું કોણે શીખવ્યું? ધર્મનીતિએ. ધર્મનીતિ એ જ શીખવે છે કે–"રાજ્ય કરવું નહિ અને કરવું પડે તો અનીતિ કરવી નહિ." પૌદ્‌ગલિક પદાર્થોને જ મેળવવા અને સાચવવામાં જીવનની સાર્થકતા સમજનારાઓ, વાસ્તવિક નીતિનું પાલન કરી શકે, એ શું શકય છે? નહિ જ!

ત્રણેય રાજકુમારો ઘોડેસ્વાર થઈને સેનાને ચીરતા, જ્યાં રાજા અને બે મંત્રિઓ છે ત્યાં આવી પહોંચ્યા. ત્રણેના કપાળની સામે વાળપૂર છેટા ત્રણેએ ભાલા ધર્યા. પછી કહ્યું–'બોલો, શું કરવું છે?'

આખું સૈન્ય જાણે કે–સ્થંભી ગયું.

છેવટે એ ત્રણ રાજકુમારોમાંથી એક કહે છે કે– "અમે એ રાજાનો પગાર ખાઇએ છીએ, એટલે તમને હરાવવા તો પડશે જ: પણ અમે આપનું પાનનું બીડું ખાધું છે. જે મોંઢે પાન ચાવ્યું, તે મોંઢે કોલસા ચાવવા નથી, માટે અમે આપને મારીશું નહિ."

પછીથી રાજાને તેના કપાળમાં ભાલાની સ્હેજ અણી મારીને ગબડાવી દીધો અને એનું વાહન લઈને તે ત્રણેય રાજકુમારો ચાલતા થઈ ગયા.

પૂર્વકાળમાં રાજાનું વાહન લઇ જાય, એ તે રાજાનો પરાજય ગણાતો.

જોઈ સજ્જનતા? આવા વખતે રાજાનું ખૂન ન કર્યું, એ પ્રતાપ ધર્મકળાના પરિણમનનો છે. એક ધર્મકળા આવા વખતે પણ સજ્જનતાને ભૂલવા દેતી નથી: નહિતર, આવા બળવાન છતાં પણ અનર્થ મચાવ્યા સિવાય રહેત ખરા?

ધર્મકળાને પામેલો બધે વફાદાર બને:

આ બધું કહેવાનું તાત્પર્ય એ છે કે–મનુષ્યજીવનને સાર્થક કરવા ઇચ્છનારે કરવા યોગ્યને કરવામાં પ્રમાદ નહિ કરવો જોઈએ અને તજવા યોગ્યને તજવામાં શિથિલતા નહિ સેવવી જોઈએ. સુદેવ અને સુગુરૂને પામેલો આત્મા, બની શકે તો આત્મકલ્યાણની સાધના માટે અવશ્ય તજવા યોગ્ય એવા સઘળા પણ પૌદ્ગલિક સંયોગોનો ત્યાગ કરે અને કદાચ તેમ કરવાનું ન બની શકે, તો પણ આ રીતિએ પોતાની એક મનુષ્યને છાજતી સજ્જનતાને તો ચૂકે જ નહિ. ધર્મકળાને પામેલો ઘરમાં અને બહાર–બધે વફાદાર રહે. માબાપ પ્રત્યે ઘરમાં અને શેઠ વિગેરે પ્રત્યે બહાર એ વફાદારી જાળવે.

આજની ફરીઆદોનું કારણ:

જો ધર્મકળા હૃદયમાં પરિણમી જાય, તો મનુષ્યનું જીવન કોઇ ઉચ્ચ કક્ષાનું બની જાય: પણ આજે ધર્મકળા નથી, એથી ઘેર ઘેર ફરીઆદો ચાલુ છે. આજે જો પેલા

રાજકુમારો જેટલું બળ આવી જાય તો? આજે તો એક સોટી પકડતાં આવડે, તો પણ રસ્તામાં કુતરાંને, ગાયને, બકરીને, એમ મૂંગા જીવોને મારતો મારતો જાય. કારણ? શું તે જીવોમાં જીવ નથી? છે, પણ આ ભાઇ ધર્મને સમજ્યા નથી.

ચારની જરૂર :

આથી સ્પષ્ટ છે કે-જો આ કિંમતી મનુષ્યજીવનને સફળ બનાવવું હોય, તો સદ્‌ગુરૂના યોગની જરૂર છે: માત્ર સદ્‌ગુરૂનો યોગ કામ ન લાગે, પણ સાથે સન્માર્ગનું શ્રવણ પણ થવું જોઇએ: એ બેની સાથે સન્માર્ગની રૂચિ પણ થવી જોઈએ : સન્માર્ગ તરફ રૂચિ થાય, એટલે ઉન્માર્ગ ઉપર રૂચિ ન રહે. સન્માર્ગની રૂચિ થયા પછી, કરવા યોગ્ય કરવાને અને તજવા યોગ્ય તજવાને તત્પર બનવું જોઇએ. એમ કરે તો આ ઉત્તમ અને દુર્લભ મનુષ્યજીવનની વાસ્તવિક સાર્થકતા સધાયા વિના રહે નહિ.

સહેલો માર્ગ :

પણ એ બધા કરી શકશે? કરી શકતા હોય તો સારી વાત છે, પણ બધા નહિ કરી શકે એમ લાગે છે : આથી, મનુષ્યજીવનની સાર્થકતા સાધવાનો બધા આચરી શકે, સહેલાઈથી સેવી શકે, એવો માર્ગ પણ અનંત ઉપકારિઓએ બતાવી દીધો છે. જે મનુષ્યો આત્મકલ્યાણની સાધનામાં બાધક એવા સઘળા જ પૌદ્‌ગલિક સંયોગોનો સર્વથા ત્યાગ ન કરી શક્તા હોય

અને જેઓને સંસારમાં–દુનિયાદારીમાં રહેવું પડે તેમ હોય, તેઓ પણ આ માર્ગ ખાસ મુશ્કેલી વિના આરાધી શકે છે. તેઓ સર્વત્યાગને ધ્યેય રૂપ બનાવે અને એ ધ્યેયને અવલંબીને શકય ત્યાગ કરે. એમ કરતાં કરતાં તેઓ પણ સત્ત્વને ખીલવીને અને પરિણામે સાચી સાધુતાને પણ પામીને મુક્તિને સાધનારા બની શકશે.

છેવટ ત્રણ વસ્તુઓ તો કેળવવી જ જોઇએ :

છેવટમાં છેવટ એક સારા માણુસ તરીકે પણ જેણે જીવન વીતાવવું હોય, તેણે ત્રણ વસ્તુઓ તો અવશ્ય કેળવી લેવી જોઇએ. ૧–એક તો પાપનો ભય : કહો, આ મુશ્કેલ છે ? પાપથી ડરતા રહેવું, એમાં કયી તકલીફ છે ? ૨–બીજું વ્યવહાર માત્રમાં નીતિ, અર્થાત્–અનીતિનો ત્યાગ : આમાં પણ વાંધો આવે એમ છે ? અનીતિ છોડો તો દુનિયામાં જીવાય કે નહિ ? પૌદ્ગલિક લાલસા ઉપર અંકુશ આવી જાય તો અનીતિનો ત્યાગ, એ કોઈ મુશ્કેલ વસ્તુ નથી. અને ૩–ત્રીજું ઈન્દ્રિયો ઉપર કાબુ. આમાં તો દુનિયાને છોડીને, અત્યારે જ સાધુ થઈ જવાની વાત નથી ને ? આ તો ધારે તો બધા કરી શકે તેમ છે ને ?

અયોગ્ય કાર્યો :

જેનામાં પાપનો ભય આવી જાય, એ વ્યવહારમાં નીતિ જાળવવાને માટે પ્રયત્નશીલ બન્યા વિના રહી શકે જ નહિ અને જે મક્કમ બની જાય, તે સઘળા જ

વ્યવહારોમાં નીતિને જરૂર જાળવી શકે. પાપભય કેળવાય તો અનેક દોષોથી બચી જવાય. પાપથી ભય પેદા થાય, એટલે અયોગ્ય કાર્યોને તજવાની ઈચ્છા અવશ્ય થાય અને એ જાતિની ઇચ્છા થાય એટલે શકયતા મુજબનો ત્યાગ પણ અવશ્ય થાય. અયોગ્ય કાર્યો કયાં કયાં છે ? એક તો હિંસા. કોઈ પણ જીવને દુ:ખ દેવું, એ પણ હિંસા છે. જેવો આપણને સુખ–દુ:ખનો અનુભવ થાય છે, તેવો સૌને થાય છે: માટે કોઇ પણ જીવને દુ:ખ દેવું નહિ. બીજું અસત્ય–ભાષણ. છેવટ કાંઇ ન બને, તો કાયદાથી ગૂન્હો ગણાય એવું અસત્ય તો નહિ જ બોલવું. ત્રીજું ચોરી. એમાં પણ કાયદેસર ચોરી ગણાય તેનો તો છેવટ ત્યાગ કરવો જ જોઈએ. ચોથું પરનારિસહોદરપણું. આમાં કાંઈ વાંધો આવે એમ છે ? પરસ્ત્રી સાથે સહોદર જેવો વર્તાવ રાખવો, એમાં વાંધો શો ?

'હા' પાડો છો તો આ બધું નહિ થાય :

માનવજીવનને સાર્થક કરવાની વાત ચાલે છે. આટલું સહેલું પણ ન કરી શકો, તો સાર્થકતા સધાય શી રીતિએ ? છેવટ આ ગુણો તો કેળવવા જોઈએ ને ? ખોટી ' હા ' પાડીને ઠગવા જેવું ન કરતા. 'હા' પાડનારાઓએ સ્વાર્થ માટે, ગમ્મત માટે, દ્વેષ માટે કે બેદરકારી રાખીને બીજા જીવોને દુ:ખ દેતાં અટકી જવું પડશે : કાયદામાં ગૂન્હા રૂપ ગણાય તેવું અસત્ય તો નહિ જ બોલાય : એ જ રીતિએ ચોરીમાં પણ ઘણી પ્રવૃત્તિઓને તજવી

પડશે : જેમકે–ઇન્કમટેક્ષની ચોરી નહિ થાય, રેલ્વેની ચોરી નહિ થાય, બાર વર્ષને બદલે નવ વર્ષ કહી દીકરાની અડધી ટીકીટ નહિ લેવાય, લાંચ આપીને કે બીજી પણ કોઈ રીતિએ વગર નૂરે વધારે સામાન નહિ લઇ જવાય, જકાતની ચોરી નહિ કરાય, પોસ્ટની ચોરી નહિ થાય અથવા તો ખોટા દસ્તાવેજ નહિ થાય કે જુઠ્ઠી સાક્ષી પૂરવા કોર્ટમાં નહિ જવાય. આ રીતિએ ઘણી ઘણી મોટી ચોરીઓ ચાલે છે, તે તો છેવટ છોડવી જ પડશે.

સિંહ જેવી વૃત્તિ ય ન રખાય?

ચોથું પરનારિસહોદરપણું. એ તો સહેલું છે. પરનારી-નો તો સર્વથા ત્યાગ જ, પણ સ્વસ્ત્રીમાં પણ મર્યાદિત અને સંતોષી બની જવું પડશે : એમાં પણ કુતરાં જેવા નહિ થવું જોઇએ, પણ સિંહની જેમ કરવું પડે તો તમે જાણો. ઉત્તમ જાતિના સિંહો જીવનમાં એક જ વાર વિષયસેવન કરે છે અને સાધારણ જાતિના સિંહો વર્ષમાં એક જ વાર સેવે છે. તમારે કેવા બનવું છે? સૌની વાત સૌએ વિચારી લેવી. આપણો મુદ્દો તો એ જ છે કે–પરસ્ત્રીનો સર્વથા ત્યાગ કરવો જોઇએ અને સ્વ-સ્ત્રીમાં પણ નિયમિત અને સંતોષી બની જવું જોઇએ.

પહેલાં પાપભય કેળવો !

આ ગુણો ક્યારે આવે? પાપભય હોય તો! મનુષ્ય તરીકે જન્મ્યા છતાંય પશુથી ભૂંડા થવું, એ શું યોગ્ય છે? હિંસાનો ત્યાગ એ પહેલો ગુણ, અસત્યનો ત્યાગ એ

બીજો ગુણ, ચોરીનો ત્યાગ એ ત્રીજો ગુણ અને પર-સ્ત્રીનો ત્યાગ તથા સ્વસ્ત્રીમાં ય સંતોષ એ ચોથો ગુણ. પાંચમો ગુણ—પરિગ્રહમાં પરિમિતતા. પાપનો ભય નહિ જન્મે, ત્યાં સુધી આ પાંચ ગુણો વાસ્તવિકપણે નહિ આવે, માટે સૌથી પહેલાં પાપભય કેળવવો જોઇએ.

ક્યારે નીતિમાન બન્યા રહેવાય ?

જ્યાં સુધી પાપભય નહિ કેળવાય, ત્યાં સુધી વ્યવહારમાં એક સાચા આસ્તિક તરીકે જેવા નીતિમાન બનવું જોઇએ કે બન્યા રહેવું જોઈએ, તેવા નીતિમાન નહિ બનાય કે નહિ બન્યા રહેવાય. આજે નીતિમાન કહેવાય છે ઘણા, પણ એમાં દિ' શો વળ્યો ? મન, વચન અને કાયાથી નીતિને જાળવવી જોઇએ. ગમે તેવા સ્વાર્થ માટે પણ નીતિને તજાય નહિ અને અનીતિને સેવાય નહિ તેમજ નીતિમાં પણ દયાને ચૂકાય નહિ, એ પાપભય પૂર્વકની સત્ત્વશીલતા હોય તો બને.

ઇન્દ્રિયો ઉપર કાબુ :

પાપભય અને અનીતિત્યાગ—આ બે ગુણોને કેળવવા, ટકાવવા અને ખીલવવા માટે ઇન્દ્રિયો ઉપર કાબુ મેળવવો પડશે. પોતાની ઇન્દ્રિયો ઉપર જેમનો કાબુ નથી, તેઓને પહેલા બે ગુણોને ફેંકી દેતાં વાર નહિ લાગે : માટે પાપભય અને વ્યવહાર માત્રમાં અનીતિનો ત્યાગ—આ બે ગુણોમાં દૃઢ બન્યા રહેવાને માટે પણ ઇન્દ્રિયો ઉપર કાબુ મેળવવો જોઇએ. પાપભયના પ્રતાપે અનીતિનો

ત્યાગ કરવાની ભાવના પ્રગટે અને ઇન્દ્રિયોની સ્વચ્છન્દતા ખટકે એમાં ના નહિ, પણ જે આત્માઓ ઇન્દ્રિયોના સ્વચ્છન્દને તજી શકતા નથી–ઇન્દ્રિયો ઉપર કાબુ મેળવી શકતા નથી, તેઓ જતે દહાડે પાપભયથી પણ પરવારી જાય અને હિંસાદિ અકાર્યોને તેમજ અનીતિને સેવતા પણ બની જાય, તો એ અસંભવિત નથી. આથી પોતાના જીવનને ઉજાળવા ઇચ્છનાર સૌ કોઇએ છેવટમાં છેવટ પાપભય, વ્યવહાર માત્રમાંથી અનીતિનો ત્યાગ અને ઇન્દ્રિયો ઉપર કાબુ,–આ ત્રણ ગુણો તો અવશ્ય કેળવવા જોઇએ.

ભાગ્યશાલિપણું ફળે ક્યારે ?

ઉત્તમ મનુષ્યજીવનની સાર્થકતા સાધવાને માટે, મળી ગએલા ઉત્તમ જીવનને સફલ કરવાને માટે, તમને આ ઉપાયો યોગ્ય લાગે છે કે નહિ ? જો 'હા' જ પાડો છો, તો પછી એનો અમલ કરવામાં વાંધો શો છે ? એ ગુણો કેળવવા તરફ ઉપેક્ષા શા માટે ? તમે ભાગ્યશાલી છો કે–દેવો પણ ધર્મ સાધવા માટે જે જીવનની ઝંખના કરે છે, તે જીવન તમને મળી ગયું છે. અનંતજ્ઞાનિઓએ ફરમાવેલી આ વાત ઉપર જો તમને વિશ્વાસ હોય તો, આ જીવનને સફલ બનાવનારા માર્ગોનો જીવનમાં અમલ કરવાની એ જ તારકોએ ફરમાવેલી વાતનો તમારાથી ઇનકાર કેમ થાય ? આટલું પણ ન સાધીએ અને માનવજીવનની પ્રાપ્તિ થવા માટે આપણે આપણી જાતને

ભાગ્યશાલી માન્યા કરીએ, તો એથી શો ફાયદો ? ભાગ્ય-શાલિપણું ફળે ત્યારે, કે જ્યારે આ જીવન દ્વારા જે સાધવા યોગ્ય છે તે સાધી શકાય.

રસનાની લાલસા, જોવાનો શૉખ અને ભટકવાના ચાળા-એ ત્રણ કુટેવા :

ઇન્દ્રિયો ઉપરના કાબુના અભાવે-આજે જે-તે ખાવાના, સીનેમા-નાટક આદિ જોવાના અને જ્યાં-ત્યાં ભટકવાના ખર્ચા વધ્યા છે. માનવજીવનને સાર્થક કરવું હોય, તો રસનાની લાલસા, જોવાનો શૉખ અને ભટકવાનો ચાળો,-એ ત્રણેય કુટેવોને તજવી જોઇએ. ભટકનારાઓ બીજા સારાઓના જીવનને પણ બરબાદ કરનારા બને છે, જે-તે જેમ-તેમ જોનારની બુદ્ધિ બ્હેર મારી જાય છે અને રસનાની લાલસાએ તો તમે જૂઓ છો કે-ભક્ષ્યા-ભક્ષ્યનો વિવેક તજાવ્યો છે તથા બેકારીને પણ વધારી મૂકી છે. આજે તો ઘરમાં વપરાતા અનાજ આદિના ખર્ચ કરતાં પણ, રસનાની લાલસા આદિને અંગેનો બહારનો ખર્ચ વધી ગયો છે.

આજની દશા :

આ ત્રણ કુટેવા ન હોત, તો ઉદારતા, સદાચાર, તપ અને ઉત્તમ વિચારો દોડયા આવતા હોત. આ ત્રણ કુટેવોના પ્રતાપે જ આજે મોટા ભાગે એ દશા છે કે-ઉદારતાની જગ્યા લુંટારૂપણાએ લીધી છે, સદાચારની જગ્યા નિર્લજ્જ આચરણોએ લીધી છે, તપની જગ્યા

અકરાંતીયાપણાએ અથવા તો વ્યસનિપણાએ લીધી છે અને સદ્વિચારોની જગ્યા પૌદ્‌ગલિક વસ્તુઓને મેળવવા, ભોગવવા તથા સાચવવાની રાત–દિવસની ચિંતાએ લીધી છે. આજની દુનિયાને સારો ગણાતો ભાગ પણ, લગભગ આ જાતિની દશા ભોગવી રહ્યો છે.

ઉપસંહાર :

માણુસ જો પોતાને ન્યાયાધીશ બને તોય સુધરે. તે વિચારે કે–'હું જો ન્યાયાધીશ હોઉં તો મારા જેવું વિચારનારને, હું બોલું છું તેવું બોલનારને અને હું જે પ્રકારે વર્તુ છું તે પ્રકારે વર્તનારને કયી સજા કરૂં ?' આટલું વિચારે તોય તેને પાપ કરતાં કંપારી છૂટે : માટે એક દિવસ તો એવી નોંધ કરી જોજો. આજે–' શરીર સારૂં નથી રહેતું '–એ ફરીયાદ છે : પણુ શરીર શાથી સારૂં રહે ? ચ્હા ને સીગારેટથી ? આરોગ્યની દૃષ્ટિએ પણુ એ અનર્થકારી છે. આજે બેકારીની બૂમો પડાય છે, પણુ એ લોકો 'બેકારી ક્યાંથી આવી ?'–એને કેમ જોતા કે રડતા નથી ? રસનાની લાલસા, જોવાનો શૅાખ અને ભટકવાનો ચાળો, કે જે બેકારી ને બેહાલીનાં મૂળ નિદાન છે, એને ટાળવાના પ્રયત્નો કેમ થતા નથી ? જે–તે જોવાથી વિષયવાસના પણુ વધી ગઇ છે. આ રીતિએ આ ત્રણુ કુટેવોએ ઐહિક અને પારલૌકિક–એ બન્ને પ્રકારના ભયંકર અનર્થો મચાવવા માંડયા છે : માટે ઉત્તમ માનવજીવનની સાર્થકતા સાધવાને ઇચ્છનારે, ક્રમથી

કમ, આ ત્રણ કુટેવોને તો અવશ્ય કાઢવી જોઇએ અને સત્પુરૂષનો યોગ, સત્પુરૂષોની પાસેથી સન્માર્ગનું શ્રવણ, સન્માર્ગની રૂચિ તેમજ તજવા યોગ્યને તજવું અને કરવા યોગ્યને કરવું–એ તરફ લક્ષ્યવાળા બનવું જોઈએ. આ રીતિએ જેઓ રસનાની લાલસા, જોવાનો શોખ અને ભટકવાના ચાળા–એ ત્રણ ભયંકર કોટિની કુટેવોને તજશે તેમજ સાચા સત્પુરૂષોનો યોગ સાધીને, તેવા મહાપુરૂષો પાસેથી સન્માર્ગનું શ્રવણ કરી, સન્માર્ગ પ્રત્યે રૂચિવન્ત બની, ઉન્માર્ગના ત્યાગ અને સન્માર્ગના સેવનમાં પ્રયત્નશીલ બનશે, તેઓ પોતાના આ મહામૂલા મનુષ્યજીવનને ઘણી સારી રીતિએ સાર્થક કરી શકશે, એ સુનિશ્ચિત વાત છે. સૌ કોઇ આ રીતિએ પોતાનું કલ્યાણ સાધો અને મુક્તિને પામો, એ જ એક અભિલાષાથી આજે અવસરજોગ કહેવાયું છે: અને જે અભિલાષાથી આજે કહેવાજોગું કહેવાયું છે, તે અભિલાષા ફળે એમ ઈચ્છવા સાથે જ આજનું આ વ્યાખ્યાન સમાપ્ત કરાય છે.

મનુષ્ય-કર્ત્તવ્ય

વિ. સં. ૧૯૯૧ માં
ઝીંઝુવાડામાં
અપાએલું

આજના વ્યાખ્યાનનો હેતુ:

આજના વ્યાખ્યાનનો વિષય, "મનુષ્ય-કર્ત્તવ્ય" રાખવામાં આવ્યો છે: કારણ કે–દુનિયાના સઘળા ય જીવો જે જાતિના સુખની ઇચ્છા અગર તો આશા રાખે છે, તે સુખને સાધવામાં સર્વોત્તમ પ્રકારે સાધનભૂત થઈ શકે તેવી સામગ્રી મળી શકે તો તે માત્ર મનુષ્યોને જ મળી શકે છે. જે ભવમાં આવી વિશિષ્ટ સામગ્રી મળી શકે છે અને અન્ય કોઇ પણ ભવમાં ન થઈ શકે એવી

સાધના થઇ શકે છે, તે આ મનુષ્યભવને પામેલો આત્મા, ધારે તો, દુનિયાના સઘળા ય જીવો જે જાતિના સુખની ઇચ્છા રાખે છે, તે સુખની અપૂર્વ સાધના પણ કરી શકે. એ કારણે, કર્ત્તવ્યોનો વિચાર મૂખ્યતયા મનુષ્યોને ઉદ્દેશીને જ કરવામાં આવ્યો છે. દુનિયાના જીવોને જે સુખની ઇચ્છા છે, તે સામાન્ય કોટિના સુખની ઇચ્છા નથી; પણ એવી કોટિના સુખની અભિલાષા છે, કે જે સુખ દુઃખના લેશ વિનાનું હોય : અર્થાત્–એ સુખમાં દુઃખનો એક અંશ પણ હોય નહિ. ઘણું પણ સુખ જો દુઃખના સામાન્ય અંશોવાળું હોય છે, તો પણ તે ગમતું નથી : વળી જેમ દુઃખના લેશ વિનાનું સુખ જોઇએ છે, તેમ તે અધુરૂં પણ નથી જોઈતું : અર્થાત્–સંપૂર્ણ સુખ જોઇએ છે : અને એય સુખ એવું ગમે છે, કે જે આવ્યા પછીથી કોઈ પણ કાળે હાનિ પામવાનું હોય નહિ કે નાશ પામવાનું હોય નહિ ! દુનિયાની ઈચ્છા મુજબના આવા–દુઃખના લેશ વિનાના, સંપૂર્ણ અને શાશ્વત સુખ–ને સાધવા માટેની સર્વોત્તમ સામગ્રી માત્ર આ મનુષ્યજીવનમાં જ મળી શકે છે અને માટે જ મનુષ્યો વિશ્વના સઘળા ય જીવોમાં ઉત્તમ કોટિના જીવો તરીકે ઓળખાય છે. આમ છતાં, એ વાત પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે–વિશ્વના સઘળાય જીવોમાં ઉત્તમ કોટિના જીવો તરીકે ઓળખાતા મનુષ્યો પણ જો કર્ત્તવ્યશીલ ન હોય, કર્ત્તવ્યભ્રષ્ટ થયા હોય અને અયોગ્ય આચરણો પાછળ જીવનની બરબાદી કરતા હોય, તો એમના જેવા અધમ કોટિના જીવો પણ

બીજા કોઈ બની શકતા નથી ! આથી ઉત્તમ કોટિમાં આવેલા જીવો ઉત્તમ કોટિમાં કાયમ રહે અને અધમ કોટિમાં ચાલ્યા ન જાય, એ માટે જ્ઞાની મહાપુરૂષોએ, મનુષ્યકર્ત્તવ્યનું, મનુષ્યે કેવી કેવી રીતિએ વર્તવું જોઇએ-એનું વર્ણન કરવાનો ખૂબ ખૂબ પરિશ્રમ ઉઠાવ્યો છે. સંસારમાં આ એક એવી જાત છે, કે જે ધારે અને સમજે તો પોતાનું અને બીજાનું પણ ભલું કરી શકે અને કર્ત્તવ્ય ભૂલે તો પોતાનું તેમજ દુનિયાના જીવોનું પણ ભયંકર રીતિએ ભૂંડું કરનાર બન્યા વિના રહે નહિ! જ્ઞાની મહાપુરૂષોએ આવી રીતિએ જો માનવજાતના કર્ત્તવ્યનો વિચાર ન કર્યો હોત, તે મહાપુરૂષોએ જો આત્મશ્રેયઃ સાધવા સાથે માનવજાતના કર્ત્તવ્યનો માર્ગ ન દર્શાવ્યો હોત અને એ માર્ગને જો બીજા પણ ઉપકારિઓએ જીવંત ન રાખ્યો હોત, તો દુનિયામાં સુધરવાનો-સાચા સુખની વાસ્તવિક અને પરિપૂર્ણ સાધના કરવાનો માર્ગ આ સંસારમાં વિદ્યમાન હોત જ નહિ. દુનિયાના જીવોને જે સુખની અભિલાષા છે, તે સુખ દુનિયાના જીવો પોતાના પ્રયત્ન દ્વારા સાધી શકે, એ માટે જ્ઞાનિઓએ ઘણું ઘણું વર્ણન કર્યું છે, ઘણા ઘણા માર્ગો દર્શાવ્યા છે. તેમાંથી અહીં અમૂક અમૂક કહેવાનો ઈરાદો છે. આજનું વ્યાખ્યાન એ હેતુથી જ રાખવામાં આવ્યું છે કે-સાંભળવા આવનારાઓને પોતાના કર્ત્તવ્યની દિશાનું ભાન થાય, એથી તેઓ કર્ત્તવ્યનું પાલન કરવા તરફ પણ યથાશક્તિ અને યથાસામગ્રી વળે અને એ બધાના ફલસ્વરૂપ એવા

સુખને પામે, કે જેવા સુખને મેળવવાને માટે સારી ય દુનિયા ઝંખી રહી છે.

કર્ત્તવ્યનો અમલ ક્યારે થાય ?

જ્ઞાનિઓ જે જીવનને સર્વશ્રેષ્ઠ તરીકે વખાણે છે, તે મનુષ્યજીવન એળે ન જાય, એ માટે આ જીવનને પામેલાઓએ જરૂર વિચાર કરવો જોઈએ. આવું ઉચ્ચ કોટિનું જીવન પામ્યા પછીથી પણ, સાધવા યોગ્ય સધાય નહિ, તો ઉત્તમ જીવન બરબાદ થાય અને એથી આપણને ઘણી જ મોટી હાનિ થાય, એ વસ્તુ દરેકના હૃદયમાં જચી જવી જોઇએ. જ્યાં સુધી એ વસ્તુ હૃદયમાં ન જચી જાય કે–' આવું જીવન પામીને જો કરવા યોગ્ય કાર્યો કરાય નહિ અને તજવા યોગ્ય કાર્યો તજાય નહિ, તો ઉત્તમ જીવનની પ્રાપ્તિ થઈ તે ફોગટ જવાની, એટલું જ નહિ પણ હાનિકર નિવડવાની '–ત્યાં સુધી કર્ત્તવ્યનો અમલ થઇ શકશે નહિ. કર્ત્તવ્યનો અમલ તો ત્યારે જ થઈ શકે, કે જ્યારે–' કર્ત્તવ્યહીન જીવન હાનિકર છે '–એ માન્યતા હાડોહાડ વ્યાપી જાય : માટે પહેલાં એ સમજાઈ જવું જોઇએ કે–' કર્ત્તવ્યોનો શક્ય અમલ કરવામાં જ આ જીવનની સાચી સફલતા છે ! '

સારી વસ્તુ ઉકરડે ફેંકવા જેવી સ્થિતિ :

સત્પુરૂષોનું, જ્ઞાનિમહર્ષિઓનું કાર્ય તો ઉપદેશ દેવાનું છે, પણ ઉપદેશનો અમલ તો સૌને પોતાને કરવાનો છે. કરવા યોગ્ય વસ્તુને તે રૂપે અને તજવા યોગ્ય

વસ્તુને તે રૂપે સમજાવી દેવી, વસ્તુને વસ્તુગતે દર્શાવવી, એ જ્ઞાનિપુરૂષોનું કાર્ય છે : પણ એ પછી એનો અમલ કરવો, એ કાર્ય તો દરેકનું પોતાનું છે. કર્ત્તવ્યને અદા કરવાની વૃત્તિ ત્યારે જ પ્રગટે, કે જ્યારે જીવનની કિંમત સમજાય. જે માટે આ જીવનને જ્ઞાની મહાપુરૂષોએ ઉત્તમ કહ્યું છે, કિંમતી કહ્યું છે, તે વસ્તુ સમજાય નહિ, હૈયે જચે નહિ, ત્યાં સુધી સારી પણ વસ્તુને ઉકરડે ફેંકી દેવા જેવી સ્થિતિ થાય, તો તે અસ્વાભાવિક નથી.

દુઃખમય દુનિયા સુખમય ભાસે :

આજે દુનિયામાં પોતાની જાતને, પોતાની યોનિને અને પોતાના સ્થાનને ઉંચું કહેવામાં કોઈ કમીના રાખતું નથી : પરન્તુ તે મુજબનું કાર્ય કરવાનો જ્યારે સમય આવે છે, ત્યારે-'એ કેમ બને ?'-એમ કહેવાય છે. પોતાની જાતને અને પોતાના સ્થાનને ઉંચું મનાવવું અને કાર્ય કરવાના પ્રસંગે આમ કહેવું, એ ઠીક નથી. સારૂં કરવાની કાળજી-વિનાના અને સારૂં કહેવડાવવાની ઈચ્છા-વાળાઓએ તો જગતમાં ભયંકર ઉધમાતો મચાવ્યા છે. તેઓનુ જીવન, આ જગતમાં એવું બન્યું છે કે-'એમનું નામ દેતાં પણ લોકોને ત્રાસ ઉપજે.' વસ્તુતઃ તો સારૂં કહેવડાવવાની નહિ, પણ સારૂં કરવાની ભાવના પ્રગટવી જોઇએ. દુનિયાના જીવોના હૈયામાં એ ભાવના પ્રગટાવવાને માટે જ સત્પુરૂષોએ પ્રયત્નો કર્યા છે અને કર્યે જાય છે. સત્પુરૂષોના એ પ્રયત્નને, જો દુનિયાના

જીવો સફળ કરે, તો આજે આ દુનિયા જે દુઃખમય ભાસે છે, તે અનેક રીતિએ સુખમય ભાસતી બને.

શ્રવણ પછી અમલ પણ જોઇએ :

જ્યાં થોડે પણ અંશે એવી ભાવના નથી હોતી, ત્યાં તો સારાને પણ સારી રીતિએ જીવન વ્યતીત કરવું ભારે થઈ પડે છે. એ ભયંકરતા ટાળવાને માટે અને સૌ સાધવા યોગ્ય સાધી જાય તથા કરવા યોગ્ય વસ્તુઓનો અમલ કરી શકે, એ માટે જ્ઞાનિપુરૂષોએ વિસ્તારથી મનુષ્ય–કર્ત્તવ્યનાં વર્ણનો કર્યાં છે. આપણે પણ એ જ કર્ત્તવ્યોનો વિચાર કરવાનો આ અવસર લીધો છે. ઉપદેશક તરફથી માત્ર કર્ત્તવ્યોને કહી જ દેવામાં આવે, પણ એ કર્ત્તવ્યોનો અમલ કરવાની કેટલી જરૂર છે એ વિગેરે સમજાવવામાં ન આવે અને સાંભળનારાઓ તરફથી સાંભળી લેવામાં આવે, પણ જો તેનો શક્તિ તથા સામગ્રી મુજબ અમલ ન થાય, તો જોઇતું પરિણામ ન આવે : માટે તમારે કર્ત્તવ્યોનુ શ્રવણ કરીને, તેના અમલ માટેની તૈયારી પણ અવશ્ય કરવી જોઈએ.

માણસાઈ ગઈ એટલે ઉપમા નથી :

દુનિયાના સઘળા ય જીવોને સુખની ઇચ્છા છે : સંસારમાં કોઈ જીવ એવો નથી, કે જેને સુખની ઇચ્છા ન હોય : સૌને એક માત્ર સુખ મેળવવાની ભાવના છે. આવી ભાવના જેમ પોતાને માટે છે, તેમ સૌને માટે થઈ જાય તો કાલે દુનિયા ફરી જાય. ‘ મારે દુઃખ નથી

જોઈતું પણ સુખ જોઈએ છે, તેમ દુનિયાના બધા ય જીવોને દુ:ખ નથી જોઇતું પણ સુખ જોઇએ છે.'—એટલો વિચાર જો બરાબર આવી જાય અને હૃદયમાં સ્થિર બની જાય, તો પણ માણુસાઇ આવ્યા વિના રહે જ નહિ. માણુસ માત્રમાં આ વિચાર તો અવશ્ય હોવો જોઈએ. જેનામાં આવો વિચાર કરવા જોગી પણ માણુસાઇ નથી, તેને કયી ઉપમા આપવી ?

સ૦ પશુની.

પશુની ઉપમા આપી શકાય તેવી સ્થિતિ પણ તેની રહેતી નથી. મનુષ્ય છતાં મનુષ્યપણાથી હીન આદમીને સંઘરવાને પશુજાતિ પણ તૈયાર નથી. માણુસાઇ ગઇ એટલે તો એ એવો થઇ જાય છે કે—એને ઓળખાવવા માટે એક પણ ઉપમા યથાર્થ રીતિએ મળી શકે તેવી સ્થિતિ રહેતી નથી. માણુસાઇ ગઇ, એટલે એને વાસ્તવિક ઉપમા આપવા માટે કોઇ શબ્દ જ નથી રહેતો.

માણુસાઈ કોને કહેવાય ?

'મારે દુ:ખ નથી જોઈતું પણ સુખ જોઈએ છે, તેમ દુનિયાના બધા ય જીવોને દુ:ખ નથી જોઇતું પણ સુખ જોઇએ છે.'—એ વિચાર હૃદયમાં સ્થિર થઈ જાય, તો માણુસાઈ આવ્યા વિના રહે નહિ : કારણ કે—એ વિચાર-વાળો પોતાના સુખને માટે બીજાને દુ:ખ દેવાને તત્પર બને નહિ. પોતાના સુખને માટે બીજાનું સુખ છીનવી લેવું—એ માણુસાઇ નથી, પણ બીજાના સુખને માટે

પોતાના સુખનો ભોગ આપવો પડે તો તે પણ આપવો, એ માણુસાઈ છે. વિવેકપૂર્વક દુન્યવી સુખનો એ રીતિએ ભોગ આપનારાઓ જ, વાસ્તવિક સુખની સાધના કરી શકે છે અને પોતાના સુખને માટે બીજાઓને દુ:ખ દેતાં આંચકો નહિ ખાનારાઓ માણુસાઇને ગુમાવી દે છે! અને એક આદમીમાંથી જ્યાં એ માણુસાઇ ગઇ, કે પછી એનામાં બીજું સારૂં રહે પણ શું?

નાશક અને પોષક ભાવના :

મનુષ્યમાંથી માણુસાઇને ખોવડાનાર ભાવના એક જ છે : 'મારે સુખ જોઈએ અને દુ:ખ ન જોઇએ'–તે માટે ગમે તે કરવાની ભાવના, એ મનુષ્યપણાને ટાળનારી ભાવના છે. 'દુ:ખ કાઢવા માટે અને સુખ મેળવવા માટે, મને ગમે તે કરવાની છૂટ છે'–આવી માન્યતા માણુસાઇનો નાશ કરનારી છે. જ્યારે સૌ માટે એ ભાવના આવે કે–'બધાનાં દુ:ખ નાશ પામો, કોઇને પણ દુ:ખ ન થાઓ અને સૌ સુખી થાઓ'–ત્યારે માણુસાઇ આવી કહેવાય!

ઉત્તમ બને તોય ઉપમા નથી :

જો માણુસાઇને ટાળનારી ભાવના નીકળી જાય અને માણુસાઇને વિકસાવનારી ભાવના આવી જાય, તો એની ઉત્તમતા દર્શાવવાને માટે પણ જગતમાં કોઇ ઉપમા નથી. એ જીવન એવું તો સુંદરમાં સુંદર બની જાય, કે જેને યથાસ્થિતપણે ઓળખાવવાને માટે પણ ઉપમા ન મળે! પેલામાં જેમ અધમતાને દર્શાવનારી ઉપમા નથી,

તેમ માણુસાઇ વિકસ્યા પછીથી ઉત્તમત્તાને દર્શાવનારી ઉપમા પણ નથી : પણ આ જાતિની માણુસાઈ આવવી, એ કાંઈ સાધારણ કે સહેલી વસ્તુ નથી ! આ માણુસાઇ આવે એ માટે આત્માએ ઘણી ઘણી યોગ્યતા પ્રાપ્ત કરવી પડે છે. માણુસ ધારે અને પ્રયત્નશીલ બને તો એને માટે આ કોઇ અશક્ય વસ્તુ પણ નથી. માણુસાઈ કેળવ્યા વિના છૂટકો નથી એમ લાગી જાય, તો માણુસાઇની નાશક ભાવના ટળે અને માણુસાઇને વિકસાવનારી ભાવના તેજ બને.

જાતને ભૂલો !

આવી રીતિએ, માણુસાઇનો નાશ કરનારી ભાવનાને કાઢીએ અને માણુસાઇને લાવનારી ભાવનાને કેળવીએ, તો જ મનુષ્યજીવન સફળ થાય—એવું માનનારા આત્માઓ દુનિયામાં કેટલા છે ? એવી માન્યતા આવે ક્યારે ? જાતને ભૂલી જવાય તો ! પણ જેઓ, કોઈ ન માને તોય—' અમે મોટા છીએ '—એમ માનનારા હોય, ' અમે કાં'ક છીએ '—એવી માન્યતાવાળા હોય, ખોટું પણ હુંપણું અને મારાપણું માની બેઠા હોય, ' હું જ ગવાઉં અને મારૂં જ ધાર્યું થાય '—એવી ભાવનાવાળા હોય, તેઓમાં—' હું કાંઈ નથી અને મારૂં કાંઈ નથી '—એ ભાવના આવે ક્યાંથી ? અને ' હું કાંઈ નથી અને મારૂં કાંઇ નથી '—એ ભાવના જ્યાં સુધી આવે નહિ, ત્યાં સુધી ' હું 'પણાનો અહંકાર અને ' મારા 'પણાનો અંધ સ્વાર્થ, આદમીને માણુસાઈમાં રહેવા દે પણ ક્યાંથી ?

મોહનું અસ્ત્ર :

માણુસાઈ કેળવાય એ માટે, માણુસાઇને વિકસાવવાને માટે 'અમે કાં'ક છીએ અને અમારૂં બધું છે'–એ ભાવનાને બદલે, 'અમે કાંઈ નથી અને અમારૂં કાંઈ નથી'–આ ભાવના આવવી જોઇએ. આ પરિવર્તન આવવું, એ કરડી વસ્તુ છે, પણુ સુખી થવા ઇચ્છનારે આ પરિવર્તન લાવવું, એ અનિવાર્ય છે. અમે જ કાં'ક છીએ અને દુન્યવી સઘળું સારૂં અમારૂં જ હો'–એ ભાવનાએ તો દુનિયામાં જૂલ્મ ગુજાર્યો છે. 'હું જ સારો કહેવાઉં અને દુન્યવી સારૂં સઘળું મારૂં જ હો!'–એ ભાવના આજે મોટે ભાગે પ્રવર્તી રહી છે, પણુ જ્ઞાનિઓએ તો એવા 'હું'પણાને અને 'મારા'-પણાને, મોહના અસ્ત્ર તરીકે ઓળખાવેલ છે.

ભૂંડું ન કરે તેટલું ય અહોભાગ્ય :

'હું'પણામાં અને 'મારા'પણામાં આદમી એવો અન્ધો બની જાય છે કે–એ બીજાનું ભાન ભૂલે છે. એને એ ખ્યાલ જ નથી રહેતો કે–"હું જેમ દુ:ખને ઇચ્છતો નથી અને સુખને ઇચ્છું છું, તેમ દુનિયાના બીજા જીવો પણુ દુ:ખને ઈચ્છતા નથી અને સુખને ઇચ્છે છે : માટે મારે 'હું'પણામાં અને 'મારા'પણામાં ભાન ભૂલીને બીજાઓને ન તો દુ:ખ દેવું જોઇએ કે ન તો બીજાઓની વસ્તુઓને ઝુંટવી લેવાનો પ્રયત્ન કરવો જોઇએ." એવા માણુસાઈ વિનાના માણુસો તો જેટલા અનર્થો કરે, તેટલા ઓછા જ છે એમ માનવું પડે. તેમનું ચાલતું હોય, તેમનું

નિપજતું હોય, તો તેઓ કરતા હોય એથી વધારે અનર્થો કર્યા વિના પણ રહે નહિ. એવાઓ તરફથી સારાની આશા રાખો, તો પણ તેઓ સારૂં કરી શકે એ શું શક્ય છે ? એવાઓથી તો જેટલું ભૂંડું ન થાય તેટલું જ અહોભાગ્ય, એમ માનવું પડે !

રાજનીતિ, લોકનીતિ, અર્થનીતિ અને
કામનીતિ માણસને સ્વાર્થ શીખવે છે,
જ્યારે ધર્મનીતિ પરમાર્થ શીખવે છે :

આની ટીકા કર્યા કરવી, એવા અનર્થો સામે પોકાર ઉઠાવવો, એ પણ લગભગ ફોગટની બૂમ પાડવા જેવું છે. એવાઓ તો ખૂલ્લી રીતિએ એમ પણ અવસરે બોલતા સંભળાય છે કે–' અમે ધાર્યું છે તેને વાંધો આવ્યો તો નીતિ હોય કે કાયદો હોય, પણ તેને અમે ઠોકરે મારીશું ! ' આજે લગભગ આખી દુનિયાની આ હાલત છે. ન બને ને ન કરે તે વાત જૂદી છે, બાકી ચાલતું હોય તો છોડે નહિ, એ આજની દશા છે. રાજનીતિ જૂઓ, લોકનીતિ જૂઓ, અર્થનીતિ જૂઓ કે કામનીતિ જૂઓ : કોઇ નીતિ એમ નથી શીખવતી કે–' કોઇ પણ સંયોગોમાં અનીતિ તો કરવી જ નહિ. ' રાજનીતિ કહે છે કે–' નીતિનું પાલન કરવું એ બરાબર છે, પણ જ્યાં સુધી રાજ્યના રક્ષણને વાંધો ન આવે ત્યાં સુધી ! ' લોકનીતિ કહે છે કે–' નીતિનું પાલન કરવું એ સારૂં છે, પણ જ્યારે નીતિ પાળતાં વ્યવહારને વાંધો આવે,

ત્યારે નીતિને તજવી પણ વ્યવહારને જાળવવો!' ત
સ્થિતિ અર્થનીતિની અને કામનીતિની પણ છે: અર્થ
કહે છે કે-' નીતિનું પાલન કરતાં પૈસા કમાવાય ત્યાં
સારૂં, પણ પૈસા ગુમાવવાનો વખત આવે તો ન
બાજૂએ મૂકવામાં વાંધો નહિ.' કામનીતિ પણ ક
કે-' ઈષ્ટ ભોગને વાંધો આવે તો બધું તજવું પણ
તજવા નહિ!' આ નીતિઓના ઘડનારાઓની ર
સામે શું હતું? હું અને મારૂં! એ નીતિઓમાં ન
રાજ્યની, વ્યવહારની, પૈસાની અને ઈષ્ટ ભોગની મ
છે, તેટલી સુનીતિની નથી: નહિતર તો એમ જ
કે-' રાજ્ય જાય તો જવા દેવું, વ્યવહારમાં વાંધો
તો તે સહન કરી લેવો, પૈસા ગુમાવી દેવા પડે
ગુમાવી દેવા અને ઈષ્ટ ભોગ જતા કરવા પડે તો
કરવા, પરન્તુ સર્વસ્વના ભોગે નીતિ જાળવવી!'
નહિ, તેઓની આંખ સામે રાજ્ય, વ્યવહાર, દ્રવ્ય
ભોગની પ્રધાનતા હતી! હું-પણું અને મારા-
હતું!! જ્યારે ધર્મનીતિ તો કહે છે કે-' હું-પણાને
મારા-પણાને ભૂલી જાવ અને ધર્મને આચરો!' ઘ
નીતિઓ અને ધર્મનીતિ વચ્ચે આ તફાવત છે: ઘ
નીતિઓ, બીજાઓના સ્વાર્થ તરફ અન્ધ બનીને
પોતાનો જ દુન્યવી સ્વાર્થ સાધવાને પ્રેરે છે, ત
ધર્મનીતિ સ્વ અને પર-બન્નેનું શ્રેયઃ સાધી શ
પોતાને કે પરને કશું ય નુકશાન ન થાય, એવી રી
વર્તવાનું શીખવે છે. બીજી નીતિઓ જ્યારે લેવાનું

સાચવવાનું સૂચવે છે, ત્યારે ધર્મનીતિ હું-પણાને અને મારા-પણાને કાઢવાનું તેમજ મળેલી કે મેળવેલી વસ્તુઓનો શકય ત્યાગ કરવાનું જ શીખવે છે. આ તફાવતનું કારણ શું? એ જ કે-બીજી નીતિઓના વિધાયકોનું ધ્યેય કેવળ આ લોકનું જ સુખ હતું અને ધર્મનીતિના વિધાયકોનું ધ્યેય આત્માના સર્વ કાળના સાચા સુખનું હતું.

સૌએ પહેલી વાત સ્વાર્થની રાખી :

તમે જાણતા હશો કે-રાજકીય ચળવળમાં જ્યારે સરકાર સામે કાયદો ધરવામાં આવતો, ત્યારે કહેવાતું કે-‘ અમારી સામે કાયદો શું ધરો છો? એ કાયદા અમે જ ઘડ્યા છે: કાયદા રાજ્યના રક્ષણને માટે છે: રાજતંત્રને હાનિ પહોંચે એવો કાયદો હોય જ નહિ!’ પ્રજાને અપાતી છૂટના કાયદાનો અમલ ક્યાં સુધી થાય? રાજતંત્રને આઘાત ન પહોંચે ત્યાં સુધી! કારણ? કાયદા ઘડનારની આંખ સામે પહેલું રાજ્યનું હિત હતું અને છે. ‘ કોઇએ કાયદો હાથમાં ન લેવો ’-એમ કાયદાએ ફરમાવ્યું : છતાં એમાં ય બારી રાખી છે ને? કાયદો હાથમાં લીધા પછીથી ગૂન્હેગાર જો એમ પૂરવાર કરી દે કે-‘ મારા જીવનને બચાવવાને માટે બીજો કોઈ ઉપાય નહિ હતો’-તો કાયદો એવાને ગૂન્હામાંથી મુક્ત કરી દે છે ને? ખોટા આવેશથી, મોટાઈને આધીન થઇને, બળથી મગરૂર બનીને અથવા તો બીજા દુષ્ટ ઈરાદાથી કોઇ કોઇના ઉપર જૂલ્મ ન ગૂજારે-એ માટે કાયદો

છે, પણ જાન ઉપર આવે ને દઈ દેવી પડે તો કાયદો બાધ લેતો નથી. કાયદાથી અનર્થ અટકાવવો એ હેતુ ખરો, ઘણુ બીજા ઉપાયના અભાવે જાત બચાવવાને માટે કાયદો હાથમાં લઈ લેવાની છૂટ છે અથવા તો એમાં કાયદો બાધ નથી લેતો! આ રીતિએ સૌ સ્વાર્થની વાતમાં ડૂબ્યા છે! પહેલો હું, પછી બીજા: પહેલું મારૂં, પછી બીજાનું: આ જાતિની મનોદશા દુનિયામાં લગભગ સર્વત્ર પ્રસરી રહેલી છે, એમ કહેવામાં અતિશયોક્તિ જેવું પણ ભાગ્યે જ ગણાશે.

સત્પુરૂષોનો ઈરાદો :

આ દશામાં સૌ સ્વાર્થવૃત્તિ છોડે અને પરમાર્થમાં રક્ત બને, એ અશક્ય જ છે ને? ‘ હું ’પણાને ભૂલીને જાતને ભૂલવી અને ‘ મારા ’પણાને ભૂલીને પોતાની જેમ બીજા જીવોને પણ દુઃખ ગમતું નથી અને સુખ જોઇએ છે માટે–‘ મારે કોઈને દુઃખ દેવું નહિ કે કોઈનું સુખ છીનવી લેવું નહિ ’–આવી વૃત્તિ કેળવવી, એ શું સહેલું છે? નહિ જ; છતાં સત્પુરૂષો તો દુનિયામાં એવી માણુસાઈ આવે એ માટે જ ઉપદેશ આપે છે. સૌને અનીતિના માર્ગે જતા અટકાવવા, નીતિના માર્ગે લાવવા અને પરિણામે સાચી સુખમય દશાને ભોગવતા બનાવવા, એ જ સત્પુરૂષોનો ઈરાદો છે. સજ્જન માત્રનો ઈરાદો આવો જ હોય. જેનો આ ઈરાદો નથી, આથી વિપરીત ઇરાદો છે, તે વસ્તુતઃ સજ્જન જ નથી.

સાચી સ્વાર્થસાધના :

તમે અહીં શા માટે આવ્યા છો ? આપણે સુખે સુખે દુનિયામાં મહાલી શકીએ, એવું જ કાંઈક સાંભળવાને મળશે–એમ માનીને તો નથી આવ્યા ને ? જો એવું જ સાંભળવાને આવ્યા હશો, તો તમને જરૂર નિરાશા મળશે. અહીં તો દુન્યવી સ્વાર્થના ભોગે પરમાર્થ કરવાની વાત છે. વસ્તુતઃ સાચી સ્વાર્થસાધના પણ એ જ છે. જ્યાં સુધી દૃષ્ટિ કેવળ તુચ્છ સ્વાર્થોમાં ભમતી હોય અને પરિણામદર્શી ન બની હોય, ત્યાં સુધી એ ન સમજાય; પણ દૃષ્ટિને વિવેકી અને પરિણામદર્શી બનાવો તો જરૂર સમજાય કે–'હું'પણાને અને 'મારા'પણાને છોડીને ધર્મનીતિને મજબૂતપણે વળગવું, એ જ સાચી અને ઈષ્ટદાયક સ્વાથેસાધના છે. સત્પુરૂષોનો પ્રયત્ન દુનિયાને એ રસ્તે દોરવાનો છે.

'હું'પણું અને 'મારા'પણું ભૂલાય તો :

દુનિયામાંથી જો ' હું 'પણું અને ' મારા 'પણું ભૂલાઈ જાય, તો આજે દુનિયામાં ધોધમાર ચાલી રહેલા અનર્થો અટકી જાય. જો કે–બધા માટે એમ બનવું એ શક્ય જ નથી : પણ જો ઠીક ઠીક પ્રમાણમાં ય એવા પાકે, તો પણ આજની દશામાં ઘણું પરિવર્તન આવી જાય ! આજે જે પાપની ભડમાર ચાલી રહી છે તે જરૂર અટકી જાય ! ! સત્પુરૂષો તરફથી એ માટે પ્રયત્ન થતો આવ્યો છે અને થતો રહેશે : એમના એ પ્રયત્નના યોગે પુણ્યાત્માઓ

પાપથી બચ્યા છે અને બચશે : પાપથી બચવા ઇચ્છનારા બચી જાય, પોતાના મોંઘા માનવજીવનની કિંમત સમજે તેમજ તજવા યોગ્ય અને કરવા યોગ્ય કાર્યોનો વિવેક કરીને ત્યાજ્યના ત્યાગમાં અને કરવા યોગ્યને કરવામાં પ્રયત્નશીલ બની શકે, એ માટે આજે "મનુષ્ય કર્ત્તવ્ય"નો વિષય રખાયો છે.

બધે પરતંત્ર, પણ દેવ-ગુરૂ-ધર્મમાં સ્વતંત્ર !

સત્પુરૂષોની ઇચ્છા તો સૌ ધર્મશીલ બને એવી જ હોય, પણ ધર્મ કરવો એ ઇચ્છાનો વિષય છે. ધર્મ બળાત્કારે કરાવી શકાતો નથી. જો કે-અજ્ઞાનને ધર્મમાં જોડવા અને ધર્મમાં ટકાવવા માટે હિતશિક્ષા થઇ શકે, યોગ્યને બળાત્કારથી પણ ધર્મ કરાવી શકાય, છતાં ય મૂખ્યત્વે ધર્મ એ ઇચ્છાનો વિષય છે : પરન્તુ આજની દુનિયાને તો ધર્મ પ્રત્યે વફાદાર રહેવું, દેવ-ગુરૂને વફાદાર રહેવું, એમાં ગુલામી લાગે છે ! દેવ-ગુરૂ-ધર્મની વાત આવે, ત્યાં સ્વતન્ત્રતાની વાતો કરાય છે ! જો કે-આજની દુનિયા, ઇચ્છાએ કે અનિચ્છાએ પણ, દુનિયામાં લગભગ બધે જ ઠેકાણે એક યા બીજા રૂપે ગુલામીને સ્વીકારે જ છે, પરન્તુ દેવ-ગુરૂ-ધર્મની વાતમાં એ આધીન થવાને તૈયાર નથી. દુનિયાએ જે વસ્તુ જરૂરની માની છે, તેને માટે એ ઓછી પરાધીનતા સહે છે ? મોટા વ્યાપારીને પણ પેઢીની પરાધીનતા : ગ્રાહકના કડવા શબ્દો પણ ત્યાં સહાય : એ જ રીતિએ પૈસા વિગેરેને માટે પાંચ-છ

કલાકની સેવા, નોકરી, મજૂરી અને શેઠ કે ઉપરીની આજ્ઞાનું પાલન કરવાને તૈયાર થનારા આજે કેટલા છે? લગભગ બધા! અને આત્માને માટે દેવ-ગુરૂ-ધર્મની આજ્ઞા ઉઠાવનારા કેટલા છે? જવલ્લે જ મળે તેટલા!

એક કલાકે ય ધર્મ માટે છે?

દુનિયાની વસ્તુઓની સાધનાને માટે, અમૂકે અમૂકની તો અમૂકે અમૂકની સાધના માટે સમય આપ્યો છે, પણ ધર્મ માટે કેટલાએ સમય આપ્યો છે? ચોવીસ કલાકમાંથી બે-ચાર કલાકે ય ધર્મ માટે રાખ્યા છે? અરે, ઓછામાં ઓછો રોજનો એક કલાક પણ આપવાને તૈયાર છો? છેવટ રોજનો એક કલાક પણ આપો, તો ય આત્માનું અમૂક અંશે તો સધાય! આવી રીતિએ એક કલાક નિયમિત આપનારાઓ નીકળે, તો પણ તેઓની પાસે ઘણું કરાવી શકાય. આવું કહેવાય ત્યારે એક કલાકમાં શું કરી શકાય, એ જાણવાને માટે 'હા' કહેનારા નીકળે, પણ અંતરના નિર્ણયપૂર્વક રોજનો એક કલાકનો સમય આપવાને માટે તૈયાર કેટલા થાય?

ધર્મ તરફ બેદરકારી શાથી?

આ વિષયમાં આટલી બધી બેદરકારી આવવાનું કારણ શું? ધર્મના કાર્યમાં મોટે ભાગે એમ જ કહેવાય છે કે-' ફુરસદ જ નથી!' આવો જવાબ શાથી મળે છે? શું ધર્મનો દુનિયાને ખપ જ નથી કે જેથી ધર્મનો વિચાર વિસરાઇ ગયો છે? આ લોકની દુન્યવી સાધના

માટે બધો સમય આપનારાને, ધર્મમાં એક કલાક પણ આપવો વસમો પડે, તો શું કહેવાય ? ખરેખર, પરલોક ભૂલાયો છે અને આ લોકની સાધનામાં ઘેલા બનાયું છે, એનું જ આ પરિણામ છે કે-ધર્મ તરફ બેદરકારી આવી ગઇ છે અને ધર્મકાર્યમાં ફુરસદ નથી, એમ કહેવાય છે!

પરલોક ન ભૂલાય તો અનીતિ આદિ ઉપર અંકુશ આવે :

પણ પરલોકને ભૂલવાથી કાંઈ પરલોક છોડવાનો નથી. જન્મ્યા, એ નિયમા મરવાના ! ગૂન્હા માટે રાજ્યોએ શિક્ષા નક્કી કરી છે, તેમ પરલોકમાં પણ અહીં ગૂન્હા કરો છો તેની શિક્ષા મળશે કે નહિ ? અહીં શિક્ષા ન થઈ, તો બીજા જન્મમાં પણ શિક્ષા થવાની, એ વાત નક્કી છે. જે કાંઇ કરો છો તેનું પરિણામ ભોગવ્યા વિના છૂટકો નથી. અહીં પૈસા ખર્ચીને વકીલ રાખી છૂટશો અથવા લાંચીયા ન્યાયાધીશ મળી જશે તો પૈસા વેરીને છૂટશો, પણ કર્મસત્તા પાસે કાંઇ નહિ ચાલે. આ દુનિયામાં જેલ છે, ફાંસી છે, તો ચોરી ને ખૂન ઓછાં થાય છે : જેઓ જેલ અને ફાંસીને ભૂલે છે અથવા તો એનાથી બેદરકાર જેવા બને છે, તેઓ જ પ્રાયઃ ચોરી કે ખૂન જેવાં પાપો કરી શકે છે : એવાં પાપ કરનારાઓ પણ જેલ કે ફાંસીની સજા થવાનો સમય આવી લાગે છે ત્યારે તો પ્રાયઃ કંપી ઉઠે છે ! એ જ રીતિએ જો પરલોક યાદ રહે, તો આખી દશા પલટાઈ જાય. આ લોકની સાધનામાં પરલોક કદિ ભૂલાવો ન જોઈએ. જો પરલોક-

ને ન ભૂલાય, તો અનીતિ આદિ ઉપર અંકુશ આવ્યા વિના રહે નહિ. અહીં ગૂન્હાની શિક્ષામાંથી કદાચ છટકી જવાય, બચી જવાય, પણ પરલોકની શિક્ષા તો ઉભી જ છે, એનું ભાન આવી જાય તો પાપ કરતાં કંપારી છૂટે : પાપ કરતાં કરતાં પણ હૃદયમાં ધ્રાસકો પડે.

ચોર ચોરી કયી રીતિએ કરે છે?

તમે બધા પરલોકને તો માનો છો ને? પરલોકમાં શિક્ષા થશે, પાપનું પરિણામ ભોગવવું પડશે, એની તો તમને ખાત્રી છે ને? જો હા, તો આટલી બધી પાપ-કાર્યવાહી આ :રીતિએ કદિ બની શકે? જેલ અને ફાંસીને માનનારા અને એથી ડરનારા ચોટ્ટાઓ અને ખૂનીઓ, ચોરી અને ખૂન કયી રીતિએ કરે છે? જેલથી ડરનારા ચોટ્ટાઓ જો કે ચોરી તો કરે છે, પણ તે રાતના! બધા ઉંઘતા હોય ત્યારે!! ખખડાટ થાય અને ઘરના આદમી જાગતા છે એમ ખબર પડે, તો રવાના થઇ જાય!!! એ સમજે છે કે-ફસ્યા તો મર્યા! એ બધા પોલીસને દૂરથી જૂએ કે-ભાગે! ત્યારે જેલથી ડરનારો ચોર, જૂઓ કે-ચોરી કરે છે ખરો, પણ આ રીતિએ; તો તમે જે અનીતિ-પ્રપંચ-લૂંટ કરો છો, તે આ રીતિએ કરો છો? આ વાત બરાબર વિચારજો! ચોર, લુંટારા અને ધાડપાડુ, ચોરી કરે, લૂંટ ચલાવે કે ધાડ પાડે, પણ પકડાઇ જવાય નહિ એ માટે કેટલા સાવધ રહે છે? તેમને પકડાવાની ભીતિ છે માટે

રાતના નીકળે છે, લોક ઉંઘે છે કે નહિ તે તપાસે છે, ભાગવાની તૈયારી રાખે છે અને પોલીસ ગોઠવાઇ ગઇ છે એવી ખબર પડી જાય તો ભાગી પણ જાય છે! ચોર આદિને પણ મોટે ભાગે ભયંકર ગૂન્હાઓ કરતાં કંપારી છૂટે છે, કારણ કે-પકડાયા તો શું પરિણામ આવશે, એનો એમને ખ્યાલ છે!

સાચી આસ્તિકતા છે?

હવે તમે વિચાર કરો : તમે કહો છો કે-'અમે પરલોકને માનીએ છીએ, પરલોકમાં પાપની શિક્ષા થશે એમ માનીએ છીએ અને પાપનું પરિણામ ભોગવ્યા વિના છૂટકો નથી એમ પણ માનીએ છીએ.'-તો તમે જે જે પાપકાર્યો કરો છો, તે આટલી ભીતિપૂર્વક કરો છો ખરા? કે એવી ભીતિ વિના નિર્ભયપણે કરો છો? તમે બધા આસ્તિક છો એમ કોઇ કહે, તો તમને ગમે છે અને કોઇ તમને નાસ્તિક કહે તો તે ગમતું નથી, તો તમારા અંતરને પૂછો કે-સાચી આસ્તિકતા તમારામાં છે?

અંતરને પૂછીને ખાત્રી કરો :

આસ્તિક આત્માને, પરલોકને અને પાપના પરિણામ આદિને પણ માને, એટલે પાપ કરે તો પણ ડરતાં ડરતાં કરે! પાપકાર્ય કરે તો પણ જે આત્મા અને પરલોક આદિને નહિ ભૂલતાં ભીતિપૂર્વક પાપકાર્ય કરે તે આસ્તિક અને અહીં ન પકડાયા તો પરલોકની વાતમાં તો છે જ શું?-એવી નિર્ભયતાથી પાપકાર્ય કરે તે

નાસ્તિક, એમ માનીને તમે જ વિચારી લો કે–' તમે આસ્તિક છો કે નાસ્તિક છો ? ' આવો વિચાર કરતાં આત્મવંચના કરશો નહિ ! ' આપણે તો આસ્તિક જ છીએ '–એમ માની વિચારવાનું માંડી વાળશો નહિ !! બીજા વિચારોને બાજૂએ મૂકીને, અન્તરને પૂછજો કે–'તમે જે જે પાપકાર્ય કરો છો એ ભીતિપૂર્વક કરો છો કે નિર્ભયતાથી કરો છો ? ' પાપ કરતાં કરતાં એમ થાય છે કે–'આનુ પરિણામ ભૂંડું છે, માટે જેમ બને તેમ પાપથી બચવું જોઇએ ? ' પાપ કરતાં પહેલાં કે પાપ કરતી વેળાએ એ વિચાર ન આવ્યો, પણ તે પછીય વિચાર કરતાં એમ થાય ખરૂં કે–' આ પાપોનું પરિણામ આત્માને ભોગવવું તો પડશે જ ? ' જો આટલુંય ન થતું હોય, તો પછી પોતાની જાતને આસ્તિક માનીને કે કહેવડાવીને ખૂશી થવાથી ફાયદો શો ?

બાબર દેવાને બહાદૂર કહેવાય ?

લૂંટો ચલાવીને પ્રજામાં ' હા–હા 'કાર ફેલાવી દેનાર અને રાજ્યને રંજાડનાર બાબર દેવા જ્યારે પકડાયો ત્યારે એને ફાંસીની સજા થઇ : જ્યારે એ ફાંસીએ ચઢ્યો ત્યારે હસતું મોંઢું રાખીને ચઢ્યો : આથી તેને બહાદૂર કહેવાય ? જીંદગીમાં પાપ કરતાં ભાગતો ફર્યો અને સરકારથી છૂપાતો ફર્યો, એ બહાદૂરી હતી ? પણ એણે જોયું કે–હવે તો મર્યે જ છૂટકો છે, એટલે પોતાની નામના ટકાવવાને પણ હસતું મોંઢું રાખે, એ બનવા-

જોગ નથી ? જો એ બહાદૂર જ હતો, તો શા માટે એ છૂપી રીતિએ પર્વત આદિમાં પડ્યો રહેતો હતો ? છતાં મૂર્ખાઓએ એને બહાદૂર તરીકે વર્ણવી, તેનાં વખાણ કર્યાં ! આવો માણસ નિર્ભય કહેવાય કે નફ્ફટ કહેવાય ? પાપ કરતાં ડરે નહિ, એ બહાદૂર નથી, નિર્ભય નથી, પણ નફ્ફટ છે ! પોતે કેટલાયને હેરાન કરે છે-એનો જેને ખ્યાલ નથી અને મારા પોતાના પાપે જ મારાથી બીજાઓ કંપે છે-એનો જેને વિચાર નથી, તે તો આ દુનિયામાં ઘણો જ ભયંકર માણસ ગણાય. એવાનાં વખાણ થાય ખરાં ? નહિ જ !

તમે કેવા કહેવાઓ ?

એ રીતિએ તમે ચોર નહિ પણ શાહ કહેવાઓ અને નિર્ભયપણે પાપ કર્યે જાવ, તો તમે કેવા કહેવાઓ ? રાત્રે છૂપી રીતિએ, ડરતાં ડરતાં, ચોરી કરે તેને ચોર કહેવાય, બદમાશી કરે તેને બદમાશ કહેવાય અને લૂંટ ચલાવે તેને લૂંટારો કહેવાય, પણ ધોળે દહાડે, શાહ થઇને, અનેક પાપો કરે એને શું કહેવાય ?

નાસ્તિકતા એ મોટામાં મોટું પાપ :

દુનિયામાં નાસ્તિકતા, એ મોટામાં મોટું પાપ છે. શરીરથી ભિન્ન એવા આત્માને ન માને, પરલોક આદિને ન માને, એ જેવો-તેવો ભયંકર નથી. એ ગૂન્હો ન કરે તો પણ ગૂન્હેગાર ગણાય : કારણ કે-'એ ગૂન્હો કેમ નથી કરતો ?' તો કહેવું જોઇએ કે-'એને તેવી

કોઈ જોગવાઈ નહિ મળતી હોય માટે!' બીજાને મારતો કેમ નથી ? તો કહેવું જોઇએ કે-'એને તક નથી મળતી માટે!' બીજાનું ખેદાન-મેદાન કેમ નથી કરતો ? તો કહેવું જોઇએ કે-' એની તાકાત નથી માટે!' પરલોકને નહિ માનનારો અને આ લોકની સાધનામાં અન્ધ બનેલો, તક મળે અને તાકાત હોય, તો ગૂન્હો કર્યા વિના રહે, માર્યા વિના રહે, બીજાનું ખેદાન-મેદાન કર્યા વિના રહે, એમ તમારી બુદ્ધિ કબૂલ કરે છે ?

સ૦ નાજી.

પાપથી ડરતાં શીખો !

તો પછી આવો માણુસ કોઈનું ભલું કરે, એવી પણુ આશા રખાય તેમ છે ? નહિ જ, કારણુ કે-એ કોઇનું ભલું કરતો હોય એમ દેખાય તો ય, વસ્તુત: તો તે પોતાની કોઇ દુન્યવી ધારણુા જ પાર પાડવાને મથતો હોય છે. આથી તે આજે જેનું ભલું કરતો દેખાતો હોય, તેનું પણુ કાલે ભૂંડું કરતો દેખાય તો એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ. જેને પાપનો ભય નહિ, માણુસાઈનું ભાન નહિ અને-' પોતાની માફક બીજા જીવો પણુ સુખે જીવવાને ઇચ્છે છે '-એવો જેનામાં વિવેક નહિ, એવાને માટે કેવી આશા રાખી શકાય ? એ જ ને કે-'જેટલું ભૂંડું ન કરે તેટલું ઓછું ?' તમે આર્ય કહેવાઓ, પરલોકને માનનારા કહેવાઓ અને આસ્તિક કહેવાઓ, છતાં તમે પણુ જો આ રીતિએ

વર્તતા હો, તો તમારે માટે તો એ ઘણું જ ખરાબ કહેવાય ને? એવા વખતે તો એમ પણ કહેવું પડે કે—એક રીતિએ તો ખૂલ્લો નાસ્તિક સારો, કે જે ખૂલ્લું કહે: એટલે એનાથી દુનિયા ચેતતી રહે કે–'આ ભાઇને પરલોકની બીક નથી, આ ભાઇ તો માત્ર આ લોકની જ સત્તાથી ડરનાર છે, માટે એમનો વિશ્વાસ કરવો નહિ!' પણ આસ્તિક કહેવડાવીને નાસ્તિકની જેમ વર્તવું, એ યોગ્ય નથી: માટે 'પરલોક છે'—એમ માનો છો તો પરલોકના હિતનો વિચાર કરનારા બનો અને આ લોક તથા પરલોક ન બગડે તેમજ આત્માનું સાચું કલ્યાણ સધાય, એ માટે પાપથી ડરનારા બનો!

પરમાત્માની સામે પાપ થાય?

પરમાત્માને તો તમે માનો છો ને? અહીં આવેલા ઘણા ખરા તો એમ માને છે કે–'દુનિયાનો એક પણ ખૂણો એવો નથી, કે જ્યાં પરમાત્મા ન વસતા હોય!' આવું માનનારાઓ, જે રીતિએ પરમાત્માના સ્વરૂપને અને વાસને માને છે, તે બરાબર નથી: એમાં ય ઘણું સમજવા જેવું છે: પણ પરમાત્મા પોતાની જ્ઞાનચક્ષુથી સઘળું જૂએ છે, એ વિષે તો બે મત છે જ નહિ! 'ગમે ત્યાં જઈને પાપ કરાય કે એકાન્તમાં એકલા પાપ કરાય, છતાં પરમાત્મા તે જૂએ છે'—આ રીતિએ જે માને, તે પરમાત્માની સામે ઉભા રહીને, આવી રીતિએ પરિણામથી બેદરકાર બનીને, પાપ કરી શકે? નહિ જ, પણ તે

ક્યારે બને ? જો સાચી રીતિએ પરમાત્મા જૂએ છે એમ માનતા હોય તો ! પરમાત્માને માનનાર આસ્તિક કેવા વિચારશીલ હોય છે, એ સમજી શકાય તે માટે એક દૃષ્ટાંત આપું છું.

શ્રી ક્ષીરકદંબનું ઉદાહરણ :

શ્રી ક્ષીરકદંબ નામના ગુરૂની પાસે તેમનો પોતાનો પુત્ર પર્વત, રાજપુત્ર વસુ અને નારદ–એમ ત્રણ વિદ્યાર્થિઓ અધ્યયન કરતા હતા. એક વાર, અભ્યાસના શ્રમથી શ્રમિત બનેલા તે ત્રણે ય જણા રાતના અગાશીમાં સુઈ ગયા હતા. એ વખતે બે ચારણ–શ્રમણોએ આકાશમાર્ગે જતાં આ ત્રણને સુતેલા જોયા અને એથી તેઓ સ્વાભાવિક રીતિએ જ એમ બોલ્યા કે–" આ ત્રણ વિદ્યાર્થિઓમાંથી બે નરકે જશે અને એક સ્વર્ગે જશે."

શ્રી ક્ષીરકદંબ ગુરૂના સાંભળવામાં આ વાત આવી : આથી તેઓ ખેદ પામીને ચિન્તવવા લાગ્યા કે–"અહો, મારા જેવો અધ્યાપક હોવા છતાં પણ, આ ત્રણ શિષ્યોમાંથી બે શિષ્યો નરકે જશે !"

આમ ચિન્તવતા તેમણે,–'કોણ સ્વર્ગે જશે અને કોણ નરકે જશે ?'–એનો નિર્ણય કરવાને માટે ત્રણેયને એક સાથે બોલાવ્યા : દરેકને પિષ્ટનો એક એક કુકડો આપ્યો : અને ત્રણેયને આજ્ઞા કરી કે–"જ્યાં કોઈ જ ન જોઈ શકતું હોય, તેવા સ્થાનમાં જઇને તમારે આ કુકડાને મારી નાખવો !"

ત્રણેય જૂદા જૂદા માર્ગે ચાલ્યા. રાજપુત્ર વસુ અને ગુરૂપુત્ર પર્વત કોઈક જનપશુશૂન્ય પ્રદેશમાં પહોંચ્યા બાદ વિચારે છે કે–'અહીં આપણને કોઇ જ જોઇ શકતું નથી.' આવો વિચાર કરીને, વસુએ અને પર્વતે પણ, પોતપોતાના તે જનપશુશૂન્ય સ્થાને, પોતપોતાની પાસેના પિષ્ટના કુકડાનો વધ કર્યો.

શ્રી નારદ, નગરની બહાર દૂર દેશમાં એકાન્ત સ્થળમાં ગયા બાદ, વિચાર કરે છે કે–" ગુરૂએ આ બાબતમાં એવી આજ્ઞા કરી છે કે–' જ્યાં કોઈ ન જોઈ શકે એવા સ્થળે જઇને જ આ પિષ્ટના કુકડાને મારવો !' પણ અહીં તો આ કુકડો પોતે જૂએ છે, હુ જોઉં છું, આ ખેચરો જૂએ છે, લોકપાલો જૂએ છે અને કોઈ ન જૂએ તો પણ જ્ઞાનિઓ તો જૂએ જ છે : કોઇ એવું સ્થાન નથી, કે જ્યાં કોઈ ન જૂએ : માટે ગુરૂની વાણીનું તાત્પર્ય એ જ હોવું જોઇએ કે–' આ કુકડાને મારવો નહિ.' ખરેખર, પૂજ્ય ગુરૂ તો સદા દયાળુ અને હિંસાથી વિમુખ છે, છતાં તેઓએ આવી આજ્ઞા કરી છે : માટે આવી આજ્ઞા કરવામાં તેમનો હેતુ, અમારી બુદ્ધિની પરીક્ષા કરવાનો જ હોવો જોઇએ. "

આ પ્રમાણેનો વિચાર કરીને, નારદ પિષ્ટના કુકડાને માર્યા વિના જ પાછા ફર્યા અને પોતે જે હેતુથી એનો વધ ન કર્યો, તે હેતુ ગુરૂને જણાવ્યો. ગુરૂએ તેમને શાબાશી આપી અને મનમાં નિશ્ચય કર્યો કે–"ત્રણમાં આ જ સ્વર્ગે જનારો છે. "

આ પછી પેલા બે, 'ગુરૂની આજ્ઞાનું બરાબર પાલન કર્યું છે'–એમ માનતા માનતા, ગુરૂની પાસે આવ્યા. તેઓએ કહ્યું કે–'આપની આજ્ઞા મુજબ, જ્યાં કોઈ ન જૂએ તેવે ઠેકાણે અમે કુકડાને મારી નાખ્યો !'

આ સાંભળીને ગુરૂએ તે બન્નેને કહ્યું કે–'હે પાપિઓ ! તમે પોતે જોતા હતા અને ઉપર ખેચર આદિ જોતા હતા : તે છતાં તમે તે કુકડાને મારી કેમ નાખ્યો ?'

ત્યારથી આરંભીને, ખેદથી, ગુરૂએ તેમને વધુ અભ્યાસ કરાવવાનું બંધ કર્યું અને પોતે વિચાર કર્યો કે–"આ વસુને અને પર્વતને અધ્યયન કરાવવાનો મારો પ્રયાસ વ્યર્થ ગયો : સ્થાનભેદના કારણે જેમ મેઘજલનું એક સ્થળે મોતી થાય છે અને બીજે સ્થળે લવણપણું થાય છે, તેમ ગુરૂનો ઉપદેશ પણ પાત્ર પ્રમાણે જ પરિણમે છે : પર્વત મારો પ્રિય પુત્ર છે અને રાજપુત્ર વસુ મને એથી પણ અધિક પ્રિય છે : પરન્તુ જ્યારે બન્નેય જણાઓ નરકમાં જવાના છે, તો પછી મારે ગૃહવાસમાં રહેવાનું પ્રયોજન પણ શું છે ?"

આવી રીતિએ વૈરાગ્ય પામીને તેમણે દીક્ષા લીધી.

આ દૃષ્ટાન્ત ઉપરથી તમે સમજી શકશો કે–પરલોકને, પાપને કે પરમાત્માને નહિ માનનારા કે ભૂલનારા વિદ્યાર્થિઓ પાકતા, તો તેમાં પૂર્વકાળના ઉત્તમ અધ્યાપકો પોતાની નામોશી સમજતા; જ્યારે આજે

તો ? આજની વાત થાય તેમ છે ? આજે તો શિક્ષકમાં કે માતા–પિતામાં વિદ્યાર્થી કે સંતાન માટે એ જાતિની હિતભાવના પણ ભાગ્યે જ હશે.

હૈયું તો સમજે છે ને ?

તમે વિવેકપૂર્વક વિચાર કરશો તો તમને પણ જણાશે કે–આસ્તિક તો આજે ચાલે છે એ રીતિએ પાપ ન કરી શકે, પરન્તુ જે નાસ્તિક જેવો હોય પણ વિચારશીલ હોય તેય આ રીતિએ પાપ ન કરી શકે. આસ્તિક હોય એને પાપ કરતાં કે પાપનો ખ્યાલ આવતાં કંપારી ન છૂટે, એ બને જ કેમ ? પાપ કર્યા પછી પણ વિચાર કરતાં પશ્ચાત્તાપ ન થાય, એ બને જ કેમ ? પરમાત્માને માનનારો છૂપી રીતિએ પણ આનંદથી પાપ કેમ કરી શકે ? માણુસ નાસ્તિક અને આંધળો બને, તોય એને હૈયું તો છે ને ? એનું હૈયું તો સમજી શકે ને કે–આ ભૂંડું થાય છે ? જ્ઞાનિને નહિ માનનારો પણ નાસ્તિક, જો આવું વિચારનાર હોય, તો એનાથી પણ આ રીતિએ પાપ થઇ શકે નહિ. વિચાર કરો, તમે કયી કોટિમાં જાવ છો ? આસ્તિક છો, નાસ્તિક છો કે નાસ્તિકશિરોમણિ ? હું કાંઈ તમને નાસ્તિક કહેવા ઈચ્છતો નથી કે તમે નાસ્તિક હો એમાં મને આનંદ નથી : હું તો તમે સાચા આસ્તિક બનો, એમ જ ઈચ્છું છું ! તમને સાચા આસ્તિક બનાવવાનો શુભ ઈરાદો છે–એ કારણે જ, તમારી આજની ભયંકર દશાનું તમને ભાન કરાવવું પડે છે !

શા માટે ઇશ્વરને દોષ દેવાય છે ?

આત્મા અને પરમાત્મા આદિના વાસ્તવિક સ્વરૂપને નહિ સમજનારાઓમાં પણ અહીં ઘણા એવા છે, કે જેઓ ઈશ્વરને માને છે. ઈશ્વરને જૂદા જૂદા નામે અને સ્વરૂપે માને છે, એ વિગેરે વાતોને બાજૂએ રાખીએ, પણ એ રીતિએ ઇશ્વરને માનનારા લગભગ બધા જ, અવસર આવ્યે, ઇશ્વરને માથે દોષ ઓઢાડે છે : પાપ પોતે કરે, પ્રપંચ પોતે કરે અને એની જવાબદારી ઇશ્વરને માથે ઓઢાડે, એ કેવા કહેવાય ? ઈશ્વરને માથે રાખીને જુઠું બોલે, એને કેવા કહેવાય ? આસ્તિક, નાસ્તિક કે નાસ્તિક-શિરોમણિ ? પાપ પોતે કરી આવે અને જ્યારે એનું પરિણામ ભોગવવાનો વખત આવે ત્યારે ઇશ્વરને પણ બે-ચાર ગાળો ચોપડાવે, એવા પણ પડ્યા છે ! પોતે ઘણી ભૂલો કરી હોય, અનેક અન્યાયો કર્યા હોય અને સંખ્યાબંધ અનર્થો સેવ્યા હોય, છતાં પરિણામ વખતે પરમાત્માને નિર્દય કહી દેનારા પણ પડ્યા છે ! આવા આદમી ગમે તેવાં પણ પાપો કરે, તો એમાં નવાઈ પામવા જેવું શું છે ? 'ભલું થયું તો મેં કર્યું ને ભૂંડું થયું તો ઇશ્વરે કર્યું'–એમ જે માને, તેને ઇશ્વરનો ડર છે, એમ કયી રીતિએ મનાય ? ઇશ્વરને ગાળ દે, એ ઈશ્વરની આજ્ઞાને માનનારો કહેવાય ? નહિ જ !

કોને પૂછીને પાપ કરો છો ?

'અમે પરમાત્માને નથી માનતા'–એમ તમે કહો

શકશો? નહિ જ. તમે તો કહો કે-'અમે હૃદયથી પરમાત્માને માનનારા છીએ!' તો પછી એ વિચારવું જોઈએ કે-"તમે તમારા સ્વાર્થ માટે બીજાઓને ગરદન મારો છો, તમારા સુખને માટે બીજાને દુઃખ દો છો, અસત્ય બોલો છો, ચોરી કરો છો, એ વિગેરે જે જે પાપો કરો છો, તે કરવાનું તમને કોણે કહ્યું છે? હિંસા, ચોરી, જૂઠ, પ્રપંચ વિગેરે કરવાનું તમને કોણે કહ્યું છે? પરમાત્માએ આ બધું કરવાની તમને આજ્ઞા આપી છે? તમારે માથે કોણ છે? કોને પૂછીને તમે આ બધું પાપ કરો છો?"

લોભથી અને મોહથી થતું પાપ:

તમે એમ તો કહી શકો એમ છો જ નહિ કે-'આ બધું તમે પરમાત્માની આજ્ઞાથી કરો છો!' હવે જો આ બધું પાપ તમે પરમાત્માની આજ્ઞાથી નથી કરતા, તો પછી કોની પ્રેરણાથી કરો છો, એ તો શોધી કાઢો!

સ૦ લોભથી અને મોહથી બધું પાપ કરીએ છીએ!

ત્યારે પરમાત્માને ધણી કહેવાના અને લોભને તથા મોહને ધણી માનવાના!'-એમ જ ને? જેને માથે એક ધણી નહિ તે સતી કહેવાય કે કુલટા કહેવાય? અને જે ધણી કહે બીજાને અને કહ્યું માને બીજાનું-એ કોણ કહેવાય? તમારે કહેવા માટે ધણી એક અને માનવા માટે ઘણા, એવી જ દશા છે ને?

સુધારાને બદલે બગાડો :

ખરેખર, તમારી આજની દશા તો એવી વિષમ છે કે–ન કહેવાય કે ન સહેવાય! જેને માથે પરમાત્મા એ એક જ ધણી હોય, તે આ રીતિએ પાપ કરે અને પાપ કરીને મૂછ ઉપર હાથ દે, એ ન બને. ગુસ્સામાં કે આવેશમાં એ પાપ કરી બેસે તો પણ પછી એ રૂએ. દુનિયામાં ઘણા લોકો પૈસા માટે અને બૈરી માટે રોયા, પણ પાપ થઈ જવા માટે કેટલા રોયા? આ વાત ઓછી ભયંકર નથી: પણ પાછી મુશ્કેલી એ છે કે–જેટલા તમને સારા કહેનારા મળે છે, તેટલા તમને તમે છો તેવા કહેનારા નથી મળતા: અને જે થોડા હિતસ્વી મળે છે, તેમનું સત્ય અને એકાન્ત હિતકારી પણ કથન સાંભળવાની તમારામાં જેવી જોઇએ તેવી લાયકાત અને તાકાત નથી અથવા એવું કહેનારાઓ જ સાચા ઉપકારિઓ છે એવી બુદ્ધિ પણ તમારામાં નથી: આથી સુધારો થવાને બદલે બગાડો વધતો જાય છે.

વ્યાખ્યાન યોગ્ય ઇરાદે સંભળાય છે?

સ૦ જો એમ જ હોય, તો આટલાં બધાં સ્ત્રીપુરૂષો આપનું વ્યાખ્યાન સાંભળવા કેમ આવે?

અહીં વ્યાખ્યાન સાંભળવા આવ્યા, એટલા માત્રથી જ સૌને પાપ નથી ગમતું, પાપ કરવું પડે છે તેનું સૌને જ દુઃખ થાય છે, એમ માની લેવાય નહિ. અહીં આવનારાઓ પણ અનેક દૃષ્ટિએ આવે છે. જરૂર એમાં

એવા પણ હોય, કે જે ધર્મને જ કલ્યાણકારી માનીને ધર્મ સાંભળવાના ઈરાદે આવ્યા હોય, પણ બધા જ એ ઇરાદાથી આવે છે, એમ ન મનાય. આમ છતાં કોઈ લાયક આત્મા પામી જાય એ બને. અહીં આવનારાઓમાં પાપ છોડવા માટે, પાપથી બચવાના જે ઉપાયો દર્શાવાય–તેનો અમલ કરવાના ઈરાદે, કેટલા આવ્યા છે? એ ઈરાદાથી આવે અને સાંભળે, તો જરૂર જીવન ફરી જાય. ઘેર જઈને વિચાર થાય કે–'આપણે અત્યાર સુધી ભૂલ્યા!' પોતે જ પોતાને પૂછે કે–'આપણે કોણ? આપણું કર્ત્તવ્ય શું? અને પાપની આટલી બધી ધમાલ શી?' આવા વિચારો આવે, એટલે પાપથી બચવાની અને હિતકર માર્ગે જવાની સ્વાભાવિક રીતિએ જ ઈચ્છા થાય.

દુનિયાનો અને પરમાત્માનો પણ દ્રોહ :

એ જ રીતિએ પરમાત્માને માનનારા શું વાસ્તવિક રીતિએ પરમાત્માને માને છે? પરમાત્માને નામે વ્યવહાર ન ચલાવીએ તો વ્યવહાર ચાલે નહિ, એવું પણ કેટલાકોનું માનવું હોય છે અને એથી પણ એવાઓ વ્યવહાર ચલાવવાને માટે પરમાત્માને આગળ ધરતા જોવાય છે! ઘણા વ્યાપારી શું કહે છે? હડહડતું જુઠું બોલતા હોય, છતાં ગ્રાહક ઉપર વિશ્વાસ જમાવવાને માટે શું બોલે છે? 'હોય? હું અને જુઠું બોલું?'– 'સાચા સિવાય બીજું નહિ બોલવાની આપણે તો પ્રતિજ્ઞા છે!'–'અરે ભાઇ, આપણે તે કેટલા ભવ માટે જુઠું

બોલવું ?' આવી આવી રીતિએ જુઠું બોલનારને પણ સત્યનો આશ્રય લેવો પડે છે : એ જ રીતિએ દુનિયામાં કેટલાકોને પરમાત્માને પણ વચ્ચે રાખવા પડે છે : પણ પરમાત્માને એ રીતિએ વચ્ચે રાખનારાઓ તો, દુનિયાનો અને પરમાત્માનો પણ દ્રોહ કરનારાઓ છે !

સતી જેવા ક્યારે કહેવાય ?

સતીઓ કોનું નામ ? જે મન, વચન અને કાયાથી પરપુરૂષને ન ઇચ્છે, એ સતી કહેવાય : એવી સતીઓનાં નામ શાસ્ત્રોમાં પણ લખાયાં છે. શ્રીમતી સીતાજીને રાવણ ઉઠાવી ગયા, ત્યારે કયી સ્થિતિ હતી ? ત્રણ ખંડનો માલીક ઉપાડી જાય ને ચરણે પડે, છતાં એના તરફ શ્રીમતી સીતાજી ધીટકાર વરસાવે, એ કયું હૃદય હશે ? અહીં શું હતું ? એ વખતે તો જંગલમાં રખડવાનું ! અને ત્યાં શું હતું ? ત્રણ ખંડની સાહ્યબી ! છતાં એ સાહ્યબીમાં શ્રીમતી સીતાજી જરા પણ ન લોભાયાં. આ રીતિએ તમે પણ જો સતી જેવા હો, એક પરમાત્માને જ ધણી માનનારા હો, તો દુનિયાની વસ્તુઓથી લોભાઇને પરમાત્માની આજ્ઞા વિરૂદ્ધ પાપ કેમ કરી શકો ? એક પરમાત્માને જ ધણી માનનારે તો કહી દેવું જોઇએ કે–' જો પેટ ખાતર પણ પરમાત્માએ મના કરેલાં કામો કરવાં પડતાં હોય, તો પેટ ફોડી નાખું તે હા, પણ પરમાત્માએ નિષેધેલાં કામો કરવાની તો ના જ ! ભૂખે મરીશ, પણ પરમાત્માએ મના કરેલું કાર્ય તો નહિ જ

કરૂં !' આવું હૃદયપૂર્વક કહેવાને અને કરવાને તૈયાર છો ? જો ના, તો પછી પરમાત્મા તો ધણી માનવા પૂરતા ને ? આ બહુ જ ભયંકર દશા છે. આજથી નિશ્ચય કરો કે- "પરમાત્માને નાથ તરીકે જે રીતિએ સ્વીકારવા જોઇએ તે રીતિએ આજ સુધી સ્વીકાર્યા નથી : માટે હવે તો પરમાત્માને સાચી રીતિએ નાથ તરીકે સ્વીકારીએ છીએ."

હરાયા ઢોર જેવી દશા :

જો આ બધી સર્વસાધારણ વાતો પણ સમજાઈ જાય, તો પણ આજની દશામાં માણસને પોતાનું પાપ-મય જીવન હરાયા ઢોરની દશાના જેવું લાગે કે નહિ? હરાયા ઢોરને માથે માલીકે ય નહિ અને એને બાંધનારો ખીલો ય નહિ : કારણ કે-માલીકને એ મારવાને દોડે અને કોઈ ખીલે બાંધે તો ખીલાને જ તોડી નાખે. તેમ આજે એવા અનેક માણસો પણ છે, કે જેઓ પોતાના પાપ બદલ પરમાત્માને ભાંડે છે અને પાપથી ઉગારનાર ધર્મ તથા ધર્મગુરૂની નિન્દા કરે છે !

પરમાત્મા ક્યાંય ડંખતો નથી ?

જ્યાં આવી દશા હોય, ત્યાં આત્મા કયી રીતિએ પાપ કરતાં અટકી જાય ? આજે મોટે ભાગે પાપ કરતાં કે પાપ કર્યા પછી પણ દુઃખ થતું નથી : પાપને આચર્યા પછીથી પણ પાપને ઢાંકવાને માટે અનેક પ્રયત્નો કરાય છે. સ્નેહ, સંબંધ કે સાથ હોય, ત્યારે પાંચ સો આપે છે તે સાક્ષી રાખીને આપે છે ? છતાં જ્યારે એ મામલો

તકરારે ચઢે છે અને કૉર્ટે જાય છે, ત્યારે 'આપ્યા છે' અને ' નથી આપ્યા '–એમ કહેનારાઓના તરફથી સાક્ષીઓ અપાય છે કે નહિ ? જો હા, તો 'આપ્યા છે' અને 'નથી આપ્યા'–એમ કહેનારાઓને સાક્ષીઓ મળ્યા ક્યાંથી ? બેયને વકીલો ક્યાંથી મળી ગયા ? માત્ર મોંઢાની એ વાતનાં રેકર્ડો કેટલાં સફાઈબંધ ભરાય છે ? શું કોઈ જગ્યાએ પરમાત્મા ડંખતો નથી ?

પાપ કરે છતાં મોંઢું કેમ હસે ?

પાપ જાહેર થઇ જાય કે પાપ પકડાઇ જાય, ત્યારે શું થાય છે ? એ વખતે પણ એમ થાય છે કે–' મેં પાપ કર્યું, માટે આ વખત આવ્યો ?' નહિ, એ વખતે પણ પાપને છૂપાવવાની પેરવીઓ કરવાનું મન થાય છે અને પાપને પકડી પાડનારની તરફના ગુસ્સાની તો સીમા જ રહેતી નથી. કોઈ કહે કે–' આ પાપનું શું થશે ? ' તો એને પણ ઉડાઉ જવાબો આપતાં આંચકો આવે નહિ. આ રીતિએ પાપનો ડર નહિ હોવા છતાં પણ, પાછો એમ પણ કહે કે–' અમારે માથે પરમાત્મા એ એક જ ધણી છે ! ' જેને માથે એકલો પરમાત્મા જ સાચો ધણી હોય, એનો આત્મા તો પાપકાર્યવાહીના પરિણામે રોતો હોય. એને ગમે તેમ બોલવાનું કે હસીને પાપની વાતો કરવાનું પાલવે નહિ ! ! એક નહિ જેવું દુનિયામાં નુકશાન થાય છે, તો પણ મોંઢું પડી જાય છે : બાઇઓ બેઢું કુટી જાય તોય ઘણી વાર

રડતી ઘેર આવે છે : અને તમે આત્માના જાણે ચૂરેચૂરા કરો છો, આત્માના હિતને ભયંકર રીતિએ હણો છો, છતાં મોંઢું કેમ હસતું ને હસતું રહે છે ? પાપ કરવા છતાં ન ફાવો તો રડો, પણ પાપ કરવા બદલ રડો નહિ, એનું કારણ શું ? એનું કારણ એ જ છે કે–'આપણે કોણ છીએ અને આપણું શું છે'–એ વિષેની સાચી સમજ નથી અને ખોટી સમજ ઘર કરી બેઠી છે. એના જ યોગે–'આપણે મનુષ્ય છીએ અને આપણે અમૂક રીતિએ જ વર્તવું જોઇએ'–એ જાતિનો વિચાર કરવાનું પણ ભૂલી જવાયું છે !

રોજ એક કલાક પણ હિતનો વિચાર
કરો તોય પાપમાંથી ઘટતા જવાય :

આ દશાનું દુઃખ ન થાય તો આપણી જાત જ વિલક્ષણ છે, એમ આપણને લાગવું જોઇએ : માટે છેવટ એક કલાક પણ ધર્મ માટે આપવાનું પહેલાં કહેવાયું છે. એક કલાક જો શાન્તિપૂર્વક, બૂરી વાસનાઓને તજીને, આત્મહિતનો વિચાર થાય, બાકીના ત્રેવીસે કલાકની કાર્યવાહી તપાસાય, તો એ એની મેળે કહી દે કે–'હું માણસ નથી !' એને લાગે કે–'મારી ઇન્દ્રિયો અને મારૂં મન મને આધીન નથી, પણ હું જ ઇન્દ્રિયોને અને મનને આધીન છું !' પછી એને એમ પણ થાય કે–'જ્યારે મારી આંખ પણ મને આધીન નથી, મારી બીજી ઇંદ્રિયો પણ મને આધીન નથી અને મારૂં મન પણ

જ્યારે મને આધીન નથી, તો પછી હું કોના બળે આટલો અધો ઉંચો થઇ થઇને ફરૂં છું? સારો માણુસ પકડાય, એના ઉપર કોઇને માર્યાનો કે કોઇનું ચોર્યાનો આરોપ આવે, તો એ પ્રમાણિક માણુસ કેટલો ગમગીન બની જાય? અરે, કોઈ કપરા સંયોગોમાં તેને ગૂન્હો કરવો પડ્યો હોય, તો પણ તેનું મોંઢું પડી જાય! તેમ તમે પણ તમારી પ્રવૃત્તિનો બરાબર વિચાર કરો, તો જરૂર ગમગીન બની જાઓ! રોજ એક કલાક માટે પણ જો એટલું કામ કરો, તો દિવસે દિવસે તમે પાપમાંથી ઘટતા જાવ અને પરમાત્માની આજ્ઞાનું પાલન કરવામાં વધતા જાવ, એ નિર્વિવાદ વાત છે.

પારકાના નહિ પણ પોતાના દોષો જોતાં શીખો!

પારકાના દોષ જોવાને બદલે પોતાના દોષ જોતાં શીખવું જોઇએ. મનુષ્ય તરીકેનું સૌથી પહેલું કર્ત્તવ્ય આ છે: આ કર્ત્તવ્ય આવે એટલે બીજાં કર્ત્તવ્યો આવતાં વાર ન લાગે: પણ જ્યાં સુધી પોતાની જાત સુધારવા લાયક છે, પોતાનામાં અનેક દોષો ભર્યા છે અને તે દોષોને કાઢવાની જરૂર છે—એમ ન લાગે, ત્યાં સુધી કર્ત્તવ્યોનો વિચાર આવે ય નહિ અને સુધારો પણ થાય નહિ. તમે કોઈ ખરાબ કામ કરો છો, ત્યારે તમારૂં મોંઢું બગડે છે? નહિ, ઉલ્ટું એમાં સફળ થવાય તો મોંઢું હસે છે અને સફલ ન થવાય તો પણ જે ગમગીની આવે છે તે ખરાબ કામ કર્યા બદલની નથી આવતી, પણ

નિષ્ફળ નિવડયા બદલની જ ગમગીની આવે છે! જ્યારે બીજાનું તો જરા પણ ખરાબ સાંભળે, એટલે મોઢું બગાડ્યા વિના રહે નહિ! આમ થવાનું કારણ? પારકા દોષ જોવા છે અને પોતાના દોષ જોવા નથી.

એ શું રાવણ કરતાં સારા છે?

આજે ઘણા એવા છે કે-રાવણનું નામ આવતાંની સાથે જ મોઢું બગાડે છે: કારણ? એ મોઢું બગાડનાર રાવણ કરતાં સારા હશે, એમ? રાવણનો શો ગુન્હો? જંગલમાંથી શ્રીમતી સીતાજીને ઉઠાવી ગયા એટલો જ કે વધારે? પછી અત્યાચાર કર્યો છે? નહિ જ! ઓછી સત્તા હતી? હવે રાવણનું નામ સાંભળતાં જ મોઢું બગાડનાર રાવણથી સારા નહિ તો રાવણ જેવાય છે? પરસ્ત્રી ઉપર તેણીની ઇચ્છા વિરૂદ્ધ બળાત્કાર ન કરવો, એવા નિયમવાળા પણ છે? શ્રી રાવણ તો એવા નિયમવાળા હતા!

સ્વસ્ત્રીમાં સંતોષ નહિ, છતાં કહે-'અમે ગુણવાન!'

આજની દુનિયાના મોટા ભાગની આંખોનાં પણ ક્યાં ઠેકાણાં છે? જ્યારે જૂઓ ત્યારે તે પ્રાયઃ જ્યાં-ત્યાં ભટકતી હોય છે ને? પારકા પૈસા લે એ ચોર કહેવાય અને પરસ્ત્રી તરફ આંખ બગાડે તે કોણ કહેવાય? પરસ્ત્રી ઉપર દુર્બુદ્ધિએ નજર કરવી, એ ગુણ છે? મનુષ્યનાં કર્ત્તવ્યોમાં 'પરસ્ત્રી તરફ કુદૃષ્ટિ કરવી નહિ'-એ ગુણ પણ આવે છે કે નહિ? સ્વસ્ત્રીમાં પણ સંતોષ

હોવો જોઈએ, એને બદલે આ કયી દશા? છતાં કહેશે–'અમે ગુણવાન!'

છોડવા જેવું માનો તોય સારૂં!

માટે જ કહેવાયું કે–પહેલાં 'હું'પણાને અને 'મારા'–પણાને ભૂલી જાઓ! પણ તમે આજે 'હું' અને 'મારૂં' છોડવાને તૈયાર નથી: જો કે–તમે નહિ છોડો તોય છોડવું તો પડશે જ! તમે ભલે રાખવાને મથો, પણ છૂટવાનું એ તો નક્કી જ છે ને? શું? શરીર અને આ બધું! શરીર અને બીજું છૂટશે કે છોડવું પડશે? મળ્યું છે એ છોડ્યા વિના છૂટકો છે? નહિ, તો પછી પાપથી બચવાને માટે અને આત્મકલ્યાણ સાધવાને માટે આજે ને આજે જ કેમ ના છોડી દેવું? આજે જ તમે કદાચ ન છોડી શકતા હો, તો પણ–'આ છોડવા જેવું છે'–એટલું માનતા થશો તોય ઘણો લાભ થશે.

ધીરે ધીરે ઉંચે ચઢવાનો માર્ગ:

હવે તો તમે છેવટે પણ શાંતિપૂર્વક છૂટી શકો, એ માટે જ ઉપાયો બતાવવાના રહ્યા ને? તમે કેવા છો, એ તો જણાઈ ગયું: તમને જે મળ્યું છે અથવા તો અનેક પાપો કરીને તમે જે મેળવ્યું છે, તે બધું આજે ને આજે છોડવાને તો તમે તૈયાર નથી, એ નક્કી થઈ ગયું: હમણાં તમે ઘરબાર મૂકીને ચાલી નીકળો, એય બનવાનું નથી એ ચોક્કસ થયું: આથી આ બધા વચ્ચે રહેવા છતાં ય, કાંઈક અંશે આ લોકેય સુધરે, પરલોક પણ

સુધરે અને ધીરે ધીરે આત્મા આ અવદશામાંથી ઉન્નત દશામાં આવતો જાય, એવા ઉપાયો દર્શાવવા રહ્યા.

ન છોડી શકનારાઓ માટે :

શાસ્ત્રકારોએ, તત્ત્વજ્ઞાની મહાપુરૂષોએ, જગતના જન્તુ માત્રનું ભલું ઇચ્છનારાઓએ ફરમાવ્યું છે કે-તમે આ નાશવંતી વસ્તુઓને ન છોડી શકતા હો તો પણ એને છોડવી પડશે એ નક્કી વાત છે, માટે છોડાય તો સારૂં : પણ જો ન જ છોડાય તો પણ અમૂક અમૂક કાર્યો તો જરૂર કરતા રહો !, કે જેથી શાંતિપૂર્વક જીવી શકો, શાંતિપૂર્વક મરી શકો અને પછીના ભવોમાં પણ ક્રમે ક્રમે આત્માનું શ્રેય સાધી શકો. તત્ત્વજ્ઞાની મહાપુરૂષોએ ફરમાવેલાં એ કર્ત્તવ્યોમાંનાં કેટલાંક કર્ત્તવ્યોને પણ આપણે જોઇ લઇએ.

પ્રથમ કર્ત્તવ્ય-શ્રી વીતરાગની ભક્તિ :

જીવનમાં શાંતિ આપનારાં, મરતી વખતે આત્માને વલોપાતમાંથી બચાવનારાં અને અન્તે પરમ કલ્યાણની ઉત્કટ સાધનામાં સહાયક થનારાં કાર્યોમાં સૌથી પહેલું કાર્ય એ છે કે-" **भगवति वीतरागे भक्तिः ।** " આત્માને પાપથી દૂર ખસેડીને, આત્માના શુદ્ધ આદર્શને સામે ખડા કરનાર શ્રી વીતરાગ પરમાત્મા છે : એમનામાં નથી તો રાગ કે નથી તો દ્વેષ ! સંસારનાં, કર્મનાં સઘળાં બંધનોનો નાશ કરીને જેઓ શ્રેષ્ઠ દશાને પામ્યા છે તથા સંસારથી તરવાનો જે માર્ગ-તેને જે સ્થાપી ગયા

છે, તે શ્રી અરિહંત પરમાત્મા કહેવાય. સ્વચ્છ આરીસાની માફક તેઓ આપણને આપણી દશાનું ભાન કરાવનારા છે. તેમના સ્વરૂપને જાણીને તેનું જો ચિન્તવન કરવામાં આવે, તો આત્માને આત્માની પીછાન થયા વિના રહે જ નહિ. એવા પરમાત્માની આજ્ઞાનું પાલન કરવાનો નિશ્ચય અને તેનો શકય અમલ, એ એમની પરમ ભક્તિ કહેવાય. આથી પરમાત્માની ભક્તિ કરવા ઇચ્છનારે, પરમાત્માએ નિષેધ કરેલાં કાર્યો નહિ કરવાનો અને કરવા માટે કહેલાં કાર્યો શક્તિ મુજબ કરવાનો પ્રયત્ન કરવાનો નિર્ણય કરવો જોઇએ. આવો નિર્ણય કરનારા ભાગ્યશાલિઓ, એ તારકોની મૂર્તિ આદિની પણ શકયતા મુજબ સેવા-પૂજા કરવાને તત્પર બને, એ સ્વાભાવિક જ છે.

બીજું કર્ત્તવ્ય-પ્રાણિવર્ગ ઉપર કરૂણા :

પહેલું કાર્ય-" **भगवति वीतरागे भक्तिः ।** " અને બીજું કાર્ય-" **समग्रप्राणिवर्गे करुणा ।** " સમગ્ર પ્રાણિવર્ગ ઉપર કરૂણાભાવ રાખવો, એ બીજું કાર્ય છે. નાનો હોય કે મોટો હોય, પોતાનો હોય કે પારકો હોય, દુશ્મન હોય કે મિત્ર હોય, સર્વ જીવો પ્રત્યે કરૂણા રાખવી જોઇએ. તમને જેમ દુઃખાદિ પસંદ નથી, તેમ બીજાને પણ પસંદ નથી : માટે બીજાને દુઃખાદિ દેવામાં સરીગત થવું જોઇએ નહિ. પોતાના સ્વાદ માટે કે મોજશૉખ માટે અનેક પ્રાણિઓનો નાશ કરાય છે તે ન થવો જોઈએ. જ્યાં નિર્વાહ માટેય નિર્દય બનવાનું હોય નહિ, ત્યાં સ્વાદ કે

મોજશૉખ માટે તો બીજા જીવોનો નાશ કરવાનો હોય જ શાનો ? કરૂણાને અંગે પણ ઘણું વિચારવા જેવું છે: દ્રવ્ય અને ભાવ–એ બે ભેદોમાં ઘણા ઉંડા ઉતરવા જેવું છે: પણ અત્યારે તો ટૂંકમાં જ કહીને પતાવવાનું હોઈ, અત્રે તેના વિસ્તારમાં ઉતરતા નથી.

ત્રીજું કર્ત્તવ્ય–દાન :

હવે ત્રીજું કર્ત્તવ્ય. સર્વ જીવો પ્રત્યે કરૂણાવાળો જેમ બીજા જીવોને દુઃખ ન દે, મારે નહિ, તેમ અભય આદિનો પણ દાતા હોય. દુઃખમાંથી બચાવવા લક્ષ્મી આદિનું દાન પણ કરવું પડે : માટે ત્રીજું કર્ત્તવ્ય તે યથાશક્તિ દાન. જે જીવને જે કાળમાં જેની જરૂર હોય, તેને યોગ્ય સામગ્રી પૂરી પાડી પરમાત્માની ભક્તિમાં એ લીન બને અથવા પરમાત્માની આજ્ઞાનું એ પાલન કરતો બને કે દુઃખમૂક્ત થાય એમ કરવું, તેનું નામ દાન છે. ભૂખ આદિના દુઃખથી પીડાતા દુઃખિના દુઃખને દૂર કરવા માટે આહાર, વસ્ત્ર આદિ પદાર્થોનું દાન કરવું, એ પણ ધર્મના મૂળને પોષનારૂં દાન છે.

ચોથું કર્ત્તવ્ય–શાસ્ત્રનું શ્રવણ :

આ ત્રણ ગુણોને ટકાવવાને માટે ચોથો ગુણ શ્રવણનો જોઇએ. અનંતજ્ઞાનિઓએ દર્શાવેલ તરવાના માર્ગને પ્રરૂપનારાં શાસ્ત્રને સુશ્રદ્ધાપૂર્વક સાંભળવાં, એ ચોથું કર્ત્તવ્ય છે. આ જમાનામાં શાસ્ત્રને સાંભળવાની અને સાંભળેલાને વિચારવાની ફુરસદ કેટલા લે છે ? આજે તો શહેર ને

ગામડાં લગભગ એકાકાર જેવાં થઈ ગયાં છે. પહેલાં તો લગભગ દરેક ઘેર શાસ્ત્રવાંચન થતું, આજે વર્તમાન પત્રનું વાંચન થાય છે! શાસ્ત્રશ્રવણનો ગુણ જવાથી સાચી ભક્તિ, સાચી દયા અને સાચું દાન, એ વિગેરે ગુણો નહિવત્ થઈ ગયા છે: માટે પ્રભુભક્તિ, પ્રાણિદયા અને દાનાદિ ગુણોને મેળવવા તથા ટકાવવા હોય તો પણ, શાસ્ત્રશ્રવણ જરૂર કરવું જોઇએ.

પાંચમું કર્ત્તવ્ય–પાપનાશની ઇચ્છા :

પાંચમું કર્ત્તવ્ય છે–" **पापापोहे समीहा** " પૂર્વે કરેલાં અને વર્તમાનમાં થતાં પાપોનો નાશ કરવાની ઇચ્છા હોવી જોઈએ. જે પાપો સેવાઈ ગયાં તેને ટાળવાની ઇચ્છા, પાપથી ડરનારને હોય જ ને ? કોઇનું ખોટી રીતિએ પચાવી પાડયું હોય, તો જઇને કહી દેવું જોઇએ કે–'તારા અજ્ઞાનનો, તારી બેહોશીનો મેં લાભ લીધો છે!' આ થશે ? પાપનો નાશ કરવાની ઇચ્છા હોય તો થાય. પશ્ચા-ત્તાપથી, એકરારથી, પ્રાયશ્ચિત્તથી અને દંડથી પણ પાપનો નાશ કરવાની ઇચ્છા હોવી જોઈએ. જે જે પાપો સેવાયાં હોય, તેનો ઘોર પશ્ચાત્તાપ થવો જોઇએ અને ભવિષ્યમાં તે તે પાપો નહિ કરવાની ઇચ્છા હોવી જોઇએ. જ્યાં પાપના નાશની ઇચ્છા ન હોય, ત્યાં પહેલાં ચાર કર્ત્તવ્યો વાસ્તવિક રીતિએ જીવનમાં આવે ક્યાંથી ? એવો માણસ–પરમાત્માની ભક્તિ કરે તોય કેવી કરે ?, બધા જીવો ઉપર કરૂણા કયી રીતિએ રાખે ?, દુ:ખિને દાન

શાનો દે? અને પરલોકને સુધારવાનો માર્ગ દર્શાવનાર શાસ્ત્રનું શ્રવણ પણ શા માટે કરે? માટે પાપનો નાશ કરવાની ઇચ્છા હોવી અગર થવી, એ પણ બહુ જ જરૂરી છે. પાપ કરતાં ય પાપનો નાશ કરવાની ઇચ્છાનો અભાવ વધારે ભયંકર છે.

છઠ્ઠું કર્ત્તવ્ય-ભવની ભીતિ :

છઠ્ઠું કર્ત્તવ્ય છે-વિષયકષાય રૂપ ભવની ભીતિ. સંસાર એટલે શું? વિષય અને કષાય. સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ,-એ પાંચે ઇન્દ્રિયોના પાંચ વિષયો અને ગુસ્સો, ઘમંડ, પ્રપંચ તથા લોભ,-એ ચાર કષાયો, તે રૂપ જે સંસાર, તેનાથી ભય પેદા થવો જોઇએ. પાપથી બચવા ઇચ્છનારે વિષય-કષાયના સહવાસથી જેમ બને તેમ દૂર રહેવાનો પ્રયત્ન કરવો જોઇએ.

સાતમું કર્ત્તવ્ય-મુક્તિમાર્ગનો અનુરાગ :

સાતમું કર્ત્તવ્ય છે-મુક્તિમાર્ગનો અનુરાગ. જેને વિષય-કષાય રૂપ સંસાર ન ગમે, તેને મુક્તિ ગમે એ દેખીતી વાત છે. મુક્તિ એટલે શું? આત્માના શુદ્ધ સ્વરૂપનું પ્રગટીકરણ. એ શુદ્ધ સ્વરૂપને પ્રગટાવવાનો જે માર્ગ, તેને મુક્તિમાર્ગ કહેવાય. એના ઉપર અનુરાગ કેળવીને તેને આચરવાને માટે પ્રયત્નશીલ બનવું જોઇએ.

આઠમું કર્ત્તવ્ય-સત્પુરૂષનો સંસર્ગ :

મુક્તિમાર્ગ તરફ અનુરાગ કેળવાય અથવા અનુરાગ હોય તો તે દૃઢ બને અને મુક્તિમાર્ગે પ્રયત્નશીલ બનવાની

ભાવના તેજ બને, એ માટે સંગ કોનો કરવો જોઇએ? સંસારના સંગથી રહિતનો! જેમનો સંગ કરવાથી સંસારનો લેપ ન લાગે, સંસાર પ્રત્યે વિરાગભાવ પ્રગટે, એમનો—એવા સત્પુરૂષોનો સંસર્ગ કરવો, એ આઠમું કર્ત્તવ્ય છે. સત્પુરૂષોનો સંસર્ગ કરવાથી પણ મુક્તિમાર્ગની સાધના સુલભ બની જાય છે!

નવમું કર્ત્તવ્ય—વિષયવિરાગ :

અને નવમું કર્ત્તવ્ય—તે વિષયવિરાગ. આત્મકલ્યાણના અર્થિએ શબ્દાદિ વિષયોના રાગને કાઢવાનો, અર્થાત્—વિષયોથી વિરક્ત મનવાળા બનવાનો પ્રયત્ન પણ જરૂર કરવો જોઇએ. જેઓ વિષયવિરાગી બને છે, તેઓ પોતાનું અને પરનું પણ સુધારી શકે છે. વિષયવિરાગી સંસારમાં રહ્યો હોય તો પણ, ત્યાગી ન થયો હોય તો પણ, ઘણાં ખરાં પાપોથી પોતે બચી જાય છે અને બીજા પણ ઘણાઓને અનેકવિધ પાપોથી બચાવી શકે છે.

વિષયવિરાગિણી સ્ત્રીનું ઉદાહરણ :

હવે વિષયવિરાગી આત્મા કયી રીતિએ અવસરે પોતાને અને પરને પણ બચાવી લે છે, તે સમજાવવાને માટે એક ઉદાહરણ આપી, ઉપસંહાર કરી, આજનું વ્યાખ્યાન સમાપ્ત કરવાનું રહે છે: કારણ કે—સમય લગભગ પૂરો થઇ ગયો છે.

એક રાજાને એક મોદી હતો. નાના રાજાઓ પોતાનો ખાસ મોદી રાખે છે. એ મોદીને ત્યાં એક સ્રીરત્ન હતું. કોઈનું કોઇ પ્રકારનું પુણ્ય હોય, તો કોઇનું કોઈ પ્રકારનું પુણ્ય હોય. કાંઇ રાજાને જ બધું મળે, એવો તો નિયમ નથી ને? રાજાને ત્યાં હોય એ પ્રજાને ત્યાં ન હોય અને પ્રજાને ત્યાં હોય એ રાજાને ત્યાં પણ ન હોય, એમ બનવું એ કોઈ અસંભવિત વસ્તુ નથી. પુણ્યના ભેદને અંગે આવું આવું પણ બને. એ મુજબ મોદીને ત્યાં એવું સ્રીરત્ન હતું, કે જેવું રાજાના અંતેઉરમાં પણ નહિ હતું.

મોદીના ઉપર રાજાને સારી પ્રીતિ હતી. મોદીના વિરોધિઓથી એ ન ખમાયું. દુનિયામાં કેટલાય માણસો એવા હોય છે, કે જેઓ કોઇનું ભલું કરવામાં તો સમજ્યા જ નથી હોતા અને ભૂંડું કરવામાં જ રાજી હોય છે. કેટલાક તો એવા પણ હોય છે કે-બીજાનું ભૂંડું કરે ત્યારે જ એમને સંતોષ થાય અને એમાં જ એ પોતાની બહાદૂરી સમજે. આવા આદમીઓ દુનિયાના જીવોના વિના કારણના પણ દુશ્મન છે.

અસ્તુ. કેટલાક વિઘ્નસંતોષિઓએ રાજાના કાન ભંભેર્યા: કહ્યું કે-"આપ ભલે રાજા હો, પણ જે વસ્તુ આપના મોદી પાસે છે, તે આપને ત્યાં પણ નથી. આપના અંતેઉરમાં સ્રીરત્ન નહિ અને આપના મોદીને ત્યાં સ્રીરત્ન, એ અજબની જ વાત છે ને? રત્ન તો રાજાને ત્યાં

શોભે ! આપ રાજા અને રમણીરત્નને મોદી ભોગવે, એ બને જ કેમ ?”

ધર્મકળાથી વિહીન અણુસમજુ રાજાઓ વિષયસુખના અતિ અભિલાષી હોય, એમાં નવાઈ પામવા જેવું કાંઇ નથી. એ રાજા પણ વિષયનો અતિ અભિલાષી હતો. એણે વિચાર કર્યો કે–‘ મારે તપાસ કરવી જોઇએ.’

આવી વાત સીધી રીતિએ તો મોદીને પૂછાય નહિ, એટલે રાજાએ એક વાર તક સાધીને મોદીને કહ્યું કે– ‘ આજે મારૂં ભોજન તારે ત્યાં છે ! ’

રાજા પોતાને ઘેર ભોજન કરવા આવે એથી મોદીને તો ખૂશી થાય, પણ મનમાં કદાચ નાખૂશી હોય તો ય રાજાને કાંઈ ના પડાય ? મોદી ઘેર આવ્યો અને સ્ત્રીને વાત કરી. સ્ત્રી ચકોર હતી. એણે મધુર રસવતી તૈયાર કરી. રાજા જમવા બેઠો. એ કાંઇ જમવા થોડો જ આવ્યો હતો ? એને તો મોદીની સ્ત્રીનું મોંઢું જોવું હતું. પેલીએ લાજ એવી કાઢેલી કે–મોંઢું દેખાય નહિ. રાજા થોડું ખાય ને આડું–અવળું જૂએ. પેલી પીરસવા આવે તોય ભાણા સામું ન જૂએ, પણ એની સામે જોયા કરે. એમ કરતાં કરતાં મોંઢું દેખાઈ ગયું. રાજાને ખાત્રી થઈ ગઇ કે–‘ મારા હજૂરીયાઓએ કહ્યું છે તો સાચું ! ’ વળી રાજા વિચારે છે કે–‘ શું મારા કરતાં મારો મોદી વધારે ભાગ્યશાળી, કે જેથી એને ઘેર આવું રમણીરત્ન હોય ? ઠીક, પછી વાત.’ આવો વિચાર કરીને રાજા

જમીને ઉઠ્યો અને પોતાના આવાસમાં ગયો. બીજે દિવસે મોદીને બોલાવીને રાજાએ હુકમ કર્યો કે-'તમારે અમૂક કામને માટે પંદર દિવસ બહારગામ જવાનું છે!'

મોદીએ જઈને પોતાની સ્ત્રીને કહ્યું કે-'રાજાએ પંદર દિવસને માટે બહારગામ જવાનો હુકમ ફરમાવ્યો છે.'

મોદીની સ્ત્રી એવો હુકમ કરવાનું કારણ સમજી ગઈ. એણે કહ્યું કે-'આપ ખૂશીથી પધારો : મારી ચિન્તા કરશો નહિ : આપ નિર્ભયતાથી જાવ! હું કુળવાન છું અને જે કાંઇ બનશે તેને સંભાળી લઈશ.'

જૂઓ કે-એક તરફ મોદી છે કે જેને રાજાની કૃપા ઉપર જ નભવાનું છે અને બીજી તરફ રાજા છે : સુખ વધારે કોને ત્યાં? રાજાને ત્યાં કે મોદીને ત્યાં? આવી સ્થિતિમાં પણ શીલધર્મના પાલનમાં ટકી રહેવાય, એ પ્રતાપ કોનો? વિષયવિરાગનો! પાપના ડરનો! આત્મહિતના ખ્યાલનો! કુલટા હોય તો મોદીને છોડીને રાજાને ત્યાં ગયા વિના રહે?

મોદી બહારગામ ગયો, એટલે તે જ દિવસે મધ્યરાત્રિએ રાજા મોદીને ત્યાં આવ્યો. મોદીની સ્ત્રીએ એમ થવાનું ધાર્યું જ હતું, કારણ કે-કામીની દશા કેવી હોય છે તે એ જાણતી હતી. કામીની દશા કેવી હોય, એ તમે પણ જાણો છો ને? એ એવો અન્ધ બને કે-એને બીજું પ્રાયઃ સુઝે જ નહિ. રાજાએ સાંકળ ઠોકી, એટલે બાઈએ બારણું ઉઘાડયું.

રાજાને અંદર લઈ જઇને, હીંડોળા ઉપર બેસાડીને, મોદીની સ્ત્રી પોતે જાણુતી હતી છતાં પૂછે છે કે–"આપ અત્યારે કેમ પધાર્યા છો ?"

રાજા નફ્ફટ થઇને કહે છે કે–"તારી ખાતર !"

મોદીની સ્ત્રી કાંઈ જ બોલતી નથી. રાજા આવશે એમ એણે માનેલું અને એથી યુક્તિ યોજી જ રાખેલી. એ મુજબ પોતાની દાસીને હુકમ કરીને મોદીની સ્ત્રીએ રાજાને માટે પીણું મંગાવ્યું.

એક સુંદર થાળમાં એક એકથી સુંદર પાંચ પ્યાલાઓ ગોઠવેલા હતા. દરેકમાં કઢેલું કેસર–બદામ–ઇલાયચીવાળું દૂધ ભરેલું હતું. રાજાએ માન્યું કે–'ક્રમસર ઉંચા અને એક એકથી ચઢીયાતા પ્યાલામાં વસ્તુ પણ એક એકથી ચઢીયાતી હશે !' પણ પીતાં પીતાં એને જણાયું કે–'બધા પ્યાલાઓમાં વસ્તુ તો એક જ સરખી છે!' આથી એણે મોદીની સ્ત્રીને પૂછયું કે–"જો બધા પ્યાલાઓમાં એક સરખી વસ્તુ જ ભરવી હતી, તો આટલા બધા પ્યાલા બગાડ્યા શું કરવાને ?'

આ અવસરને પામીને મોદીની સ્ત્રીએ કહ્યું કે–"રાજન્ ! આપને અંધાપો આવ્યો હતો, તે દેખતા કરવાને માટે આમ કરવું પડયું !"

આ શબ્દો કોણ બોલાવે ? વિષયનો ગાઢ રાગ હોય અથવા તો અંશે પણ વિષયવિરાગ ન હોય, તો

રાજા સામે એક મોદીની સ્ત્રી આવું બોલી શકે એ શક્ય જ નથી.

મોદીની સ્ત્રીએ અંધાપાનું કહ્યું છતાં રાજા ખીજાતો નથી, કારણ કે-તે કામાતુર બનેલો છે. એ તો મશ્કરી માનતો હોય તેમ પૂછે છે કે-“એ શું?”

મોદીની સ્ત્રી કહે છે કે-“રાજન્! જેમ તમે પ્યાલાના રૂપ ઉપરથી અંદરની વસ્તુની વિશેષતા કલ્પી હતી, પણ અંદર વિશેષતા કશી જ ન હતી, તેમ જે ચામડી ઉપર મોહ પામીને આપ અહીં પધાર્યા છો તેમાં, આપના અંતઃપુરમાં જે સ્ત્રીઓ છે તેમાં કે ચંડાલની સ્ત્રીમાં અંદર બધે જ સરખી દશા છે: બધી કાયાઓ માંસ અને રૂધિર આદિથી ભરેલી છે: ફેર માત્ર ચામડીનો છે! વળી, આપ રાજા છો એટલે પ્રજાના પિતાતુલ્ય કહેવાઓ: આપ જેવા પિતા, દીકરી ઉપર બળાત્કાર કરવાને માટે પોતાના વિશ્વાસુ મોદીનો વિશ્વાસઘાત કરીને અહીં આવે, એ શું કહેવાય? આપને એ છાજતું નથી.”

મોદીની સ્ત્રીના આ કથનથી રાજાનો અન્ધાપો ટળી ગયો: તે સમજ્યો: મોદીની સ્ત્રીની માફી માગીને તે કહે છે કે-“આજે તેં મને દેખતો કર્યો છે, પણ આ વાત કોઇને કહીશ નહિ!„

મોદીની સ્ત્રીએ કહ્યું-“સારૂં.”

વિચાર કરો કે-મોદીની સ્ત્રી પોતાના શીલને બચાવી શકી અને રાજાને પણ ઉન્માર્ગમાંથી ઉગારી લેવામાં

સફલ નિવડી, એ શાથી ? વિષયથી જે વિરક્ત ન હોય, તેને આવા પ્રસંગોએ પતિત થતાં વાર લાગતી નથી અને વિષયવિરાગી આત્માઓને બુદ્ધિ પ્રાયઃ દગો દઈ શક્તી નથી. ઉલ્ટું, વિષયવિરાગી આત્માઓ જ પોતાની બુદ્ધિનો સદુપયોગ કરી શકે છે.

ઉપસંહાર :

આજના વ્યાખ્યાનમાં છૂટક છૂટક અનેક વાતો કહેવાઈ છે. જે આત્માઓ મનુષ્ય રૂપે જન્મવા છતાં પણ મનુષ્યપણું કેળવતા નથી, તેમના જેવું બીજું કોઈ અધમ નથી અને માણસાઈ કેળવીને જેઓ સન્માર્ગે પ્રવર્તે છે, તેમના જેવું બીજું કોઈ ઉત્તમ નથી. તમે આસ્તિક છો, પરલોકને માનો છો, પરમાત્માને નાથ તરીકે સ્વીકારો છો, તો પરલોકનો ભય રાખીને પાપથી બચો અને પરમાત્માની આજ્ઞા મુજબ વર્તતાં શીખો ! જ્યાં સુધી કેવળ 'હું'પણું અને 'મારા'પણું બેઠું છે, ત્યાં સુધી માણસાઇ આવવી અને ટકવી એ મુશ્કેલ છે. ગમે તેટલું 'હું'પણું અને 'મારા'પણું રાખો, પણ છેવટ તો આ બધી નાશવંતી વસ્તુઓને મૂકીને જ જવાનું છે : તો જે તમારૂં નથી એને તમારૂં ન માનો અને જ્યાં શરીર, મન કે ઇન્દ્રિયો ઉપર પણ તમારો કાબુ નથી, ત્યાં ખોટો અહંકાર ન કરો ! આજે ને આજે આ બધી નાશવંતી વસ્તુઓનો તમે ત્યાગ ન કરી શકો, તો પણ એ છોડવા જેવી છે એમ માનો અને જે નવ કાર્યો કહેવામાં આવ્યાં,

તેના સેવનમાં પ્રયત્નશીલ બનો. જેઓ શ્રી વીતરાગદેવ તરફ ભક્તિ રાખનારા છે, કરૂણાવાળા છે, દાન દેનારા છે, શાસ્ત્રોનું શ્રવણ કરનારા છે, પાપના નાશની ઈચ્છાવાળા છે, વિષય-કષાય રૂપ ભવથી ભીતિ રાખનારા છે, મુક્તિમાર્ગના અનુરાગી છે, સત્પુરૂષોનો સંગ કરનારા છે અને વિષયથી વિરાગવાળા છે, તે આત્માઓ કદાચ સર્વત્યાગી ન બની શકતા હોય, તો પણ તેઓ જ્ઞાનિપુરૂષોએ દર્શાવેલા માર્ગે શક્તિ અને સામગ્રીના પ્રમાણમાં ચાલીને ધીરે ધીરે પોતાના પરભવને સુધારી શકે છે. એવા કલ્યાણકામી આત્માઓનું આ ભવનું જીવન પણ જગતના જીવોને માટે શ્રાપ રૂપ મટીને આશિર્વાદ રૂપ બની જાય છે. તમારૂં આ જીવન જગતના જીવોને માટે આશિર્વાદ રૂપ બને અને તમારો પરલોક સુધરે તથા અન્તે તમે દુઃખના લેશથી પણ રહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખને પામો, એ માટે તમે શ્રી વીતરાગની ભક્તિ આદિ ગુણોને કેળવો, એ જ એક શુભેચ્છા !

બાળ-સુધાર

વિ. સં. ૧૯૯૧ માં
ઝીંઝુવાડામાં
અપાએલું

શા ઇરાદે 'હા' કહી ?

આજે જે કાંઇ ખાસ કહેવાનું છે, તે બાળ વિદ્યાર્થિ-ઓને અનુલક્ષીને કહેવાનું છે, પરન્તુ એનો અર્થ એવો તો નથી જ કરવાનો કે-'આજે જે કાંઇ કહેવાનું છે તે બાળ વિદ્યાર્થિઓને ઉદ્દેશીને જ કહેવાનું છે.'–જ્યાં બાળકોના શિક્ષણનો પ્રસંગ હોય, બાળકોની સુધારણાનો વિચાર કરવાનો હોય, આ બાળકો ભવિષ્યમાં સાચા મનુષ્યો કેવી રીતિએ બને અને એમનું જીવન કેવું ઘડાય

તો તેઓ જીવન પર્યન્ત કર્ત્તવ્યપરાયણ બન્યા રહે એ વિષે વિચારવાનું હોય, ત્યાં માત્ર એકલા વિદ્યાર્થિઓને જ ઉદ્દેશીને ન કહેવાય: કારણ કે-તેઓના જીવનની શુદ્ધિ અને અશુદ્ધિનો આધાર મૂખ્યત્વે બીજાઓ ઉપર છે: પોતાનું જીવન ઘડવામાં તેઓ પરતન્ત્ર છે: આથી બાળસુધારને માટે, જેમના આધારે અને જેમની નિશ્રામાં એ બાળકોનું જીવન ઘડાય છે, તેઓને જ લક્ષ્યમાં રાખીને, તેઓને તેઓની વાસ્તવિક ફરજ સમજાવવી જોઈએ. ગઈ કાલે જ્યારે મને અહીં નિશાળમાં વ્યાખ્યાન રાખવાનું કહેવામાં આવ્યું, ત્યારે મેં એ જ ઈરાદાથી 'હા' કહી હતી કે-વિદ્યાર્થિઓના નામે, વિદ્યાર્થિઓના જીવનને ઘડનારાઓને, કહેવા યોગ્ય કાંઈક કહી શકાય. એ સુધરે એટલે આ પ્રજા મોટે ભાગે સુધર્યા વિના રહે નહિ.

બાળક કરતાં વડિલ વધારે જવાબદાર છે:

બાળકોમાં તો-'જેવું દેખે એવું શીખે' અને 'કહીએ તે કરે'-એ ગુણ હોય છે, એટલે 'જેવું દેખે એવું શીખે' અને 'કહીએ તે કરે'-એવા ગુણવાળાં બાળકોને સારાં બનાવવાં કે ખરાબ બનાવવાં, તે તેમના વાલીઓ કે વડિલોના હાથની વાત છે-એમ સામાન્ય રીતિએ જરૂર કહી શકાય. આ દૃષ્ટિએ એમ પણ કહી શકાય કે-જેના આશ્રય નીચે એ બાળકો ઉછરતાં હોય છે, તેમના ઉપર તે બાળકોના સારા કે નરસા ભવિષ્યનો આધાર હોય છે. 'જેવું દેખે એવું શીખે' અને 'કહીએ તે કરે'-એ ગુણના

પ્રતાપે, મોટે ભાગે બાળકો, તેમના વડિલ, શિક્ષક, પાલક ને પોષક જેવાં નિવડે છે. અપવાદ ભલે હોય, પણ મોટે ભાગે એમ જ બને છે કે–બાળકનું જીવન, તે જેના આશ્રય નીચે હોય, તેના જેવું ઘડાય છે : આથી બાળકોમાં જે જે ખામીઓ દેખાય, તેનો દોષ માત્ર બાળકોને જ નહિ દેતાં, જેમના આધારે તેમનું જીવન ઘડાય છે તેમની વાત પહેલી કરવી પડશે અને એ માટે સમજી લેવું પડશે કે–બાળકના દોષ માટે, બાળક કરતાં, એના વડિલ આદિ વધુ જવાબદાર છે.

બાળકને સુધારવાં હોય તો મા,
બાપ અને શિક્ષકે સુધરવું જોઇએ :

બાળક જન્મ્યા પછીથી, પહેલું તેની માતાના આશ્રયમાં આવે છે, પછી તે પિતાના આશ્રયમાં રહે છે અને ત્યારબાદ તે શિક્ષકને સોંપાય છે. જ્યાં સુધી માતા પોતાની માતા તરીકેની જેટલી ફરજો છે તે ફરજોને ન સમજે, જ્યાં સુધી પિતા પોતાની પિતા તરીકેની જેટલી ફરજો છે તે ફરજોને ન સમજે અને જ્યાં સુધી શિક્ષક પણ પોતાની શિક્ષક તરીકેની જેટલી ફરજો છે તે ફરજોને ન સમજે, ત્યાં સુધી બાળકના જીવનને ઉચ્ચ અને સંસ્કારી ઘડવામાં તેમને નિષ્ફળતા જ મળવાની : કારણ કે–બાળક તેમનું બોલાવ્યું બોલે છે, તેમણે દેખાડેલા રસ્તે જાય છે અગર તો તેમની પ્રેરણા મુજબ આગળ વધે છે અને તેમનું શીખવ્યું શીખે છે. આથી

સ્પષ્ટ છે કે-જો બાળકનાં માતા, પિતા અને શિક્ષક ઉત્તમ હોય, તો ઉત્તમ કોટિના સંસ્કારો પડે અને માતા, પિતા તથા શિક્ષક જો અધમ હોય, તો અધમ કોટિના સંસ્કારો પડે : માટે બાળકોને સુધારવાં હોય, તો પહેલાં એ ત્રણે તો અવશ્ય સુધરવું જોઈએ.

બાળકનો જ દોષ કાઢવો, એ વધારે પડતું છે :

આજની માતાઓની, આજના પિતાઓની અને આજના શિક્ષકોની સ્થિતિ કેવી છે, એ કાંઈ તમારાથી સાવ અજાણ્યું નથી. આ સ્થિતિમાં, બાળકમાં ખામી દેખાય એટલે માતાઓ પણ બાળકોનો દોષ કાઢે, પિતાઓ પણ બાળકોમાં જ અયોગ્યતા હોવાની વાતો કરે અને શિક્ષકો પણ બાળકોનો જ ગૂન્હો બતાવે, તો કહેવું જોઈએ કે-એ વધારે પડતું છે. જન્મ આપનાર માતાઓ જો એમ કહેવા નીકળે, તો તેમને કહેવું જોઇએ કે-'એ કલંક બાળકનું નહિ પણ તમારૂં છે !' બાળકના પોષક પિતાઓ જો એમ કહેવા નીકળે, તો તેમને પણ કહેવું જોઇએ કે-'તમે તેના સાચા પિતા નહિ બન્યા હો !' અને બાળકને ભણાવનાર શિક્ષક જો એમ કહેવા નીકળે, તો તેમને પણ કહી દેવું પડે કે-'તમે શિક્ષક થવાને લાયક નથી !' માતાએ, પિતાએ અને શિક્ષકે જો ઉચ્ચ સંસ્કારો અને ઉચ્ચ શિક્ષણ આપવાનો પોતાની ફરજ મુજબનો પ્રયત્ન કર્યો હોય અને લાયકાત કેળવી હોય, તો બાળક એવું કેમ નિવડે ? 'જેવું દેખે એવું શીખે' અને 'જેમ

કહો તેમ કરે'–એવા ગુણવાળું બાળક, ખરાબ શાથી નિવડે ? કોઈ અપવાદ હોય એ વાત જૂદી છે, બાકી તેના દોષ માટે સૌથી વધારે અગર મૂખ્ય દોષિત તો પ્રાયઃ માતા, પિતા અને શિક્ષક જ ગણાય.

ભલું કરવાની ભાવના કેળવવી જોઇએ :

માતાઓએ વિચાર કરવો જોઈએ કે–એક માતા તરીકે બાળક પ્રત્યે આપણી ફરજ કયી છે ? પિતાઓએ પણ બાળક પ્રત્યેની સ્વાર્થીલી ભાવનાનો ત્યાગ કરીને, એ કયી રીતિએ ઉત્તમમાં ઉત્તમ કોટિનો મનુષ્ય બને અને પોતે દુઃખ વેઠીને પણ બીજાને સુખ આપવામાં આનંદ પામનારો બને–એવી ભાવનાને અપનાવવી જોઇએ. બાળકો દ્વારા દુન્યવી સ્વાર્થ સાધવાનો ઈરાદો, માતા-પિતાને સાચાં માતા-પિતા બનવા દેતો નથી. બાળક મોટો થઇને પરણે, વંશ વધારે, સારી રીતિએ કમાય, અમને રળીને ખવડાવે અને ઘરની સંપત્તિ વધારે,–એ ખરાબ ઈરાદો છે : અને એ ખરાબ ઇરાદાના યોગે માતા-પિતા એનામાં જે સંસ્કારો રેડે છે, તેનાથી બાળકની પરમાર્થભાવનાનો લોપ થઇ જાય છે. દુન્યવી સ્વાર્થની ભાવના બાળકને હિતમાર્ગે દોરી શકતી નથી. માતા-પિતાએ જો સાચાં માતા-પિતા બનવું હોય, તો એ સ્વાર્થી ભાવનાનો નાશ કરવો જોઇએ અને બાળકનું વાસ્તવિક કોટિનું ભલું થાય, એવું કરવાની ભાવનાને કેળવી લેવી જોઈએ.

મા-બાપ બનવા માટે ચાલતા અનર્થો :

દુનિયામાં તમે જૂઓ છો કે-ઘણુંય સ્ત્રી-પુરૂષો એવાં છે, કે જેઓ મા-બાપ બનવાને માટે તલસી રહ્યાં છે. એ માટે તેઓ અણુછાજતા પ્રયત્નો પણ કરે છે અને તેમ છતાં ઘણુંય સ્ત્રી-પુરૂષો મા-બાપ બની શકતાં નથી! દુનિયામાં મા-બાપ બનવાને માટે શું શું નથી થતું? મા-બાપ બનવાને માટે પણ દુનિયામાં કાંઈ ઓછાં પાપ સેવાતાં નથી. દુનિયામાં એવા પણ ધૂતારાઓ આજે મૉજ કરે છે, કે જેઓ મા-બાપ બનવાની ઇચ્છાવાળાઓને ભમાવીને ધૂતી ખાવાનો જ ધંધો કરે છે. વળી મા-બાપ બનવા માટે અનેક પ્રકારની બાધા-આખડીઓ પણ રખાય છે. કેટલીક વાર તો સાંભળતાં ત્રાસ ઉપજે અને મોંઢે બોલી શકાય પણ નહિ, એટલા કારમા પ્રયત્નો પણ કેટલાક લોકો મા-બાપ બનવાને માટે કરે છે. આ બધું તમારી જાણ બહાર નથી. પૈસા મેળવવાને માટે જેમ કારમા પણ અનર્થો સેવાય છે, તેમ દુનિયામાં મા-બાપ બનવાને માટે પણ કારમા અનર્થો સેવાય છે.

સ્વાર્થી ભાવના :

લોકોને મા-બાપ બનવાની આવી તીવ્ર લાલસા હોવા છતાં, એક બાળકનાં મા-બાપ બની ગયા પછીથી પોતાની ફરજ શી છે?-એ વિચાર ભાગ્યે જ સુઝે છે. મોટો થાય, પરણે, કમાય, વંશ રાખે અને ઘડપણમાં અમારી ચાકરી કરે, આવો સ્વાર્થ સાધવાનો જ જ્યાં

હેતુ હોય, ત્યાં–' એ બાળક સુસંસ્કારી બને, નીતિમય જીવન ગુજારનારો બને, ધર્મનો સાચો આરાધક બને અને પોતાને પ્રાપ્ત થએલી સામગ્રીનો સદુપયોગ કરવા દ્વારા સ્વપરશ્રેય સાધનારો બને'–આવો વિચાર ક્યાંથી આવે? બાળક દ્વારા કેવળ દુન્યવી સ્વાર્થસિદ્ધિની જ આશા રાખનારાં મા–બાપ, બાળકમાં કેવાક સંસ્કારો નાખે? કહેવું જ પડશે કે–ખરાબ; તો પછી બાળકોના ખરાબ જીવન માટે બાળકોનો જ દોષ કાઢચે વળે શું?

માતાઓ શું કરી શકે?

બાળક જ્યારે જન્મે છે, ત્યારે એનામાં ખાસ જ્ઞાન હોતું નથી. એનું હૈયું કોમળ હોય છે. એનું શરીર અને એની દશા એવી હોય છે કે–એને એકલું મૂકીને મા દૂર જવાની હિંમત પણ કરી શકતી નથી: કારણ કે–કદાચ મા દૂર જાય અને કુતરૂં ઉપાડી જાય, એ દશા હોય છે. આવી અવસ્થાથી બાળક મોટે ભાગે મા પાસે રહે છે. મા ધારે તો બાળકમાં શું ના નાખી શકે? કેટલા સુસંસ્કારો નાખી શકે? તદ્દન અજ્ઞાન જેવી હાલતમાંથી જ બાળક માતાની દેખરેખ નીચે આવે છે. સુવા–બેસવાનું મા પાસે રહે છે અને બાળકને પોષણ મેળવવાનું પણ માતાના શરીરમાંથી હોય છે. આ દશામાં માતા જો ધારે તો એવા સુંદર સંસ્કારો નાખી શકે કે–ભવિષ્યમાં બાળક સ્વાર્થી, પેટભરૂં, પ્રપંચી, દગલબાજ, સ્વાર્થ માટે પારકાનું હિત હણનાર અને જીવનને

પાપમય બનાવીને ઉત્તમ મનુષ્યભવને બરબાદ કરનાર નિવડવાને બદલે, પરમાર્થી નિવડે: સંસારમાં રહે તો કુળદીપક નિવડે તથા સંસારત્યાગી બને તો ધર્મદીપક પણ નિવડે! પણ આવું પરિણામ આવે એ માટે દરેક માતાએ પોતાના ધર્મને સમજવો જોઈએ, બાળક પ્રત્યેની પોતાની ફરજનો ખ્યાલ કરવો જોઇએ અને બાળકનું જીવન ઉચ્ચ ને સુસંસ્કારી કેમ બને, એને જ એક ધ્યેય બનાવીને એ તરફ પૂરતું લક્ષ્ય આપવું જોઇએ.

શરીરની જેમ આત્માને ય પાળવા–પોષવાની જરૂર :

માતાઓએ ધ્યાનમાં રાખવું જોઈએ કે–નાના પણ બાળકના કાન ઉપર અયોગ્ય વાતો નહિ પડવી જોઇએ પણ સુંદર વાતોના જ પડઘા પડયા કરવા જોઇએ. માતાઓએ સમજવું જોઈએ કે–એવડું પણ બાળક માતા–પિતાદિની ચેષ્ટાઓને દેખે છે અને એની પણ છાયા એના અંતર ઉપર પડે છે. માતા શાણી હોય તો જરૂર સમજે કે–'આ બચ્ચું પણ આત્મા છે: મારી ફરજ જેમ એના શરીરને પાળવાની અને પોષવાની છે, તેમ એના આત્માને પણ પાળવાની અને પોષવાની મારી ફરજ છે.' આજે લગભગ મોટે ભાગે આ વસ્તુ ભૂલાઈ જ ગઇ છે. સારામાં સારી ગણાતી પણ માતા, બાળકના શરીરની જે ચિન્તા રાખે છે, તેટલી કે તેથી થોડી પણ ચિન્તા બાળકના આત્માની રાખતી હોય, એવું જોવા–જાણવાનું ભાગ્યે જ મળે! જ્યારે ખરી વાત તો એ છે કે–દરેક

દરેક માતાએ, બાળકના શરીર કરતાં પણ તેના આત્માની કાળજી વધારે રાખવી જોઇએ.

વારસામાં મા પાસેથી શું મળ્યું ?

‘ મારો બાળક દુર્ગુણનો અધિકારી ન બને, સજ્જને કદિ પણ નહિ કરવા યોગ્ય પાપોથી તો દોષિત ન જ બને, ગુણનો વિરોધી ન બને અને ગુણી આત્માઓનો દ્વેષી નહિ પણ રાગી બને ’–આટલી પણ કાળજી જો માતા રાખે, તો બાળકમાં કેવા સુસંસ્કારો પડે ? પણ આજે તો લગભગ એ દશા છે કે–બાળકના કાને સારી વાતોના પડઘા પડવા તો દૂર રહ્યા, પણ ગાળોના અને એવા જ બીજા પણ અવાજો કાન ઉપર જરૂર પડે છે: કેટલીક માતાઓ બાળકોને તિરસ્કૃત તોફાનો અને હલકટ રમતો કરતાં પણ શીખવે છે: કેટલીક માતાઓ તો મૉજ ખાતર બાળકની પાસે નહિ કરાવવા યોગ્ય ચેષ્ટાઓ પણ કરાવે છે: કેટલીક માતાઓ તો વળી ઘોડીયામાં પોઢેલા બાળકને વહુ લાવવાની વાતો સંભળાવે છે: માતા હાલરડાં ગાય તો પણ એમાં ય એવી ભાવનાના પડઘા હોય: આ રીતિએ વર્તનારી માતાઓ, પોતાનાં સંતાનોને કયા સારા સંસ્કારો કે કયું સારૂં શિક્ષણ આપે છે ? કશું જ નહિ અને એથી જ કોઈ બાળક ખરાબ હોય, તો કહેવું પડે કે–‘ એ ખરાબ નિવડે જ ને ? જ્યારે તે માત્ર માતાની તરફ જ જોનારૂં હતું અને માતાના આધારે જ જીવનારૂં હતું, ત્યારે માતાએ

એને સારૂં બનાવવાને માટે કર્યું છે શું ? ઉલ્ટા ખરાબ સંસ્કારો જ પડે એવું કર્યું છે !' આજની દશામાં બાળકને માતાની તરફથી વારસામાં કાંઈ પણ સારૂં મળ્યું હોય, એ સભાવના ઓછી છે. હા, કાંઈક કટુ બોલવા–સાંભળવાનું અને કુચેષ્ટાઓ જોવાનું પ્રાયઃ બધાને મળ્યું હશે: કારણ કે–આજની ઘણી ખરી માતાઓ દિવસમાં કેટલીય વાર કટુ શબ્દો બોલતી હશે અને કુચેષ્ટાઓ પણ કરતી હશે !

પિતાને ફુરસદ કે દરકાર છે ?

આવી દશામાં બાળક હાલતું–ચાલતું બને છે. પછી તે પિતાની પાસે પણ વધુ આવતું–જતું થાય છે. પિતા પાસે બાળકની કયી દશા થાય છે ? માતા પાસેથી તો તેને કાંઈ સારૂં મળ્યું નથી, કાંઈકિ ય ખરાબ મળ્યું છે અને એ સ્થિતિમાં પિતા પાસે આવેલો છોકરો પિતા પાસેથી પણ શું મેળવે છે ? બાપ બજાર જાય, થાકયો–પાકયો ઘેર આવે, ખીજાયો હોય ત્યારે બાળકને બે–ચાર ગાળો દઈ દે અને પછી સુઈ જાય,–આવી સ્થિતિ મોટે ભાગે જોવાય છે. કેટલાક પિતા છોકરાને રમાડતા અને મઝા કરાવતા પણ હશે, પરન્તુ આપણે જે કહેવું છે તે એ છે કે–પિતાઓને પણ બાળકના સંસ્કારની, બાળકમાં પડતી ગુણ–અવગુણની છાયાની કે બાળકના વાતાવરણની તપાસ કરવાની કાં તો ફુરસદ જ નથી હોતી, ફુરસદ હોય છે તેઓને પણ પ્રાયઃ દરકાર નથી હોતી અને કદાચ

દરકાર રાખે છે તોય તેના દ્વારા સ્વાર્થ સાધવા પૂરતી જ –આવી દશામાં આપણે ઈચ્છીએ કે–બાળકો સારાં, ચારિત્રશીલ ને સંસ્કારી નિવડે, તો આપણી એ આશા ફળે કેટલાક પ્રમાણુમાં ? બાપ એ તપાસ કરે છે કે–'છોકરો આજ જુઠું કેમ બોલ્યો ? ચોરી કરતાં ક્યાંથી શીખી આવ્યો ? એનામાં દુર્ગુણ ક્યાંથી આવ્યો ?' મોટે ભાગે એવી તપાસ થતી નથી અને તપાસ કરનારા પણ પ્રાય: એવા ઉંડા ઉતરતા નથી, કે જેથી આવેલો દોષ જાય ને નવો આવે નહિ. આ દશા ઓછી શોચનીય છે ? નહિ જ !

'ભણે નહિ તો ખાય શું ?'–એ ભાવના કાઢવી જોઇએ :

આ રીતિએ માતા–પિતા પાસે ઉછરીને બાળક પાંચ–સાત વર્ષનો થાય એટલે શિક્ષકની નિશ્રામાં આવે છે. એ માને કે ન માને તો પણ, મા–બાપ એને નિશાળમાં મૂકે છે. ત્યાં બાળકની ઈચ્છા જોવાય છે ? બાળકની ઈચ્છા વિરૂદ્ધ પણ તેને નિશાળે બેસાડાય છે ને ? ત્યાં બાળકની ઇચ્છા જોવાતી નથી, કારણ કે– માબાપે એમાં ફરજ માની છે : એ ન ભણે તો ખાય– પીએ શું, એ ચિન્તા મા–બાપને હોય છે, એટલે બાળ- કને નિશાળે મૂકવાને માટે મા–બાપને કહેવું પડતું નથી. નિશાળે મોકલતાં પણ, બાળકને કોઈ મા–બાપ પ્રાય: એ સમજાવતાં નથી કે–શા માટે ભણવું જોઇએ ? મોટે ભાગે તો એમ જ કહેવાય છે કે–' નહિ ભણશે તો ખાશે શું ?'

બાળકને જો સાચો મનુષ્ય બનાવ-વાનો ઇરાદો હોત તો શું થાત ?

જો બાળકને શિક્ષણ લેવાને માટે મોકલનાર મા-બાપનો કે વડિલનો ઇરાદો માત્ર એટલો જ ન હોત અને એ સિવાયનો, એટલે કે–એને સાચો મનુષ્ય, સ્વાર્થી નહિ પણ પરમાર્થી મનુષ્ય, નીતિહીન નહિ પણ નીતિ-સંપન્ન મનુષ્ય અને ગુણવિરોધી નહિ પણ ગુણપૂજક મનુષ્ય બનવાનો ઇરાદો હોત, તો માત્ર પેટ ભરવાના અને સ્વાર્થી બનવાના શિક્ષણની જ યોજના ન થાત, પણ આજીવિકામાં ઉપયોગી બને એવા શિક્ષણની સાથે બીજા પણ સુશિક્ષણની યોજના થાત. આજે એવા કોઈ સુશિક્ષણ માટે કશી પણ અસરકારક યોજના છે ? કહેવું જ પડશે કે–લગભગ એવી કોઇ યોજના નથી અને પાઠશાળા જેવી કોઈ સાધારણ યોજના હોય તો પણ, બાળકને નિશાળમાં મોકલવા માટેની જેટલી કાળજી છે, તેટલી પણ કાળજી પાઠશાળામાં મોકલવા માટેની નથી.

બધેથી એક જ ધ્વનિ :

સાધારણ રીતિએ, છોકરો યોગ્ય વયનો થાય ત્યાં સુધી માતાનો, પિતાનો અને શિક્ષકનો રહે છે. માતાએ અને પિતાએ એ બાળકના જીવન માટે શું કર્યું, એ તો આપણે જોયું. આવી રીતિએ માતા અને પિતાની પાસે ઉછરેલા બાળકની પાસેથી એ પરમાર્થી અને સદ્‌-ગુણી બને એવી આશા રાખવી, એનામાં માતા–પિતા

અને વડિલો પ્રત્યેની ભક્તિ આદિ ગુણો આવે એમ માનવું અને એનામાં ઉત્તમ ગુણોના સંસ્કારો પાડવામાં સફલ નિવડવું, એ બધું કયી રીતિએ અને ક્યાં સુધી શક્ય છે? એના હૈયામાં ગુણો પેસાડવાના પ્રયત્નો પણ કરવામાં આવે, છતાં એ ગુણો કેટલા પેસી શકે? હવે શિક્ષકનો વિચાર કરીએ, તો ત્યાં પણ એના કાન ઉપર મોટે ભાગે એક જ ધ્વનિ અથડાયા કરતો હોય છે કે-આ બધું જો સારી રીતિએ ભણીએ તો હુશીયાર થઇએ, કમાઇએ, ખાઇએ-પીઇએ અને સુખી થઇએ! મા-બાપે પરણવાના, કમાવાના, ખાવા-પીવાના સંસ્કારો તો નાખ્યા જ હોય અને તેમાં શિક્ષકનો પણ સહયોગ મળી જાય, પછી બાકી શું રહે?

જમાનો ખરાબ આવ્યો કે જમાનો ખરાબ લાવ્યા?

આજે ફરીયાદ થાય છે કે-જમાનો ખરાબ આવ્યો: પણ જો વાસ્તવિક રીતિએ વિચારશો, તો તમને લાગશે કે-તમે ખરાબ જમાનાને ઘસડી લાવ્યા છો અને એને પોષી રહ્યા છો. પરણવું, ખાવું-પીવું ને મઝા કરવી, એવી જ વૃત્તિવાળો: એવી જ કેળવણી અને એવા જ સંસ્કારોમાં ઘડાએલો: પહેલો સ્વાર્થ ને પછી બધું, પહેલો પોતે ને પછી બધા-આવી મનોદશાવાળો: માબાપને તરછોડે, બૈરીને લઇને જૂદો રહે, મા-બાપની ચાકરી ન કરે, તેમનું કહ્યું ન માને, મા-બાપની સામે કૉર્ટે પણ ચઢે અને આજે બને છે તેવું બધું ય કરે, તો તેમાં

આશ્ચર્ય પામવા જેવું ય શું છે ? કારણ કે–માતા, પિતા કે શિક્ષક, કોઇએ પણ એનામાં ઉત્તમ કોટિના સંસ્કારો જે રીતિએ નાખવા જોઇએ તે રીતિએ નાખ્યા જ નથી !

શિક્ષક ધારે તો ખરાબ અસરને ભૂંસી શકે અને સારા સંસ્કારોને સીંચી શકે :

માતા પાસેથી ખરાબ સંસ્કારો મળ્યા અને પિતા પાસેથી પણ કાંઈ મળ્યું નહિ અગર તો ખરાબ મળ્યું, છતાં પણ શિક્ષક જો સારો મળી જાય, તો કાંઇ કે ય જીવન સુધરે. જો કે–શિક્ષકને પહેલાં મા–બાપે આપેલું, મા–બાપે સીંચેલું ભૂંસવું તો પડે, છતાં ય શિક્ષક સારો મળી જાય તો સુધરવાને અવકાશ રહે છે. એ માટે–'શિક્ષક કેવો હોવો જોઇએ અને શિક્ષક શાનો અર્થી હોવો જોઇએ ?'–એ પણ વિચારવું પડશે : કારણ કે–બાળકના જીવન ઉપર મોટે ભાગે જો કોઇની પણ વધુમાં વધુ છાપ પડતી હોય, તો તે માતાની, પિતાની અને શિક્ષકની પડે છે. પહેલાં બે પાસેથી તો બાળક પ્રાયઃ ઘણું ખરાબ લઇને આવ્યો છે, એટલે હવે શિક્ષકનો વિચાર કરવાનો રહે છે : કારણ કે–એ ધારે તો માતા અને પિતા–એ બેએ નિપજાવેલી ખરાબ અસરને ભૂંસીને, બાળકના જીવનને સુસંસ્કારી બનાવી શકે છે.

પૂર્વકાળના શિક્ષક :

પૂર્વકાળમાં શિક્ષણ અને શિક્ષક બન્નેની આજના જેવી યોજના નહોતી. પૂર્વના શિક્ષકો આજના શિક્ષ-

કોની માફક કેવલ પગારદાર નહિ હતા અને પૂર્વેનું શિક્ષણ પણ આજની માફક કેવળ ઇહલૌકિક સ્વાર્થની ભાવનાને ઉત્તેજનારૂં નહિ હતું. પૂર્વે માતા-પિતા પોતાનાં બાળકોને અમૂક વર્ષો સુધી શિક્ષકને સોંપતાં. શિક્ષક એ બાળકોને જેમ વિદ્વાન્, કલાસંપન્ન અને હુંશીયાર બનાવવા મથતા, તેમજ એ સુશીલ, સંસ્કારી અને ગુણસંપન્ન બને એની ય કાળજી રાખતા. માતા-પિતા, પોતાનાં બાળકોને ભણાવનાર અને સંસ્કારી બનાવનાર શિક્ષકો પ્રત્યે પૂજ્યદૃષ્ટિએ જૂએ, એમને ઉપકારિઓની કોટિના માને, એટલે શિક્ષકોના જીવનની, શિક્ષકોની જરૂરીયાતોની, શિક્ષકોના નિર્વાહની ચિંતા તેઓ જ રાખે. શિક્ષકોને પોતાના નિર્વાહ આદિને માટે ચિન્તા કરવાની રહેતી જ નહિ : તેઓને તો એ જ એક વાતની કાળજી રહેતી કે-અમારી પાસે ભણેલાઓ સાચા મનુષ્ય પાકવા જોઇએ, પણ અનીતિમાન, પેટભરા અને પોતાના હિતને માટે બીજાનું સત્યાનાશ કાઢનારા નહિ પાકવા જોઇએ !

શિક્ષકની જોખમદારી :

શાસ્ત્રોમાં એવા પણ પ્રસંગો આવે છે કે-વિદ્યાર્થી જો અનીતિમાન પાકે, પેટભરો પાકે, સ્વાર્થ માટે પારકાના હિતને હણનારો પાકે અને ગુણહીન બની ગુણવિરોધી થાય, તો એથી મા-બાપને જેટલો ઉદ્વેગ અને જેટલું દુઃખ થાય, તેના કરતાં ય વિશેષ ઉદ્વેગ અને વિશેષ દુઃખ પાઠકને થાય એવું બન્યું હોય : કારણ કે-એ પાઠકો

સમજતા હતા કે-મારા વિદ્યાર્થિઓ એવા ન પાકે એની જોખમદારી મારે માથે છે. એમના હૃદયમાં એવી ધારણા રહેતી કે-મારી પાસે ભણેલા વિદ્યાર્થિઓ કદિ પણ ઉન્માર્ગે જનારા નહિ જ બનવા જોઈએ.

પગારદાર શિક્ષકમાંથી પણ આ નીકળી જવું જોઇએ:

પૂર્વકાળના શિક્ષકની એ દશા હતી, જ્યારે એવા શિક્ષકો આજે પ્રાય: શોધ્યા પણ સાંપડે તેમ નથી. આજના શિક્ષકો મોટે ભાગે પગારદાર છે. જો કે-પગાર લેવો, એ જ માત્ર ગૂન્હાવાળી વસ્તુ નથી: શક્તિ ન હોય તો પગાર પણ લેવો પડે: 'પરન્તુ હું પગારદાર છું માટે મારે પગાર પૂરતું જ ભણાવવું જોઈએ'-આ વસ્તુ શિક્ષકના હૃદયમાંથી નીકળી જવી જોઇએ. એને એમ થવું જોઇએ કે-'મફત શિક્ષણ આપવા જેવા સંયોગોમાં હું નથી, માટે મારે પગાર લેવો પડે છે, નહિ તો હું પૈસાને માટે વિદ્યાને વેચતો નહિ.'

સાચા શિક્ષક બનવામાં બાધક વસ્તુ:

આવી વૃત્તિ કેળવાઈ જાય, 'વિદ્યા, એ વેચવાની વસ્તુ નથી પણ સ્વપર-કલ્યાણકારી વસ્તુ છે'-એવો આદર્શ નક્કી થઈ જાય, પછી એ શિક્ષક ટાઈમની પંચાતમાં ન પડે કે ગમે તેમ કરીને અમૂક ગોખાવી દેવું એમ ન માને. પછી તો એનું ધ્યેય જ ફરી જાય. માત્ર પગાર લેવો છે માટે સમયસર હાજર થવું અને જે કાંઇ ગોખા-વવાથી નોકરીમાં લાભ મળે તેમ હોય તે ગમે તેમ

કરીને પણ વિદ્યાર્થિઓની પાસે ગોખાવવું,—આ ધ્યેય શિક્ષકને સાચા શિક્ષક બનવામાં બાધક નિવડે છે.

ધ્યેય ભાષાશિક્ષણ આપવાનું જ નહિ પણ સાથે સંસ્કાર સીંચવાનું પણ હોવું જોઇએ :

એકડો ઘુંટાવવો, કક્કો ને બારાખડી ગોખાવવાં, પાઠ ને કવિતા યાદ કરાવવાં, વ્યાકરણ ને લેખાં શીખવવાં, એ બધું વસ્તુત: વિદ્યાદાન નથી. એ તો વિદ્યા પ્રાપ્ત કરવાનાં સાધનો છે. એ બધાં ભાષા જાણવાનાં સાધનો છે, પણ ભાષા જાણવાની શા માટે ?—એ વસ્તુ તો ઉભી જ રહે છે. આ બધું તો એ માટે શીખવવાનું છે, કે જેથી ભાષાનો ખ્યાલ આવે, વાંચતાં—લખતાં આવડે અને બીજા પૂર્વે શું લખી ગયા છે તે વાંચવા—વિચારવાની શક્તિ પ્રાપ્ત થાય. શિક્ષકનું વાસ્તવિક કાર્ય તો એ છે કે—એ બધું શીખવવાની સાથે, બાળકોને સમજુ બનાવીને, એમની સમજશક્તિને ખીલવીને, તેઓ સુસંસ્કારી બને તેવું શિક્ષણ આપવું. ધ્યેય ભાષાશિક્ષણ આપવું એ જ નહિ હોવું જોઇએ, પણ સાથે સાથે સુસંસ્કારો આપવાનું ધ્યેય પણ હોવું જોઈએ.

સાચો શિક્ષક કોણ ?

માતા—પિતાએ જો યોગ્ય સંસ્કારો નાખ્યા હોત, માતા—પિતાએ જે જાતિના પડઘા પાડવા જોઈએ અને છાયા નાખવી જોઇએ તે જાતિના પડઘા પાડ્યા હોત અને છાયા નાખી હોત, તો શિક્ષકનું અડધું કામ પતી

જાત ! શિક્ષકનું કામ પછી તો શું રહેત ? મૂખ્યત્વે એ જ કે–મા–બાપે આપેલા સંસ્કારોને વિકસિત કરવાનું ! ભાષા શીખવવી, એ વસ્તુતઃ જ્ઞાનદાન નથી, પણ જ્ઞાનના સાધનનું દાન છે : ભાષા શીખવવા દ્વારા સદ્‌ગુણની પ્રાપ્તિનું અને અવગુણના ત્યાગનું શિક્ષણ આપવું, એ કામ શિક્ષકનું છે : પણ આજે તો પ્રાયઃ જેવી માતા–પિતાની હાલત છે, તેવી શિક્ષકની પણ હાલત છે. સાચો શિક્ષક તે નથી, કે જે ચોપડી જ ભણાવી જાય. સાચો શિક્ષક તો તે છે, કે જે વિદ્યાર્થિઓમાં સુસંસ્કારો નાખે. માત્ર ચોપડીઓ જ ભણાવનારો અને વિદ્યાર્થિઓના સુસંસ્કારો તરફ લક્ષ્ય પણ નહિ આપનારો શિક્ષક, વસ્તુતઃ શિક્ષક નથી પણ એક જાતિનો પગારદાર મજુરીઓ જ છે.

કૉલેજના વિદ્યાર્થિઓ માટે પ્રોફેસરોને ન કહેવાય :

જો અહીં મારી દૃષ્ટિ સમક્ષ કૉલેજના પ્રોફેસરો જ હોત, તો હું આ વસ્તુ ન કહેત : કારણ કે–ત્યાં તો વિદ્યાર્થિઓ ઘડાઈને આવ્યા છે. ત્યાં તો વિદ્યાર્થિઓ સારા હોય, ભણતરના અર્થી હોય, તો વળી ભણે : બાકી તો ભલું પૂછવું. કૉલેજમાં જઈને જૂઓ તો તમને જણાશે કે–મોટે ભાગે કલાસમાં પ્રોફેસરનું માન જળવાતું નથી : કેટલાક તો કહે છે કે–' પાઘડી ન ઉડાડે તો પણ ઉપકાર.' કલાસ ચાલતો હોય, પ્રોફેસર બોલ્યે જતો હોય અને વિદ્યાર્થિઓ ધમાચકડી પણ મચાવતા હોય : ભલે બધે આમ ન હોય, પણ આવી દશા કોઇ પણ

સ્થલે નથી એમ તો કોઈ જ કહી શકે તેમ નથી. આવાઓને કેળવવાની, સંસ્કારી બનાવવાની જોખમદારી પ્રૉફેસરોને માથે છે એમ કહી શકાય નહિ : કારણ કે—એ તો ઘડાઈને આવ્યા છે : બહુલતયા નવી છાપ તેમના ઉપર પડે તેવો અવકાશ જ રહ્યો નથી.

પગાર તથા સમય તરફ નહિ જોવું જોઇએ :

ત્યારે હું આ બાળકોના શિક્ષકોને કેમ કહું છું ? એનું કારણ એ છે કે—આ બચ્ચાં કહ્યાગરાં છે : શિક્ષક કદાચ મારે તોય આંસુ પાડે તેવાં છે : એ વખતે તોફાન કરવાને તૈયાર થાય, એવું તેમનું જીગર નથી : ગભરૂ અવસ્થામાં સોંપાયાં છે. આવાં બાળકોને કેળવનારા શિક્ષકો, પહેલી વાત તો એ છે કે—પગારદાર નહિ હોવા જોઈએ : બીજી વાત એ છે કે—પગારદાર હોય તો પણ બાળકોના હિતાહિતની વિવેકપૂર્ણ વિચારણા કરી શકે, બાળકોની બુદ્ધિને સમજી શકે તથા બાળકોની બુદ્ધિમાં ગમ્મત કરાવતાં કરાવતાં પણ સુસંસ્કારોનું તત્ત્વ ઉતારી શકે, એવા સમર્થ હોવા જોઈએ : અને ત્રીજી વાત એ છે કે—એવા પગારદાર તથા સમર્થ પણ શિક્ષકોનું લક્ષ્ય,—પગાર, સમય અને ચોપડીઓ ભણાવવા તરફ જ નહિ હોવું જોઇએ, પણ બાળકોમાં સુસંસ્કારો નાખવા તરફ જ હોવું જોઇએ.

આજે સુસંસ્કારોની છાયા પડે—એ અશક્ય પ્રાયઃ છે :

આજે તો પ્રાયઃ આવાં કહ્યાગરાં, ગભરૂ અને સંસ્કાર

આપ્યેથી વાળીએ તેમ વળી શકે એવાં બાળકોને માટે પાંચ-પચીસ રૂપીઆના માસિક પગારદાર શિક્ષકો હોય છે. એ બીચારા કરે શું? કક્કો ને બારખડી જ ગોખવે ને? વિદ્યાર્થી પણ એમ સમજી લે કે-ઠીક, ભણી લ્યો. શિક્ષક પગાર જોઇએ તે પૂરતું ગોખાવે અને બાળક શિક્ષકની સોટીની બીકે ભણે! પણ એથી શુભ સંસ્કારો પડે, એના હૃદય ઉપર સુસંસ્કારોની છાયા પડે, એ અશક્ય પ્રાય: છે. માતા-પિતાના સારા સંસ્કાર તો છે નહિ, છે તે ઉલ્ટા ખરાબ છે અને શિક્ષક પાસે પણ એ વાતની કાળજી નથી, પછી બાળકનું થાય શું?

વિદ્યા ગુણનું સાધન છે, એમ ઠસાવવું જોઇએ :

આજના શિક્ષકો જો પગારદાર ન હોત, પારમાર્થિક વૃત્તિવાળા હોત, તો આપણે આ બધું ન કહેત : અરે, ‘આપણે પગાર ન છૂટકે લેવો પડે છે’-એવું માનનારા હોત તોય આવું ન કહેત : એય ન હોય, તો-‘ આવા શિક્ષકો ન ચાલે ’-એમ કહી દેવું જોઈએ. શિક્ષકોને કહી દેવું જોઇએ કે-તમે કક્કા, આંક કે અમૂક ચોપડી શીખવી દ્યો, એ નહિ જોઇએ : તમારે એવું શિક્ષણ આપતાં આપતાં પણ, બાળકોમાં સુસંસ્કારો નાખવાની કાળજી રાખવી જોઇએ. નીતિ તજાય નહિ, પાપ કરાય નહિ, માતા-પિતા સામે થવાય નહિ, અમૂક અમૂક રીતિએ વર્તાય નહિ, અમૂક અમૂક વસ્તુઓ લેવાય નહિ અને અમૂક અમૂક વસ્તુઓ છોડાય નહિ, એ બધું શીખવવું

જોઈએ. ‘વિદ્યા, એ ગુણનું સાધન છે, નહિ કે–પેટનું સાધન છે’–આ વસ્તુ બાળકના હૃદયમાં ખૂબ ખૂબ ઠસાવવી જોઇએ. કેવળ પગાર સામે જ જોનાર શિક્ષક આવું ઠસાવી શકે, એ કયી રીતિએ શકય છે?

રોજ છેવટ અડધો કલાક પણ આ રીતિએ શિક્ષણ આપવું જોઈએ :

દરેક શિક્ષકે કાંઈ નહિ તો છેવટ રોજનો અડધો કલાક પણ, બાળકોને ગમ્મત સાથે સાચું જ્ઞાન આપવાનો, વાતચીતમાં સુશિક્ષણ આપવાનો રાખવો જોઇએ. રોજ એને કહેવું જોઈએ કે–‘જો, આમ ન થાય અને આમ થાય.’ રોજ એને પૂછવું જોઈએ કે–‘બોલો, મા-બાપને શું કહીને આવ્યા? રસ્તામાં કેવી રીતિએ આવ્યા?’ આ બાળકો એવાં છે કે–કુદતાં આવ્યાં, મારતાં આવ્યાં કે તોફાન કરતાં આવ્યાં, એ બધું કહી દેશે. પૂછતાં આવડવું જોઇએ. બાળકોને જો ખાત્રી થઈ જાય કે–આ તો આપણને રમાડે છે, મજા કરાવે છે અને સારૂં સારૂં શીખવે છે, તો એ બધું કહી દે : એ તમારાં જેવાં નથી કે–‘કર્યું હોય કાંઈક ને કહે કાંઈક.’ બાળક જેવું હોય તેવું કહી દે તે પછી, શિક્ષકે ગમ્મત કરાવવા સાથે કહેવું જોઈએ કે–‘જૂઓ, ઘેરથી મા–બાપને પગે લાગ્યા સિવાય આવીએ નહિ, રસ્તામાં કુદકા મારતા ન અવાય અને કોઇની જોડે તોફાન કરીએ નહિ કે કોઇને પણ મારીએ નહિ. વળી જના-

વરને પણ મરાય નહિ, કારણ કે–જેમ આપણને કોઇ મારે તો વાગે છે અને દુઃખ થાય છે, તેમ જનાવરને પણ મારીએ તો એને વાગે અને દુઃખ થાય.' આવી રીતિએ તેને જુઠું નહિ બોલવાના, ચોરી નહિ કરવાના, એકલા નહિ ખાવાના, પારકું નહિ ઝુંટવી લેવાના અને બધા સાથે પ્રેમથી વર્તવાના સંસ્કારો શિક્ષકો ધારે તો પાડી શકે. આવી રીતિએ તેમને ભાષાનું શિક્ષણ આપવાની સાથે સુસંસ્કારી બનાવવાને બદલે, જો જે રીતિએ આજે અપાય છે એ જ રીતિએ શિક્ષણ અપાશે, તો તમારી માફક તેઓ પણ ટીકાપાત્ર નિવડશે. તમારે તમારા વિદ્યાર્થિઓને સંસ્કારવિહીન અને દોષમય જીવન જીવનારા બનાવવા છે ? જો એવી ઇચ્છા ન હોય, તો સુધારો કરવો જોઇએ. માતાએ ભૂલ કરી, પિતાએ ભૂલ કરી અને શિક્ષણમાં ય એ ભૂલ ન સુધરે, તો પરિણામ શું ?

નિશાળમાં જીવન કેળવવું જોઇએ :

આ બધી બાબતો ઉપરથી એ સિદ્ધ થઇ ગયું કે–બાળકના જીવનઘડતરનો આધાર મૂખ્યત્વે બાળક ઉપર નથી, પણ માતા, પિતા અને શિક્ષક, એ ત્રણના આધારે બાળકોનું જીવન ઘડાય છે. બાળકો કાંઈ સ્વતંત્ર રીતિએ પોતાનું જીવન ઘડતાં નથી, પરન્તુ એનું જીવન ઘડવામાં ત્રણનો હિસ્સો છે : માતાનો, પિતાનો અને શિક્ષકનો. આથી નિશાળો વિગેરે માત્ર ભાષાજ્ઞાન આપવાનાં જ સાધનો નહિ રહેવાં જોઈએ, પણ ત્યાં બાળકોનું જીવન

સુંદરમાં સુંદર પ્રકારે કેળવાય એવું થવું જોઈએ.

માતા-પિતા સમજે તો :

પણ આ બધું બને ક્યારે? બાળકને શિક્ષકની પાસે શિક્ષણ અપાવનારાં માતા-પિતા સમજે તો! 'આ બાળકોને હેવાન નહિ પણ મનુષ્ય બનાવવાં છે, વિવેકી બનાવવાં છે, પૈસા ખાતર ભયંકર પાપો નહિ કરનારાં બનાવવાં છે અને ભૂખ્યા મરવાનું બહેતર ગણે પણ નીતિને તજવાનું બહેતર ન ગણે એવાં બનાવવાં છે.'–આવી ભાવના જો માતા-પિતાઓના અંતરમાં જાગ્રત થાય, તો જ એ માટે કાંઈકે ય થઈ શકે.

એવા શિક્ષકોથી શુભ પરિણામ ન આવે :

જેઆને માત્ર પોતાનાં બાળકોને આજીવિકા ચલાવનારાં જ બનાવવાં છે, સ્વાર્થ સાધવામાં જ હુંશીયાર બનાવવાં છે, નીતિમયતા કરતાં લક્ષ્મીની કિંમત વધારે આંકનારાં બનાવવાં છે અને જેઓનો શિક્ષણ આપવા-અપાવવાનો હેતુ માત્ર તેમને દુનિયાદારીમાં જ પાવરધાં બનાવવાનો છે, તેઓ આજની સ્થિતિમાં સુધારો નહિ કરી શકે. તેઓ આજના આજીવિકા માટે જ શિક્ષણ આપનારા શિક્ષકોથી ભલે ચલાવી લે, પરન્તુ જેઓની ઇચ્છા બાળકને સાચો મનુષ્ય બનાવવાની છે, તેઓ એવા શિક્ષકોને નિભાવી શકે નહિ. એવા પગારના જ અર્થી અને સંસ્કારોના વિચારથી ય વેગળા રહેનારા શિક્ષકોથી શુભ પરિણામ આવે, એ અશક્ય પ્રાયઃ છે.

આજનું શિક્ષણ અને આજની પરીક્ષા :

આજે નવી નવી સ્કુલો સ્થપાયે જાય છે, પણ એના ઉદ્દેશો જૂઓ તો જણાશે કે–એના ઉદ્દેશોમાં બાળકોને આજીવિકા ચલાવવાને સમર્થ બનાવવાની વાત હશે, પણ પ્રાયઃ બાળકોને સાચાં માનવી બનાવવાનું જેવું ધ્યેય હોવું જોઇએ તેવું ધ્યેય નહિ હોય. વર્ત્તમાનમાં અપાતું શિક્ષણે ય એવું નથી, કે જે પામીને બાળક પાપથી કંપતો બને, અનીતિથી ત્રાસતો બને કે સ્વાર્થ માટે બીજાના હિતને હણનારો ન બને. આજનું શિક્ષણ એટલે જાણે કે–પાંચ, પંદર કે પચીસ–પચાસ પુસ્તકો ભણી લેવાં અને ડીગ્રીઓ મેળવી લેવી : પણ જીવન સાથે એને જાણે કશી ય નિસ્બત નહિ ! પરીક્ષક પણ આવે તો એ પુસ્તકોમાંથી જ પૂછે, પણ એવું કાંઇ તપાસે નહિ કે–આ શિક્ષણ બાળકના જીવનમાં કેટલું પરિણમ્યું ! આજની પરીક્ષાના પેપરો તપાસો. તેમાં પ્રાયઃ કોઇ સ્થળે એ વસ્તુનો ખ્યાલ નહિ હોય કે–એનામાં કયા સંસ્કારો પડ્યા છે ? સારા સંસ્કારોની વાત ન તો હોય શિક્ષણમાં અને ન તો હોય પરીક્ષામાં ! આવું શિક્ષણ ને આવી પરીક્ષા, બાળકના જીવનને કેવુંક ઉજળું બનાવે ?

ત્રણેએ યોગ્ય બનવું પડશે :

આ રીતિએ માતા શુભ સંસ્કારો નાખવાની દરકાર રાખે નહિ, પિતાને શુભ સંસ્કારો નાખવાની કાળજી હોય નહિ અને શિક્ષકો માત્ર પોતાની આજીવિકાને માટે જ

શિક્ષણ આપનારા હોય, તેમજ શિક્ષણમાં પણ અમૂક અમૂક ગ્રંથો જ ભણાવવાના હોય અને પરીક્ષામાં પણ શિક્ષણના વાસ્તવિક પરિણામ રૂપ સંસ્કારોની તો તપાસ જ કરવાની ન હોય, ત્યાં પરિણામ સારૂં આવે જ કયી રીતિએ ? આવી સ્થિતિમાં બાળકો દિવ્ય બને, સારા બને, સદ્‌ગૃહસ્થ બને, સુંદર નાગરિક બને અને મહાપુરૂષ બને, એવી એવી આશાઓ રાખવી એ તો આકાશકુસુમની આશા રાખવા જેવું જ છે ને ? બાળકોને જો દિવ્ય સ્વભાવનાં બનાવવાં હોય, સારાં ને સુસંસ્કારી બનાવવાં હોય, સદ્‌ગૃહસ્થ ને પ્રમાણિક નાગરિક બનાવવાં હોય તેમજ એથી પણ આગળ વધીને જે કોઈ યોગ્ય હોય તે મહાપુરૂષ બને એવી જો અભિલાષા હોય, તો તે માટે માતાએ, પિતાએ અને શિક્ષકે–સાચી માતા, સાચા પિતા અને સાચા શિક્ષક બનવાનો સફલ પ્રયત્ન કરવો જ પડશે. એવી અભિલાષાને રાખનાર દરેકે દરેક માતાએ, દરેકે દરેક પિતાએ અને દરેકે દરેક શિક્ષકે પણ પોતપોતાની ફરજોને સમજવી પડશે અને બાળકોના સુશિક્ષણ તથા સુસંસ્કારો માટેની જરૂરી કાળજી પણ રાખવી પડશે.

આ દશામાં તો સારા નિવડે–એ નવાઈ જેવું :

જો માતા, પિતા અને શિક્ષક–આ ત્રણથી આટલું ન બની શકે, તો વિદ્યાર્થિઓને કાંઈ કહેવું–એનો વિશેષ અર્થ નથી. એને જો કાંઈ કહેવામાં આવે, તો એ તો કહેશે કે–'અમને તો માબાપે અને શિક્ષકે જે શીખવ્યું

છે તે આવડે છે!' માટે જ આજે માતા, પિતા અને શિક્ષકને અંગે કહેવાયું છે. આજે ફરીયાદ છે કે—'ભણ્યા પછી છોકરા બગડી જાય છે!' પણ જ્યાં માતા, પિતા અને શિક્ષક—ત્રણેયની આ દશા હોય, ત્યાં એ બગડે એમાં નવાઇ જેવું નથી : ઉલ્ટું સારા નિવડે એ જ નવાઇ જેવું ગણાય : માટે 'ભણ્યા પછી છોકરા બગડી જાય છે'—એવી ફરીયાદ કરનારાં મા—બાપે સમજવું જોઇએ કે—છોકરો એવો નિવડ્યો એમાં ખરો દોષ આપણો જ છે. માતાઓ, પિતાઓ અને શિક્ષકો જો આ બધી વાતોને બરાબર સમજી જાય અને વિવેકપૂર્વકનો નિર્ણય કરી લે કે—'અમારે બાળકોને સારાં બનાવવાં જ છે'—તો કાલે બાળકો સારાં નિવડવા માંડે : કારણ કે—તેમના જીવનનો મૂખ્ય આધાર તો એ ત્રણ ઉપર છે.

કોઈ ખાત્રી આપી શકે તેમ નથી :

આજે બાળકોની ભૂલને માટે બાળકોને કહેવામાં આવે તો એ હસે, કુતૂહલ કરે, મશ્કરી કરે. જો કે—કહેતાં આવડે તો એ રસથી સાંભળે, પણ એની અસર કેટલી રહે? આજે આવી દશા છે, એનું કારણ શું? માતાએ, પિતાએ કે શિક્ષકે એવી હિતશિક્ષા આપવાની પ્રાય: પદ્ધતિ જ નથી રાખી. આ બાળકોને અહીંથી ઘેર મોકલવાં હોય, તો એની સીધાં જવાની અને સીધાં આવવાની માતા, પિતા કે શિક્ષક કોઇ જ ખાત્રી નહિ આપી શકે. કહેશો કે—એ છોકરાં છે : પણ તેવી ખાત્રી

આપી શકાય એવું નથી એનું મૂખ્ય અને વાસ્તવિક કારણ તો એ છે કે–તેમને માતા, પિતા અને શિક્ષકે જે રીતિએ સુસંસ્કારો પાડવા જોઇએ તે રીતિએ સુસંસ્કારો પાડવાની કાળજી રાખી નથી અને મહેનત ઉઠાવી નથી !

શિક્ષકને અભિમાન હોવું જોઇએ :

બાળકો ઉપર માતા–પિતાની ખરાબ છાયા પડી હોય તે છતાં પણ, સારા શિક્ષકની જો સારી છાયા પડી જાય તો પણ પ્રાયઃ એમ ન બને. શિક્ષકમાં તો, પોતાના હાથ નીચેનાં બાળકોની કેળવણી માટેનું અભિમાન હોવું જોઈએ. શિક્ષકને એમ થવું જોઇએ કે–‘મારા હાથ નીચેનાં બાળકો એવાં વિનયી જ હોય, કે જેથી તેઓ ઉપલા વર્ગમાં જાય ત્યારે એમની રીતભાત આદિ જોઇને ઉપલા વર્ગના શિક્ષકને પણ એનાં વખાણ કરવાં પડે : અને એથી એના ઉપલા વર્ગના શિક્ષકને પણ સારૂં શિક્ષણ આપવાનો અને સુસંસ્કારોનું સિંચન કરવાનો ઉલ્લાસ અને ઉત્સાહ જાગે.’

પછી યુવાનો માટે ફરીયાદ નહિ કરવી પડે :

બાળકો બાળકાળમાં જ સુસંસ્કારી બની જાય, તેમના કાન ઉપર સારી વાતોના જ પડઘા પડે, તેમની આંખે સારૂં જ દેખાયા કરે અને શિક્ષક તેમને–‘આ કરાય અને આ ન કરાય, આ તજાય અને આ ન તજાય.’–આટલું જો જે ખરેખર કરવા યોગ્ય અને ખરેખર તજવા યોગ્ય છે એને અંગે સમજાવી દે, તો પછી એવાં બાળકો તરફથી

યુવાન થયા બાદ પણ પ્રાય: ભીતિ નહિ રાખવી પડે: એનું ભવિષ્ય બગડવાની ચિંતા પ્રાય: નહિ રાખવી પડે: પછી યુવકો તોફાની છે એમ નહિ કહેવું પડે: એવાં બાળકો પ્રાય: આજના ઉચ્છૃંખલ યુવકો જેવા યુવકો નહિ બને, પણ ગુણસંપન્ન યુવકો બનશે: પરન્તુ એ માટે માતાએ, પિતાએ અને શિક્ષકે પણ પહેલા સુધરવું પડશે, એ વાત જરાય ભૂલવા જેવી નથી.

બાળકોનો ધર્મ:

હવે બાળકોની વાત. બાળકોએ માતા-પિતાની આજ્ઞામાં રહેવું જોઇએ: પણ પહેલાં કહેવાયું તેવાં માતા-પિતાની આજ્ઞામાં રહેવાનું કહેવાય કેમ? તમે કયા વૈદ્યને ઘેર દર્દીને મોકલો? ઉંટ વૈદ્યને ત્યાં તો નહિ જ ને? જે વૈદ્ય દર્દીનું દર્દ દૂર કરી શકે તેમ હોય, જે સાચો ચિકિત્સક હોય, તેવા વૈદ્યને ત્યાં જ દર્દીને મોકલાય છે ને? તે જ રીતિએ અહીં પણ, અયોગ્ય મા-બાપની આજ્ઞા માને અને જીન્દગી બગડે તો શું થાય? માટે આપણે કહીએ છીએ કે-જે માબાપ માત્ર શરીરનાં જ માબાપ નહિ પણ આત્માનાં ય માબાપ બને, તેમની આજ્ઞા દરેકે દરેક બાળકે માનવી જોઇએ. દરેકે દરેક બાળકનો એ ધર્મ છે કે-સાચાં હિતસ્વી અને પોતાના હિતને માટે બાળકના આત્મહિતને નહિ હણનારાં મા-બાપની આજ્ઞા, સર્વ દુન્યવી સુખોના ભોગે પણ માથે ચઢાવવી. આવાં માતા-પિતાની આજ્ઞાને નહિ માનનારાં બાળકો પોતાના ધર્મને ચૂકે જ છે.

મા-બાપની ભક્તિ, એ પણ જરૂરી વસ્તુ છે :

માતા-પિતાનો ઉપકાર જબરો છે, માટે તેમની ભક્તિ કરવી, તેમનો વિનય કરવો, એ પણ પરમાત્માની આજ્ઞાને જ અનુસરવાપણું છે. સાચાં માતા-પિતાની આજ્ઞામાં ન રહેવું, એ પરમાત્માની આજ્ઞાથી પણ વિરૂદ્ધ વર્તવા જેવું છે : કારણ કે-પરમાત્માની આજ્ઞા છે કે-સાચાં હિતૈષી માતા-પિતાની આજ્ઞા માનવી જોઇએ, એટલે સાચાં હિતૈષી માતા-પિતાની આજ્ઞાની અવગણના કરવી, એ પરમાત્માની ભક્તિ નથી. જ્યાં સુધી સંસારમાં હોઇએ, ગૃહસ્થાવાસમાં હોઇએ, ત્યાં સુધી માતા-પિતાની ઉચિત ભક્તિને પણ ન ચૂકાય અને શિક્ષક પ્રત્યેના યોગ્ય વિનયને પણ ન ચૂકાય. આનો અર્થ એવો નહિ કરતા કે-પરમાત્માની આજ્ઞાથી વિરૂદ્ધ એવી પણ માતા-પિતાની આજ્ઞાને માનવી જ જોઇએ ! સાચાં હિતૈષી માતા-પિતા પરમાત્માની આજ્ઞાથી વિરૂદ્ધની આજ્ઞા કરે જ નહિ અને તેમ હોય તો જ તેવાં માતા-પિતાની આજ્ઞા માનવી જોઇએ.

વિનય ક્યારે અને આજ્ઞા ક્યારે ?

અહીં સાથે સાથે એય નક્કી કરવું પડશે કે-માતા કેવી હોય, પિતા કેવા હોય અને શિક્ષક કેવા હોય ! માતા પણ બાળકનો પરલોક ન બગડે એની ચિન્તાવાળી જોઇએ : પિતા પણ બાળકનો પરલોક સુધારવામાં સહાયક થનાર જોઇએ અને શિક્ષક પણ વિદ્યાર્થિનું પરલોકનું કલ્યાણ

સધાય, એવું શિક્ષણ આપનાર જોઇએ. આવાની આજ્ઞાને બાળકે માથે ચઢાવવી જોઈએ: બાકી જે માતા, જે પિતા અને જે શિક્ષક એ કોટિના ન હોય, સ્વાર્થવૃત્તિવાળા હોય અને પરલોકના હિતને હણનાર હોય, તેમનો પણ તિરસ્કાર નહિ કરવો જોઇએ એ ખરૂં, તેમને અમૂક અમૂક વિનયક્રિયાઓથી સાચવી લેવા જોઈએ એ ચોક્કસ, પણ તેવી માતા, તેવા પિતા કે તેવા શિક્ષકની બધી જ આજ્ઞાઓને માનવાનું, અર્થાત્–તેમની આજ્ઞાઓને આધીન થઇને પોતાનું પરલોકનું હિત બગાડવાનું તો કોઇ પણ શાણા માણુસથી કહી શકાય જ નહિ. એમ કહેવાય તો તો મહા અનર્થ જ થાય.

કોનાં બાળકો સારાં નિવડે ?

બાળકોનું પરલોકનું હિત ન બગડે–એની ચિન્તા કરનાર મા–બાપનાં છોકરાં કેવાં નિવડે ? જેમણે રાત–દિવસ બાળકોના કાન ઉપર એ પડઘા પાડ્યા હોય કે–'ભૂખે મરાય પણ અનીતિ ન થાય, ગમે તેવા કપરા સંયોગોમાં પણ સદાચારને તજાય નહિ, સ્વાર્થને માટે ય કોઈનું ભૂંડું થાય નહિ, સૌના ભલામાં રાજી રહેવું, બની શકે તો કોઈનું ભલું કરવું પણ કદિ કોઈનું ય ભૂંડું થાય એવી ઈચ્છા સરખી ય નહિ કરવી.'–આવાં માબાપનાં બાળકો શું ચોરી કરનારાં નિવડે ? હિતસ્વીની, વડિલની અને ગુરૂની મશ્કરી કરનારાં નિવડે ? ગમે તેવાં તોફાનો મચાવનારાં નિવડે ? અમૂક અપવાદ સિવાય, એમ કહેવું

જોઇએ કે-હરગીઝ એવાં ન નિવડે ! એવાં મા-બાપનાં બાળકો, કદિ મા-બાપની ભક્તિને તજનારાં અને મા-બાપની આજના કેટલાકોની જેમ અવગણના કરનારાં નિવડે, એમ તમને લાગે છે ખરૂં ? પ્રાયઃ નહિ જ !

હૈયાં કોમળ હોય ત્યારે સુશિક્ષણ અપાવું જોઇએ :

જેમ માતા-પિતાને માટે આ વસ્તુ છે, તેમ શિક્ષકને માટે પણ એ જ વસ્તુ છે. બાળકને યોગ્ય રીતિએ સારી શીખામણ અપાય, તો બાળક કહેશે કે-'માસ્તર સાહેબ કહેતા હતા કે-તોફાન ન થાય !' બાળકોને એવી વાતો કરતાં બનાવી દેવાં જોઇએ. શિક્ષક સમજુ હોય તો વાત-વાતમાં બાળકને ધર્મ, નીતિ, પ્રમાણિકતા, સદાચાર વિગેરે સદ્‌ગુણોનું શિક્ષણ આપે. વાકયે વાકયે ધારે એટલું સુશિક્ષણ શિક્ષક આપી શકે અને એ અસરકારક પણ વધુ નિવડે. બાળકોનાં હૈયાં ધીઠ્ઠાં થઇ જાય તે પહેલાં, હૈયાં કોમળ હોય ત્યારે જ, એ જાતિનું શિક્ષણ આપવું જોઇએ અને એ શિક્ષણની છાપ પ્રાયઃ ચિરંજીવ નિવડયા વિના પણ રહે નહિ.

દુર્ગુણો કેવી રીતિએ નખાય છે ?

બાળકોને તેમની ફરજો વિષે આપણે ઘણું ય કહેવા જઇએ, પણ જ્યાં એમનો વિચાર કરીએ કે તરત જ માતા, પિતા અને શિક્ષક આંખ સામે આવીને ખડા થઇ જાય છે. આ બાળકો એવાં નથી કે-એમની ફરજનો આધાર એમના ઉપર રાખી શકાય. આ બાળકોને આપણે

ભાઈચારો રાખવાનું કહીએ, તો કહેશે કે-'મારી માએ કહીને મોકલ્યો છે કે-આ ખાવાનું આપું છું, પણ બીજાને આપીશ નહિ !' એવું કહેનારાં મા-બાપો પણ છે કે-'પારકું ખાઈએ પણ પોતાનું દઈએ નહિ !' આવું કહીને એ મા-બાપોએ છોકરા ઉપર કયો ઉપકાર કર્યો ? આવા સંસ્કારોના પ્રતાપે, એ પેટભરો અને ચોટ્ટો પણ પાકે, તો નવાઈ ગણાય કે સ્વાભાવિક ગણાય ? એવું શીખવવાને બદલે, હિતસ્વી માબાપોએ તો એવું જ શીખવવું જોઈએ કે-'જો, બધા જોઈ રહે અને આપણે ખાઈએ તે સારૂં નહિ : બધા સંપીને ખાઈએ : જો, બીજાનું લઈએ નહિ, પણ દઈએ ખરા.' આવી આવી શીખામણો આપીને મોકલવાની રોજ કાળજી રાખી હોય, તો એ કોઈનું ઝુંટવી લેતાં, પડાવી લેતાં કે ઉચાપત કરતાં શીખે ખરો ? નહિ જ, પણ આવી રીતિએ કહીને મોકલનારાં મા-બાપ કેટલાં ? થોડાં જ. એટલે નક્કી થયું કે-બાળપણથી જ એનામાં સ્વાર્થના અને પેટભરાપણાના દુર્ગુણો આવી આવી રીતિએ પણ નખાય છે!

દોષના કારણ રૂપ કોણ ?

બચ્ચાંને માતા, પિતા અને શિક્ષક ઉપર ભારે વિશ્વાસ હોય છે : ટેવ પાડી હોય તો તેઓ, એમના કહ્યા મુજબ વર્તનારાં હોય છે : વાત વાતમાં કહેશે કે-'મારી બાએ આમ કહ્યું હતું, મારા બાપા આમ કહેતા હતા અને માસ્તર સાહેબે આમ કહ્યું હતું !' આવું કહ્યાગરૂં અને

તમારા આધારે ઉછરતું બચ્ચું સુસંસ્કારહીન અને સ્વાર્થી નિવડે, તો એમ કહેવું પડે કે-તમે વિશ્વાસઘાતી છો! તમે એને સારો બનાવવાનો પ્રયત્ન કર્યો હોય અને દુર્ભાગ્યે એ ખરાબ નિવડે તો તમે દોષિત નથી, પણ તમે જ ખરાબ શીખવ્યું, ખરાબ સંસ્કારો પાડયા અને દોષ બાળકનો કાઢવો, એ કેમ બને? આવા બાળકોને તો તમે ધારો તો કાં તો જગતના ઉદ્ધારક બનાવી શકો અને ભાગ્યવશાત્ તેમ ન પણ બની શકે તોય આદર્શ ગૃહસ્થો તો જરૂર બનાવી શકો, પણ તમને કદાચ ડર હશે કે-એમ કરવાથી તમારો સ્વાર્થ ન સધાય! જો એવો ડર હોય અને એથી જ આ રીતિએ વર્તતા હો, તો પણ એના દોષો માટેની તમારી જ મોટી જવાબદારી છે, એમ નક્કી થઈ જાય છે.

મોટાને કહેવાય, પણ આમને શું કહેવાય?

જો આ બાળકો મોટાં હોત, તો હજુ ય કહેવાત કે-' ભલે માતાએ, પિતાએ અને શિક્ષકે તેમ કર્યું, તમને નહિ શીખવવા યોગ્ય શીખવ્યું અને શીખવવા યોગ્ય નહિ શીખવ્યું, પણ તમારે તો તમારૂં હિત સાધવાનું છે ને? તમારે મરીને કયાં જવું છે? આ પાપ સેવીને તમે કયાં જવાના?' આ બધું મોટાને કહેવાય, પણ આમને શું કહેવાય? આ બાળકો એવાં નથી કે-એવી વાતોને સમજી શકે અને સ્વતન્ત્રપણે હિતસાધનાના માર્ગે જઈ શકે!

શિક્ષકને નોકરીની પરવા:

સાચું કહો: હૃદય ચોર્યા વિના વિચારો: તમે કદિ બાળકને એમ કહ્યું છે કે-'ભૂખે મરજો પણ અનીતિ નહિ કરતા!' એકલા ખવાય નહિ, એમ શીખવ્યું હોત તો? અડધો કલાક બપોરે રમવા જાવ છો, પણ સૌની સાથે ભાઈની માફક વર્તજો, એમ કહ્યું હોત તો? શિક્ષક પણ આ નથી કહી શકતા: એ કહે છે કે-'અમે બધાને વહેંચીને ખાવાનું કહીએ, તો મા ગાળો દેતી આવે.' શિક્ષકને નોકરીની પરવા, એટલે એ કેટલીક વાર તો સમજવા છતાં પણ હિતકારી વાત બોલી શકે નહિ.

કણેક કેળવાય તેમ બાળક કેમ ન કેળવાય?

આ બધું કહેવાનો હેતુ એ છે કે-જ્યાં માતા, પિતા અને શિક્ષકનો દોષ દેખાતો હોય, ત્યાં બાળકોને કહેવું શું? વિદ્યા, આત્માના ભલાને માટે છે એમ સમજાઈ ગયું હોત, તો આજના જેવું પરિણામ ન આવત: કારણ કે-આ જે શિક્ષણ અપાય છે તે તો વિદ્યા મેળવવાનાં સાધનો સંબંધીનું છે, પણ ખરી વિદ્યા તો આત્માના હિતને માર્ગે માણસને દોરે તે છે. આવું સમજાવાત તો આજે જેમ જેમ કેળવણી વધે છે, તેમ તેમ જે અક્કડતા વધે છે તે ન વધત: જેમ જેમ કેળવણી વધે, તેમ તેમ અક્કડતા નહિ પણ નમ્રતા વધવી જોઇએ. ઘઉંના આટાને બાઇઓ કેળવીને તૈયાર કરે છે, તો તે કેવો કુણો થાય છે? એવો કુણો કે-વાળીએ તેમ વળે.

આટો જ્યારે એવો કુણો તૈયાર થાય, ત્યારે જ કણેક બરાબર કેળવાઈ કહેવાય : તેમ બાળક પણ કેળવણી પામીને એવાં થવાં જોઇએ કે-તેઓ નમ્ર બને : એને બદલે આજે તો ફરીયાદ છે કે-કેળવણી વધારે મળી, એટલે સામાં થાય છે. આનું કારણ કદિ વિચાર્યું છે?

જેમ જેમ શિક્ષણ વધે તેમ તેમ વધવું શું જોઇએ અને આજે વધે છે શું?

જેમ જેમ શિક્ષણ વધે, તેમ તેમ વસ્તુતઃ નમ્રતા, વિનય અને સહનશીલતા આદિ ગુણો ખીલવા જોઇએ. આને બદલે આજે તો કાંઈક નવું જ ભાળીએ છીએ. નમ્રતાને બદલે અક્કડતા, વિનયને બદલે અવગણના અને સહનશીલતાવાળી શાંતિને બદલે બળતરા વધે છે, એવું જોવાય છે. ભણેલા છોકરાની જોડે અભણ મા-બાપનો મેળ ટકી શકતો નથી. ભલે મા-બાપ અજ્ઞાન હોય, પણ દીકરાએ તેમનો ઉપકાર તો સમજવો જોઇએ ને? આજે તો પુસ્તકો ય નવાં નવાં ઘડાય છે અને એમાં શિક્ષણ પણ કોઇ ઓર પ્રકારનું અપાય છે. આ સ્થિતિમાં છોકરો દુર્ગુણી ન પાકે તો ભાગ્યશાલી, બાકી માતા-પિતા આદિ ઉપકારિઓને પણ પત્થર મારનારો પાકે તો ય નવાઇ પામવા જેવું કે ફરીયાદ કરવા જેવું પણ શું છે? તમે જ વિચાર કરી જૂઓ ને કે-એ તમારો ભક્ત બન્યો રહે, સદ્ગુણી બને, સુશીલ બને, પરમાર્થ-વૃત્તિવાળો બને,-એ માટે તમે શું કર્યું છે?

આવી આવી રીતિએ સુધારો !

ઘણી વાર સંભળાય છે કે–વિદ્યાર્થિઓ શિક્ષકની ખુરશીએ પણ કવચ લગાડે છે : કોઇક વાર ટાંકણીઓ પણ ઘાલે છે. એ ક્યારે બને ? બહુ પ્રેમ હશે ત્યારે ? માટે એક જ શીખવો કે–ભણવાનું શા માટે ? ભણવાનું પેટ ભરવાને માટે નહિ, રળી ખાવાને માટે નહિ, પ્રપંચો કરવાને માટે નહિ કે અક્કડ થઈને ફરવાને માટે પણ નહિ, પણ–ભણવાનું આત્માના હિતને માટે, એ શીખવો ! માત્ર બાળકોનો જ દોષ છે એમ માનો નહિ, પણ એમને સારા બનાવવાનો પ્રયત્ન કરો ! શિક્ષકે એમને બહુ જ મીઠાશથી સમજાવવું જોઇએ અને વારંવાર એ વાત કહેવી જોઇએ કે–જૂઓ, તમે બધા ભાઇઓ છો : ઘેર માબાપ જૂદાં પણ અહીં માબાપ એક : વળી સાચાં માબાપ તો પરમાત્મા છે, માટે પરમાત્માની આજ્ઞા વિરૂદ્ધ તો વર્તાય જ નહિ ! આવી રીતિએ આ પ્રજાને સુધારો. આ પ્રજા સુધરી એટલે બધું સુધર્યું એમ સમજો.

તમને જ હિતશિક્ષા આપવી પડે :

પણ આ પ્રજાને સુધારવી હશે તો સૌથી પહેલાં તમારે સુધરવું પડશે. એનામાં સારા સંસ્કારો નાખવા માટે સૌથી પહેલાં જરૂરી મહેનત તમારે જ ઉઠાવવી પડશે. તમારી ફરજ તમારે સમજવી પડશે અને તેને અમલમાં પણ મૂકવી પડશે. આ માટે સૌથી પહેલાં તો તમે, છોકરા ખરાબ છે–એમ બોલતા બંધ થઇ જાવ.

છોકરા પ્રાયઃ ખરાબ નથી હોતા, પણ છોકરાને ખરાબ કરનાર તમે છો, એમ સમજી લો અને છોકરાઓને ખોટો દોષ દેતા અટકી જાવ. પોતાની ફરજોનું ભાન થાય એટલી સમજણશક્તિ બાળકોમાં નથી હોતી, માટે બાળકોના હિત માટે પણ હિતશિક્ષા તો તમને જ આપવી પડે અને બાળકોના દોષોને માટે ઠપકો દેવાની જરૂર હોય તો તે ઠપકો પણ તમને જ દેવો પડે!

બાળકની ફરજ :

એ ચોક્કસ છે કે–આ બધું કહેવાયું એ ઉપરથી બાળકો પણ સમજી જાય કે–તેમણે પોતાની માતા, પોતાના પિતા, પોતાના શિક્ષક અને પોતાના વડિલ આદિનો વિનય બરાબર કરવાનો છે. તેઓ જો સાચાં માતા, પિતા, વડિલ અને શિક્ષક બને તો તેમની દરેક આજ્ઞા માથે ચઢાવવાની છે અને તેઓ તેવાં ન બને તો પણ બાળકોએ તેમની અવગણના કરવાની નથી પણ ઉચિત સેવા આદિ કરવાનું છે. તમારે બધા વિદ્યાર્થિઓની સાથે ભાઈચારાથી જ વર્તવાનું હોય અને એથી તમારાથી બીજાને આપ્યા સિવાય એકલપેટા થઈને ખવાય–પીવાય નહિ. વળી પરમાત્માની આજ્ઞા ઉપર પ્રીતિવાળા બનીને, તેમની આજ્ઞા મુજબ વર્તવાનો પ્રયત્ન કર્યા વિના કલ્યાણ થવાનું નથી : માટે જુઠું બોલવું નહિ, ચોરી કરવી નહિ, તોફાન કરવું નહિ, કોઈ પણ નાના કે મોટા જીવને મારવો નહિ અને સૌ સાથે

પ્રેમભાવે વર્તવું, એ પણ દરેકે દરેક વિદ્યાર્થિની ફરજ છે.

બાળકને નાહક દોષ ન દેતા !

પણ આટલાં બધાં નાનાં, અણુસમજુ અને ગભરૂ બાળકોને આ બધું કહીએ, તેથી પરિણામ શું આવે ? માતા, પિતા અને શિક્ષકના ભયંકર દોષોની છાયા પડી હોય, ત્યાં સુધી જોઇએ તેવી અને જોઇએ તેટલી અસર ન થાય : માટે એ અસર ઉપજાવવી હોય તો માતા, પિતા અને શિક્ષક ત્રણેએ પહેલાં પોતાની ફરજ સંભાળવી પડશે. બાળકમાં દોષ દેખાય તો કહેજો કે–એ દોષ અમારો છે : અને બાળકને બોલાવીને પૂછજો કે–'આ દોષ કયાંથી શીખી લાવ્યો ?' પછીથી એ દોષને આવવાનું જે કારણ હોય તે કારણુને દૂર કરજો અગર તેવા કારણુથી બાળકને બચાવી લેજો. એની પાસે સારી સારી વાતો કરીને એને સમજાવજો કે–'આવી રીતિએ દોષ ન થાય.' કોઇ પણ પ્રસંગે બાળકની ભૂલમાં ઉંડે ઉંડે પણ જો તમને તમારી ભૂલ જણાય, તો તમે તમારી ભૂલને જ સુધારી લેજો, પણ બાળકને નાહકનો દોષ દેતા નહિ !

પ્લેગની પહાડ જેવા આદમીને અસર થાય અને તમારી અસર બાળકોને ન થાય ?

આ રીતિએ બાળક શિક્ષિત થાય, તો મોટે ભાગે એ સાચો મનુષ્ય બને, સાચો ગૃહસ્થ બને, સાચો નાગરિક બને, સાચો સેવક બને અને એમાંથી જે કોઇ યોગ્ય હોય તે મહાપુરૂષ પણ બને. આ માટે મા–બાપે

શિક્ષકને કહેવું જોઇએ કે—મારા બાળકને મારે કેવળ ભાષા જ નથી શીખવવી, પણ એનામાં સાચી માણસાઇ આવે એવું શિક્ષણ આપવું છે. આ કામ, માત્ર પગારના અર્થી શિક્ષકોથી નહિ બને : પગાર પૂરતો સમય આપવાના અને ચોપડી ગોખાવવાના ધ્યેયવાળા શિક્ષકોથી નહિ બને : એ માટે કાં તો નવા શિક્ષકો ઉભા કરવા પડશે અને કાં તો આજના શિક્ષકોને આપણે વર્ણવ્યા તેવા બનાવવા પડશે. કેળવણીની આખીય પદ્ધતિને ફેરવવી પડશે, કારણ કે—કેળવણીનું ધ્યેય જે ભૂલાયું છે તેને પુનઃ સ્થાપિત કરવું પડે તેમ છે. રાજતંત્રને એવી વ્યવસ્થા કરવાને માટે કહેવું જોઇએ અને રાજતંત્ર તેમ ન કરે તો સૌએ મળીને એવી વ્યવસ્થા કરી લેવી જોઇએ. સાધનસંપન્નોએ એ માટે ઉદારતાનો ધોધ વહાવવો પડે. આમ ન કરો અને બાળકોને દોષ દો, તો કહેવું પડે કે—ખરાબ ન પાકે તો સારૂં! પ્લેગની પહાડ જેવા આદમીને અસર થાય અને આ બાળકોને માતા, પિતા અને શિક્ષકોના દોષોની અસર ન થાય, એ કેમ બને ? પ્લેગ ભયંકર કે દોષ ભયંકર ? દોષમાં પણ તારતમ્ય હોય છે, પરન્તુ કેટલાક દોષો તો એવા ભયંકર હોય છે કે—થોડા અપવાદ સિવાય, સંસર્ગમાં આવનાર લગભગ બધા ઉપર, તેની અસર થયા વિના રહે નહિ. આમ હોઇને, બાળકો ઉપર માતા, પિતા અને શિક્ષકના ગુણ—દોષ આદિની પ્રાયઃ અસર થયા વિના રહે જ નહિ.

ઉપસંહાર :

આજે જો કે-તમે કહેવડાવવાની આશા રાખી હતી વિદ્યાર્થિઓને અને કહેવાયું છે તમને, પણ તમને કહ્યા વિના છૂટકો જ નહિ હતો. શું જન્મ આપી બાળકને હરતું-ફરતું કરી દીધું, એટલે માતાની ફરજ પતી ગઈ? શું એને પેટ માટે અનાજ અને કપડાં આદિ આપવા માત્રથી, પિતાની ફરજ સમાપ્ત થઇ ગઇ ? અને થોડી ચોપડીઓ ભણાવી દીધી, એટલે શિક્ષકની ફરજ સમાપ્ત થઇ ગઈ ? નહિ જ ! માતા, પિતા અને શિક્ષક, કે જેમના આશ્રય નીચે બાળકોનું જીવન ઘડાય છે, તેઓ બાળકના સારા-નરસા જીવનને માટે જવાબદાર છે. આથી તમે તમારી ફરજોને સમજો, ફરજોનો અમલ કરનારા બનો અને બાળકોને સુસંસ્કારી બનાવો, એ જ શુભેચ્છાની સાથે આજનું આ વ્યાખ્યાન સમાપ્ત કરાય છે.

સુખની ચાવી

વિ. સં. ૧૯૯૧ માં
ચાણસ્મામાં
અપાએલું

વિચારવા લાયક વસ્તુ :

સુખ, એ એક એવી અનુપમ વસ્તુ છે કે—જેને મેળવવાને માટે, આ દુનિયામાં લગભગ સૌ કોઈ એક-સરખી રીતિએ તલસી રહ્યું છે. જગતના પ્રાણિઓમાં એક પણ પ્રાણી એવો નથી, કે જેનામાં અભિલાષા હોય અને તેમ છતાં સુખની અભિલાષા હોય નહિ. દુનિયાના પ્રાણિઓની સુખને મેળવવાની ઈચ્છા માત્ર અભિલાષા રૂપે જ છે એમ પણ નથી : કારણ કે—એ મેળવવાના હેતુથી

એટલા ધોધમાર પ્રયત્નો રાત-દિવસ ચાલી રહ્યા છે, કે જેની મર્યાદા નથી. દુનિયાના સઘળાએ પ્રાણિઓ એકસરખી રીતિએ સુખ મેળવવાને ઈચ્છે છે: આથી વિચારો પણ સુખ મેળવવાને માટે કરે છે અને વિવિધ પ્રયત્નો પણ સુખ મેળવવાને માટે કરે છે! આટલી આટલી ઈચ્છાઓ, આટલા આટલા વિચારો અને આટલા આટલા પ્રયત્નો રાત-દિવસ ચાલુ હોવા છતાં પણ, સુખની સિદ્ધિ કેમ નથી થતી, એ મોટી વિચારવા લાયક વસ્તુ છે. આનો વિચાર કરવો, એ જ સાચા સુખની ચાવીનો વિચાર કરવાની ભૂમિકા છે. આનો વિચાર કર્યા વિના, સુખની સાચી ચાવી હાથ લાગે તેમ છે જ નહિ.

પહેલાં શું નક્કી કરવું જોઇએ?

જ્યાં સુધી આનો વિચાર કરવાની ફુરસદ અને તક મેળવવામાં ન આવે, ત્યાં સુધી આજે જે ધમાધમ ચાલી રહી છે તે ધમાધમ ચાલ્યા જ કરે અને જીંદગી પૂરી થઈ જાય તોય સુખ મળે નહિ. આપણે જોઇએ છીએ કે-એવી ધમાધમ માત્રથી સુખ મળી જાય, એ સંભવિત જ નથી! આથી, આટલી તીવ્ર ઈચ્છા, આટલા પ્રબળ વિચારો અને આટલા બધા અમર્યાદિત પ્રયત્નો ચાલુ હોવા છતાં પણ-સુખ શાથી મળતું નથી, સુખની સિદ્ધિ શાથી થતી નથી અને શું કરવામાં આવે તો સુખની સિદ્ધિ થાય, એ સમજવાને માટે પ્રયત્ન કરવો એ અતિશય જરૂરી છે. એ સમજવાને માટે પહેલાં

એ નક્કી કરવું જોઈએ કે-'સુખ, એ વસ્તુ શી છે? અને એની પ્રાપ્તિ કોને આધીન છે??'

ભેદ ભાગવો જોઇએ :

દુનિયાના પ્રાણિઓએ સુખ પોતાની કલ્પિત ઇચ્છાઓની પૂર્તિમાં માન્યું છે, જ્યારે સાચું સુખ દુનિયાના કોઇ પણ પદાર્થની પ્રાપ્તિમાં નથી, પરન્તુ આત્માના સ્વભાવની રમણતામાં છે. દુનિયાના પ્રાણિઓની માન્યતા અને જ્ઞાનિઓની માન્યતા, એ બેમાં પરસ્પર વિરૂદ્ધતા છે. દુનિયાના પ્રાણિઓ પોતાની કલ્પિત ઇચ્છાઓની પૂર્તિમાં સુખ માને છે અને જ્ઞાનિઓ આત્મસ્વભાવની રમણતામાં સુખ છે એમ ફરમાવે છે, એટલે આ બે વસ્તુઓ એક-બીજાથી તદ્દન વિપરીત છે. આ ભેદ જ્યાં સુધી ન ભાગે, ત્યાં સુધી સુખની સિદ્ધિ થાય નહિ : કારણ કે-ત્યાં સુધી પ્રયત્ન જે દિશાએ થવો જોઈએ તે દિશાથી ઉલ્ટી દિશાએ જ થયા કરે. આમ હોઇને, દુનિયાના જીવોની માન્યતા અને જ્ઞાનિઓની માન્યતા-એ બે વચ્ચેના ભેદને પહેલાં જ ભાગવો જોઈએ, પણ એ ભેદ સહેલાઈથી ભાગી શકે તેમ તો નથી જ.

દુનિયામાં ચાલતી ઘટમાળ :

કોઇએ દુનિયાની કોઈ વસ્તુમાં સુખની કલ્પના કરી છે, તો કોઇએ બીજી વસ્તુમાં સુખની કલ્પના કરી છે. દુનિયાના જીવો એમ માને છે કે-જો અમૂક દુન્યવી વસ્તુ મળી જાય તો સુખ મળે, કારણ કે-એમણે સુખ

દુનિયાની વસ્તુઓમાં કલ્પ્યું છે. ભાગ્યવશાત્ એ વસ્તુ મળી જાય છે, તો ઘડીભર દુનિયાના પ્રાણિઓ માની લે છે કે–' સુખ મળી ગયું ' પણ એના એ જ માણસોને તમે થોડા વખત પછી એમ બોલતા પણ સાંભળો છો કે– 'સુખ ચાલી ગયું.' પેલી વસ્તુ તેની પાસે હોય અને તેમ છતાં પણ એ બૂમ મારતો હોય કે–'સુખ ગયું ને દુ:ખ આવ્યું.' આવી રીતિએ સુખ મળ્યું અને સુખ ગયું, એવી બૂમો દુનિયાના પ્રાણિઓ માર્યા જ કરે છે. 'સુખ આવ્યું અને સુખ ગયું'–એ ઘટમાળ આ સંસારમાં અનંતા કાળથી ચાલ્યા જ કરે છે. આમાં પલટો લાવવો જોઇએ. દુનિયાના પ્રાણિઓને સમજાઈ જવું જોઇએ કે–પહેલાં સુખ માન્યું એ વાસ્તવિક સુખ નહિ હતું, પણ કલ્પનાનું હતું. આવો પલટો ક્યારે આવે ?

આજનો પ્રયત્ન કેમ ?

દુનિયાના સઘળાય જીવો એક જ નિર્ણય ઉપર આવી જાય, એ શક્ય છે ? નહિ જ. છતાં બધાના નહિ તો થોડાના, કોઈ કોઈના પણ અંતરમાં સાચી વસ્તુ જચી જાય, દુનિયાના પદાર્થોમાં સુખ નથી પણ આત્મસ્વભાવની રમણતામાં સુખ છે એમ તેમને સમજાઈ જાય અને આત્મસ્વભાવના પ્રગટીકરણને માટે જ્ઞાનિઓએ દર્શાવેલા ઉપાયોના સેવનમાં તેઓની તત્પરતા આવી જાય, તો તેઓ સાચું સુખ પામી શકે, એ ઇરાદાથી આ પ્રયત્ન થાય છે : કારણ કે–એ વિના સાચું સુખ

મળી શકે એ સંભવિત જ નથી ! આ વસ્તુ સઘળાને સમજાવવાની અને સાચું સુખ સૌને પમાડવાની ઇચ્છા જરૂર હોય, પણ બધા સમજે અને બધા પામે એ અશક્ય છે : માટે થોડા–ઘણા પણ સમજે અને જે કોઇ સમજે તે સુખને પામે, એ આશાથી આ પ્રયત્ન કરાય છે.

આટલું નક્કી થાય તો :

"દુનિયાએ જેમાં જેમાં સુખ માન્યું છે, તેમાંની કોઇ પણ વસ્તુમાં વાસ્તવિક સુખ નથી : દુનિયાના કોઈ પણ બાહ્ય પદાર્થમાં સુખ નથી : સાચું સુખ આત્મામાં છે અને સુખ મેળવવાને માટે હું જે પ્રયત્નો કરી રહ્યો છું તે કરવા યોગ્ય નથી."–આટલું જો સમજાઈ જાય, આટલું જો હૃદયમાં જચી જાય, દુનિયાના પદાર્થોની પ્રાપ્તિમાં કરેલી સુખની કલ્પના હઠી જાય અને આત્માના સ્વભાવને ખીલવવો એ જ સાચા સુખનો માર્ગ છે એટલું જો નક્કી થઈ જાય, તો સુખની ચાવી શોધવાનું અને સુખ મેળવવાનું કામ ઘણું સહેલું થઇ જાય.

સુખ અને સુખની ચાવી

આથી સ્પષ્ટ થઈ જાય છે કે–સાચું સુખ તે જ કહેવાય, કે જે મળતાં કોઇ પણ પ્રકારની પૌદ્ગલિક આશાને અવકાશ રહે નહિ તેમજ કોઇ પણ પ્રકારની ઊણપ ભાસે નહિ. પૌદ્ગલિક સિદ્ધિ એ સુખનું સાધન છે જ નહિ, કારણ કે–એ ગમે તેટલી મળે તો પણ એથી આશાનો કે ઊણપનો અન્ત આવતો નથી. ઉલ્ટું, જ્યાં સુધી

પૌદ્‌ગલિક સંયોગોમાં આપણે છીએ, ત્યાં સુધી આશા તેમજ ઉણપના અન્તવાળું સુખ, આપણે પરિપૂર્ણપણે અનુભવી શકવાના નથી. આથી પૌદ્‌ગલિક સંયોગમાત્રથી પર બનવાને માટે જે જે ઉપાયો આદરવા લાયક છે, તેને જ જ્ઞાનિઓએ સુખની ચાવી તરીકે જણાવેલ છે. જ્ઞાનિઓ ફરમાવે છે કે-સાચા સુખને પ્રાપ્ત કરવાને માટે પૌદ્‌ગલિક આશા માત્રનો ત્યાગ કરવો એ ખૂબ જ જરૂરી છે. કોઈ કહેશે કે-'જો પૌદ્‌ગલિક આશાઓનો ત્યાગ જ કરવો હોય તો દુનિયામાં જીવવું શું કરવાને? પૌદ્‌ગલિક આશાઓનો ત્યાગ કરીને દુનિયામાં જીવવું, એ શું શક્ય છે?' પણ એને કહેવું જોઇએ કે-'જો એ શક્ય ન લાગે, તો સાચા સુખને મેળવવાની આશાને પણ છોડવી જોઇએ. જ્યાં સુધી પૌદ્‌ગલિક આશાઓ અંતરમાં સ્થાન કરી બેઠી હોય, ત્યાં સુધી સાચું સુખ મળી શકે તો નહિ જ, પણ એને મેળવવાની ઉત્કટ કોટિની સાધના પણ થઈ શકે નહિ.'

સૌને કેવું સુખ જોઇએ છે?

દુનિયાના પ્રાણિઓએ પૌદ્‌ગલિક પદાર્થોની પ્રાપ્તિ આદિમાં સુખ માન્યું છે, પણ એવું સુખ સદાસ્થાયી પણ નથી, દુઃખના અંશ વિનાનું પણ નથી તેમજ પરિપૂર્ણ પણ નથી. સાચું સુખ તો તેને જ કહેવાય, કે જે સુખમાં દુઃખનો એક અંશ પણ ન હોય: સાચું સુખ તો તેને જ કહેવાય, કે જે સુખમાં કશું પણ અધુરાપણું

ન હોય : અને સાચું સુખ તો તેને જ કહેવાય, કે જે સુખ હંમેશને માટે રહેવાનું હોય. જે સુખમાં દુ:ખનો અંશ હોય, અધુરાપણું હોય અને જે સુખ આવીને પાછું ચાલ્યું જવાનું હોય, તે સાચું સુખ છે જ નહિ ! દુ:ખના લેશવાળું, અધુરૂં અને અશાશ્વત સુખ, એ વાસ્તવિક સુખ નથી. દુનિયાના જીવો સુખમાં દુ:ખના અંશો આવે તો તેને નિભાવી લે છે, સુખ અધુરૂં મળે તો પણ નિભાવી લે છે અને આવેલું સુખ ચાલ્યું જાય તો એથી તેમને કારમો પણ આઘાત થાય છે, તો પણ–' ફરી કાલે મળશે '–એમ માનીને તેઓ ચલાવ્યે રાખે છે : પરન્તુ એથી એમ તો ન જ મનાય કે–દુનિયાના જીવોને દુ:ખના અંશોવાળું, અધુરૂં અને અશાશ્વત સુખ પસંદ છે. ઉંડા ઉતરીને વિચાર કરશો તો તમને પણ લાગશે કે–' ખરેખર, આપણને દુ:ખના અંશોવાળું, અધુરૂં અને અસ્થાયી સુખ પસંદ તો નથી જ.' દુ:ખના અંશોવાળું, અધુરૂં અને અશાશ્વત સુખ દુનિયાના જીવોને રૂચતું નથી, દુનિયાના જીવોને અંતરમાં એવું સુખ પણ ખટકે જ છે, પણ ઉપાય નથી એમ માનીને નિભાવી લે છે. સુખ આવેલું ચાલ્યું જાય એ એમનાથી જોઈ નથી શકાતું, છતાં ઇચ્છે કે ન ઇચ્છે પણ પૌદ્‌ગલિક સુખ કદિ સ્થાયિપણે નથી રહેતું. આપણો મુદ્દો તો એ છે કે–દુનિયાના જીવોને જે સુખ જોઈએ છે, તે દુ:ખના લેશ વિનાનું, સંપૂર્ણ અને શાશ્વત જોઇએ છે. દુનિયાના જીવોની ઇચ્છા તો એવું જ સુખ મેળવવાની છે, એ

વાતમાં તો બે મત હોઇ શકે જ નહિ.

દુનિયાના પદાર્થોમાં સુખ માનવાથી દુઃખ જ થવાનું :

આવા પ્રકારના સુખની અભિલાષા હોવા છતાં પણ, દુનિયાના જીવોએ–‘ પૌદ્ગલિક પદાર્થોની પ્રાપ્તિ આદિમાં જ સુખ છે ’–એમ માનેલું હોવાથી, પૌદ્ગલિક પદાર્થોના સંસર્ગમાં કલ્પિત સુખ અનુભવ્યું છે એથી, દુનિયાના જીવોને પૌદ્ગલિક પદાર્થોના સંસર્ગની આશા વળગી છે: અને એ આશાઓને પૂરી કરવાની ધમાલ, એ જ આ સંસારની પ્રવૃત્તિ છે. દુનિયાના જીવો ઘડીમાં હસે છે અને ઘડીમાં રડે છે: ઘડીમાં આનંદ પામે છે અને ઘડીમાં શોકગ્રસ્ત બને છે: ઘડીમાં પોતે સુખી છે એમ કહે છે અને ઘડીમાં દુઃખી હોવાનું જણાવે છે: એને પૂછો કે–‘ કેમ આમ ? ’ તો કહેશે–ન માલૂમ. સુખના આધારની વસ્તુ ચાલી ગઈ. કારણ ? પૌદ્ગલિક વસ્તુ એટલે નાશવંતી વસ્તુ. પૌદ્ગલિક વસ્તુ એમાં સુખ માનીને મેળવવી, એનો અર્થ જ એ છે કે–દુઃખને આમંત્રણ આપવું : કારણ કે–એ સ્થાયિપણે રહેવાની જ નથી અને એના સંસર્ગમાં સુખ માન્યું છે માટે એ જાય એટલે દુઃખ થવાનું જ.

શાથી સુખ મળતું નથી?

વસ્તુ જવા બદલનું દુઃખ કોને થાય ? મેળવેલી કે મળેલી વસ્તુ ઉપર રાગ થયો હોય તેને. પૌદ્ગલિક વસ્તુને તેનાથી સુખ કલ્પીને મેળવ્યા પછીથી, એ જ્યારે

ચાલી જાય છે ત્યારે વધારે દુઃખ થાય છે. 'મારા સુખનો આધાર ચાલ્યો ગયો અથવા તો મને હજુ પણ મળ્યો નહિ'—એ કલ્પનાથી જ દુનિયાના જીવો મોટે ભાગે ઝુરે છે. ઘણું દુઃખ તો આશાનું છે. પૌદ્‌ગલિક વસ્તુના સંસર્ગમાં સુખ માન્યું, એ વસ્તુને પ્રાપ્ત કરવાની આશા રાખી અને એ વસ્તુ ન મળી અથવા તો મળી અને ચાલી ગઈ, એથી દુનિયાના જીવો ઘણું દુઃખ અનુભવે છે : છતાં દુનિયાના જીવોને પૌદ્‌ગલિક પદાર્થોના સંસર્ગની આશા છૂટતી નથી અને તેથી દુઃખ જતું નથી અને સુખ મળતું નથી.

નાશવંતી વસ્તુઓની ઇચ્છા :

આજે દુનિયાના જીવોને પૂછીએ કે-'તમારી શી ઇચ્છા છે?' તો કોઇ આ વસ્તુની જરૂર છે એમ કહેશે અને કોઇ તે વસ્તુની જરૂર છે એમ કહેશે. દુનિયાના જીવોની ઇચ્છાનું જો પૃથક્કરણ કરવામાં આવે, તો કોઇની ઇચ્છા એવી નહિ હોય, કે જેમાં નાશવંતી વસ્તુ નહિ આવતી હોય. વસ્તુઓ જૂદી જૂદી હશે, કારણ કે-કોઈએ કોઇમાં તો કોઇએ કોઇમાં સુખ માન્યું છે, પરન્તુ આખર ઇચ્છા તો નાશવંતી વસ્તુઓની જ હશે. બધાની ઈચ્છા એક જ વસ્તુની નથી, કારણ કે—એકની એક વસ્તુ પણ એકને સુખ રૂપ લાગી છે અને બીજાને દુઃખ રૂપ ભાસી છે: એટલે બધાની ઇચ્છા અમૂક જ એક વસ્તુની નથી, જૂદી જૂદી વસ્તુઓની

છે, પરન્તુ બધાની ઈચ્છા નાશવંતી વસ્તુઓને માટેની છે, એમાં તો કશો ભેદભાવ છે જ નહિ.

મોટામાં મોટો ઉપકાર :

આવી ઈચ્છા શાથી ઉત્પન્ન થઈ છે ? એથી જ કે–'પૌદ્ગલિક વસ્તુના સંસર્ગથી સુખ મળવાનું છે'–એ માન્યતા, દુનિયાના જીવોના અંતરમાં સજ્જડ થઈ ગઇ છે. "દુનિયાના જીવોની આ માન્યતાને ફેરવવી અને તેમનામાં 'પૌદ્ગલિક સંયોગ માત્રનો અભાવ થાય એમાં જ સાચું સુખ છે'–એવી માન્યતા પેદા કરીને તેના સાચા ઉપાય ઉપર દુનિયાના જીવોને શ્રદ્ધાળુ બનાવવા"–એ દુનિયાના જીવો ઉપરનો મોટામાં મોટો ઉપકાર છે. એમ કરવા માટે દુનિયાના જીવોની ધારણા કરતાં ઉંધી દિશામાં ઉભા રહેવું પડે. દુનિયા જે વસ્તુથી સુખ મેળવવાને ધારે છે, તે વસ્તુથી સાચું સુખ મળે તેમ છે ? એના સંસર્ગથી દુનિયાના જીવોની સાચા સુખની ઇચ્છા ફળે તેમ છે ? નહિ જ, કારણ કે–એ પૌદ્ગલિક વસ્તુ છે. પૌદ્ગલિક વસ્તુનો સંસર્ગ અસ્થાયી છે, નાશવંતો છે, માટે એનાથી સાચું સુખ મળે જ નહિ ! આથી દુનિયાના જીવોની પૌદ્ગલિક વસ્તુઓના સંસર્ગની ઇચ્છાને ફેરવવી અને આત્મસ્વભાવમાં સાચું સુખ છે એમ તેઓને સમજાવવું, એ મોટામાં મોટા ઉપકારનું કાર્ય છે.

મરવાનું નક્કી છતાં :

કોણ નથી જાણતું કે–જેટલા જન્મે તેટલા મરે

જ ? કોણ નથી જાણતું કે—અમે પણ મરવાના છીએ ? દુનિયામાં જેટલા જન્મ્યા એટલા મુઆ એ જોયા, મરે છે એ જોઇએ છીએ અને મરશે એ પણ નક્કી છે. જન્મેલા મર્યા એવું સાંભળ્યું, જન્મેલા મરે છે એવું નજરે જોયું અને એથી સમજી લીધું છે કે—જેટલા જન્મ્યા છે એટલા મરવાના છે એ નક્કી જ છે. આવું નિશ્ચિતપણે જાણવા છતાં પણ, દુનિયાના જીવો જાણે એમ જ સમજી બેઠા હોય કે—આપણે મરવાના જ નથી, એ રીતિએ પ્રવૃત્તિ કરી રહ્યા છે. જન્મ્યા એ બધા જ મરવાના અને આ બધું જ મૂકીને જવાના—આ વાત જો જ્ઞાનિઓ ઇચ્છે છે તે રૂપે તમારા અન્તરમાં નક્કી થઇ જાય, તો તમને કોઇના જન્મમાં નિમિત્ત બનવાનું માંડી વાળવાનું મન થયા વિના રહે નહિ. પણ દુનિયાના અણસમજુ જીવોને તો આવી રીતિએ કલ્પી લીધેલા સુખનો ત્યાગ કરી દેવાની વાત બહુ ભયંકર લાગે છે. આથી એ સંબંધમાં સીધી રીતિએ કહેવું અગર સ્હેજમાં સમજાવવું એ મુશ્કેલ છે. અત્યારની હાલતમાં આ વાત એકદમ ગળે ઉતરે તેમ નથી. બચ્ચાને દવા પાવાને માટે જેમ મોંઢામાં આડું લાકડું નાખવું પડે છે, તેમ આ વસ્તુ પણ સીધી રીતિએ ગળે ઉતરે તેમ નથી, માટે બીજી રીતિએ પણ સમજાવવું પડે.

જન્મમાં નિમિત્તભૂત નહિ થવું જોઇએ :

જેટલા જન્મ્યા એટલા મરવાના, એ જો બરાબર

નક્કી થઈ જાય, આપણે પણ મરવાના એવું જો નક્કી થઇ જાય, તો મરવું એ ભયંકર છે કે નહિ ? કોઇને પણ મરવાનું રૂચતું નથી. દુ:ખી હોય તે મરવાનું બોલે ખરો, પણ બોલવાનું જ : એને ય મરવાનું પસંદ તો નથી જ : આથી સ્પષ્ટ છે કે-મરણ, એ મહાદુ:ખ છે. હવે જો મરણ એ મહાદુ:ખ છે, તો પછી કોઈના પણ મરણમાં નિમિત્તભૂત થવું, એ પાપ છે કે નહિ ? કોઇ તમારા નિમિત્તે મરે, તમે કોઇના મરણમાં નિમિત્ત બનો, એ પાપ રૂપ તો ખરૂં ને ? જો હા, તો શું કરવું જોઈએ ? કોઈના મરણમાં નિમિત્તભૂત નહિ થવું હોય, તો કોઇના જન્મમાં પણ નિમિત્તભૂત નહિ થવું જોઇએ.

વસ્તુ જોયા-જાણ્યા બાદ મેળવવાનું સહેલું :

જો આટલું સમજાય, તો પૌદ્‌ગલિક પદાર્થોના સંસર્ગની બધી આશાઓ ક્રમે કરીને નામશેષ થઇ ગયા વિના રહે નહિ. જેમાં સુખ માન્યું છે તેમાં સુખ નથી એમ સમજાય અને સાચું સુખ કયારે અને કયાં હોઈ શકે એ સમજાય, તો સુખની ચાવી હાથમાં આવતાં વાર લાગે નહિ. વસ્તુ જોયા પછી તો લેવાની વાર કેટલી ? દુનિયાએ મકાનની જરૂર માની છે, તો મકાન કેમ કરવું એ સમજી જાય છે કે નહિ ? કીડીઓ પણ પોતાનું દર બનાવી જ લે છે ને ? વસ્તુ જોવા-જાણ-વામાં આવે, વસ્તુની ઓળખાણ થાય, એની જરૂરીયાત સમજાય અને એના વિના ચાલે તેમ છેજ નહિ એવું

નક્કી થઇ જાય, તો પછી એ મેળવવાના ઉપાયો—એ મેળવવાની ચાવી મેળવવાને માટે તમે શું શું ન કરો ?

સુખી થવાનો પહેલામાં પહેલો ઉપાય :

સુખના નાશનો પહેલામાં પહેલો ઉપાય એ છે કે—'આપણુને જે ગમતું નથી, આપણુને જેનાથી ત્રાસ ઉપજે છે, તે બીજાઓ પ્રત્યે આચરવું.' અને સુખી થવાનો પહેલામાં પહેલો ઉપાય એ છે કે—'આપણુને જે ન ગમતું હોય, આપણુને જેનાથી ત્રાસ ઉપજતો હોય, તે બીજાઓ પ્રત્યે આચરવું નહિ.' તમારે જો સુખ જોઈતું હોય, તમને જો સુખની જરૂર હોય, તમે જો સુખના અર્થી હો, તો તમારે પહેલામાં પહેલી તકે, તમને જે ન ગમતું હોય અથવા તો તમને જેનાથી ત્રાસ ઉપજતો હોય, તેવું વર્તન બીજા જીવો પ્રત્યે આચરતા બંધ થઈ જવું જોઇએ.

ચાવી ઉપર કાટ :

હવે મરણુ તમને ગમે છે ? નહિ જ ! મરણુથી તમને ત્રાસ ઉપજે છે ને ? હા ! તો પછી તમારે કોઈના મરણુમાં નિમિત્ત રૂપ નહિ થવું જોઇએ અને કોઈના મરણુમાં નિમિત્તભૂત ન થવું હોય તો કોઈના જન્મમાં નિમિત્તભૂત થતા પણુ અટકી જવું જોઈએ. પણુ તમને આ વસ્તુ તમારાથી બની શકે એવી નથી લાગતી : કારણુ કે—પૌદ્ગલિક સંસર્ગથી સુખ મેળવવાની આશાઓ બેઠી છે. જ્યાં સુધી પૌદ્ગલિક સંસર્ગમાં સુખ છે—એ

માન્યતા ફરે નહિ, ત્યાં સુધી સાચા સુખની ચાવી બતાવવામાં આવે તો પણ એના ઉપર કાટ ચઢી જવાનો: કારણ કે-પૌદ્ગલિક સંસર્ગમાં સુખ છે, એ માન્યતાના યોગે સાચા સુખની વાસ્તવિક ચાવીને ઉપયોગમાં લેવાશે નહિ અને કદાચ ઉપયોગમાં લેવાશે તો પણ તે એવી રીતિએ ઉપયોગમાં લેવાશે, કે જેના પરિણામે એમ પણ બને કે-ચાવી હાથથી જાય અને ઘણા કાળ પર્યન્ત એ ચાવી હાથ લાગે એવી સ્થિતિને પણ પામી શકાય નહિ.

વિચાર કર્યો છે?

સુખની ચાવી બતાવવી તો છે જ; સાચા સુખની વાસ્તવિક ચાવી બતાવવાને માટે તો આજનું આ વ્યાખ્યાન રાખવામાં આવ્યું છે; પણ અહીં તમને જે ચાવી બતાવવામાં આવે, તે ચાવીનો તમે થોડે-ઘણે અંશે પણ વ્યાજબી ઉપયોગ કરી શકો, એ માટેની ય જરૂરી વાતો તો કરવી પડશે ને? સાચા સુખની ચાવીનો વ્યાજબી ઉપયોગ જે દશામાં શક્ય છે, તે દશાનો પણ વિચાર કરવો જ પડશે ને? એ દશા હોય નહિ અને વિપરીત દશા વિદ્યમાન હોય, તો હું ચાવી બતાવી દઉં અને તમે સાંભળી લો, એટલા માત્રથી શો ફાયદો થાય? સુખની ચાવી સાંભળ્યાની સાચી સાર્થકતા ક્યારે? ત્યારે જ, કે જ્યારે એનો વ્યાજબી રીતિએ ઉપયોગ થાય અને એનો ઉપયોગ વ્યાજબી રીતિએ કરવો હોય તો એને માટેની જરૂરી લાયકાત પ્રાપ્ત કરવી જોઇએ.

તમે આજે સુખની ચાવી સાંભળવાને આવ્યા છો, પણ કાંઇ વિચાર કરીને આવ્યા છો કે એમ ને એમ ? આજે તો દશા એ છે કે-વિષય પણ બોલનાર નક્કી કરે અને વિચાર પણ જેને બોલવું હોય તે કરે. આજના ઘણા-ખરા સાંભળનારાઓની સ્થિતિ તો એવી પણ છે કે-સમજાવનારને બોલતાં ઉલ્ટી મુંઝવણ ઉત્પન્ન કરે. શ્રોતા એનું નામ, કે જે પહેલેથી કાંઈક વિચાર કરીને આવે, વિચાર કરીને આવ્યા પછીથી ધ્યાનથી સાંભળે, સાંભળતાં સાંભળતાં તે તે વાતોને વિચારતો જાય, અંતરમાં રૂચાવતો જાય અને શંકા પડે ત્યાં પદ્ધતિસર ખૂલાસો પણ મેળવતો રહે. વસ્તુનો અર્થી વિચાર કર્યા વિના આવે ખરો ? તમે સુખના તો અર્થી છો ને ? જો હા, તો-'સાચું સુખ કયું અને ખોટું સુખ કયું, આપણને કેવું સુખ પસંદ છે અને જે જે સાધનોથી આપણે સુખ મળવાનું માનીએ છીએ તે તે સાધનોથી તે સુખ મળે તેમ છે કે નહિ ?' -આવો કોઇ વિચાર તમે અહીં સાંભળવા આવતાં પહેલાં કર્યો હતો ? ના, તો તમે આજના વ્યાખ્યાનનો વિષય જાણ્યા પછી કર્યું શું અને અહીં સાંભળવાને કયા ઈરાદાથી આવ્યા ?

વિચાર કરતા બનો :

તમે સુખી છો કે દુ:ખી છો ? તમે દુ:ખી છો ખરા, પણ તમારામાંનો મોટો ભાગ એવો છે કે-જે પોતાનાં કેટલાંય દુ:ખોને અને તેનાં વાસ્તવિક કારણોને જાણતો

નથી. આથી જ, સાચું સુખ કોને કહેવાય અને સાચું સુખ કયી રીતિએ પ્રાપ્ત થાય, એનો વિચાર કરવાનું તમે માંડી વાળ્યું છે. જે દુઃખી પોતાની જાતને દુઃખી ન માને, તેને સુખની ચાવી સમજાવાય શી રીતિએ? અહીં કહેવાય કે-પૌદ્‌ગલિક સંસર્ગમાં જ સુખની કલ્પના એ જ સર્વ દુઃખોનું મૂળ છે, તો આ વાતમાં પણ હા પાડો અને પૌદ્‌ગલિક સંસર્ગમાં સુખ છે એમ પણ માનતા રહો, તો તમને સંભળાવવાનો અને તમારો સાંભળવાનો આ પ્રયત્ન તમારે માટે ફળે કે નિષ્ફળ નિવડે? નિષ્ફળ જ નિવડે. તમે વિચાર કરતા થાવ તો જ સમજાવનારનો માર્ગ સરળ થાય.

ડૉક્ટરોના દર્દિઓ :

તમારી દશા તો લગભગ એવી છે કે-તમે કેવું સુખ ઈચ્છો છો, તેનો પણ એકધારો જવાબ તમે આપી શકો તેમ નથી. તમને દુઃખ કયું છે અને તમારે કયું દુઃખ કાઢવું છે, તેય તમે બોલતા નથી. દુનિયાના ડૉક્ટરોને સુખ છે કે-એમને દર્દી આવીને પોતાનું દર્દ આપોઆપ કહે છે. ડૉક્ટર જે પૂછે તેનો જરૂર કરતાં ય વધારે જવાબ આપે છે. એકે એક દર્દ સંભારી સંભારીને જણાવે છે. ‘જે દવા આપશો તે બરાબર પીઇશ અને જે ચરી પાળવાનું કહેશો તે ચરી પાળીશ’-એવી વગર માગ્યે પણ ખાત્રી આપે છે. પૈસા આપીને આખું શરીર બતાવે છે અને શરમ છોડીને પણ દર્દની વાત કરે છે.

'ગમે તેમ કરીને મારૂં દર્દ કાઢો, હું આપનો ઉપકાર કદિ નહિ ભૂલું'–એ પ્રકારની યાચના પણ કેટલાક દર્દિઓ કરે છે. જ્યારે અહીં શું છે? એ દર્દિઓ અને આ દર્દિઓ વચ્ચે તો ઘણો મોટો તફાવત છે.

અહીંના દર્દિઓ :

અમને તો મોટે ભાગે એવા જ દર્દિઓ મળે છે, કે જેમને પોતાના રોગનું ભાન પણ ન હોય: એવા પણ દર્દિઓ જાતે ચાલી–ચલાવીને આવતા નથી, પણ મેળવવા પડે છે, એમ જો કહીએ તો પણ ચાલી શકે. વળી આ દર્દિઓ એવા કે–સો વાત પૂછીએ છતાં એકનો ય રીતસર ઉત્તર આપે નહિ કે–'અમૂક દર્દ અમૂક રીતિએ પીડા કરે છે.' એથી ય આગળ. દર્દિઓ તો ન કહે, પણ અમે દર્દ સમજાવીએ, અમે કહેલા દર્દને કદાચ દર્દ તરીકે દર્દિઓ કબૂલ પણ કરે, પરન્તુ જ્યાં દર્દ દૂર કરવાને માટેના ઉપાયોને આદરવાની વાત આવે, એટલે કહેશે–ઉંહું! અને આમ છતાં પણ, જ્યારે આફત આવે ત્યારે એના એ કહે કે–'ત્યાગિઓએ શું કર્યું?' ન દર્દ કહેવાની વાત, ન દર્દને દર્દ તરીકે યથાર્થપણે કબૂલ કરવાની વાત, ન દર્દનો ઉપાય અર્થિપણું કેળવીને સાંભળવાની વાત અને ન તો ઉપાય કરવાની વાત : આમ છતાં કાંઇક પણ તેવો પ્રસંગ આવી લાગે, તો પ્રાયઃ એમ જ કહે કે–'ત્યાગિઓએ શું કર્યું?' આવા દર્દિઓને તમે કેવા કહો? જે દર્દી ડૉકટર પૂછે તે છતાં પણ પોતાના દર્દને બતાવે

નહિ, દવાની વાતને સાંભળે નહિ, પથ્યને સેવે નહિ, કુપથ્યને છોડે નહિ તેમજ દવા પીવે નહિ અને ઉપરથી પાછો એમ પણ કહે કે-'ડૉકટરે શું કર્યું ? મફતના પૈસા ખાઈ જાય છે!'-તો એવા દર્દીને તમે વૈદ્ય કે ડૉકટર હો તો કેવો કહો ? અરે, તમે જાતે વૈદ્ય કે ડૉકટર ન હો, તે છતાં પણ તમને જો એ દર્દીના એવા આચરણની ખબર પડે, તો એને તમે કેવો કહો ? બેવકુફ જ કહો ને ?

સ૦ હાજી.

તમને એય કબૂલ છે ?

કરડી પણ કહેવી જરૂરી :

ખરેખર, જ્યાં લગભગ બધાની આ સ્થિતિ હોય, ત્યાં સાચા સુખની લાંબી-ચોડી વાતો કરીએ તો શું થાય ? આજે તો કેટલાકોને જેમ ત્યાગની વાત કરડી લાગે છે, તેમ સાચા સુખના ઉપાયની વાત પણ કરડી લાગે છે: કારણ કે-જ્યાં સાચા સુખની સાચી સાધનાની વાત આવી, એટલે ત્યાગભાવનાની વાત આવ્યા વિના રહેવાની જ નહિ! સાચા સુખને સાધવાના વાસ્તવિક ઉપાયોની વાત કરડી લાગે કે ન લાગે, તો પણ એ કહેવું જરૂરી છે કે-સાચું સુખ મેળવવાને માટે પૌદ્ગલિક સંસર્ગોના ત્યાગની અનિવાર્ય જરૂર છે. સાચું આરોગ્ય પ્રાપ્ત કરવું હોય, તો તે માટે પૌદ્ગલિક સંસર્ગોના પરિપૂર્ણ ત્યાગની ભાવનાને અપનાવ્યે જ છૂટકો છે. પૌદ્ગલિક સંસર્ગ માત્રના છૂટકારાને પરિપૂર્ણપણે પ્રાપ્ત

કર્યા સિવાય, પરિપૂર્ણ આરોગ્ય-પરિપૂર્ણ સુખ પ્રાપ્ત થાય, એ શક્ય જ નથી.

મરવું નથી ગમતું તો :

હવે આવી જરૂરી વસ્તુ પણ જ્યાં બીનજરૂરી ભાસી હોય, ત્યાં તમે એ વિષે વિચાર શાનો કરો ? જે જન્મે એ મરે જ-એ વાત સુનિશ્ચિત છે અને મરણનું દુઃખ સૌથી ભારે છે, તો વિચાર કરો કે-કોઇને આપણા નિમિત્તે દુઃખ મળે એવું કરવું, એ શું વ્યાજબી છે ? કોઇના પણ દુઃખમાં નિમિત્ત ન બનાય તો સારૂં-એવી ઇચ્છા, સુખી બનવાની ઇચ્છાવાળામાં હોવી જોઇએ ને ? જો હા, તો તમે જ તમારા અંતરને પૂછો કે-કોઈના પણ દુઃખમાં નિમિત્ત ન બનાય તો સારૂં, એવી તમારામાં ઈચ્છા છે ખરી ? આપણે તો હવે જન્મી ગયા એટલે નિરૂપાય, પણ આપણા નિમિત્તે કોઇ ન જન્મે એમ તો થઈ શકે ને ? એવો નિયમ કરીએ તો સુખ થાય કે દુઃખ થાય ? જો સુખ થાય, તો જેને સુખ જોઈતું હોય તેને કોઇના પણ જન્મમાં નિમિત્તભૂત નહિ થવાની સલાહ આપવી જોઇએ ને ? જેને સુખ જોઇતું હોય તેને પૂછો કે-'તને મરવું ગમે છે ?' એ કહેશે-'ના.' તો એને કહેવું જોઇએ કે-'જો તને મરવું નથી ગમતું, તો તું બીજાના મરણમાં નિમિત્ત રૂપ થા નહિ ! અને બીજાના મરણમાં નિમિત્ત રૂપ નહિ થવાને માટે બીજાના જન્મમાં નિમિત્ત રૂપ થા નહિ !! કારણ કે-જેટલા જન્મે છે તે બધા જ મરે છે.

જે જન્મ્યા તે મર્યા એમ સાંભળ્યું અને મરે છે એ જૂએ છે, માટે મરશે એ નક્કી છે.'

મહાપુરૂષો ત્યાગી શાથી બન્યા?

મહાપુરૂષો ત્યાગી અને તપસ્વી કેમ બની શક્યા હશે? છ છ ખંડની રાજસાહ્યબીને તજીને, તમને સ્વપ્ને પણ જેનો ખ્યાલ ન આવે એવી ઋદ્ધિ-સિદ્ધિને તજીને અને અનુકૂળ સ્વજન-પરિવારનો પણ ત્યાગ કરીને તેમ જ શરીરની કોમળતાને પણ ગણકાર્યા વિના, જે મહાપુરૂષોએ અહિંસા, સંયમ અને તપની સાધનાનો માર્ગ સ્વીકાર્યો, તે તેમણે કયી માન્યતાના બળે સ્વીકાર્યો હશે? એ મહાપુરૂષો ત્યાગમાં જેવી શૂરવીરતા બતાવી શક્યા, તેવી શૂરવીરતા ત્યાગ પછીના તપમાં પણ બતાવી શક્યા, એ તેમની કેવીક મનોવૃત્તિનો પ્રતાપ ગણાય? પૌદ્ગલિક વસ્તુઓના સંસર્ગથી કદિ પણ સાચું સુખ ન જ મળી શકે અને પૌદ્ગલિક સંસર્ગ જ્યાં સુધી પરિપૂર્ણપણે ન છૂટે ત્યાં સુધી જ દુઃખ છે અગર તો સાચા સુખની પ્રાપ્તિમાં ખામી છે-એમ તેમને લાગ્યું હતું. સાચા સુખની ચાવીને તેઓએ ઓળખી લીધી, એના ઉપર તેમનો અખંડ વિશ્વાસ જામ્યો અને એથી જ તેઓ બીજી બધી જ પંચાતોને છોડીને એ ચાવીનો વ્યાજબી ઉપયોગ કરવામાં જીવનભરને માટે તત્પર બની ગયા. પૌદ્ગલિક સંસર્ગમાં જો તેમને સુખ લાગ્યું હોત, તો તેઓ એવો અખંડ ત્યાગ આદરત નહિ. એટલી સાહ્યબી છતાં તેઓને

પૌદ્ગલિક સંસર્ગમાં સુખ નહિ પણ દુઃખ લાગ્યું અને આપણી આ તુચ્છ સામગ્રીમાં પણ આપણને શું લાગે છે તે આપણે જાણીએ છીએ.

મુક્તિ આપણે જ મેળવવાની :

સંસાર ગયા સિવાય મુક્તિ મળવી નથી અને મુક્તિ ન મળે ત્યાં સુધી દુઃખના લેશ વિનાનું, સંપૂર્ણ અને શાશ્વત સુખ પ્રાપ્ત થવાનું નથી. સંસારમાં પણ જો સુખની ઝાંખી કરવી હોય, થોડું પણ સાચું સુખ અનુભવવું હોય, તો પૌદ્ગલિક સંસર્ગોથી સુખ—એ કલ્પનાને દેશવટો જ દઈ દેવો જોઇએ અને પૌદ્ગલિક આશાઓ ઉપર કાપ મૂકી દેવો જોઇએ. પૌદ્ગલિક સુખની ઇચ્છા ઉપર કાપ મૂકી તો જૂઓ ! પૌદ્ગલિક આશાઓનો જેમ જેમ ત્યાગ કરશો, તેમ તેમ દુઃખનો નાશ અને સુખનો અનુભવ થયા વિના નહિ જ રહે : પણ પૌદ્ગલિક સંસર્ગ એ સુખનું કારણ છે—આવી માન્યતા ગયા વિના પૌદ્ગલિક આશાઓનો વાસ્તવિક ત્યાગ શક્ય નથી. પૌદ્ગલિક સંસર્ગ એ સુખનું કારણ તો નથી જ, પણ સાચા સુખની પ્રાપ્તિમાં એ બાધક છે—એમ લાગે, તો જ એની આશા ટળે અને એના ત્યાગનો વાસ્તવિક પ્રયત્ન થાય. પૌદ્ગલિક સંસર્ગ એકદમ ટળી જાય કે એનો પૂરેપૂરો ત્યાગ એકદમ થઇ શકે એ શક્ય નથી. એ માટે જીવનને અહિંસામય, સંયમમય અને તપોમય બનાવી દેવું જોઇએ. જીવનને તત્કાળ એવું ન બનાવી શકાય, તો પણ એ ચીલે તો

ચઢી જ જવું જોઈએ. આટલું થાય તો પણ, ક્રમે કરીને પૌદ્ગલિક સંસર્ગોથી છૂટતાં છૂટતાં અન્તે પૌદ્ગલિક સંસર્ગ માત્રથી છૂટી શકાય અને મુક્તિને પામી શકાય. આપણા પ્રયત્ન વિના મુક્તિ કોણ આપશે ? પરમાત્મા ? પરમાત્મા તો મુક્તિમાર્ગના પ્રદર્શક છે અને એ કારણે જ આપણે પરમાત્માને મુક્તિ આપનારા કહીએ છીએ. મુક્તિ એ કોઈ એવી વસ્તુ નથી, કે જે કેવળ કોઇના પ્રયત્નથી અન્ય કોઇને મળી શકે. મુક્તિ મેળવવાની તો આપણે પોતે જ. મુક્તિ મળી એટલે તો દુઃખનું નામ પણ નહિ અને સુખ એવું કે જેમાં લેશ પણ અધુરાપણું નહિ અગર તો કોઇ કાળે ય હાનિ કે નાશ પામવાપણું નહિ. જેઓ આવી મુક્તિને સાધવાનો પ્રયત્ન કરતા હોય છે, તેઓ જ આ સંસારમાં સાચા સુખનો કાંઈક પણ અનુભવ કરી શકે છે. મુક્તિને મેળવવાની તૈયારી કરનારા પુણ્યાત્માઓ તો આ સંસારમાં પણ સુખી હોય.

સંસારના સુખથી મુક્તિસુખ :

અહીં સંસારમાં જે આત્મિક સુખ અનુભવે, એને જ મુક્તિનું સુખ મળે. પૌદ્ગલિક વસ્તુઓ માટે અહીં વલોપાત કરનારને, પૌદ્ગલિક સંસર્ગને માટે ઝુરનારને અને પૌદ્ગલિક વસ્તુઓના મમત્વથી દુઃખી થનારને જેમ અહીં પણ સુખ મળતું નથી, તેમ તે મુક્તિનું સુખ પણ પ્રાપ્ત કરી શકતો નથી. દુઃખી કોણ ? પૌદ્ગલિક વસ્તુઓનો રાગી દુઃખી કે પૌદ્ગલિક વસ્તુઓનો ત્યાગી

દુઃખી ? દયાપાત્ર કોણ ? પૌદ્‌ગલિક વસ્તુઓનો ત્યાગ કરે એ દયાપાત્ર કે પૌદ્‌ગલિક વસ્તુઓના રાગમાં પડે એ દયાપાત્ર ? મુક્તિસુખની પહેલી ચાવી, એ અહીંનું સુખ છે : અહીંનું સુખ એટલે પૌદ્‌ગલિક વસ્તુઓના સંસર્ગથી અનુભવાતું દુઃખના લેશવાળું અને ક્ષણિક કાલ્પનિક સુખ નહિ, પરન્તુ પૌદ્‌ગલિક વસ્તુઓને પર માનવાના યોગે થતો એના મમત્વનો જે અભાવ, તેમાંથી ઉત્પન્ન થતું સુખ ! એ સુખ કયી રીતિએ મળી શકે, એ નક્કી કરવું છે : કારણ કે—અહીંનું એ જાતિનું જે સુખ, તે મુક્તિસુખની પહેલી ચાવી છે.

મુક્તિસુખની ચાવી :

દુનિયા કહે છે કે—મુક્તિને મેળવવામાં તો તકલીફ પડે તેમ છે : પરન્તુ જ્ઞાનિઓ ફરમાવે છે કે—પાૈદ્‌ગલિક સંસર્ગની, પાૈદ્‌ગલિક સુખની આશાની તકલીફને જે દૂર કરે, તેને જ મુક્તિસુખ મળે. વ્યાપારિને નફો મળતાં વ્યાપાર કરવા જતાં લાગેલો થાક ઉતરી જાય છે : કલાકો સુધી ઉભા રહેવા છતાં કમાય તો શેરબજારવાળાનો થાક ઉતરી જાય છે : પણ જો ધાર્યું હોય કાંઇક અને થાય કાંઇક તો કહેશે—'ભોગ મળ્યા.' ૦ા કલાક પહેલાં હસતો—ફરતો—દોડતો આદમી ૦ા કલાક પછી પછાડ પણ ખાતો હોય છે અને એમ કહેતો પણ હોય છે કે—'મારા પગ ભાગી ગયા, હું વગર મોતે મરી ગયો ! વિગેરે વિગેરે.' આમ થવાનું કારણ શું ? આશા ન ફળી માટે ! આશાને

સુખી કહેવાય ? નહિ જ ! પણ જો એવી આશા જ છોડી દેવામાં આવે તો ? તો પછી એને લેવાની દોડધામ નહિ અને જવાનું દુઃખે ય નહિ. એ અપેક્ષાએ કહેવાય છે કે-આ દુનિયામાં જે સાચી રીતિએ સુખને અનુભવી શકે છે, તેને માટે મુક્તિસુખ તૈયાર છે: માટે મુક્તિસુખની પહેલી ચાવી એ જ કે-પૌદ્‌ગલિક આશાઓના ત્યાગમાંથી જન્મતું સુખ આ સંસારમાં જ મેળવવું કે અનુભવવું.

સંસારમાં સુખી કોણ ?

પૌદ્‌ગલિક આશાઓના ત્યાગમાંથી જન્મતા આવા સુખને મુક્તિસુખની પહેલી ચાવી તરીકે ઓળખવાને માટે નક્કી કરવું જોઈએ કે-પૌદ્‌ગલિક સંસર્ગનો ત્યાગી દયાપાત્ર છે કે પૌદ્‌ગલિક સંસર્ગનો રાગી દયાપાત્ર છે ? મુક્તિ કે જે અન્તિમ સાધ્ય છે, તેની સાધનાના સાધનસ્વરૂપ પૌદ્‌ગલિક સંસર્ગના ત્યાગની વાત પછી, પણ એ સિવાયના જે કોઇ પૌદ્‌ગલિક સંસર્ગો-તેનો ત્યાગ ત્યાગબુદ્ધિએ કરનાર અને તેને નહિ મેળવવાની પ્રતિજ્ઞા કરનાર દયાપાત્ર છે કે પૌદ્‌ગલિક સંસર્ગની આશામાં ઝુરનાર તથા પૌદ્‌ગલિક સંસર્ગમાં અમૂકનો વિયોગ થવાથી જેના પગ ભાગી જાય છે એ દયાપાત્ર છે ? આ સંસારમાં સુખી ત્યાગી કે રાગી, એ નક્કી કરીને બોલો. ખૂબ વિચાર કરીને કહો કે-સંસારમાં ત્યાગી સુખી કે રાગી ?

સ૦ ત્યાગી.

આસ્તિક કે નાસ્તિક ?

ખૂબ વિચાર કરીને અને ખૂબ વિચારને અન્તે પણ હૈયું જે વસ્તુને બરાબર કબૂલ કરતું હોય, તે જ બોલવું જોઇએ. આજે કેટલાક કહેવાતા આસ્તિકોએ પોતાના આસ્તિકતાના ઝબ્ભાની નીચે નાસ્તિકતાને છૂપાવી છે. કેટલાય એવા માણસો છે, કે જેઓ હૃદયના નાસ્તિક છે અને મોંઢાના આસ્તિક છે. ઉઘાડા નાસ્તિકોના કરતાં છૂપા નાસ્તિકો–આસ્તિકના ઝબ્ભા નીચે છૂપાએલા નાસ્તિકો વધારે ભૂંડા છે. મોંઢેથી બોલવું કે–'સંસારમાં ત્યાગી સુખી ને રાગી દુઃખી, દયાપાત્ર ત્યાગી નહિ પણ રાગી.' અને સ્નેહિને, સ્વજનને, સંબંધિને, સંતતિને સલાહ આપવી રાગ કરવાની, રાગમાં સુખ છે એમ એમને સમજાવવું, એ છૂપી નાસ્તિકતા નથી તો બીજું છે પણ શું ? વિચારો કે–તમે આસ્તિક છો કે નાસ્તિક ? આસ્તિક કહેવડાવવું ગમતું હોય તો આસ્તિક બનવું જોઈએ કે નહિ ? સાચા આસ્તિકથી પૌદ્ગલિક વસ્તુઓના સંસર્ગમાં, તેના રાગમાં સુખ છે, એમ કહેવાય ? પૌદ્ગલિક સંસર્ગથી જ સુખ મળે છે–એવું માનનારાઓ સાચા આસ્તિકો નથી, પણ વસ્તુતઃ નાસ્તિકો જ છે–એટલું તો સમજો છો ને ?

વ્યવહાર જેટલાય પ્રમાણિક નહિ ?

વ્યવહારમાં તો તમે પૂરેપૂરા આસ્તિક હો એવું જણાય છે ! લક્ષ્મી પ્રાપ્ત કરવામાં, સ્ત્રી પરણવામાં, વ્યાપાર

ખેડવામાં, પૈસા કમાઇને સાચવવામાં અને એવી રીતિએ જે જે પૌદ્ગલિક વસ્તુઓમાં તમે સુખ માન્યું છે, તે તે વસ્તુઓને મેળવવાની, ભોગવવાની અને સાચવવાની, તમે તમારા સ્નેહી–સ્વજન–સંબંધી આદિને સલાહ આપો છો કે નહિ ? આમાં તમારાથી ના પાડી શકાય એમ છે જ નહિ ! આ તો વ્યવહારની વાત થઈ. હવે ધર્મની વાત કરીએ. ધર્મમાં તમે, દુન્યવી વ્યવહારમાં છો તેવા આસ્તિક છો ? જો હા, તો કહો કે–તમે ધર્મગુરૂની આગળ જે કબૂલ કરો છો, તેથી ઉંધી પણ સલાહ તમે તમારા સ્નેહી–સ્વજન–સંબંધી આદિને આપો છો, એ વાત કબૂલ છે કે નહિ ? અહીં તમે નહિ બોલવાના, કારણ કે–ઉંધી સલાહ નથી જ આપતા એવું કહી શકો એવી તમારી સ્થિતિ નથી. આથી પૂરવાર થાય છે કે–વ્યવહાર જેવા પણ તમે અહીં પ્રમાણિક નથી. ત્યાં પૌદ્ગલિક પદાર્થોના સંસર્ગમાં તમે સુખ માન્યું છે, માટે તે મેળવવા અને સાચવવા આદિની તમે તમારા સ્નેહિ–સ્વજન–સંબંધી આદિને સલાહ આપો છો અને અહીં તેના ત્યાગની વાતમાં માત્ર ધર્મગુરૂની પાસે જ હા કહો છો ને ? અહીંથી નીકળ્યા એટલે વાત, સલાહ જૂદી એમ ને ? અહીંથી સાંભળીને શી વિચારણામાં નીચે ઉતરશો ? પૌદ્ગલિક સંસર્ગના ત્યાગની કે રાગની ? સુખ શામાં માન્યું છે ? ત્યાગમાં કે રાગમાં ? માટે નક્કી કરીને બોલો. સંસારમાં સુખી કોણ ? પૌદ્ગલિક સંસર્ગોનો ત્યાગી હોય તે સુખી કે પૌદ્ગલિક સંસર્ગોનો રાગી હોય તે સુખી ?

સ૦ મોહરાજાએ પકડી રાખ્યા છે, એટલે એમ થાય છે!

આ સ્થિતિમાં સુખ મળે?

પણુ પૌદ્ગલિક સંસર્ગમાં જે કાલ્પનિક સુખ માની બેઠા છો, એ માન્યતા ય ફેરવવાનો મોખ છે કે ખાલી ચાવી લેવા જ આવ્યા છો ? જ્યાં વિચારમાં પણુ પ્રમાણિકતા નહિ અને વર્તનમાં પણુ પ્રમાણિકતા નહિ, આ સ્થિતિમાં સંસારમાં સુખી બનાવવા, આ સ્થિતિમાં સંસારમાં સુખ મળી જાય, એ શું કોઇ પણુ રીતિએ શક્ય છે ? નહિ જ : તમને આર્યક્ષેત્રાદિ સામગ્રીએ સહિત મનુષ્યજન્મ મળ્યો, સદ્ગુરૂનો યોગ પણુ સાંપડ્યો અને સાચા સુખના સ્વરૂપનું તથા સાચા સુખને મેળવવાના ઉપાયનું શ્રવણુ કરવાની પવિત્ર તક પણુ મળી : આ જેવી–તેવી ભાગ્યશાલિતા નથી, પણુ એની ખરી સફળતા તો આ જન્મના આચાર–વિચારોને જ અવલંબેલી છે. તમને અહીં જે કાંઇ કહેવાય છે તે તમે સમજી અને વિચારી શકો તેમ છો, તો તમે આ વાતનો વિચાર કરો કે–' હું કોણુ છું, મારૂં વાસ્તવિક સ્વરૂપ કેવું છે અને વર્ત્તમાનમાં હું કેવા રૂપમાં છે ? '

ઉન્નતિ થઇ રહી છે કે અવનતિ ?

આજે એમ કહેવાય છે કે–દિવસે દિવસે ઉત્ક્રાન્તિ થઇ રહી છે, દિવસે દિવસે પ્રગતિ થઈ રહી છે, પરન્તુ થોડુંક પણુ જો સાચું ડહાપણુ આવી જાય, તો એમ

જ લાગે કે-આજે દુનિયા ઉન્નતિને નહિ પણ અવનતિને સાધી રહી છે અને દુનિયાના જીવોની આજે પ્રગતિ થઇ રહી નથી પણ પીછેહઠ જ થઈ રહી છે! આજે જે પ્રયત્ન થઇ રહ્યો છે, તે ઉન્નતિનો થઇ રહ્યો છે કે અવનતિનો? દુનિયાના જીવો ચોવીસે કલાક વિચારો સુખના કરે, વાતો સુખની કરે, પ્રયત્નો સુખના કરે અને તેમ છતાં ય ચાલ્યું ન જાય એવું સુખ મળે નહિ અને હંમેશને માટે પીછો છોડી દે એવી રીતિએ દુ:ખ ઘટે નહિ, તો પણ જીંદગીમાં એના કારણનો વિચાર સરખો ય ન આવે, એને તે ઉન્નતિ સાધી એમ કહેવાય કે અવનતિમાં વધારે ખૂંચ્યા એમ કહેવાય? જેના યોગે આજ સુધીમાં કોઇ સાચું સુખ પામી શક્યું નથી અને આજે ચોવીસે કલાકની ધમાલ છતાં કોઈ સાચું સુખ પામી શકતું પણ નથી, એ પૌદ્ગલિક પદાર્થોને મેળવવાના, સાચવવાના અને ભોગવવાના પ્રયત્નો વધે, એમાં કયી પ્રગતિ છે? ઉન્નતિ અને પ્રગતિ થઇ રહી હોય, તો કાંઈક ય જણાય કે નહિ? એમ ને એમ, ઉન્નતિ ને પ્રગતિ જેવા શબ્દો મોઢે બોલવા માત્રથી શું ઉન્નતિ ને પ્રગતિ થઈ જશે? પૌદ્ગલિક સંસર્ગોની આશા વધી, તૃષ્ણા વધી, લોલુપતા વધી, ભ્રમણા વધી, એ ઉન્નતિ અને પ્રગતિ છે? ચિત્તને સ્થિર કરીને વિચાર તો કરો કે-ઉન્નતિ અને પ્રગતિ કહેવાય કોને? પૌદ્ગલિક સંસર્ગની આધીનતા છૂટે એ જ સાચી ઉન્નતિ છે અને સાચા સુખની નિકટમાં જવાય એ જ સાચી પ્રગતિ છે.

સ્વસ્થ બનવું જોઇએ :

સંસારમાં હોવા છતાં પણ જેને વાસ્તવિક કો
સુખના અંશને અનુભવનારો ગણી શકાય, એવે
અહીં સુખી બને, તેને મુક્તિસુખ મળે. મુક્તિસુખ :
કરવાને માટે સ્વસ્થતા જોઇએ. પ્રભુએ તો માર્ગ બત
એ માર્ગે ચાલવાનું કામ આપણું છે. પ્રભુ આ
સમાન છે. આરીસો પોતાની નિર્મળતાના યોગે,
સામાં જોનારને તેનો ડાઘ બતાવી દે. ડાઘા ધોવાનું
જોનારનું છે, નહિ કે–આરીસાનું. તેમ પરમાત્મા
થવાનો માર્ગ બતાવે, પણ એ માર્ગને જીવનમાં ઉત
એ કામ આપણું છે. એ ક્યારે બને? આપણે
હોઇએ તો! સ્વસ્થ ક્યારે રહેવાય? અંતરમાં દુ:
હોય તો! દુઃખ ક્યારે ન હોય? અન્તર પૌદ્
આશાઓની વિડંબનાથી મુક્ત બન્યું હોય તો!

ઉપાધિ મૂકવી એય સુખ :

મહાપુરૂષોએ ઉપાધિ મૂકી, એ મૂર્ખાઈ નથ
ઉપાધિ મૂકવાના યોગે તેઓએ સંસારમાં પણ, સ
જ અનુભવ કર્યો હતો. સંસારમાં હોવા છતાં પણ
સુખનો અનુભવ કરવા પૂર્વક તેઓ મુક્તિસુખને
શક્યા, એમ તેઓએ ફરમાવેલાં શાસ્ત્રો અને
જીવનો પણ પૂરવાર કરે છે. આપણે પણ સુખી
છે, તો સુખી થવાનો માર્ગ કયો? દુન્યવી સાર
રાગ કે ત્યાગ?–એ પહેલાં નક્કી કરી લેવું જોઇએ.

ત્યાગમાં સુખ તો ફરજ શી ?

જો ત્યાગમાં જ સુખ હોય, જો ત્યાગમાં જ સુખ છે-એ વાતને તમારૂં અન્તઃકરણ કબૂલ કરતું હોય અને ત્યાગ કર્યા વિના સુખ મળવાનું જ નથી એમ તમને લાગતું હોય, તો તમારી ફરજ શી હોઈ શકે ? સુખના અર્થિની ફરજ શી ? ઉત્તર કેમ નથી આપતા ? જ્યારે તમે કબૂલ કરો છો કે-સુખ ત્યાગમાં છે, તો પછી સુખને ઇચ્છનારે કરવું શું જોઇએ ? સુખ રાગમાં નહિ પણ ત્યાગમાં છે-એ જવાબ હૈયાનો હોય તો અહીં નહિ બોલવાને કાંઈ પણ કારણ નથી. પૌદ્‌ગલિક સંસર્ગના રાગમાં સુખ લાગતું હોય, તો હજુ પણ તમે કહી શકો છો. તમે એવું કાંઇ બોલતા નથી એટલે કહેવું શું ? બાકી એ વાત ચોક્કસ જ છે કે-કોઇ પણ માણસ પૌદ્‌ગલિક સંસર્ગમાં કે તેના રાગમાં સાચું સુખ છે, એમ પૂરવાર કરી શકે તેમ નથી. હવે જ્યારે પૌદ્‌ગલિક સંસર્ગમાં કે તેના રાગમાં સુખ નથી પણ ત્યાગમાં જ સુખ છે, તો આપણી ફરજ કયી અને કેવી હોઇ શકે ?

બોલે તો દશા કળાય :

પણ તમે હવે નહિ બોલવાના, કેમ ? તમે તો એવું કર્યું છે કે-તમારે બોલવાનું નહિ અને મારે બોલ્યા વિના બેસવાનું નહિ. નહિ ખરીદવાના ઇરાદાવાળો ગ્રાહક વ્યાપારિને ત્યાં જાય, તો શું કરે ? માલ કઢાવે, માલ ઉથલાવે, પણ શું પસંદ છે અને શી કિંમતે લેવું

છે, એ બોલે નહિ : કારણ કે–ખરીદવું નથી, એ એને મન નક્કી વાત છે ! તમારી દશા એવી તો નથી ને ? તમને સમજાય, રૂચે અને પચે, એ માટે તો સામાન્ય ભાષામાં વાત ચાલે છે. તમે કાંઈકે ય બોલો તો તમારી દશા કળાય. ન સમજતા હો તો એમ કહો. તમે અહીં આવ્યા છો શા માટે ? શૉખ માટે આવ્યા છો કે કાંઈકે ય લેવાને માટે આવ્યા છો ?

આજના વક્તા અને શ્રોતા :

આજે તો સભાઓમાં જવાનો અને તાળીઓ પાડી આવવાનો રોગચાળો ચાલ્યો છે. જે વક્તા એવું બોલતો હોય કે–સમજુઓને એના શબ્દે શબ્દે એ બકે છે એમ લાગે, તેની સભામાં પણ તાળીઓ પડે છે. તાળી પાડનારાને પૂછો કે–'તાળી કેમ પાડી ?'–તો કહેશે કે–'આગળ વાગે છે ને ?' સભામાં હસનારાને પૂછો કે–'હસ્યો કેમ ?' તો કહેશે કે–'આગળ હસે છે ને ?' આગળ વધીને તમે પૂછો કે–'ત્યારે તેં શું સાંભળ્યું ?' તો કહેશે કે–'કાંઈ નહિ !' આજના વક્તાય એવા કે–પહેલેથી નક્કી કરેલું બોલે. સભામાં આવે અને બોલવા માંડે, પણ ન જૂએ શ્રોતાઓની સામું, ન જૂએ શ્રોતાઓ ઉપર થતી અસર, ન જૂએ શ્રોતાઓની પાચન–શક્તિ અને ન જૂએ શ્રોતાઓને સમજાય છે કે નહિ તે ! માત્ર ગોખેલો પાઠ બોલતા હોય એમ બોલી જાય ! નક્કી કરેલું કયો વક્તા બોલે ? જેને શ્રોતાઓ પાસે પરીક્ષા

આપવી હોય તે. આજના કેટલાક વક્તાઓ તો પહેલેથી તૈયાર કરેલું બોલે અને તે પણ એવી શબ્દરચનાદિ દ્વારા બોલે કે-શ્રોતાઓને સમજાય નહિ. અજ્ઞાન લોક બીચારા સમજે નહિ, એટલે કહેશે કે-માણસ વિદ્વાન્! શ્રોતાઓ પાસે જેને વિદ્વાન્ કહેવડાવવું હોય તે એમ કરે અને જેને શ્રોતાઓને સમજાવવું હોય, શ્રોતાઓ ઉપર ઉપકાર કરવો હોય, તે તો એવી રીતિએ બોલે કે જેથી શ્રોતાઓને સમજાય. વિદ્વાનોની સભામાં જે રીતિએ બોલાય, તે રીતિએ કાંઈ સાધારણ શ્રોતાઓની સભામાં ન બોલાય. આજે મોટે ભાગે વક્તા અને શ્રોતાની આ દશા છે. આવી દશાના કારણે જ, બોલનાર અને સાંભળનારની સંખ્યા વધી પડવા છતાં પણ જોઇતો લાભ થતો નથી : માટે તમે જે સાંભળો એના ઉપર વિચાર કરતાં શીખો : ખોટી હા ન પાડો : મૂંગા મૂંગા સમજ્યા વિના સાંભળ્યા ન કરો : જે કાંઈ કહેવામાં આવે છે, તેને વિચારવાનો અને સમજવાનો પ્રયત્ન કરશો, તો જ કાંઇક પણ લાભ થશે : માટે જે લાગતું હોય તે કહો, કે જેથી ખૂલાસો થાય.

સુખ મેળવવાનો એક જ ઉપાય-ત્યાગ :

અહીં વાત તો એ ચાલે છે કે-મુક્તિસુખ મેળવવાને માટે સંસારમાં હોવા છતાં પણ અનુભવી શકાય અને તેમ છતાં જે સુખ મુક્તિસુખની વાનગી રૂપ હોય તેવા સુખને પ્રાપ્ત કરવું એ ય એક જરૂરી વસ્તુ છે.

સાચું સુખ તેને જ કહેવાય, કે જે સુખ દુ:ખના અંશ વિનાનું હોય, સંપૂર્ણ હોય અને શાશ્વત પણ હોય. એક મુક્તિસુખ જ એવું છે, કે જે સુખમાં દુ:ખનો અંશ નથી, અધુરાપણું નથી અને અશાશ્વતતા પણ નથી. આવું સુખ ક્યારે સધાય ? સંસારમાં પણ સ્વસ્થ બનીએ તો : સંસારમાં સાચા સુખની વાનગી અનુભવવાને સમર્થ બનીએ તો ! ત્યારે સંસારમાં તેવા સુખી થવાને માટે શું કરવું જોઇએ ? એ માટેનો પ્રયત્ન તો કરવો પડશે ને ? મહાપુરૂષોના કહેવા મુજબ સુખનો રસ્તો રાગ નથી પણ ત્યાગ છે. ત્યારે તમને હવે લાગે છે કે–તમે સુખની ઇચ્છા અને સુખના પ્રયત્નો કરવામાં ભૂલા પડ્યા છો ? જો હા, તો મોંઢાં આવાં ન હોય. વડોદરાની ભૂલભૂલામણીમાં જે ભૂલા પડે છે, તે બહાર નીકળવાની બૂમો પાડે છે ને ? તો એ પ્રમાણે અહીં કેમ નથી થતું ? કારણ કે–મોંઢેથી સુખ રાગમાં નહિ પણ ત્યાગમાં છે એમ બોલવા છતાં પણ, રાગ લાગે છે મીઠો. બહારનું કાલ્પનિક સુખ એ વસ્તુત: સુખ નથી પણ દુ:ખ છે, પણ તે સમજાવું જોઇએ ને ? અજ્ઞાનને પલ્લે પડેલાઓને તો જે સુખ વસ્તુત: દુ:ખ રૂપ છે, તે જ સુખ સાચું લાગે છે અને એથી તેમને થતા કે થનારા દુ:ખનું ભાન રહેતું નથી : પણ સાચું સુખ પ્રાપ્ત કરવાને માટે ત્યાગ સિવાય બીજો માર્ગ નથી. ત્યાગ શાનો ? પૌદ્ગલિક સંસર્ગ માત્રનો ! પૌદ્ગલિક સંસર્ગ માત્રના ત્યાગમાં શરીરનો ત્યાગ પણ આવી જાય. આત્મા સર્વ સંયોગોથી મુક્ત બની જાય તો જ દુ:ખરહિત, સંપૂર્ણ

અને શાશ્વત સુખ પામ્યો એમ કહી શકાય. આત્માને સર્વ સંયોગોથી મુક્ત બનાવવાને માટે શું કરવું જોઇએ? દુન્યવી સુખનો ત્યાગ, સંસારની ઉપાધિનો ત્યાગ અને અહિંસા, સંયમ તથા તપનું જ સેવન! આમ કરવું એ જ સાચું સુખ પ્રાપ્ત કરવાનો સાચો ઉપાય છે: આ સિવાય સાચું સુખ મેળવવાનો બીજો કોઇ ઉપાય છે જ નહિ!

શું નક્કી થયું?

જે સંસારની બધી ઉપાધિ, પંચાત, વલોપાત, મોહ અને માયાથી શક્ય પ્રકારે અલગ બને, તે સ્વસ્થ બને અને સ્વસ્થ બનીને આત્મસુખને સહેલાઇથી સાધી શકે. પૌદ્‌ગલિક આશા અને પૌદ્‌ગલિક સંસર્ગનો પરિત્યાગ કરવો, એ સુખની ચાવી છે. જેમાં દુ:ખનો અંશ નથી, અધુરાપણું નથી અને અશાશ્વતતા પણ નથી–એવા મુક્તિ-સુખને જ સાધવાનું ધ્યેય નક્કી કરી લેવું જોઇએ: કારણ કે–વાસ્તવિક સુખ એ જ છે. સુખ બીજે કોઈ પણ સ્થળે નથી, પણ આત્મામાં જ છે. એ સુખ પ્રાપ્ત કરવાને માટે પૌદ્‌ગલિક સંસર્ગ માત્રનો ત્યાગ જરૂરી છે. આથી પૌદ્‌ગલિક આશાઓના ત્યાગપૂર્વક તેના સંસર્ગના ત્યાગનો શક્તિ મુજબનો પ્રયત્ન કરવો જોઇએ. એ પ્રયત્ન કરવાને માટે જીવનને બહુ જ મર્યાદાશીલ બનાવી દેવું જોઇએ. જીવન જો કેવળ અહિંસા, સંયમ અને તપવાળું બને તો ઉત્તમ: નહિ તો જીવન તેવું બને એ માટે શક્તિ અને સામગ્રી મુજબનો પ્રયત્ન કર્યા કરવો. આ

રીતિએ સાચું સુખ કયું અને એની ચાવી કયી, એ બન્ને ય વસ્તુઓ નક્કી થઇ ગઈ.

સાધુપણું ન લેવાય તો :

આથી એ સ્પષ્ટ થઈ ગયું કે–સાધુપણું, એ જ સાચું સુખ મેળવવાની મૂખ્ય ચાવી છે. આ ચાવીને સૌ કોઇ હસ્તગત કરી શકે એ શકય નથી. તમે પણ અત્યારે જ આ ચાવીને હસ્તગત કરવાને તત્પર બનો એવું દેખાતું નથી. પણ સમજી લેવું જોઇએ કે–અન્તે પણ સાચા સુખને મેળવવાને માટે આ ચાવીને જ હસ્તગત કરવી પડશે અને એના વ્યાજબી ઉપયોગમાં જ એકતાન બની જવું પડશે. જેઓ આજે સાધુપણાને ન લઇ શકતા હોય, તેઓ પણ આ વસ્તુને સમજી લઇને અને હૃદયસ્થ બનાવી દઈને, ક્રમે ક્રમે સાચા સુખને સાધી શકાય એવો પ્રયત્ન કરી શકે છે. સાધુપણાનો સ્વીકાર કરવાને અશક્ત આત્માઓએ પણ પોતાની પૌદ્‌ગલિક આશાઓ ઉપર કાબુ મેળવીને સાધુપણાને પામવા માટેના યોગ્ય પ્રયત્નો કર્યા કરવા જોઈએ. પૌદ્‌ગલિક વસ્તુઓ પુણ્ય-યોગે મળી જાય એ વાત જૂદી છે, પણ પૌદ્‌ગલિક વસ્તુઓ મેળવવાને માટે તરફડીયાં મારવાં નહિ, પૌદ્‌ગ-લિક વસ્તુઓ મેળવવામાં મસ્ત બન્યા રહેવું નહિ, પૌદ્‌ગલિક વસ્તુઓમાં સુખ માનીને ભાનભૂલા બનવું નહિ, પૌદ્‌ગલિક વસ્તુઓ આવે કે જાય, તો પણ મુંઝાવું નહિ અને પૌદ્‌ગલિક વસ્તુઓ મેળવવાને માટે માણસાઇ

મૂકવા જેવા પ્રયત્નો તો કરવા જ નહિ! આ તો કરડું નથી ને? સાધુપણાને માટે આવશ્યક ગણાય તેટલા બધા જ પૌદ્‌ગલિક સંસર્ગોનો એકદમ ત્યાગ કરવો–એ કરડું લાગતું હતું, પણ આ તો કરડું નથી ને? આમાં તો હજુ છોડવાની વાત આઘી છે. કોઇના પણ જન્મમાં નિમિત્ત ન બનવાની વાત કરડી લાગી, સાધુપણા માટે તજવા જરૂરી એવા પૌદ્‌ગલિક સંસર્ગ માત્રનો ત્યાગ કરવાની વાત કરડી લાગી, પણ પૌદ્‌ગલિક આશાનો ત્યાગ કરવાનું ય બને તેમ છે કે નહિ?

સુખ–શાંતિ પ્રસરાવવા માટે :

આમાં પુણ્યથી મળી જાય, સ્હેજે સ્હેજે મળી જાય, એ વાત જૂદી છે: પણ જે ન મળે તે માટે રીબાવું નહિ, એ તો જરૂર આવશે: જરૂરથી વધુ મેળવવાની ઈચ્છાનો અભાવ કેળવવો પડશે: જરૂર કેટલી? પોષણ થાય એટલી ને? પોષણ શરીરનું કે જીભનું? અનાજ આદિ જીવવાને માટે ખાસ જરૂરી ગણાય તેવી સામગ્રી મળે, પછી બીજી ઈચ્છા તો નહિ કરો ને? રહેવાને મકાન મળી જાય, નહિ ફાટેલાં વસ્ત્રો પહેરવાને મળી રહે અને અનાજ પણ ઘીથી ચોપડેલું મળે, પછી શું જોઇએ? જેની પાસે આટલું હોય, તે પણ બધી ધમાચકડી બંધ કરવાને તૈયાર છે? સાધુપણા જોગો ત્યાગ કરવાની વાત તમને કરડી લાગી અને એથી તમે એ વાતનો અમલ કરવાને તૈયાર થયા નહિ, એટલે હાલ પૂરતી એ વાતને

અહીં ગૌણ કરી અને જીવનમાં જીવવાને માટે જરૂરી વસ્તુઓ મળ્યા બાદ વધુની આશા નહિ કરવી, એ વાત શરૂ કરી. બધા જો આવા પણ નિર્ણય ઉપર આવી જાય, જીવનમાં જીવવાને માટે જરૂરી વસ્તુઓ મળી ગયા બાદ વધુ પૌદ્‌ગલિક વસ્તુઓ મેળવવાને માટે પ્રયત્ન નહિ કરવો કે અનીતિ–પ્રપંચ આદિથી દૂર જ રહેવું, એવો નિર્ણય જો બધાઓ કરી લે, તો પણ દુનિયામાંથી કેટલી બધી ઉપાધિ ટળી જાય ? જગતમાં જો સુખ અને શાન્તિ પ્રસરાવવાં હોય, તો છેવટ સૌને આવા નિર્ણય ઉપર લાવવાનો પ્રયત્ન તો અવશ્ય કરવો જોઇએ.

સિંહ અને શહેરી :

સિંહ જંગલનો રાજા કહેવાય છે. એના સત્ત્વ આદિના બળે એ વગર અભિષેકે પણ પશુઓમાં રાજાપણું ભોગવે છે. જંગલના રાજા ગણાતા એ સિંહને આપણે જંગલી, હિંસક અને ક્રૂર સ્વભાવનો માનીએ છીએ. એ જંગલી, હિંસક અને ક્રૂર સિંહથી પણ આજના શહેરી, સૌમ્ય અને દયાળુ ગણાતા કેટલાક આદમીઓ કેટલા નપાવટ છે–એ સમજવા જેવું છે. માણુસ જેવા માણુસને સિંહની રીતભાતથી ઉપદેશ આપવો પડે, એમાં શોભાભર્યું શું છે ? સિંહ જંગલી, હિંસક અને ક્રૂર હોવા છતાં પણ, જ્યાં સુધી એનું પેટ ભરેલું હોય છે, ત્યાં સુધી એ કોઈ પ્રાણિનો શિકાર કરતો નથી પણ પ્રાયઃ મસ્ત બનીને જ પડયો રહે છે : જ્યારે એને ભૂખ લાગે છે ત્યારે પણ

એ ક્ષુદ્ર જન્તુઓની સામે તો જોતો જ નથી : અને મોટા પણ પ્રાણિઓનો શિકાર એ કયી રીતિએ કરે છે, એ જાણો છો ? એ પાછળથી નથી જતો પણ સામે જાય છે : સામે જઇને પણ એમ ને એમ થાપો નથી મારતો, પણ ગર્જના કરવા પૂર્વક પૂંછડું પછાડે છે : ગર્જના કરીને અને પૂંછડું પછાડીને એ પોતાના આગમનની અને પોતાના ઇરાદાની જાહેરાત કરે છે અને તે પછી જ થાપો મારે છે. આ કોણ છે ? સિંહ. એ જંગલી, હિંસક અને ક્રૂર હોવા છતાં, ભર્યા પેટે દૃષ્ટિ પણ ઉંચી કરે નહિ, ભૂખ્યા પેટે ય ક્ષુદ્ર જન્તુ સામે જૂએ નહિ અને બળીઓ મળી જાય તો પણ તેની સામે જાય, અવાજ કરે, પૂંછડું પછાડે અને પછી થાપો મારે ! તમે શું કરો છો ? જીવવાનાં બધાં સાધનો મળી જાય તો પણ તમારી તૃષ્ણા ઘટતી નથી, સ્વાર્થમગ્ન બનીને તમે નાના કે મોટા કોઇને ય ઘામાં આવે તો છોડતા નથી અને સામાને સાવચેત કરવાનું તો જાણે તમે શીખ્યા જ નથી ! બીજાના અજ્ઞાનનો લાભ લેવાની તક મળે તો તમે ચૂકો નહિ, આમ છતાં પણ તમે તમારી જાતને કેવી માનો છો ? અમે શહેરી ! દયાળુ ! ! અને સૌમ્ય પ્રકૃતિના ! ! ! અને પેલાને તમે કેવો કહો છો ? જંગલી ! હિંસક ! ! અને ક્રૂર ! ! !

ભયંકર દશા :

જ્યારે તમારામાં એક જંગલી, હિંસક અને ક્રૂર જનાવર જેટલી પણ સારી રીતભાત ન હોય, તો તમે કયી

ઉપમાને લાયક ગણાઓ ? તમારે માટે દુનિયામાં કોઇ ઉપમા મળે તેમ છે ? તમારો ધંધો અને તમારો સંસાર-વ્યવહાર સજ્જન આદમીને ગમે તેવો છે ? એક આદમીને આદમી તરીકે છાજે તેવો છે ? તમારા દિવસના કાર્યક્રમનું ટાઇમ ટેબલ છે ? જીવનમાં જે સારૂં-ભૂંડું કર્યું તેની નોંધ છે ? તમારા ધણી કેટલા ? એક કે અનેક ? માત્ર પરમાત્મા એ જ એક ધણી, એવું છે ? તમારૂં જીવન કેવું બન્યું છે, એ સમજાય છે ? આ દશા ઓછી ભયંકર નથી.

છેલ્લો ઉપાય :

હવે ચાલો, એટલું પણ ન બને તેમ હોય તો છેલ્લો ઉપાય બતાવું. પૌદ્‌ગલિક આશાઓનો પરિત્યાગ ન થાય, એનું દુઃખ હૃદયમાં રાખવું. આટલું તો બને કે ન બને ? હૃદયમાં એટલું દુઃખ હશે તો પણ તમે ઘણા પાપથી બચી જશો. પણ એ દુઃખ જન્મે ક્યારે ? પૌદ્‌ગલિક સંસર્ગ એ સુખનું કારણ નથી પણ દુઃખનું કારણ છે—એમ લાગે અને એથી પૌદ્‌ગલિક સંસર્ગની આશા કરવી —એ પણ દુઃખને વધારનારો ધંધો છે, એમ હૈયામાં સુનિશ્ચિત થઇ જાય તો !

નીતિ અને દયાના સંબંધનું દૃષ્ટાન્ત :

પૌદ્‌ગલિક આશાઓનો પરિત્યાગ ન થઈ શકે તો પણ, એ માટેનું હૈયે જો દુઃખ હોય તો આજની જેમ ડગલે ને પગલે અનીતિ થઈ શકે ખરી ? પૌદ્‌ગલિક આશાઓનો પરિત્યાગ નહિ થઈ શકવા બદલનું હૈયે

જો દુઃખ હોય, તો પ્રાયઃ અનીતિ થાય નહિ, અનીતિ કરતાં કંપારી છૂટે અને નીતિમાં પણ દયાને ચૂકાય નહિ.

નીતિ અખંડ જળવાતી હોય અને તેમ છતાં દયાનો અભાવ હોય-એવું ન બને, એમ નહિ માનતા.

એક દાખલો આપું.

એક વ્યાપારી હતો. એણે નીતિનું પાલન કરવાનો વિચાર કર્યો. વ્યાપારિઓ જે નીતિનું પાલન કરે છે, તેમાં હેતુ કયો ? ધર્મ હેતુ છે કે પ્રતિષ્ઠા જમાવવી એ વિગેરે હેતુ છે ? ધર્મ હેતુ હોય એની નીતિ દયાહીન ન હોય પણ દયામય હોય, જ્યારે નીતિના પાલન દ્વારા પ્રતિષ્ઠા જમાવવી, પ્રતિષ્ઠા જમાવીને વ્યાપારને ખીલવવો અને વ્યાપારને ખીલવીને સારી રીતિએ પૈસો કમાવો-એવો કોઈ હેતુ હોય, તો એની નીતિને દયાહીન બનતાં પણ વાર લાગે નહિ.

એ વ્યાપારિએ માન્યું કે-દુનિયામાં નીતિ કરતાં અનીતિથી વધુ કમાણી નથી થતી : અનીતિ કરતાં નીતિથી વધારે ફાવી શકાય છે, માટે નીતિમાં નુકશાન કરતાં લાભ વધુ છે અને એથી પ્રતિષ્ઠા પણ સારી જામે છે

આથી એણે નીતિનું પાલન કરવાનું નક્કી કર્યું. એણે નિયમ કર્યો કે-દરેક ઘરાઘને માટે ભાવ એક રાખવો, ઘરાઘ જે માલ માગે તે જ માલ કોઈ પણ પ્રકારની ઘાલમેલ કર્યા વિના આપવો અને માલ ઘરાઘે માગવા કરતાં જૂદો અપાઇ ગયો હોય તો પાછો બદલી આપવો.

એ વ્યાપારિના આવા નિયમથી એની ખ્યાતિ વધી. બધા કહેવા લાગ્યા કે-‘ માલ એને ત્યાંથી જ લાવવો, કારણ કે—એની દુકાને નાના છોકરાને પણ છેતરવાની ધાસ્તી નથી.’ આથી એ વ્યાપારિની પ્રતિષ્ઠા પણ વધી, એનો વ્યાપાર પણ વધ્યો અને એનું રળતર પણ વધ્યું.

હવે એક વાર એવું બન્યું કે—કોઇ એક સામાન્ય જાતિની બાઇએ પોતાની ઓરમાન દીકરીને એ વ્યાપારિને ત્યાં લાલ કપડું લેવાને માટે મોકલી. છોકરી ભૂલી ગઇ અને તેથી એણે લાલને બદલે સફેદ કપડું માગ્યું. વ્યાપારિએ એને માગ્યા મુજબનું સફેદ કપડું આપ્યું અને રીતસરના પૈસા લીધા.

છોકરી સફેદ કપડું લઇને ઘેર ગઈ, એટલે એ જોતાંની સાથે જ એની ઓરમાન મા ખીજાઈ ગઇ અને ગાળો દેવા લાગી. વાત વધતે વધતે એ બાઈએ પેલી છોડીને એવો હુકમ ફરમાવી દીધો કે—‘ જા સફેદ કપડું પાછું આપીને લાલ કપડું લઈ આવ, નહિતર ઘરમાં નહિ પેસવા દઉં ! કપડું બદલાવી આવ્યા વિના ઘરમાં પગ નથી મૂકવાનો ! ’

પેલી છોકરી નીતિના નિયમવાળા તે વ્યાપારિની દુકાને પાછી આવી અને રોતી રોતી કહે છે કે—‘ મહેરબાની કરીને આ કપડું બદલી આપો ! ’

વ્યાપારી કહે છે કે—‘ હું જો એમ બદલી આપું તો મારો વ્યાપાર કેમ ચાલે ? તેં જે માગ્યું તે મેં આપ્યું.

ભાવમાં ફેર હોય અગર તેં લાલ માગ્યું હોય અને મેં સફેદ આપી દીધું હોય તો કહે!'

છોકરી કહે છે કે–'ભૂલ આપની નથી પણ મારી જ છે: પણ આ કપડું લઈને તો મારી ઓરમાન મા મને ઘરમાં પણ પેસવા દે તેમ નથી: માટે મારા ઉપર દયા કરો અને આ કપડું બદલી આપો!'

આ રીતિએ છોકરી કરગરે છે, ત્યારે પેલો વ્યાપારી કહે છે કે–' વ્યાપારમાં દયા–બયા ચાલે નહિ. વ્યાપારમાં દયા રાખીએ તો વ્યાપાર ચાલે નહિ!'

છોકરીની આંખમાંથી આંસુની ધારા વહી જાય છે, પણ પેલાનું હૈયું પીગળતું નથી. બહુ બહુ કરગરવા છતાં પણ વ્યાપારિએ જ્યારે ન જ માન્યું, ત્યારે છોકરી વિચાર કરે છે કે–' હવે કરવું શું?' એના પગ ત્યાંથી ખસતા નથી, છતાં લથડતે પગે તે પાછી વળી.

આ વખતે પેલા વ્યાપારિનો દીકરો ત્યાં બેઠો હતો. એણે આ બધું જોઇને પોતાના બાપને પૂછ્યું કે–'આ નીતિ કયી જાતિની? છોકરી આટલું રૂદન કરે છે, છતાં તમારૂં હૈયું ભેદાતું નથી? કદાચ કપડું બદલી આપવાથી ખોટ જાય, તો પણ નીતિ રહે કે ચાલી જાય? તમે જે કર્યું એથી નીતિ તો રહે છે, પણ નીતિ જે માટે રાખવી જોઇએ તે વસ્તુ વહી જાય છે.'

વ્યાપારી સમજ્યો. એને થયું કે–' મારો દીકરો મારાથી ચઢ્યો. હું કેવળ નીતિમાન હતો, જ્યારે આ

નીતિમાન પણ છે અને દયાળુ પણ છે! જરૂર, નીતિ દયામય જ હોવી જોઈએ.'

આવો વિચાર કરીને, વ્યાપારિએ પેલી છોકરીને પાછી બોલાવી અને કપડું બદલી આપ્યું.

નીતિ ન પળાય એનું દુઃખ જોઇએ :

આ દશા ક્યારે આવે? છોકરામાં તો એ દશા કુદરતી રીતિએ આવી હતી. આપણામાં એ દશા કુદરતી રીતિએ તો ન આવી, પણ હવે તો હિતાહિતનો વિચાર કરીને એ દશા લાવવી છે ને? માનો કે—લોભ આદિના કારણે દયા નથી પળાતી, પણ દયા ન પાળી શકાય એનું દુઃખ તો હોવું જોઇએ ને? એ લાગણી જરૂર જન્મવી જોઈએ, નહિતર નીતિ પણ અધર્મના ઘરની થઇ જાય. જેની ક્રિયામાં આ વસ્તુ ન હોય, જેના ધર્મમાં આ વસ્તુ ન હોય, તેને આસ્તિક, ધર્મી કે સાધુ નહિ પણ અજ્ઞાન કહેવો જોઈએ. એવો આદમી આસ્તિક, ધર્મી કે સાધુ નથી, પણ આસ્તિકતાની, ધર્મની અને સાધુતાની વાયડી વાતો કરનારો છે. એવાને સાચું સુખ કોને કહેવાય અને તે કેમ મળે, એ વિગેરે સમજાયું જ નથી. માણુસાઇ વગરનો હોઇને એ માત્ર આકારાદિથી જ મનુષ્ય છે. જો આટલું પણ સમજાઈ જાય અને જીવનમાં આવી જાય, તો દુર્ગુણ, કલંક અને ઉન્માર્ગ જીવનમાંથી નીકળી જાય. એવા હૈયાવાળાને કદાચ અનીતિ કરવી પણ પડે, તોય શું હસીને કરે? ઇન્દ્રિયોને સર્વથા

આધીન થઇ જાય? પાપથી બીલ્કુલ નિર્ભીક બને? પાપના ડર વિનાનો બને? નહિ જ.

પાપનો ડર ક્યાં છે?

તમને અનીતિનો, પાપનો, અસત્યનો કે તમારા યોગે કોઇનું બગડે તેનો ભય છે? તમને આજે શાનો ભય છે? તમારી પાપની વિચારમાળા કેટલી ભયંકર છે? લગભગ બધાની થોડે-ઘણે અંશે આ દશા છે. સારા ગણાતાઓ પણ ઘણું ખરૂં એની જ તેવડમાં ફરતા હોય છે કે-દુનિયાના પદાર્થો કોઇ પણ રીતિએ મેળવવા પણ એ મેળવવાના પ્રયત્નો એવી રીતિએ કરવા, કે જેથી કાયદાની ચૂંગાલમાં ફસી જવાય નહિ! પાપ કરવાનો વાંધો નથી, પાપ કરવાનો ડર નથી, માત્ર પૉલીસી પૂર્વક પાપ કરવું-એ જ એક નેમ છે! પાપને છૂપાવનારા-પાપને ઢાંકનારાથી દુનિયા ભરપૂર છે. જેના અંતરમાં પૌદ્ગલિક વસ્તુઓની આશાનું દુઃખ ન હોય, તે એવા હોય એમાં નવાઇ પણ શી છે? સંસારમાં ઘણાઓની આવી દશા હોવા છતાં પણ, એવા ભાગ્યશાલિઓ પણ જરૂર છે કે-જેઓને પૌદ્ગલિક આશાઓ ખટકે છે, એ આશા ક્યારે જાય એવા જેમના અંતરમાં મનોરથો પ્રગટે છે અને જેઓ એ માન્યતામાં પૂરેપૂરા દૃઢ છે કે-'પૌદ્ગલિક સંસર્ગ એ સુખનું કારણ તો નથી જ, પણ એના જ પ્રતાપે સાચા સુખનો પરિપૂર્ણ અનુભવ થઇ શક્તો નથી.' પણ આવી માન્યતાવાળા આત્માઓ

કેટલા ? જૂજ. મોટું ટોળું તો એવું જ કે-પાપનો ડર નહિ, પણ કાયદાની ચૂંગાલમાં ફસી ન જવાય એની જ માત્ર કાળજી રાખનારૂં અને એવી તકોને મેળવી મેળવીને લૂંટ જ ચલાવનારૂં ! !

જાણીને અમલ થવો જોઇએ:

રાજ્યે, કોઇને નહિ મારવાના, ચોરી નહિ કરવાના, અનીતિ નહિ કરવાના-એવા એવા જે કાયદાઓ કર્યા છે,-એ કાયદાઓને ભણેલા, એ કાયદાના આધારો આપીને ગૂન્હેગારોને શિક્ષા કરાવનારા, એ કાયદાને આધીન રહીને ગૂન્હાની શિક્ષા કરનારા અને એ કાયદા પળાવવાની તકેદારી રાખનારા બધા તો તે પાપથી, ગૂન્હાથી મુક્ત જ છે ને ? આજે કાયદાબાજો મોટે ભાગે ગૂન્હાથી બચવાનું નહિ શીખવતાં, ગૂન્હા કરીને પણ કયી રીતિએ કાયદાની ચૂંગાલમાંથી છટકી જવું, એ જ શીખવે છે. છોકરાને તમે કદિ ગૂન્હો નહિ કરવો, પાપ નહિ કરવું, એમ શીખવ્યું છે ? તમે તો એ શીખવ્યું છે કે-'ભણુશે નહિ તો ખાશે શું ?' ખાવા માટે ભણવાનું છે, એવા સંસ્કાર નાખ્યા છે ! તમારામાંના અમૂકે કદાચ એમ કહ્યું હશે કે-'સાંભળ ! ધરમ ધરમ કરીએ નહિ. પૈસા હશે તો બધું થશે.' પણ કદિ છોકરાને એમ કહ્યું કે-'અનીતિ કરીશ નહિ ?' છોકરો અનીતિ કરીને રળી આવ્યો હોય, તો તમે એની પીઠ થાબડો કે એને ધોલ મારો ? વિચાર કરો, આ દશામાં સુધારો

કયી રીતિએ થાય ? વિના પાપે, એટલે કે–અનીતિ, અન્યાય, પ્રપંચ, ચોરી કર્યા વિના પણ જીવી શકાય છે: પણ પૌદ્‌ગલિક આશાઓ કેવળ દુઃખને જ વધારનારી છે એમ લાગે અને પૌદ્‌ગલિક આશાઓનો ત્યાગ ન થઇ શકે તો પણ એનું દુઃખ હૃદયમાં થયા કરે તો જ એ બને. પૌદ્‌ગલિક સંસર્ગ માત્રના નાશનો પ્રયત્ન અને એ માટે પૌદ્‌ગલિક આશા માત્રનો ત્યાગ, એ જ એક સાચા સુખની ઉત્તમ ચાવી છે. સાચા સુખની ચાવી દુનિયામાં સાચા સુખની વાનગીનો અનુભવ કરનારા બનવું એ છે: દુનિયામાં સાચો સુખી એ છે, કે જેણે સાચા સુખની સાધનામાં બાધક પૌદ્‌ગલિક સંસર્ગ માત્રનો ત્યાગ કર્યો હોય: જેનાથી એ ન બની શકે તેણે પૌદ્‌ગલિક આશાઓનો ત્યાગ કરવો જોઇએ: અને જેનાથી એ પણ ન બને તેણે છેવટ પૌદ્‌ગલિક આશાઓનો ત્યાગ નથી થઇ શકતો એ માટે હૃદયમાં દુઃખ ધરવું જોઇએ. આટલું થાય તો જ આ કિંમતી માનવજીવન મળ્યું તે ફળ્યું એમ કહી શકાય. સાચા સુખની આ ચાવી છે, પણ તે જાણવા માત્રથી શું વળે ? જાણીને એનો અમલ પણ કરવો જોઇએ.

રબારી અને વાણીયો :

સારૂં જાણ્યા પછી તેના અમલમાં આળસ કરનારાઓને કેવું નુકશાન થાય છે–એનો તમને ખ્યાલ આવે, એ માટે એક દૃષ્ટાન્ત જ આપી દઉં.

એક ધર્મહીન વાણીયો એક રબારીની પાસે એક રૂપીયો માગતો હતો. ધર્મહીન વાણીયાનું દેવું, એટલે તમે શું સમજો છો ? રબારીની જીંદગી જાય, પણ વાણીયાનું લેણું પૂરૂં થાય નહિ.

તે રબારીને બકરાં ચરાવતાં ચરાવતાં કોઈ એક વખતે મણિ હાથ લાગ્યો. રબારી એ મણિને મણિ તરીકે ઓળખી શકયો નહિ, એટલે એણે તો એ મણિને એક સુન્દર પત્થર ધારીને, પોતાના બોકડાના ગળે બાંધી દીધો.

આ પછી, પેલો વાણીયો જ્યારે રબારીને ત્યાં પોતાના એક રૂપીઆને માટે ઉઘરાણી કરવાને માટે ગયો, ત્યારે એની આંખે પેલો મણિ ચઢયો. એણે કલ્પના કરી કે– ‘ આની કિંમત ઓછામાં ઓછી દશેક હજાર તો ઉપજે.’

વાણીયાએ રબારીને પૂછયું કે–‘ અલ્યા, આ પથરો કયાંથી લાવ્યો ? ’

પેલો કહે કે–‘ જંગલમાંથી.’

વાણીયો કહે કે–‘ એ મને આપ.’

રબારી કહે કે–‘ શેઠ ! તમને આપું તો ખરો, પણ તમારૂં લેણું માંડી વાળો તો ! ’

રબારીના મનને કે–‘ આ પથરો આપ્યે માનતો જ હોય તો રોજની કાશ જાય. એક રૂપીઆમાં તો આખી જીન્દગી ખાઈ ગયો.’

પણ વાણીયો કહે છે કે–‘ ના, હું તો આખો નહિ પણ અડધો રૂપીઓ માંડી વાળું ! ’

રબારીએ ના પાડી એટલે વાણીયો પાછો વળ્યો. એના મનને એમ જ હતું કે–'રબારી ક્યાં જવાનો છે ? એને મણિની ઓળખાણ નથી, એટલે આજ નહિ તો બે દહાડા પછી આપશે !'

આ ગાંડા કે ડાહ્યો ? રબારીને હજી પણ ચુસી શકાય એવા લોભથી આઠ આનાનું લેણું ઉભું રાખવાને માટે એણે દશ હજારનો મણિ લેવામાં ઢીલ કરી.

ભાગ્યવશાત્ એક બીજો વાણીયો ત્યાં આવ્યો અને રબારીને દશ રૂપીઆ આપીને એ મણિ લઇ ગયો.

બીજે દિવસે પેલો વાણીયો આવીને રબારીને પૂછે છે કે–' અલ્યા, પેલો પથરો આપવો છે ?'

રબારી કહે છે કે–' જા, જા, લેતો પરવાર આ તારો રૂપીઓ. તેં એક રૂપીઆનું લેણું માંડી વાળવાની ના પાડી, તો મારે દશ રૂપીઆ ઉપજ્યા.'

આ સાંભળીને પેલો વાણીયો માથું કુટવા માંડ્યો, પણ એથી કાંઇ વળે ?

ઉપસંહાર :

આ વાણીયાને તમે કેવો કહો ? બેવકૂફ, પાગલ, કર્મકુટ્યો એમ જ કહો ને ? જ્યારે તમે એને બેવકૂફ, પાગલ અને કર્મકુટ્યો વિગેરે માનો છો, ત્યારે તમે કેટલા અક્કલમંદ, શાણા અને ભાગ્યશાલી છો–એનો વિચાર પણ કરશો ને ? આર્યક્ષેત્રાદિ સામગ્રીએ સહિત

મનુષ્યભવની કિંમત મણિથી ઓછી છે કે વધારે છે? વધારે જ! આ ભવ કિંમતી શાથી છે? મહાપુણ્યે જ મળે છે અને મુક્તિસુખની ઉત્કટ સાધના આ ભવમાં જ થઈ શકે છે માટે! હવે વિચાર કરો કે–તમને આર્યક્ષેત્રાદિ સામગ્રીએ સહિત મનુષ્યભવ મળ્યો છે. મહા પુણ્યથી જ મળી શકે એવા આ ભવને પામીને પણ તમે જો પૌદ્ગલિક વસ્તુઓની લાલસામાં જ રક્ત બન્યા રહો અને એ કારણે ધર્મને પણ તમે લાત મારનારા બનો, તો તમને કેવા કહેવા? આજે દુનિયાનો મોટો ભાગ પારકાનો નિન્દક બન્યો છે, પણ બીજાને મૂર્ખ કહેનાર પોતાની જાતને કેમ તપાસતો નથી? પેલા વાણીયાએ રબારી પાસે લેણું પણ ઉભું રહે અને મણિ પણ મળે–એવા અતિ લોભમાં ફસાઇને મણિ ગુમાવ્યો, પણ મણિ લેવાની તેની દાનત તો હતી ને? તમારામાં આ મનુષ્યભવને યથાયોગ્ય રૂપે સાર્થક કરવાની એટલી પણ દાનત છે? તમે નથી જાણતા કે–જેને માટે તમે આટલાં આટલાં પાપો કરો છો, અનીતિ–પ્રપંચો સેવો છો, અસત્યો બોલો છો, બીજાનું ભૂંડું કરો છો, તે બધાને મૂકીને એક દિવસ તો અવશ્ય ચાલ્યા જવાનું છે? તમે જે જે પાપો કરો છો, તેનો તમારી પાસે હિસાબ સરંખાય છે? તમે તમારી કરણીની નોંધ રાખતાં શીખો, તો પણ તમને ખબર પડે કે–તમે કેવા છો? આ સ્થિતિમાં સુખ કયી રીતિએ મળે? ન જ મળી શકે: આથી જ કહું છું કે–' સાચું સુખ જોઈએ તો જ્ઞાની મહાપુરૂષોએ સુખની જે ચાવી

બતાવી છે તેને બરાબર જાણી લેવી જોઈએ અને સર્વ પ્રકારના પ્રમાદોથી જેમ બને તેમ વધારે પ્રમાણમાં દૂર રહીને, એ ચાવીનો સદુપયોગ કરવામાં જ આ કિંમતી જીવનની પળે પળનો ઉપયોગ કરવાને માટે તત્પર બની જવું જોઇએ.' સાચા સુખની અનન્તજ્ઞાનીઓએ દર્શાવેલી ચાવીને જાણી લઇને, તેનો વ્યાજબી ઉપયોગ કરવામાં તત્પર બનનારા આત્માઓ જ સાચા સુખને પામી શક્યા છે, પામી શકે છે અને પામી શકશે. સાચું સુખ પામવાને માટે, આજે દર્શાવેલા ઉપાય સિવાયનો અન્ય એક પણ ઉપાય છે જ નહિ. આથી સૌ કોઈ આ ચાવીને ઓળખો, એનો અપ્રમત્તપણે વ્યાજબી ઉપયોગ કરનારા બનો અને એ રીતિએ અન્તે સાચા સુખના ભોક્તા બનો, એ જ એક મનઃકામના.

ઇષ્ટપ્રાપ્તિના ઉપાયો

વિ. સં. ૧૯૯૧ માં
પાટણમાં
અપાએલું

અનન્ય ઉપકાર :

આ વિશ્વમાં સાચા, સર્વશ્રેષ્ઠ અને એકાન્તે ઉપકારી તરીકે તેજ પરમપુરૂષોની ગણના કરી શકાય, કે જે પરમપુરૂષોએ જગતના પ્રાણિઓને ઇષ્ટનું સમર્પણ કરવામાં, કોઇ પણ પ્રકારની કમીના રાખી ન હોય. જગતના પ્રાણિઓને ઇષ્ટનું સમર્પણ કરવું, એના જેવો અન્ય એક પણ ઉપકાર નથી. અનન્ત ઉપકારી તારક મહાપુરૂષોએ એ જ કાર્ય કર્યું છે. જગતના જીવો ઉપર,

એ તારક પરમર્ષિઓનો મોટામાં મોટો ઉપકાર એ જ છે. વસ્તુતઃ, તાત્ત્વિક દૃષ્ટિએ, જગતના જીવોને જે ઈષ્ટ છે, એ જ એ તારકોને પણ ઈષ્ટ હતું. એ ઇષ્ટને એ તારકોએ સંપાદન કર્યું અને ઇષ્ટપ્રાપ્તિના માર્ગનું દાન કરવા દ્વારા, એનું જગતના પ્રાણિઓને સમર્પણ પણ કર્યું. જગતના પ્રાણિમાત્રનું જે સાચું ઇષ્ટ છે, તે જો એવી વસ્તુ હોત કે–'કોઇની આપી કોઈથી લઈ શકાય' તો તો આ સંસાર વિદ્યમાન હોત જ નહિ : કારણ કે–ઇષ્ટ-પ્રાપ્તિનો માર્ગ દર્શાવનાર તારકો, સારા ય વિશ્વના જીવોને ઇષ્ટની પ્રાપ્તિ કરાવવાની ઉત્કટ ભાવનાથી ઓતપ્રોત અંતઃકરણવાળા બન્યા હતા અને એ ભાવનાના પરિપાક રૂપે જ એ તારકોએ ઇષ્ટપ્રાપ્તિનો માર્ગ પ્રરૂપ્યો છે. ઈષ્ટ, એ જો કોઇની આપી આપી શકાય તેવી વસ્તુ હોત, તો આવી ભાવનાવાળા તારકો માર્ગદર્શન કરાવીને જ અટકત ખરા? નહિ જ, પણ ઈષ્ટ એ એવી વસ્તુ છે કે–કોઇની આપી અપાય નહિ. પોતાના ઇષ્ટને પોતે જ સાધવું જોઇએ. આથી એ તારકોએ ઇષ્ટપ્રાપ્તિનો માર્ગ દર્શાવ્યો, કે જેથી ઈષ્ટની પ્રાપ્તિને માટે જ્યાં–ત્યાં અને જેમ–તેમ ફાં–ફાં મારી રહેલી દુનિયા, યોગ્ય માર્ગે પ્રયત્નશીલ બનીને, પોતાના ઈષ્ટને સંપાદન કરનારી બની શકે. જગતના જીવોને આ રીતિએ ઈષ્ટની પ્રાપ્તિનો માર્ગ દર્શાવ્યો, એટલા માત્રથી પણ એ તારકોએ જગત ઉપર અનન્ય અને અનુપમ ઉપકાર કર્યો છે, એમ કહ્યા વિના ચાલે તેમ નથી : કારણ કે–એ તારકોએ જે માર્ગ

દર્શાવ્યો છે, તે સિવાયના કોઇ પણ માર્ગે જગતના જીવો પોતાનું ઈષ્ટ સાધી શક્યા નથી અને સાધી શકે એ શક્ય પણ નથી. જગતના જીવો ઈષ્ટના અર્થી રહ્યા, એટલે ઇષ્ટનું સંપાદન કરવાને મનથી, વચનથી અને કાયાથી જેટલો શક્ય હોય તેટલો પ્રયત્ન કર્યા વિના રહે નહિ. હવે એ પ્રયત્ન જે દિશાએ હોવો જોઈએ, એથી ઉલ્ટી દિશાએ હોય તો? ઇષ્ટના સાધક માર્ગે હોવાને બદલે ઇષ્ટના અવરોધક માર્ગે હોય તો? તો પરિણામ એ જ આવે કે—મનથી, વચનથી અને કાયાથી ભારેમાં ભારે પ્રયત્ન કરવા છતાં પણ, ઈષ્ટની પ્રાપ્તિ થાય નહિ અને ઈષ્ટની પ્રાપ્તિમાં અંતરાયો વધતા જાય. ઉલ્ટું જેમ પ્રયત્ન ભારે, તેમ ઇષ્ટપ્રાપ્તિમાં અંતરાયો પણ ભારે જ ઉભા થાય. જગતના જીવો ઇષ્ટપ્રાપ્તિના હેતુથી પણ ઈષ્ટના અવરોધક માર્ગે જ પ્રયત્નશીલ બન્યા છે—એમ એ તારકોએ જોયું અને એથી જ એ તારકોમાં વિશ્વના સઘળા જ જીવોને ઈષ્ટપ્રાપ્તિનો માર્ગ પમાડવાની ઉત્કટ ભાવના પ્રગટી. ઉલ્ટી દિશાએ થતા પ્રયત્નથી નિપજતા નુકશાનને આપણે સમજી શકીએ અને અજ્ઞાન જગતનો ઇષ્ટપ્રાપ્તિના હેતુથી થતો પ્રયત્ન ઉલ્ટી દિશાનો છે એમ આપણું અંતર કબૂલ કરે, તો ઈષ્ટપ્રાપ્તિનો સાચો માર્ગ દર્શાવનારા તારકોના ઉપકારની અનન્યતાને અને અનુપમતાને આપણે સમજી શકીએ. આજના આ વ્યાખ્યાનને માટે એવી જાહેરાત કરવામાં આવી છે કે—આજના વ્યાખ્યાનમાં ઇષ્ટપ્રાપ્તિના ઉપા-

યોને લગતું વિવેચન કરવામાં આવશે. ઇષ્ટના સ્વરૂપનો, ઇષ્ટના સાધક ઉપાયોનો અને ઇષ્ટપ્રાપ્તિમાં બાધક વસ્તુઓનો જ આજે વિચાર કરવાનો છે: પણ ઇષ્ટ-પ્રાપ્તિના જે ઉપાયો દર્શાવવાના છે, તે તો અનન્ત-જ્ઞાની શ્રી અરિહંત પરમાત્માએ જે ઉપાયો ફરમાવ્યા છે, તે જ બતાવવાના છે: કારણ કે–ઇષ્ટપ્રાપ્તિનો એ જ એક વાસ્તવિક માર્ગ છે. બીજું પણ જે કાંઇ કહેવાનું છે, તે પણ એ તારકોની આજ્ઞા મુજબનું જ કહેવાનું છે.

ઇષ્ટ અને ઇચ્છિત:

આજે તમે ઇષ્ટપ્રાપ્તિના ઉપાયો સાંભળવાને માટે આવ્યા છો, તો વિચાર કરો કે–'તમને ઇષ્ટ શું છે?' અહીં એક પછી એકને–એમ બધાને જો એમ પૂછવામાં આવે કે–'તમને શું ઇષ્ટ છે?' તો તમને એમ લાગે છે ખરૂં કે–બધા તરફથી એક જ સરખો જવાબ મળે? નહિ જ. કોઇ કહેશે કે–'મને અમૂક વસ્તુ ઇષ્ટ છે' અને કોઇ કહેશે કે–'મને અમૂક વસ્તુ ઇષ્ટ છે.' આ રીતિએ લગભગ બધા પોતાના ઇષ્ટ તરીકે જૂદી જૂદી વસ્તુઓને જણાવશે, પણ બધા તરફથી 'અમને તો આ જ ઇષ્ટ છે.'–એવો એકસરખો ઉત્તર નહિ મળે. ખરી રીતિએ તો બધા તરફથી એકસરખો જ ઉત્તર મળવો જોઇએ: કારણ કે–સૌનું ઇષ્ટ તો એક જ સરખું છે. જગતના એક પણ જીવના ઇષ્ટમાં ભેદ છે જ નહિ. તમે જરાક ડહાપણથી વિચાર કરો, તો તમને પણ આ વસ્તુ સમજાયા વિના રહે

નહિ. કોઇ કહે છે કે–' મારે અમૂક જોઇએ' અને કોઇ કહે છે કે–' મારે અમૂક જોઇએ ' પણ તેમને પૂછો કે–તે તે વસ્તુઓ તમારે જોઈએ છે શું કરવાને ? તે તે વસ્તુઓ જોઇએ છે, તો તે મેળવવા પાછળ કોઈ ધ્યેય છે કે નહિ ? છે જ. દુનિયાની આ કે તે, ગમે તે વસ્તુદ્વારા પણ પરિણામે જે વસ્તુને પામવાની ઇચ્છા છે, તેને આપણે ઇષ્ટ કહીએ છીએ. દુનિયાની તે તે વસ્તુઓ દ્વારા એ ઇષ્ટ સાધ્ય છે કે નહિ અગર તે તે વસ્તુઓને મેળવવાની ઈચ્છા, પ્રવૃત્તિ અને તે તો વસ્તુઓનો ઉપયોગ ઈષ્ટનો સાધક છે કે અવરોધક છે–એ વિગેરે વિચારો પછી કરીશું, પણ તે પહેલાં એ વિચારો કે–કોઈને કોઈ વસ્તુ તો કોઇને કોઇ વસ્તુ જે જોઇએ છે, તે કયા હેતુને સિદ્ધ કરવાને માટે જોઈએ છે ? વિચાર કરતાં સમજાશે કે–ભલે માણસે માણસે જૂદી જૂદી વસ્તુઓની ઇચ્છા હોય, પણ તે તે વસ્તુઓની પ્રાપ્તિ આદિ દ્વારા તે તે માણસોને જે મેળવવાની ઈચ્છા છે, જે હેતુને સિદ્ધ કરવાની ઈચ્છા છે–એમાં તો કયાંય ભેદ છે જ નહિ. આથી આપણે પહેલું તો એ નક્કી કરીએ છીએ કે–ઇષ્ટ તો સૌનું એક જ છે. ત્યારે ભેદ શામાં છે ? તે ઈષ્ટને પ્રાપ્ત કરવાને માટે માનેલા ઉપાયોમાં ! એક માણસ અમૂક વસ્તુની પ્રાપ્તિ આદિથી પોતાનું ઇષ્ટ સિદ્ધ થશે એમ માને છે અને બીજો માણસ બીજી જ વસ્તુની પ્રાપ્તિ આદિથી પોતાનું ઈષ્ટ સિદ્ધ થશે એમ માને છે. આમ ઇષ્ટની પ્રાપ્તિના ઉપાય રૂપે અનેક વસ્તુઓ મનાય

છે. આ બધાને આપણે 'ઇચ્છિતો' તરીકે ઓળખીએ. કોઇ પણ વસ્તુ મેળવવા આદિના અન્તિમ ફલ રૂપે જે સૌને જોઇએ છે, તેને આપણે ' ઇષ્ટ ' તરીકે ઓળખીશું : અને એ અન્તિમ ફલ રૂપે જે સૌને જોઈએ છે, તેને મેળવવાના હેતુથી–જે જે વસ્તુઓની ઇચ્છાઓ થાય છે, તે સર્વ ઇચ્છિતોનો સમાવેશ આપણે ' ઇચ્છિત 'માં કરીશું. તમને જો આવો વિભાગ કરતાં આવડતું હોય, તો ' તમને શું ઇષ્ટ છે ? '–એમ પૂછવામાં આવતાં, માણસે માણસે ઉત્તર જૂદો–એ દશા થાય ખરી ? નહિ જ, પણ ઇષ્ટ શું અને ઇચ્છિત શું–એ વિગેરેના વિચારો જ કોણ કરે છે ? જગતમાં ગતાનુગતિકતા તો એવી કારમી ચાલે છે કે–વર્ણવી વર્ણવાય નહિ, છતાં–' અમે અમારા બુદ્ધિબળે જ સ્વતન્ત્રપણે ચાલનારા છીએ '–એવો ફાંકો રાખનારાઓનો આ જગતમાં તોટો નથી. બાકી ખ્યાલ કરો કે–' આપણને ઇષ્ટ શું છે અને આપણને જે ઇષ્ટ છે તેને મેળવવાને માટે આપણાં જે ઇચ્છિતો છે તેથી કાર્યસિદ્ધિ થાય તેમ છે કે નહિ ? ' જેણે આટલો પણ વિચાર નથી કર્યો, તે બુદ્ધિમાન, વિચારશીલ અને ગતાનુગતિકપણે નહિ ચાલતાં સ્વતન્ત્રપણે ચાલનારો છે–એમ માને કોણ ? આથી ઇષ્ટપ્રાપ્તિના ઉપાયોને જાણવાની અને ઇષ્ટપ્રાપ્તિના ઉપાયોને જાણીને તેનો જીવનમાં શક્ય અમલ કરવાની ભાવનાવાળાઓએ, સૌથી પહેલાં 'ઇષ્ટ' અને 'ઇચ્છિત'–એ બે વચ્ચેના ભેદને સમજી લેવો જોઈએ. ' ઇષ્ટ ' અને ' ઇચ્છિત ' વચ્ચે

રહેલું અન્તર ન સમજાય, તો મોટો અનર્થ થાય : માટે ‘ઇષ્ટ શું ?’ અને ‘ઇચ્છિત શું ?’—એ બરાબર સમજાઇ જવું જોઈએ. ‘ઇષ્ટ’ અને ‘ઇચ્છિત’ની વચ્ચે આકાશ અને પાતાળ જેવું અન્તર છે, એમ પણ કહેવું હોય તો કહી શકાય. એ કારણે, ‘ઇષ્ટ’ની પ્રાપ્તિમાં નિમિત્તભૂત બનનાર એકાન્તે ઉપકાર જ કરે છે, જ્યારે ‘ઇચ્છિત’ની પ્રાપ્તિમાં નિમિત્તભૂત બનનારથી ઉપકાર જ થાય એવો નિયમ નહિ : એમાં તો ઉપકારે ય થાય અને અપકારે થાય.

અન્તર સમજવાની જરૂર :

‘ઇષ્ટ’ અને ‘ઇચ્છિત’—એ બે વચ્ચેના આ પ્રકારના ભેદને જેઓ નથી કળી શકતા અને એથી જેઓ ‘ઇષ્ટ’ની પ્રાપ્તિ થાય એવી એવી વસ્તુઓનું દાન દેવાને બદલે, ઇષ્ટની પ્રાપ્તિ થવામાં બાધક એવી ‘ઇચ્છિત’ વસ્તુઓનું દાન દેવાનું શરૂ કરી દે છે, તેઓ સ્વ–પરના હિતનો નાશ જ કરે છે. ઇચ્છિત વસ્તુઓનું દાન કરવામાં વિવેક જોઈએ જ. ઇષ્ટપ્રાપ્તિના ઉપાયો, કે જે અનંતઉપકારિઓએ દર્શાવેલા છે, તેનો ખ્યાલ હોય તો જ ઇચ્છિતના દાનમાં સંભવિત અનર્થોથી બચી શકાય. જગતના જીવોનું ઇષ્ટ એક છે : ઇચ્છિત ભિન્ન ભિન્ન છે. ઇષ્ટ સ્વાભાવિક છે : ઇચ્છિત સંયોગજન્ય છે. એ બેનો વિભાગ સમજીને જો દાન થાય, તો નુકશાન પહોંચવાનો સંભવ નથી : પરન્તુ એ વિચાર ન થાય અને ઇષ્ટની વગર સમજણે—ઇષ્ટપ્રાપ્તિના ઉપાયોની સમજ વિના જ, જો ઇચ્છિતનું દાન

કરવાનો પ્રયત્ન થાય, તો એ પ્રયત્ન મહા ભયંકર પરિણામ નિપજાવનાર પણ બની જાય: માટે 'ઇષ્ટ' અને 'ઇચ્છિત' વચ્ચેના અન્તરને બરાબર સમજી લેવું જોઇએ.

ઇચ્છિત સુમાર વિનાનાં :

આપણે એ વાત તો નક્કી કરી આવ્યા કે–જગતના સઘળા જ પ્રાણિઓનું ઇષ્ટ તો એક જ છે. જગતના જીવોનું ઇષ્ટ એક જ છે, જ્યારે ઇચ્છિતોનો સુમાર નથી. સૌનું ઇષ્ટ એક જ હોવા છતાં પણ, જો ઇચ્છિતના વિષયમાં ઉતરીએ, તો કદાચ એમ પણ કહી શકીએ કે–ઇચ્છિતની બાબતમાં દરેકે દરેક જીવ જૂદો પડે છે. જગતના જીવો ઇચ્છિતમાં એક–બીજાથી જૂદા છે, એની સાથે જીવ એક અને ઇચ્છિતો અનેક–એવી પણ દશા છે. આજે આ વસ્તુની ઇચ્છા, તો કાલે વળી બીજી વસ્તુની ઇચ્છા. હમણાં કોઈ ચીજની ઇચ્છા અને થોડાક સમય બાદ બીજી ચીજની ઇચ્છા. જેમ સંયોગ ફરે તેમ ઇચ્છિતમાં પણ ફેર પડે. આમ ઇચ્છિતો સુમાર વિનાનાં છે. ઇષ્ટના સંબંધમાં આવું કાંઈ જ બનતું નથી અને એથી સર્વ જીવોને માટે અને સદા કાળને માટે ઇષ્ટ એક જ રહ્યું છે અને રહેશે. વળી ઇચ્છિતમાં એવું પણ છે કે–તે કોઈ વાર સ્વપરને માટે લાભદાયી હોય, તો કોઇ વાર સ્વપરને માટે નુકશાન કરનાર પણ હોય. ઇષ્ટ માટે એ જોખમ પણ નથી. એ મળે–વાસ્તવિક રૂપે ઇષ્ટ મળે તો લાભ જ થાય, પણ હાનિ ન જ થાય. આથી ઇષ્ટ

અને ઈચ્છિત–એ ઉભયના સ્વરૂપ આદિને જાણી લે
જોઇએ. ઇષ્ટ અને ઇચ્છિત વિષેના વાસ્તવિક જ્ઞાન વિ
તમારો–દુનિયાના જીવોનો કોઇ પણ પ્રયત્ન, નિષ્ફળ
નુકશાનકારક નિવડે તો તે સ્વાભાવિક જ ગણાય.

રોગિનું ઈષ્ટ :

દૃષ્ટાન્ત તરીકે રોગિને લ્યો. દુનિયાના જેટલા રોગિ
છે, તે બધાનું ઇષ્ટ એક માત્ર આરોગ્ય છે : રોગ જુ
જૂદા, પીડા ભિન્ન ભિન્ન, પણ સૌનું ઇષ્ટ તો એક જ! સઘ
પણ દર્દિઓનું ઇષ્ટ એક માત્ર આરોગ્ય છે. રોગિ
તેની છેલ્લામાં છેલ્લી અવસ્થામાં પૂછો તો પણ, એ
ધ્વનિ એક જ નીકળશે કે–એને ઈષ્ટ તો આરોગ્ય
છે. પછી ભલે એને બોલતાં ન આવડે અને એથી કે
કહે કે–'માથાની પીડા શમે તો સારૂં' કોઇ કહે કે
'પેટનો દુઃખાવો શમે તો સારૂં' કોઈ કહે કે–'તાવ ઉ
તો સારૂં' કોઇ કહે કે–'આંખો મટે તો સારૂં' કોઈ
કે–'છાતીની બળતરા મટે તો સારૂં' અગર કોઈ કહે કે
અંગ રહી ગયાં છે તે હલાય–ચલાય તો સારૂં' : પર
એ બધાનો અંતરધ્વનિ તો એક માત્ર એ જ છે :
આરોગ્ય પ્રાપ્ત થાય તો સારૂં : અર્થાત્–આરોગ્ય
સઘળા દર્દિઓનું ઇષ્ટ છે. વૈદ્ય કે ડૉકટર, દર્દિને એ
વસ્તુ–આરોગ્ય આપવાને ઇચ્છે છે : પરન્તુ એ સં
આરોગ્ય નહિ આપી શકે : આપી શકશે તો પણ
વૈદ્ય કે ડૉકટર આરોગ્યનું સાધન જ આપી શકશે.

સાધન બરાબર હોય અને તેનો વ્યાજબી રીતિએ ઉપયોગ થાય, તો જે રોગને નાબૂદ કરવાને માટે તે સાધન અપાયું હોય તે રોગ જાય અને તેટલા પૂરતું શારીરિક આરોગ્ય પ્રાપ્ત થાય. જો કે-ભાગ્ય નથી હોતું તો સારામાં સારા ગણાતા વૈદ્યો અને ડૉકટરોના પ્રયત્નો પણ નિષ્ફલ નિવડે છે, પરન્તુ અત્યારે આપણે એ વાત વિચારતા નથી. આપણે તો અત્યારે એ નક્કી કરવું છે કે-દુનિયામાં રોગ પણ ઘણા છે અને રોગિઓ પણ ઘણા છે, પરન્તુ સર્વ રોગિઓનું ઇષ્ટ કયું છે અને તે જૂદું જૂદું છે કે એક છે? રોગી-રોગિએ ઇચ્છાઓ જૂદી જૂદી છે, પણ સર્વ રોગિઓના ઇષ્ટનો જો વિચાર કરો, તો તમને એમ જ લાગે કે-'સર્વ રોગિઓનું ઇષ્ટ એક જ છે અને તે આરોગ્ય!'

રોગિનાં ઇચ્છિતો :

સર્વ રોગિઓનું ઇષ્ટ એક આરોગ્ય છે-એ જેમ નક્કી થઇ ગયું, તેમ સર્વ રોગિઓનાં ઇચ્છિતો જૂદાં જૂદાં છે એ પણ નક્કી જ થઈ ગયું: કારણ કે-રોગ જૂદા જૂદા છે, પીડાઓ ભિન્ન ભિન્ન છે. રોગિઓનાં ઇચ્છિતોમાં માત્ર તે તે દર્દ કે તે તે પીડાના નાશને લગતાં જ ઇચ્છિતો હોય છે અને બીજાં કોઈ ઇચ્છિતો નથી જ હોતાં, એમ પણ કહી શકશો? નહિ જ. દર્દ કે પીડાના નાશને લગતાં ઇચ્છિતોમાં પણ, કેટલીક વાર એવાં ઇચ્છિતો પણ હોય છે, કે જે ઇચ્છિતો દર્દ કે પીડાના નાશની

ભાવનામાંથી જ જન્મ્યાં હોય અને તેમ છતાં પણ તે ઇચ્છિતો, દર્દ કે પીડાનાં નાશક ન હોય પણ દર્દ કે પીડાને વધારી મૂકનારાં હોય! ઉપાય વિષેના અજ્ઞાનને કારણે આવું પણ બને ને? બને. હવે આગળ. માનો કે-દર્દ કે પીડાના નાશના ઉપાયનું જ્ઞાન હોય, અમૂક અમૂક વસ્તુઓનો ઉપયોગ હિતકારક અને અમૂક અમૂક વસ્તુઓનો ઉપયોગ હાનિકર–એવો ખ્યાલ હોય, તે છતાં પણ રોગિઓને હાનિકારક ખાન–પાન કે હાનિકારક ભોગોપભોગ કરવાની ઇચ્છાઓ થાય છે કે નહિ? શું સઘળા જ દર્દિઓ પથ્યના સેવનમાં અને કુપથ્યના ત્યાગમાં ફેરફાર વિનાના હોય છે? હિતકારક તરીકે સમજાએલી વસ્તુ પણ કડવી આદિ હોવાના કારણે લેવાનું મન ન થાય એમ પણ બને અને હાનિકારક તરીકે સમજાએલી વસ્તુ પણ મોહાદિના કારણે લેવાનું મન થાય એમ પણ બને, એ વાતનો કોઇથી પણ ઇનકાર થઇ શકે તેમ છે? આરોગ્યની રૂચિ છતાં, પથ્યસેવન કરવા જોગા સત્ત્વ, સ્થૈર્ય અને ધૈર્યના અભાવે પથ્ય-સેવનમાં પ્રમાદ આવે એય શક્ય છે અને જીભની ચળ આદિના પ્રતાપે અમૂક ખાવા–પીવાની અને અમૂક ભોગવવા આદિની ઇચ્છાઓ ઉછાળા માર્યા કરે એ પણ શક્ય છે. આવી દશામાં રોગિને આરોગ્ય રૂપ ઇષ્ટ પમાડવાની ઇચ્છાવાળા વૈદ્ય કે ડૉકટરે કેમ વર્તવું જોઇએ અને રોગિનાં સંખ્યાબંધ ઇચ્છિતો પૈકીનાં કેટલાં ઇચ્છિ-તોને સફલ અને કેટલાં ઇચ્છિતોને નિષ્ફલ થવા દેવાં જોઇએ

—એ પણ વિચારણીય છે: પણ એ વાત તો નક્કી થઈ ગઈ—સમજાઈ ગઈ ને કે—સર્વ રોગિઓનું ઇષ્ટ એક હોવા છતાં પણ, દરેક રોગિનાં ઇચ્છિતો સુમાર વિનાનાં છે?

રોગિનું દૃષ્ટાન્ત શા માટે?

અહીં આપણે રોગિનું જે દૃષ્ટાન્ત લીધું છે, તે ઇરાદાપૂર્વક લીધું છે. જગતના જીવોને રોગ હોય તો તે માત્ર શરીર સંબંધી જ હોય એમ નથી. શરીરના રોગોને ઉત્પન્ન કરનાર અને બીજી પણ અનેક રીતિએ જગતના જીવોને રંજાડનાર એક મહારોગ છે. એ મહારોગ જેનો મૂળમાંથી જાય, તેને શરીરના રોગો પણ હોય નહિ. આ શરીર વળગ્યું છે, તે પણ એ મહારોગના કારણે જ વળગ્યું છે. એ મહારોગ મૂળમાંથી જાય એટલે શરીર હોય નહિ અને શરીર હોય નહિ એટલે શરીરના યોગે નિપજતી તકલીફો પણ હોય નહિ તેમજ એ ન હોય તો એ સિવાયની કોઈ તકલીફ છે પણ નહિ! જેટલા જેટલા શરીરધારી છે, તે સર્વ જીવોને એ મહારોગ વળગેલો જ છે. એમાં એવા કોઇ જરૂર હોય કે—એ મહારોગથી રીબાતા ન હોય, પણ દહાડે દહાડે એ મહારોગથી વધુ ને વધુ મુક્ત બન્યે જતા હોય: પણ જ્યાં સુધી શરીરનો યોગ છે ત્યાં સુધી એ મહારોગ વિદ્યમાન છે અથવા જ્યાં સુધી એ મહારોગ જેમને હોય તેમને શરીર હોય જ—એ નિર્વિવાદ વાત છે. આપણે શરીરધારી છીએ કે નહિ? છીએ જ.

તો એ નક્કી થયું કે—આપણે પણ એ મહારોગના પંજામાં સપડાએલા જ છીએ. જગતના સર્વ જીવો એ મહારોગના પંજામાં સપડાએલા છે, એટલે અહીં ઇષ્ટપ્રાપ્તિના ઉપાયો સમજવવાને માટે, આપણે રોગિનું જે દૃષ્ટાન્ત લીધું છે તે બંધબેસતું છે. રોગિનું ઇષ્ટ આરોગ્ય છે, તો જગતના જીવોનું ઇષ્ટ પણ આરોગ્ય જ છે. દુનિયાના—શરીરના રોગવાળાનું આરોગ્ય જૂદું અને શરીરધારી માત્રને જે મહારોગ છે તે સંબંધિનું આરોગ્ય જૂદું: કારણ કે—એક રોગ શરીરસુખનો બાધક છે, તો બીજો રોગ આત્મસુખનો બાધક છે.

રોગિના ઉદાહરણમાંથી ઉપસ્થિત થયેલી ચાર વસ્તુઓની વિચારણા :

આપણે રોગિનું દૃષ્ટાન્ત લીધું, એમાં કેટલી વિચારણાઓ ઉપસ્થિત થઈ? 'રોગિઓને ઇષ્ટ શું છે, રોગિઓનાં ઇચ્છિતો કેટલાં છે, ચિકિત્સક રોગિઓને ઇષ્ટનું સમર્પણ કયી રીતિએ કરી શકે છે અને રોગિઓ જ્યારે અનેક-વિધ ઇચ્છિતોમાં મગ્ન બન્યા હોય, ત્યારે રોગિઓને ઇષ્ટનું સમર્પણ કરવાની ભાવનાવાળા ચિકિત્સકે રોગિઓની ઇચ્છાઓને તાબે થવું કે પોતાના ઇષ્ટસમર્પણના જ એક ધ્યેયમાં મુસ્તાક બન્યા રહેવું?'—આ વિગેરે વાતો રોગિના ઉદાહરણમાંથી ઉત્પન્ન થઇ ને? આ બધી વાતોને તમારે, શરીરધારી જીવ માત્રના મહારોગને અંગે પણ વિચારવાની છે અને એથી તમારા

અનુભવની પણ આ વાતોને તમારે બરાબર સમજી લઇને યાદ રાખી લેવાની છે. રોગી માત્રનું ઇષ્ટ આરોગ્ય છે. એક પણ રોગી એવો નહિ મળે, કે જેનું ઇષ્ટ આરોગ્ય ન હોય. એ જ રીતિએ નક્કી કરવાનું કે–જગતના શરીરધારી જીવ માત્રનું ઈષ્ટ કયું ? આ પછી આપણે જોયું કે–સર્વ રોગિઓનું ઇષ્ટ એક હોવા છતાં પણ, પરસ્પરનાં ઇચ્છિતોમાં પણ ભેદ છે અને પ્રત્યેક રોગિનાં ઇચ્છિતો પણ સુમાર વિનાનાં છે તેમ જ તેમાં ય કવચિત્ પરસ્પર વિરૂદ્ધતા પણ હોય છે. વળી તે ઇચ્છિતો ઇષ્ટસાધક જ હોય છે અગર તો ઈષ્ટબાધક નથી જ હોતાં, એમ પણ નથી. એ જ રીતિએ આપણે જગતના શરીરધારી જીવ માત્રનાં ઇચ્છિતોનો વિચાર કરવાનો રહ્યો. ત્રીજી વાત એ થઇ કે–રોગિઓ આરોગ્યને લેવા ઇચ્છે છે અને ચિકિત્સકો આરોગ્યને દેવા ઇચ્છે છે, પણ રોગિઓને તે મળે છે કેવી રીતિએ અને ચિકિત્સકો તે આપે છે કયી રીતિએ ? એમાં આપણે જોયું કે–આરોગ્યની સીધી લેવડ–દેવડ શક્ય નથી, માટે ઉપાય કે સાધનની લેવડ–દેવડ દ્વારા જ આરોગ્યની લેવડ–દેવડ કરાય છે. આથી શરીરધારી જીવ માત્રને જે ઈષ્ટ છે, તેની લેવડ–દેવડ પણ ઉપાયો દ્વારા જ થઈ શકે છે એમ સમજી લેવાનું છે. હવે ચોથો પ્રશ્ન છે–ચિકિત્સક રોગિઓનાં ઇચ્છિતોને આધીન બને કે નહિ ? ઇષ્ટબાધક ઇચ્છિતો પૂરાં પાડવાને એ તૈયાર થાય કે ઇષ્ટબાધક ઇચ્છિતોને તજાવવાને એ તૈયાર થાય ? આવું શરીરધારી

જીવ માત્રના મહારોગને અંગે પણ વિચારવાનું છે અને એથી આ બધું યાદ હશે તો સમજવામાં ઘણી સહેલાઈ થઈ જશે. ચિકિત્સકની ઇચ્છા રોગિને ઈષ્ટનું દાન કરવાની જ હોવી જોઇએ. એ ચિકિત્સક મનુષ્ય તરીકે ગણાવાને પણ લાયક નથી, કે જેની ઇચ્છા–'રોગી બીલ ભરનારો રહે!'–એવી હોય! ચિકિત્સક નિર્દય, અતિશય સ્વાર્થી અને ઘણી જ અધમ કોટિએ પહોંચેલો હોય, તો જ એવી ઇચ્છા કરે કે–'આ દર્દી સદાને માટે દર્દી બન્યો રહે અને મારૂં ગજવું એનાથી ભરાયા કરે!' સાચો ચિકિત્સક તો રોગિને ઈષ્ટ આપવાને જ ઈચ્છે. સાચા ચિકિત્સકને તો, જે રોગિને ઇષ્ટ હોય તેનું જ દાન કરવાની અભિલાષા હોય. ચિકિત્સક અને દર્દિનું ઇષ્ટ એક જ છે: રોગી આરોગ્ય પ્રાપ્ત કરવાને ઇચ્છે છે અને ચિકિત્સક આરોગ્ય દેવાને ઇચ્છે છે. આમ ઈષ્ટમાં બન્નેની ભાવના સરખી છે, પણ જ્યાં ઈચ્છિતના વિચારમાં આવીએ એટલે ભેદ પડવાનો. દર્દી જે કાંઇ ઇચ્છે તે સર્વની છૂટ ચિકિત્સક આપે ખરો? ચિકિત્સક રોગિની ઈચ્છાને આધીન ન બને, પણ ઇષ્ટને જ આધીન રહે. ઈષ્ટમાં ચિકિત્સક અને રોગી–બન્ને એકમત છે, પણ દર્દિની અને ચિકિત્સકની ઇચ્છાઓમાં મોટો ભેદ છે. દર્દિની કોઇ ઇચ્છાને આધીન થવું પડે તો પણ, ચિકિત્સક, ઇષ્ટને એ બાધક ન થઈ જાય તેની કાળજી રાખે છે. દવાખાનાંઓમાં દવાઓના સેંકડો બાટલાઓ હોય, પણ દવા દર્દી માગે તે બાટલામાંથી નથી આપવામાં આવતી,

પણ ચિકિત્સકને યોગ્ય લાગે તે બાટલામાંથી જ દવા અપાય છે. દર્દી ગમે તેવી માગણી કરે, પણ ચિકિત્સક કહી દે છે કે–' હું કહું છું તેમ કરીશ તો જ આરોગ્ય પ્રાપ્ત થશે. હું જે દવા આપું છું તે નિયમિત ખાઈશ અને આજુબાજુ હું કહું છું તેમ વર્તીશ, તો જ આરોગ્ય મળશે.' આ રીતિએ ચિકિત્સક દર્દીની ઈચ્છાને આધીન થતો નથી, પણ ઈષ્ટને આધીન રહે છે. ચિકિત્સક દર્દીને પણ ઇચ્છિતમાં નહિ ફસાતાં ઇષ્ટ તરફ જ લક્ષ્ય આપવાનું સૂચવે છે તેમજ નિયમિત દવા ખાવાનું, પથ્યનું સેવન કરવાનું અને કુપથ્યનો ત્યાગ કરવાનું કહે છે.

સૌનું ઈષ્ટ એક જ અને તે સુખ :

હવે આપણે શરીરધારી જીવ માત્રના ઈષ્ટનો વિચાર કરીએ. આપણે એ તો નક્કી કરી આવ્યા છીએ કે–જેટલા શરીરધારી જીવો છે, તે સર્વ થોડે કે વધુ અંશે રોગિઓ જ છે. શરીરધારી જીવ માત્રને ઇષ્ટ શું છે? પ્રાણિમાત્રને ઇષ્ટ શું છે? એ વસ્તુ એવી શોધી કાઢવી જોઇએ, કે જેમાં મતભેદ ન હોય. ઇષ્ટમાં મતભેદ હોય, એ ન ચાલે. ઇષ્ટ તો સૌનું એક જ હોવું જોઇએ અને વસ્તુતઃ તે એક જ છે. ત્યારે પ્રાણિમાત્રને ઇષ્ટ શું છે? એક જ અને તે સુખ! જગતના જીવોની સઘળી પ્રવૃત્તિઓ તપાસી જૂઓ, તો દરેક પ્રવૃત્તિનો હેતુ એક માત્ર સુખ જ મેળવવાનો છે, એમ જણાઈ આવશે. ચોવીસે કલાકની ધમાલો, કેવળ સુખ મેળવવાના જ હેતુથી ચાલે છે.

સુખ પણ કેવું જોઇએ છે?

જગતના જીવોને સુખ ઇષ્ટ છે, પણ તે સાધારણ કોટિનું નહિ! દુનિયાના પ્રાણિઓને જે સુખ જોઇએ છે તે એવી કોટિનું જોઈએ છે કે-તે સુખ દુઃખના લેશ વિનાનું હોય, સંપૂર્ણ હોય અને શાશ્વત પણ હોય. ભલેને બધાય પ્રાણિઓ-'અમારે આવા પ્રકારનું સુખ જોઇએ છે'-એમ ન બોલી શકતા હોય, પરન્તુ-'સૌને દુઃખના લેશ વિનાનું, સંપૂર્ણ અને શાશ્વત સુખ જોઇએ છે'-એ તો ચોકકસ જ બીના છે. સઘળા જીવોનું ઇષ્ટ એવું જ સુખ છે. દુનિયાનાં રોજના અનુભવનાં દૃષ્ટાંતોથી પણ આ વાત પૂરવાર થઇ શકે તેમ છે. દુનિયાના જીવો દુઃખના લેશ વિનાના, સંપૂર્ણ અને શાશ્વત સુખને જ ઇષ્ટ ગણે છે, એ વાત ઘણી જ સહેલાઇથી સિદ્ધ થઇ શકે તેમ છે.

દુઃખના લેશ વિનાનું સુખ :

ગોળના મોદકમાં, ગોળની ગાંગડી આવે એ પણ લોકોને રૂચતું નથી : મોદક ખાતાં જો તેમાં ગોળની ગાંગડી આવી જાય છે, તો પણ લોકો મોંઢું બગાડે છે: કારણ? મોદકના સ્વાદનું તેમને સત્યનાશ વળી જતું લાગે છે! શું ગોળ ગમતો નથી? ગોળ ગમે તો છે, પણ એની ગાંગડી મોદકમાં આવી અને એથી મોદકનો સ્વાદ માર્યો ગયો, એ ખટકે છે! મોદકમાં ગોળની ગાંગડી આવી જાય, તો રસોઇયાને ઠપકો આપતાં એમ પણ કહેવાય છે કે-'જો આવું જ ખાવાનું ગમતું હોત, તો ગોળ

ખાઈ લેત, ઘી પીઈ લેત અને લોટ ફાકી લેત! પણ એથી મોદક ખાવા જેવો કાંઇ આનંદ આવે?' ત્રણે એકાકાર થાય તો અને તે પણ માપસર બધી વસ્તુઓ હોય તો આનન્દ આવે, એમ કહે છે. રસોઇયો કારીગર જોઇએ. ઘણાઓને ઘેર ખાતાં-પીતાં તકલીફ પડે છે, ત્યારે કહે છે કે-કમાવાનું પુણ્ય છે, પણ ભોગવવાનું નથી! એમ મોદક માટે સમજો. લોટ, ઘી ને ગોળ હોય, પણ એ બધું માપસર એકાકાર ન કરાય અને તે પણ જે રીતિએ એકાકાર કરવું જોઈએ તે જ રીતિએ ન કરાય, તો ઘી-ગોળ પ્રત્યે અરૂચિ નહિ હોવા છતાં પણ દુનિયાના જીવો ખાતાં ખાતાં મોંઢું બગાડે છે. આ વસ્તુ પણ પૂરવાર કરે છે કે-દુનિયાના જીવોને જે સુખ જોઇએ છે, તે દુઃખના લેશ વિનાનું જોઇએ છે. જો એમ ન હોત, તો ગોળ અપ્રિય નહિ હોવા છતાં પણ, ગોળની ગાંગડી મોદકમાં આવી માટે મોંઢું બગાડ્યું તે બગાડત નહિ! હા, અવસર એવો હોય કે સારો મોદક મળે તેમ ન હોય તો ગોળની ગાંગડીઓવાળા મોદકથી પણ ચલાવી લે એ વાત જૂદી છે, પરન્તુ મનમાં તો એમ રહી જાય કે-'આ મોદકમાં આટલી ખામી છે!' એમનું ચાલતું હોય તો તેઓ એ ખામીને એક ક્ષણને માટે પણ ટકવા દે નહિ. સારો મોદક મેળવીને જ ઝંપે. આથી ય સિદ્ધ થાય છે કે-સુખના ભોગવટામાં દુઃખનો એક અંશ પણ આવે, તો પણ દુનિયાના જીવોને એ જાતિનું સુખ પસંદ નથી પડતું, એ ચોકક્સ બીના છે.

સંપૂર્ણ સુખ :

એવી જ રીતિએ, સુખ મળે પણ તે સુખ જો અપૂર્ણ મળે તો પણ દુનિયાના જીવોને એ પસંદ પડતું નથી. પોતાની પાસે ન હોય એવી વસ્તુ બીજાની પાસે જોઇને દુનિયાના જીવોને દુ:ખ થાય છે. અધુરૂં સુખ પ્રાય: ઈર્ષ્યા ઉત્પન્ન કરનારૂં પણ નિવડે છે. ઇર્ષ્યા, એ પોતે જ ભયંકર દુ:ખ છે. આ ઉપરાન્ત સુખ અધુરૂં હોવાથી, બાકીનું સુખ મેળવવાની ઈચ્છાનું પણ દુ:ખ રહે છે. આથી સ્પષ્ટ છે કે–દુનિયાના જીવોને જેમ દુ:ખના લેશવાળું સુખ ઈષ્ટ નથી, તેમ અધુરૂં સુખ પણ ઈષ્ટ નથી.

શાશ્વત સુખ :

આવી જ રીતિએ, જે સુખ આવીને પાછું ચાલ્યું જવાનું હોય, અસ્થિર હોય, શાશ્વત ન હોય, તે સુખ પણ દુનિયાના જીવોને ઇષ્ટ નથી. પચીસ કે પચાસ વર્ષોના સુખના ભોગવટા પછીનું એક દહાડાનું દુ:ખ પણ વધી જાય છે. એ વખતનું દુ:ખ ઉલટું વધારે કારમું લાગે છે: એટલે જગતના જીવોને એવું અસ્થિર સુખ પણ ઇષ્ટ નથી. ન મળે અને નિભાવી લે અથવા નથી મળતું અને એથી નિભાવી લે છે-એ વાત જૂદી છે, પરન્તુ આપણી વાત તો એ છે કે–સૌની ઈચ્છા કેવા સુખની છે? શરીરધારી જીવમાત્રને કેવા પ્રકારનું સુખ ઇષ્ટ છે? સૌને એમ જ છે કે–આપણું સુખ દુ:ખના લેશ વિનાનું હોવું જોઇએ, સંપૂર્ણ હોવું જોઇએ અને

શાશ્વત પણ હોવું જોઇએ. ત્યારે એમ તો નહિ જ રહ્યું ને કે-દુનિયાના જીવોને માત્ર સુખ જ ઇષ્ટ છે ? સુખ ઇષ્ટ છે ખરૂં, પણ તે એવું સુખ કે જેમાં દુઃખનો એક અંશ પણ ન હોય, જે સંપૂર્ણ પણ હોય અને જે શાશ્વત કાળ ટકી રહેવાનું પણ હોય.

એકાન્તિક અને આત્યન્તિક સુખ જ પસંદ છે :

જગતના જીવોમાંથી કોઇ પણ જીવને કોઇ પણ કાળે, તમે એવું બોલતાં સાંભળ્યો કે-'મને જે સુખ મળે તે સુખ સાથે દુઃખ પણ ભરેલું હોય તો સારૂં ?' નહિ, ત્યારે એવું બોલતાં પણ સાંભળ્યો કે-'મને જે સુખ મળે તે સુખ અધુરૂં હોય તો સારૂં, કે જેથી સુખને સાધવાની મારી ઇચ્છા અને મહેનત જીવતી ને જાગતી રહે?' આવું બોલતાં પણ જગતના કોઇ જીવને તમે સાંભળ્યો નથી. આવી જ રીતિએ-'ક્યારે મારૂં સુખ ચાલ્યું જાય ? મારૂં સુખ ચાલ્યું જાય તો સારૂં'-આવું પણ જગતનો કોઈ જીવ બોલે અને તમને સાંભળવાને મળે એ શક્ય નથી. આવું કાંઈ જ કોઇ બોલતું નથી, એનું કારણ શું ? એનું કારણ એ જ છે કે-જગતના જીવોને દુઃખ તો પસંદ નથી જ, પણ ઘણા સુખની અંદર પણ થોડું દુઃખ આવે તો તેય પસંદ નથી. ઇચ્છા તો એવી જ હોય છે કે-એવું સુખ મળે તો સારૂં, કે જે સુખમાં દુઃખનો અંશ સરખો પણ હોય નહિ. દુઃખના અંશ વિનાનું સુખ પણ અધુરૂં હોય છે ત્યાં સુધી જગતના જીવોને

ચેન પડતું નથી. તમે સુખનો વિચાર કરવા બેસો, તો 'મારી પાસે અમૂક છે'–એ તરફ જેટલા દોરાશો, તેને બદલે 'મારી પાસે અમૂક અમૂક નથી'–એ તરફ વધારે દોરાશો. 'મારી પાસે અમૂક છે'–એ વિચારના તોષ કરતાં 'મારી પાસે અમૂક અમૂક નથી'–એ વિચારની બળતરા વધારે હોય છે. એ જ રીતિએ, ગમે તેટલું થોડું કે ગમે તેટલું મોટું સુખ મળ્યું હોય, પણ તે જો ચાલ્યું જવાનું છે એવું સાંભળવામાં આવે તો એથી પણ હૈયામાં કારમો વલોપાત ઉત્પન્ન થઇ જાય છે. સુખ ગયા પછી તો ઠીક, પણ સુખ જવાની વાત કાને પડવા માત્રથી પણ ટાંટીયા ભાગી જાય છે. આ બધી વસ્તુ- ઓનો વિચાર કરો તો તમે પણ સમજી શકો કે– જગતના જીવોને સુખ એ કેટલી બધી પ્રિય વસ્તુ છે? દુઃખ કોઇ પણ રીતિએ પસંદ નથી અને સુખ એટલું બધું પ્રિય છે કે જેની સીમા નથી: માટેજ આપણે જોઇએ છીએ કે-દુઃખના અંશોવાળું સુખ મળે તો તે દુઃખના અંશોવાળા પણ સુખથી, સુખ અધુરૂં મળે તો તે અધુરા સુખથી પણ અને ચાલ્યું જવાના કે છૂટી જવાના સ્વભાવ કે નિર્ણયવાળું સુખ મળે તો તેવા સુખથી પણ જગતના જીવો નિભાવી લે છે: એટલું જ નહિ, પણ– 'એટલું તો એટલું, બીજું મળશે ત્યારે ખરૂં'–એમ માનીને કેટલીક વાર તેઓ હર્ષ પામતા પણ દેખાય છે. આ રીતિએ જગતના જીવો દુઃખમિશ્રિત, અપૂર્ણ અને નાશવંત સુખથી નિભાવી લેતા હોય કે તેવા પણ

સુખની પ્રાપ્તિના કારણે હર્ષ પામતા દેખાતા હોય, એટલા માત્રથી એમ માની લેવાનું નથી કે–જગતના જીવોને ખરેખર એવું જ દુઃખમિશ્રિત, અપૂર્ણ અને નાશવન્ત સુખ પસંદ છે. જગતના જીવોને જો દુઃખ-મિશ્રિત, અપૂર્ણ અને નાશવન્ત સુખ જ પસંદ હોત, તો તો તમને એવું સાંભળવાને જરૂર મળત કે–'અમારા સુખમાં દુઃખ ભળે તો સારૂં' અથવા 'અમને મળતું સુખ જેમ અધુરૂં હોય તેમ સારૂં' અગર તો–'ક્યારે અમારૂં સુખ નાશ પામે' પણ જગતના જીવોને પોતાનું સુખ દુઃખમિશ્રિત હોય તો તે પણ ગમતું નથી, અધુરૂં હોય તો તે પણ ગમતું નથી અને તે જો નાશવન્ત હોય તો તે પણ ગમતું નથી. આથી જગતના જીવોના ઈષ્ટના સ્વરૂપને યથાર્થપણે જાણનારા મહાપુરૂષોએ ફરમાવ્યું છે કે–જગતના જીવો વાસ્તવિક રીતિએ તો એકાન્તિક અને આત્યન્તિક સુખના અર્થી છે: અર્થાત્–જગતના જીવો દુઃખના એક અંશ માત્રથી પણ રહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખના અર્થી છે. તમને સમજાય છે ને કે–તમે સુખના અર્થી તો છો, પણ તે આ પ્રકારના સુખના અર્થી છો? ન સમજાતું હોય તો બોલજો.

પરિશ્રમ કરો છો તો હેતુ સિદ્ધ થાય છે?

આ રીતિએ આપણે–'જગતના જીવોને શું ઈષ્ટ છે?' અને 'જે ઈષ્ટ છે તે પણ કેવા રૂપે ઈષ્ટ છે'–એમાં તો સુનિશ્ચિત બની ગયા. હવે આપણે ઈચ્છિતોનો

વિચાર કરવો છે. જગતના જીવો ગમે તે સંયોગોને પ્રાપ્ત કરવાની કે ગમે તે સંયોગોને ટાળવાની મહેનત કરતા હોય, પણ તે સર્વનું ધ્યેય શું છે? દુઃખ ટળે અને સુખ મળે-એ સિવાયનું કોઇ પણ ધ્યેય, જગતના જીવોની કોઇ પણ પ્રવૃત્તિ પાછળ હોય એ શક્ય છે? નહિ, ત્યારે એ કબૂલ છે ને કે-જગતના જીવો જે કાંઈ માનસિક, વાચિક અગર તો કાયિક શ્રમ ઉઠાવી રહ્યા છે, તે એ દ્વારા પોતાનું ઈષ્ટ સિદ્ધ થાય એ જ એક હેતુથી ઉઠાવી રહ્યા છે? આ વાત પણ કબૂલ હોય-અને તમે ઇનકાર નથી કરતા એટલે એમ જ માનવાનું રહે છે કે તમને આ વાત કબૂલ છે-તો પ્રશ્ન એ ઉભો થાય છે કે-શું જગતના સઘળા જ જીવોનો સઘળો જ પરિશ્રમ, જગતના જીવોને જે ઇષ્ટ છે-તેનો સાધક જ છે? બાધક છે જ નહિ? અને બાધક પણ છે, તો તે શા કારણે? તમે તમારા જ માનસિક, વાચિક અને કાયિક પરિશ્રમનો વિચાર કરો અને નક્કી કરો કે-'મારો પરિશ્રમ મારૂં જે ઈષ્ટ છે, તેનો સાધક છે કે બાધક? હું જે પરિશ્રમ સેવી રહ્યો છું, તેના ફલસ્વરૂપે મને દુઃખના લેશથી પણ રહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખ મળે એ શક્ય છે કે નહિ?' જે પરિશ્રમથી સાક્ષાત્ કે પરંપરાએ પણ દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખ પ્રાપ્ત થાય તે પરિશ્રમ ઇષ્ટસાધક છે. આપણો પરિશ્રમ આવો છે કે નહિ-એનો આપણે વિચાર તો કરવો જોઇએ ને? આપણને સુખ ઈષ્ટ છે

અને તે પણ એવું કે જે દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત હોય. આપણે પરિશ્રમ પણ એવું જ સુખ મેળવવાના હેતુથી કરીએ છીએ, તો પછી એ નક્કી કરવું જોઇએ ને કે–આપણો પરિશ્રમ ઇષ્ટસાધક છે કે નહિ? અહીં તમે તમારાં ઇચ્છિતોને લાવો. તમે પરિશ્રમ કરો છો ત્યારે અમૂક સંયોગ સાધવો કે અમૂક સંયોગ ટાળવો એવું તમારૂં ઈચ્છિત હોય છે. અમૂક વસ્તુ ઇચ્છી, મળી તો મેળવી અને મળી છતાં ન ગમી એટલે ફેંકી દીધી– એવું આ જગતમાં ચાલ્યા જ કરે છે. આવું શાથી ચાલે છે? અમૂક વસ્તુની ઇચ્છા થઈ તેની સાથે જ એવો વિચાર થાય કે–'એ વસ્તુ મળવાથી મારૂં ઇષ્ટ સધાશે કે નહિ?'–તો તે વસ્તુ મેળવ્યા પછી ન ગમે અને ફેંકી દેવાનું મન થાય એ બને? તમે ઇચ્છો છો તેમ, અમૂક સંયોગ સધાઈ પણ જાય અને અમૂક સંયોગ ટળી પણ જાય, તો ય તમે એમ પૂરવાર કરી શકશો કે–એના પરિણામે તમને ઈષ્ટની પ્રાપ્તિ થવાની જ? તમારાં ઇચ્છિતોમાંથી કોઈ પણ ઇચ્છિત એવું હોય તો શોધી કાઢો, કે જે ઈચ્છિત પ્રાપ્ત થતાં તમને જે ઇષ્ટ છે તેની પ્રાપ્તિ થાય! ખરેખર, જગતના અજ્ઞાન જીવોનાં ઇચ્છિતો ઈષ્ટસાધક હોતાં નથી પણ ઈષ્ટબાધક જ હોય છે. આમ છતાં જો એવાં જ ઇચ્છિતોને સિદ્ધ કરવાનો પરિશ્રમ કર્યા કરાય, તો પરિણામ શું આવે? જે ચીજને ટાળવી છે તે જ પ્રાપ્ત થયે જાય અને જે ચીજને પ્રાપ્ત કરવી છે તે ચીજ વધારે ને વધારે દુર્લભ બનતી

જાય. આવું શાથી બને ? ઇષ્ટબાધક ઇચ્છિતોમાં જ રસ હોય અને એ ઇચ્છિતોને સિદ્ધ કરવાનો જ પરિશ્રમ હોય એથી ! તો એવાં ઇચ્છિતોમાં જે રસ છે તેને કાઢવાનો અને એવાં ઇચ્છિતોને સિદ્ધ કરવાના પરિશ્રમનો પરિત્યાગ કરવાનો, એમ નક્કી થયું ને ?

ઇચ્છાનો અન્ત નથી :

જગતના જીવોની ઇચ્છાઓ કેટલી ? જગતના જીવોની ઇચ્છાઓનો અન્ત આવે તેમ છે ? અત્યારે જે રીતિએ ઇચ્છાઓ ઉપર ઇચ્છાઓ કર્યે રાખવાનું ચાલે છે, તે રીતિએ ઇચ્છાઓ ઉપર ઇચ્છાઓ કર્યે રાખવાનું ચાલુ જ રહે, તો પણ કોઇ કાળ એવો આવે ખરો, કે જે કાળે ઇચ્છા કરવાની જરૂર જ રહે નહિ ? તમે ઇચ્છાઓ કરો છો, મહેનત કરો છો, પણ તેનું પરિણામ શું એનો વિચાર કરો છો ? જગતના જીવોની ઇચ્છાઓ કેટલી બધી ? ગણી ગણાય નહિ એટલી ! અરે, એક એક જીવની ઇચ્છા પણ કેટલી ? વળી આજે જે વસ્તુની ઇચ્છા થઇ તે વસ્તુને છોડવાની ઇચ્છા કાલે નહિ થવાની ? આજે આ વસ્તુની ઇચ્છા અને કાલે બીજી વસ્તુની ઇચ્છા, એમ પણ બનવાનું ને ? તમે કલ્પના તો કરો કે–તમારી ઇચ્છાઓનો અન્ત ક્યારે આવવાનો ? ડાહ્યા માણસોનું આ કામ છે ? ઇચ્છાઓ કરવી, તેને સફલ કરવાની મહેનત કરવી અને તેમ છતાં પણ ઇષ્ટપ્રાપ્તિ થાય નહિ તોય એ જ ઇચ્છાઓ અને એ જ મહેનતની પૂંઠે વળગ્યા

રહેવું, એ શું શાણપણ છે? જે વસ્તુ ઇષ્ટપ્રાપ્તિમાં સાધનભૂત-સહાયભૂત બની શકે તેમ હોય, તે જ વસ્તુની ઇચ્છા અને તેને સફલ બનાવવાની મહેનત કરવી, એ જ ડહાપણ ગણાય ને? હા, તો એથી વિપરીત પ્રકારની ઇચ્છા કે મહેનત કરાય, તો એને શું કહેવાય?

અનંતજ્ઞાનિઓએ શું દર્શાવ્યું?

જગતના અજ્ઞાન જીવો, ઇષ્ટના અર્થી હોવા છતાં પણ, પ્રાયઃ એવી જ ઇચ્છાઓ કર્યા કરે છે, કે જે ઇચ્છાઓ ઇષ્ટ-સાધક ન હોય પણ ઇષ્ટબાધક જ હોય: અને જ્યાં ઇચ્છાઓ પોતે જ ઇષ્ટસાધક હોવાને બદલે ઇષ્ટબાધક હોય, ત્યાં તે તે ઇચ્છાઓને સફલ કરવાની મહેનત પણ ઇષ્ટસાધક બનવાને બદલે ઇષ્ટબાધક બને તે સ્વાભાવિક જ છે. જ્ઞાનિઓએ આ જોયું. એમને ખૂબ ખૂબ દયા આવી. એમને એમ થયું કે-દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખનું અર્થી જગત, એક માત્ર તેવા સુખને પ્રાપ્ત કરવાના ઉપાયોથી અજ્ઞાન હોવાના કારણે, સાધકને બદલે બાધક ઇચ્છાઓ અને બાધક મહેનત કરી રહ્યું છે. આથી એ તારકોએ એ જ ભાવના કરી કે-આ બધાને સાચા સુખને પામવાનો માર્ગ પમાડી દેવો! એ ભાવનાની ઉત્કટતાના પ્રતાપે જે અનુપમ સામગ્રી એ તારકોને મળી, તે સામગ્રીના યોગે એ તારકોએ સાચા સુખને પ્રાપ્ત કરવાના ઉપાયો દર્શાવ્યા. જગતના જીવો ઇચ્છા અને મહેનત તો કરતા હતા, પણ કેવી ઇચ્છા

અને કેવી મહેનત કરવી જોઇએ એનો સાચો ખ્યાલ નહિ હોવાથી, ઉંધી ઇચ્છા અને ઉંધી મહેનત કરતા હતા: એટલે જગતના જીવોની સુખ મેળવવાની ધારણા ફળવાને અવકાશ જ ક્યાં હતો? આથી અનન્તજ્ઞાનિઓએ–'કેવી ઇચ્છા કરવી જોઇએ અને કેવી મહેનત કરવી જોઇએ'–એ દર્શાવ્યું, એટલે જે કોઈ તે મુજબ વર્તે તે ઇષ્ટને પામ્યા વિના રહે જ નહિ. શ્રી અરિહંત પરમાત્માનો જગતના જીવો ઉપરનો આ મોટામાં મોટો ઉપકાર છે.

ઉપકારિઓ અને અપકારિઓ :

આથી સમજી શકાશે કે–જગતના જીવોને ઇષ્ટનું દાન કરવું, એ એકાન્તે ઉપકારક છે: પરન્તુ ઇષ્ટનું દાન, ઇષ્ટને પ્રાપ્ત કરવાના વાસ્તવિક ઉપાયો દર્શાવવા અને તે તે ઉપાયોના સેવનમાં શક્ય રીતિએ સહાયક થવું, એ વિના બીજી કોઈ પણ રીતિએ થઈ શકે તેમ નથી. આથી જગતમાં જે કોઈ સાચા ઉપકારિઓ થયા છે, જે કોઇ સાચા ઉપકારિઓ વિદ્યમાન છે અને જે કોઈ સાચા ઉપકારિઓ થશે, તે સર્વે ઇષ્ટપ્રાપ્તિના ઉપાયો દર્શાવવા અને તે તે ઉપાયોના સેવનમાં બનતી રીતિએ સહાયક થવું–એ જ એક ઉપકારમાર્ગનું આલંબન ગ્રહણ કરનારા હતા, છે અને હશે. જગતના જીવોની પાસે ઇષ્ટસાધકને બદલે ઇષ્ટબાધક ઇચ્છાઓ કે મહેનત કરાવનારા, એવી ઇચ્છાઓ કે મહેનત કરવામાં પ્રેરણા આદિ કરનારા અને એવી ઇચ્છાઓ કે મહેનત કરવામાં જ કલ્યાણ

મનાવનારા,—આ જગતના ઉપકારિઓ તો નથી જ, પણ ભયંકર કોટિના અપકારિઓ છે.

ઇચ્છિતનું દાન કરવું હોય તો વિવેક જોઇએ જ:

આટલું સમજાયા પછીથી કોઈ પણ સમજુ માણસ એમ નહિ કહી શકે કે–'જગતના જીવોનાં જે કોઈ ઇચ્છિતો છે, તેનું દાન કરવામાં ઉપકાર જ છે અને અપકારનો સંભવ જ નથી.' ઉલ્ટું એમ કહેવું પડશે કે–'જગતના જીવોનાં જે કોઇ ઇચ્છિતો છે, તેનું દાન કરવામાં ઉપકાર ભાગ્યે જ થાય અને અપકાર ન થાય એવો સંભવ તો બહુ જ ઓછો !' આથી ઉપકારપરાયણ બનવા ઇચ્છનારે ઇષ્ટદાનમાં જ તત્પર બનવું જોઇએ, પણ ઇચ્છિતદાનમાં નહિ ! જો કે-જે જે ઇચ્છિતો સાક્ષાત્ કે પરંપરાએ પણ ઇષ્ટપ્રાપક છે, તે તે ઇચ્છિતોનું દાન દેવું–એનો તો ઇષ્ટદાનમાં જ સમાવેશ થઇ જાય છે. આપણે તો નિષેધ માત્ર તે જ ઇચ્છિતોના દાનનો કરીએ છીએ, કે જે દાન ઇષ્ટપ્રાપ્તિમાં બાધક જ થનારૂં હોય. દાન કરનાર કે દાન લેનાર–એ બેમાંથી કોઇની પણ ઇષ્ટપ્રાપ્તિને બાધા પહોંચે, એવાં ઇચ્છિતોના દાનનો જ નિષેધ છે. લેનારનું અકલ્યાણ કરનારૂં ન હોય અને દેનારનું નિયમા કલ્યાણ કરનારૂં હોય–એવું પણ દાન નિષિદ્ધ નથી. ઉપકાર કરવાની ભાવનાવાળાઓએ આ વસ્તુને પણ તેના યથાર્થ સ્વરૂપે સમજી લેવી જોઇએ. દીન–હીનને અનુકંપાબુદ્ધિએ અપાતા દાનનો કે ઔચિત્યને

માટે અપાતા દાનનો આમાં નિષેધ થઈ જતો નથી, પણ સમાવેશ થઇ જાય છે. જગતના જીવોનું દુઃખ જેટલે અંશે ટાળી શકાય તેટલે અંશે ટાળવું, પણ ધ્યાન એટલું રાખવું કે–છેવટમાં છેવટ તમારૂં તે દાન કોઈની પણ ઇષ્ટ-પ્રાપ્તિને અવરોધનારૂં ન બને. તમે જેને દાન દો તેને તે દાન ઈષ્ટપ્રાપ્તિમાં સહાયક ન બને તો પણ, તેની ઇષ્ટ-પ્રાપ્તિને અવરોધનારૂં તો નહિ જ હોવું જોઈએ.

સર્વ ઇચ્છિતો દેવાને કોઈ સમર્થ નથી :

જગતના જીવોને ઇષ્ટનું દાન કરવામાં એકાન્તે ઉપકાર છે, જ્યારે ઇચ્છિતનું દાન દેવામાં તો ઉપકાર અને અપકાર બેયનો સંભવ છે. ઉપકારિઓનો ધર્મ ઇષ્ટ દેવાનો છે, પણ જેટલું ઈચ્છિત–તે સર્વ દેવું એવો કોઇ જ નિયમ નથી. દુનિયાના જીવોને તેમની સઘળી ઇચ્છિત વસ્તુઓને દેવાની તો કોઈનામાં પણ શક્તિ નથી. ઇચ્છિત મેળવવું હોય તેણે ભાગ્ય પેદા કરવું જોઇએ અને એવું ભાગ્ય પેદા કર્યા પછીથી પણ, એ ઇચ્છિત વસ્તુથી ઈષ્ટ સુખનો અનુભવ કરી શકાય તેમ તો છે જ નહિ : માટે ઉપકારિઓ ઇષ્ટના દાનને જ મહત્ત્વ આપે છે. ઈષ્ટનું દાન દેવામાં કશી જ અટકાયત નથી, જ્યારે ઇચ્છિતના દાનમાં તો, આપવાની શક્તિ હોવા છતાં પણ, ના પાડવાના પ્રસંગો પણ આવે. તાવવાળા દર્દીને દહીં ખાવાની ઇચ્છા થાય, તો ચિકિત્સકને ના પણ પાડવી પડે અને કહેવું પણ પડે કે–‘ એ તારા ઈષ્ટની, આરોગ્યની

આડે આવે છે, માટે તારાથી એ ખાઈ શકાશે નહિ !'

જગતના દુઃખનું નિદાન :

જગતના અજ્ઞાન જીવોને ઇષ્ટની આડે આવનારી વસ્તુઓનો ખ્યાલ નથી. અમૂક વસ્તુના સેવનથી, અમૂક આચરણ કરવાથી પીડા થવાનું જાણે તો કદાચ તેનું સેવન ન કરે, તેવું આચરણ ન કરે અને કરે તો પણ બીતે બીતે કરે : પણ જગતના જીવો અજ્ઞાનતાના પ્રતાપે ઇષ્ટબાધક ઇચ્છાઓને આધીન બને છે અને તેવી ઇષ્ટબાધક ઇચ્છાઓને આધીન બનીને, શક્ય હોય તો, ઇષ્ટનો અવરોધ કરનારી આચરણાઓ પણ કરી લે છે. એવી ઇચ્છા, એ મોહનો ચાળો છે, પણ મોહમાં ફસાએલા જગતના જીવો એવા મોહના ચાળા કરવામાં પણ આનન્દ જ માનનારા હોય છે. મોહની આધીનતાથી આવું બેભાનપણું આવી ગયું છે અને માટે જ જગતના જીવો, ઇષ્ટને બાધક પણ વસ્તુઓ આચરી લે છે. જગતના જીવો એવું જે કાંઇ આચરી લે છે, તે વિવેકથી નહિ પણ અજ્ઞાનથી આચરી લે છે : આથી સુખની તીવ્ર લાલસા હોવા છતાં, સુખપ્રાપ્તિ એ જ એક ધ્યેય હોવા છતાં પણ, જગતના જીવો દુઃખી થયા કરે છે.

'ઇચ્છિતદાન એ જ ઉપકાર છે'-એવો સિદ્ધાંત નહિ જ સ્થાપી શકાય :

આથી-'જગતના જીવો જે જે વસ્તુઓને ઇચ્છે, જે જે વસ્તુઓને મેળવવાની તેઓ ઇચ્છા કરે, તે તે

વસ્તુઓ તે તે જીવોને દેવી, એ જ ઉપકારનો માર્ગ છે'– આવો કોઈ સિદ્ધાન્ત કોઇનાથી પણ બાંધી શકાશે નહિ. ઈષ્ટ અને ઇચ્છિત, એમ ભેદ પાડીને જે કહેવાય છે, તે તો સમજાય છે ને ? ઇષ્ટમાં આપણે અન્તિમ ધ્યેય, કે જે દુઃખના લેશથી રહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખ પ્રાપ્ત કરવાનું છે એ લીધું અને ઇચ્છિતમાં આપણે સુખ મેળવવાની કલ્પનાથી દુનિયાના જીવો જે સુખ–વિઘાતક અને દુઃખદાયક વસ્તુઓની સતત્ ઇચ્છાઓ કર્યા કરે છે, તે વસ્તુ લીધી : આથી જ, એમ કહેવાય છે કે–જગતના જીવો જે જે વસ્તુઓને ઇચ્છે છે, તે તે વસ્તુઓ તેમને દેવી એ જ ઉપકારમાર્ગ છે, એવો સિદ્ધાંત કોઇ પણ વિવેકિથી નહિ જ બાંધી શકાય.

ઇચ્છિતમાં વાંધો–ઇષ્ટમાં નહિ :

તમારા સ્નેહિને, એના દુશ્મનનું ખૂન કરવાની ઇચ્છા થાય, તો તમે તેને શું કહો ? એની ઇચ્છાને તમે આધીન થશો ? નહિ જ. સ્નેહિની એવી ઇચ્છાને જે આધીન થાય, તે સાચો સ્નેહી જ નથી. સાચો સ્નેહી તો તે, કે જે સ્નેહિનું ઇષ્ટ ન બગડે પણ ઇષ્ટ સધાય તેની કાળજી રાખે. દુશ્મનનું ખૂન કરવાની ના પાડવાથી ઇષ્ટને વાંધો નહિ આવે, પણ ઇચ્છાને વાંધો તો જરૂર આવશે : માટે જ કહેવાયું કે–'જગતના જીવો જે જે વસ્તુઓને ઇચ્છે, તે તે વસ્તુઓ તેમને દેવી એ જ ઉપકારમાર્ગ છે' અથવા તો 'એ પણ એકાન્તે ઉપ-

કારમાર્ગ છે'–એવો સિદ્ધાંત નહિ જ સ્થાપી શકાય.

આજની ધમાલ :

આજે દુનિયામાં આ વિષયમાં પણ ઘણી ધમાલ ચાલી રહી છે. એક વર્ગ એમ કહે છે કે–જગતના જીવોને ઇષ્ટ દેવું, ઇષ્ટપ્રાપ્તિના ઉપાયો દર્શાવવા, ઇષ્ટની સાધનામાં સહાયક થવું, એ જ જગતના જીવો ઉપરનો તેમજ પોતાના આત્મા ઉપરનો પણ વાસ્તવિક કોટિનો ઉપકાર છે : જ્યારે બીજો વર્ગ એમ કહે છે કે–જગતના જીવો જે જે ઇચ્છે છે, તેનું તેનું તેમને દાન દેવું, એ જ સાચો ઉપકાર છે. ઇષ્ટના દાન અને ઇચ્છિતના દાન વચ્ચે આ જાતિની વિચારભેદની ધમાલ ચાલી રહી છે, એટલે–'કુકલ્પનાઓમાં ફસાઇ જતાં બચી જવાય અને સ્વ–પરનું કલ્યાણ સાધી શકાય'–એ માટે આ વાતમાં પણ સુનિશ્ચિત બની જવાની જરૂર છે.

ઇષ્ટમાં ગુણ–ઇચ્છિતમાં ઉપાધિ :

ઇષ્ટ દેવું હોય, તો ગુણ દેવા જોઇએ અને ઇચ્છિત દેવું હોય તો ઉપાધિ દેવી જોઇએ. શું દેવું, એને ઉપકાર માનવો ? ગુણ પ્રદાન કરવા, એ ઉપકાર છે કે ઉપાધિ આપવી, એ ઉપકાર છે ? આ બરાબર સમજી લેવું જોઇએ, કે જેથી આપણી બુદ્ધિ ઉપર કોઇ અન્યાય કરી જાય નહિ. દરેકે પોતાની વિવેકશક્તિને ખર્ચીને, આ નક્કી કરી લેવા જેવું છે કે–ઇષ્ટનું દાન કરવું એ ઉપકાર છે કે ઇચ્છિતનું દાન કરવું એ ઉપકાર છે ? બેમાં સાચા ઉપ-

કારી કોણુ? ઇષ્ટના દાતા કે ઇચ્છિતના દાતા? આ વસ્તુ, મગજને કસીને, બરાબર સમજી લેવી જોઇએ.

સાચા ઉપકારી :

દર્દી પોતે જ સમજી લઇને કુપથ્યને તજે, પોતાની ઇચ્છાઓ ઉપર કાબુ મેળવે, રસનાને આધીન ન થાય, તો ઘણું સારૂં. ઘણા સમજુ દર્દિઓ, પોતાના સ્નેહિઓને કહે છે કે–' જૂઓ, આવા વખતે મને કુપથ્યો સેવવાની ઇચ્છા થાય તે સ્વાભાવિક છે, પરન્તુ એથી મારૂં દર્દ વધી જાય તેમ છે, માટે કદાચ મારી ઇચ્છા તીવ્ર થઈ જાય અને હું માગું તો પણુ, તમે મને કુપથ્ય આપશો નહિ!' પણુ બધા જ દર્દિઓ કાંઈ આવા સમજુ હોય છે? દર્દી અણુસમજુ હોય અને સ્નેહિઓ મૂર્ખા હોય, તો ઘણી વાર દર્દનો ઘાણુ નીકળી જાય છે. દર્દી ઇચ્છાને આધીન થઈને કુપથ્ય માગે અને મૂર્ખ સ્નેહી મોહમાં મુંઝાઈને કુપથ્ય આપે, તો પરિણામ એવું જ આવે ને? આપણે એવા અણુસમજુ બનવું નથી : સમજુ બનવું છે : માટે નક્કી કરવું જોઇએ કે–ઇષ્ટ અને ઇષ્ટસાધક ઇચ્છિતના દાતા એ જ સાચા ઉપકારી છે.

ઇચ્છિતોને મેળવવાની વૃત્તિને પોષે તો શું કહેવું?

ઇષ્ટની સાધનામાં બાધા ઉપજાવનારી આપણી ઇચ્છાને જો કોઇ પોષવા માગે, તો કહી દેવું જોઇએ કે–' હું મૂર્ખ છું, માટે આપ મારી આવી ઇચ્છાને પોષવા તૈયાર થાવ છો એથી ખૂશ થાઉં છું. હું એવો ગર-

જાળ છું, ગુલામ છું, મારી હાલત ટુકડા રોટલાથી ખૂશ થતા કૂતરા જેવી છે, એ મારી બેવકુફી છે અને આપ પણ એવી બેવકુફીને શરણે પડ્યા છો! અમારી આવી ઇચ્છાઓને પોષી-પોષીને આપ નથી તો મારૂં કલ્યાણ સાધતા કે નથી તો આપનું કલ્યાણ સાધતા, પરન્તુ આપનું અને મારૂં બન્નેનું અકલ્યાણ કરો છો!' સારી ઇચ્છા તો ઇષ્ટના ઘરની છે, એટલે એને કોઇ પોષે એમાં વાંધો નહિ, પણ મોહના ઘરની ઇચ્છાને પોષે તો આનંદ કેમ થાય? સામાને કાંઈ કહી શકાય નહિ અને મોહના ઘરની ઇચ્છાને તજી પણ શકાય નહિ, તોય એ માટે છેવટ હૈયામાં દુઃખ તો જરૂર થવું જોઇએ.

ભયંકર અજ્ઞાનતા :

મોહના ઘરની ઇચ્છા પોષાય અને એથી જે આનંદ થાય, એ તો ખસને ખણુતાં જે આનંદ થાય છે, તેના જેવો આનંદ છે. ખસને ખણુતાં તો આનંદની લહરી આવી જાય, પણ ખણ્યા પછી એવી બળતરા શરૂ થઇ જાય છે કે-ખણુનાર હાથ ખેંચી લે છે અને રાડો પાકવાનું શરૂ કરી દે છે. ખસનો રોગી જો અણુસમજુ હોય છે, તો કવચિત્ એવું પણ બને છે કે-ખણુવાને માટે તેને જો કોઈ ચપ્પુ આપે, તો તે ચપ્પુ આપનારને પણ પોતાનો ઉપકારી માને છે: તે વખતે એ ભૂલી જાય છે કે-'ખણ્યા પછીથી ચીસો તો મારે જ મારવી પડશે.' આવી જ રીતિએ દુનિયાના જીવોની મોહજન્ય તરંગી ઇચ્છાઓને પૂરી કરનારા

હોય અને એથી દુનિયાના જીવોને જો આનંદ થતો હોય, તો કહેવું જોઇએ કે–એ ભયંકર અજ્ઞાનતા જ છે.

મોહજન્ય ઇચ્છાઓને પોષનારા :

પણ આ વાત સમજાય ક્યારે ? આપણી મોહજન્ય ઇચ્છાઓને પૂરી કરનારા–પોષનારા અજ્ઞાન ક્યારે લાગે ? ઇષ્ટદાતાને ઉપકારી માન્યા હોય તો ! મોહજન્ય ઇચ્છાઓને હિતનાશક માની હોય તો ! આટલું પણ જો રીતસર મનાઇ જાય, તો પણ પ્રસંગે એવો પણ વિચાર આવ્યા વિના રહે જ નહિ કે–ભલે, ખસની ખણજમાં સહાયક થનારાની માફક ઇચ્છિતદાતા સારા લાગતા હોય, ગમતા હોય, પણ વાસ્તવિક રીતિએ તો તે સારા નથી જ : કારણ કે–એથી ઇષ્ટ વધારે ને વધારે દૂરવર્તી બનતું જાય છે.

ઇષ્ટ પાસે ઇચ્છિતની કિંમત નહિ :

મહાસતીઓનાં દૃષ્ટાન્તો વિચારો. મહાસતીઓ ગમે તેવા કપરા સંયોગોમાં પણ, ઇચ્છિતો આપવાની યાચના કરનારા સમૃદ્ધિશાલિઓને કે સત્તાશાલિઓને આધીન બની નહિ. મહાસતીઓને જંગલમાં રખડવાનું, ભૂખે પેટે રવડવાનું અને એકલાં રઝળવાનું શું પસંદ હતું ? નહિ જ, છતાં તમે પણ જાણો છો કે–મહાસતીઓ જંગલમાં રખડી, ભૂખી રવડી, એકલી રઝળી, પણ તેમણે પોતાના ઇષ્ટને સાચવ્યું. સતીઓનું ઇષ્ટ શું ? સતીત્વ : કારણ કે–એના યોગે પણ પેલું ઇષ્ટ સધાય છે. પતિવ્રતને સાચવવાને માટે સતીઓએ ઓછું સહ્યું છે ? શ્રીમતી સીતા-

જીને શ્રી રાવણ શું આપવાને તૈયાર નહોતા ? પણ શ્રીમતી સીતાજી માનતાં હતાં કે-ઇષ્ટનો નાશ કરનાર ઇચ્છિતને શરણ નહિ જ થવું જોઇએ. શું તેમને રાજસાહ્યબી આદિ નહિ ગમતું હોય ? તેમણે રાજસાહ્યબીનું સુખ નહિ ભોગવવું એવો કોઈ નિયમ નહોતો કર્યો, પણ વાત એ જ છે કે-ઇષ્ટની પાસે ઇચ્છિતની કિંમત જ રહેતી નથી. ઇષ્ટના સાચા સાધકો, ઇચ્છિત ખાતર ઇષ્ટનો ભોગ દેવાને તૈયાર થતા જ નથી.

હરિશ્ચંદ્ર નિર્દય ને જીદ્દી કેમ નહિ ?

રાજા હરિશ્ચન્દ્રને ઇષ્ટની જાળવણીને માટે સર્વસ્વનો ત્યાગ કરવાનો વખત આવી લાગ્યો, તો રાજા હરિશ્ચન્દ્રે રાજસાહ્યબી અને છેવટ પત્ની તથા પુત્રનો પણ ત્યાગ કર્યો કે નહિ ? કર્યો, તો એ નિર્દય નહિ ? જીદ્દી નહિ ? તમે એમને કેમ નિર્દય અને જીદ્દી કહેતા નથી ? તેમણે ઇષ્ટની ખાતર ઇચ્છિતનો ત્યાગ કર્યો-એ વ્યાજબી કર્યું હતું માટે ને ? 'બધું તજાય, પણ ઇષ્ટસાધક ધર્મને ન તજાય'-આ વાત જેને કબૂલ ન હોય, તે રાજા હરિશ્ચન્દ્રના એ વર્તનને માટે શું કહે ?

ધર્મ અને અધર્મ :

એમનું ઇષ્ટ અને આપણું ઇષ્ટ જુદું તો નથી ને ? ત્યારે સમજો કે-ઇષ્ટ માટે ઇચ્છિતનો ત્યાગ એ ધર્મ અને ઇચ્છિત માટે ઇષ્ટનો ત્યાગ એ અધર્મ. અવસરે નીતિની ખાતર પૈસાનો ત્યાગ કરવામાં આવે તો તે ધર્મ,

પણ પૈસાની ખાતર નીતિનો ત્યાગ કરવો એ અધર્મ !

ખોટી ' હા 'થી નુકશાન :

તમે જ કહો, સારો વ્યાપારી શ્રીમન્તાઇ માટે પ્રતિષ્ઠાને તજે કે પ્રતિષ્ઠાને માટે શ્રીમન્તાઇને તજવી પડે તો શ્રીમન્તાઇને તજે ? શ્રીમન્તાઇ અને પ્રતિષ્ઠા—આ બેમાં વ્યાપારિને મન કિંમતી વસ્તુ કયી છે ? તમે શું માનો છો ? શ્રીમન્તાઇ અને પ્રતિષ્ઠામાં કિંમતી વસ્તુ કયી ?

સ૦ પ્રતિષ્ઠા.

પ્રતિષ્ઠા કિંમતી ? તો ધર્મ માટે કુટુંબને તજવાની જરૂર હોય તો કુટુંબને તજાય કે કુટુંબ માટે ધર્મને તજાય ?

સ૦ કુટુંબને.

કુટુંબને તજાય એમ તમે કહો છો ? તો હવે કહો જોઇએ કે—ઇષ્ટ પહેલું કે ઇચ્છિત પહેલું ?

સ૦ ઇષ્ટ.

ઇષ્ટ પહેલું ? આ બધું તમે તમને સારા મનાવવાને માટે બોલો છો કે ડૂંટીમાંથી બોલો છો ? ઠીક, એ કહો કે—તેવો કોઇ અવસર આવી લાગે, ત્યારે માગવી પડે તો ભીખ માગવી એ સારૂં કે ભયંકર પાપો કરીને પણ પેટ ભરવું એ સારૂં ?

સ૦ પાપથી પેટ ભરવા કરતાં ભીખ માગવી સારી !

આ વ્યવહારની વાત છે, એક ને એક બે જેવી વાત છે, પણ વસ્તુતઃ બધા એવું માનતા નથી. આ તો

હા પાડ્યા સિવાય છૂટકો નથી, હા ન પાડીએ તો આપણે ખોટા દેખાઇએ, આપણે દલીલમાં ટકીએ તેમ નથી-એમ માનીને હા પાડતા હો એમ જણાય છે અને જો તેમ જ હોય તો ઇષ્ટને અર્થે ઇચ્છિતનો ત્યાગ થવો મુશ્કેલ છે. ખોટી ‘હા’ પાડવાથી ફાયદો શો? ખોટી ‘હા’ પાડવાથી તો ફાયદો કશો નહિ અને નુકશાન ચોક્કસ! ખોટી ‘હા’ પાડનારાઓને માટે સાચું સમજવાનો રસ્તો પણ બંધ થઈ જાય છે, એમ કહીએ તો ચાલે. આથી કોઇએ પણ ખોટી ‘હા’ નહિ જ પાડવી જોઇએ. બાકી જેઓ સાચી ‘હા’ પાડે છે, તેઓને તો કદાચ ઇચ્છિત નહિ તજાય, તો પણ ઇષ્ટનું ભાન રહેવાનું અને એથી તેઓ વહેલા-મોડા પણ જરૂર તરવાના.

દુ:ખની જડ :

એક રીતિએ એમ પણ કહી શકાય કે-ઇચ્છિત આંખ સામે છે અને ઇષ્ટ પરોક્ષ છે. તમે પરોક્ષને પણ માનો છો એટલું સારૂં છે. સામે પડેલી વસ્તુ નાશક હોવા છતાં જેટલી ગમે, તેટલી પણ હિતકારક એવી પરોક્ષ વસ્તુ ન ગમે, એ જ દુ:ખની જડ છે.

બહાવરા બનેલાઓ :

આંખ સામે પડેલી, પોતાની નહિ પણ પારકી, પુણ્ય હોય તો જ મળે, પુણ્ય હોય તો જ ભોગવાય, પુણ્ય હોય ત્યાં સુધી જ રહે અને છેવટ તો મૂકવી જ પડે-એવી વસ્તુને માટે, એવી વસ્તુને મેળવવાને ખાતર,

કેટલાકો તો પરમાત્માનું તથા સત્પુરૂષોનું અપમાન કરવાને પણ તૈયાર થાય છે અને ધર્મનો તથા ધર્મિનો તિરસ્કાર કરવાને પણ તૈયાર થાય છે. દુન્યવી ઇચ્છિતોની સાધનામાં પડ્યા હોય, ત્યારે કોઇ કહે કે–'જરા પ્રભુનો તો ડર રાખો' તો એવા વખતે એવું પણ કહેનારાઓ કહે છે કે–'હમણાં ભગવાનને વચ્ચે ન લાવ. આ મળ્યા પછી ભગવાનને તો સમજાવી લઇશું.' આવું છડેચોક બોલનારાઓ પણ છે. કોઇ કહે કે–'જરા સ્થાન તો જો!' તો કહેશે કે–'આવું સ્થાન મળ્યું અને હવે જો લાંચ લઇને પટારા ન ભરૂં, ઇન્દ્રિયોના વિષયોને ન પોષું, તો આ સ્થાન મળ્યું કામનું શું?' વિચાર કરો કે–પેઢીને ધીકતી બનાવવાને માટે, અધિકારને પ્રાપ્ત કરવાને માટે અને સત્તા જમાવવા વિગેરેને માટે, દુનિયાના જીવો શું શું કરવામાં શકય હોય તો કમીના રાખે છે? આમ થવાનું કારણ શું? એ જ કે–ઇષ્ટ ભૂલાયું છે અને કલ્પિત સુખનાં સાધનો, કે જે વસ્તુતઃ દુઃખનાં જ સાધનો છે, તેમાં મુંઝાઇ જવાયું છે! સુખનાં કલ્પિત સાધનોમાં મુંઝાઇ જઇને, એ સાધનોને મેળવવાને માટે જગતના અજ્ઞાન જીવો બહાવરા જેવા પણ બની ગયા છે!

શાનો ખપ છે?

આવી સ્થિતિમાં ઇષ્ટ ક્યારે સધાવાનું? મરતી વખતે? જગતના પદાર્થોને મેળવવાની મહેનત, એ તો મોહજન્ય ઇચ્છિતોને પોષવાની મહેનત છે કે બીજું

કાંઇ છે ? કારણ કે-ઇષ્ટ કોને માન્યું છે ? દુઃખના અંશવિનાના, સંપૂર્ણ અને શાશ્વત સુખને ! આવું સુખ નાશવંત પદાર્થોથી કેમ જ અનુભવી શકાય ? ન જ અનુભવી શકાય. તો પછી જે વસ્તુઓ ઇષ્ટપ્રાપ્તિનું સાક્ષાત્ કે પરંપરાએ પણ કારણ હોય, તે વસ્તુઓને મેળવવાની ઇચ્છા થાય અગર તે વસ્તુઓને મેળવવાની મહેનત થાય, એ એક અલગ વાત છે : પણ મોહજન્ય ઇચ્છિતો માટે મથવાથી ફાયદો શો ? ફાયદો નહિ, પણ નુકશાન જ ! ત્યારે તમને ખપ છે ઇચ્છિતનો કે ઇષ્ટનો ?

સ૦ ઇષ્ટનો.

ઇચ્છિત મળવું, ભોગવાવું અને ટકવું-એ કાંઈ ઇચ્છા કે મજૂરીને આધીન નથી :

ઇચ્છિત પૌદ્‌ગલિક વસ્તુઓ, ઇચ્છાથી કે આજે ચાલી રહી છે તેવી મહેનતથી પણ મળી શકતી નથી. એવી ઇચ્છાવાળાઓ તો કંઈક ઝુરે છે અને મજૂરી કરતાં કંઈક મરીય જાય છે, છતાં બધાને જ એ મળતી નથી : તલસ્યા કરવા માત્રથી પણ એ મળતી નથી : મળી જાય તો પણ એ સદા કાળ ટકતી નથી : જેટલાને મળે તે સૌથી એ ભોગવી શકાય છે એમ પણ નથી : કદાચ આ જીવનના અન્ત સુધી તે ટકી જાય અને કદાચ ભોગવાય તો પણ, એને તજવી જ પડે છે : એટલે એ બધી વસ્તુઓ મળવી, ભોગવાવી, ટકવી-એ બધાનો મૂખ્ય આધાર માણસની ઇચ્છા કે મજૂરી ઉપર નહિ,

પણ ભાગ્ય ઉપર છે: માટે ઇચ્છિત પાછળ ઝુરવું, એ તો નકામું જ છે. આ વાત બરાબર જચે છે?

સ૦ હાજી.

એમ તો નથી માનતા ને કે-ઇચ્છા અને મહેનતથી જ દુનિયાના પદાર્થો મળે છે, ટકે છે અને ભોગવાય છે?

સ૦ નાજી.

અહીં એવો રગડો કેમ?

આવું સમજો છો અને માનો છો, છતાં ઇચ્છિતોને સિદ્ધ કરવાને માટે ઘોર જાતિનાં પાપો પણ આચરો છો, એમ? ઇષ્ટની પ્રાપ્તિના ઉપાયો દર્શાવવાને માટે ઇચ્છિતથી ખસેડવા પડશે, પણ તમારે ખસવું હોય તો જ ખસેડી શકાય તેમ છે. તમારા હૃદયમાં ખસવાની ભાવના પ્રગટયા વિના તમને ખસેડવાનું બની શકે તેમ નથી. સાચા ધર્મોપદેશકો તમારામાં એ ભાવનાને પેદા કરવાનો પ્રયત્ન કરે છે અને એથી જ જેઓને ઇચ્છિતોથી ખસવું ગમતું નથી, તેઓને સાચા ધર્મોપદેશકોનું કહેવું અઘરૂં લાગતું આવ્યું છે તથા લાગે છે અને કેટલાકોને તો કડવું પણ લાગતું આવ્યું છે અને લાગે છે. આમ છતાં, ઘણા ખરા એવા છે કે-અહીં હા પાડે છે અને પાછળ બીજું જ બોલે છે. દુનિયાના હિતસંબંધોની વાતમાં તો એવું કાંઇ કરતા નથી. બે વ્યાપારિઓ હિસાબ કરવાને માટે બેસે, તો રકમ નક્કી કરે કે એમ ને એમ હા પાડી દે? ખોટી હા તો તે પાડે, કે જેને દેવા ન હોય. એવા

પણ એમ ને એમ 'હા' નથી કહી દેતા, તો અહીં આ વાતમાં એવો રગડો કેમ રાખો છો ?

સાધુઓને માટે કહેશે–દુનિયા બહારના માણસો :

આમ થવાનું કારણ શું ? અન્તઃકરણમાં–' મોહજન્ય ઇચ્છિતો હાનિકારક જ છે '–એ વાત જચી નથી અને એનો જ આ બધો રગડો છે ! ઉપકાર આને જ કહેવાય અને ઉપકારી આને જ કહેવાય, એ વાત તેના વાસ્તવિક સ્વરૂપમાં હૈયામાં જચી જવી જોઇએ અને તેમ થાય તો જ ઇચ્છિતો પાછળ જે બરબાદી થઈ રહી છે તે બરબાદી થતી અટકે. આજે તો કેટલાકોની દશા એ છે કે–મહારાજ સમજાવે અને ના ન પાડી શકાય માટે ખોટી હા પાડી દે. એવાઓએ ખોટી પણ 'હા' પાડીને સમજદારનો ઇલ્કાબ લઈ ભાગી છૂટવામાં મઝા માની છે ! પછી કહેશે કે–' એ તો એવું કહે, કારણ કે–તેઓ દુનિયા બહારના માણસો છે. ' આવું કહેવા સિવાય એમની પાસે બીજો ઉપાય પણ શો છે ? તેઓ જો એવું એવું કાંઈ ન કહે, તો જીવે કયી રીતિએ ? જો આ દશા ન હોત, તો ઇષ્ટના નિર્ણયમાં હા પાડનારાઓ, ઈષ્ટદાતાને જ સાચા ઉપકારી તરીકે કબૂલનારાઓ અને ઈષ્ટપ્રાપ્તિની સાધનામાં જ જીવનની વાસ્તવિક સાર્થકતા છે એમ બોલનારાઓ, ઈષ્ટની સાધનામાં બાધક જ બને એવી ઇચ્છિત વસ્તુઓની પાછળ આજની જેવા ભાનભૂલા તો ન જ બન્યા રહેત !

વ્યાખ્યાન-શ્રવણથી લાભ ક્યારે ?

આજે વ્યાખ્યાન સાંભળવાને માટે આવનારાઓમાંથી મોટા ભાગની કયી દશા છે? વ્યાખ્યાન સાંભળવા જવું, એનો અર્થ એ કે–વ્યાખ્યાનમાં જે કાંઇ સાંભળીએ, તેનો શક્ય અમલ કરવાનો પ્રયત્ન કરવો, એમ કેટલાક સમજે છે? અરે, અમલની વાત તો દૂર રહી, પણ જિજ્ઞાસાથી, તરવાની બુદ્ધિથી પૃચ્છા, પ્રતિપૃચ્છા, ચિન્તા અને મનન કેટલાકો કરે છે? ત્યારે એ વિના સમજવા યોગ્ય સમજાય પણ શી રીતિએ અને સમજાયા વિના અમલ પણ થાય શી રીતિએ? વાસ્તવિક રીતિએ તો પહેલાં વિષયનો વિચાર કરવો જોઈએ. વ્યાખ્યાન માટે જાહેર કરવામાં આવેલા વિષયનો વિચાર કરીને આવ્યા પછીથી પણ, વ્યાખ્યાતા એ સંબંધમાં જે કાંઇ કહે તે ધ્યાનપૂર્વક સાંભળવું જોઇએ, ન સમજાય ત્યાં પૂછીને પણ ખૂલાસો મેળવવો જોઇએ, પરસ્પર વિચારણા કરવી જોઈએ અને સાંભળેલાનું ચિન્તન તથા મનન પણ કરવું જોઇએ. એમ થાય તો વ્યાખ્યાનશ્રવણથી ઘણો લાભ થાય. જેઓ એમ કરવા તરફ બેદરકાર હોય છે, તેઓ વ્યાખ્યાનમાં કહેવાએલી–તજવા યોગ્યના ત્યાગની અને આદરવા યોગ્યના આદરની વાતનો, જેવી કરવો જોઇએ તેવો અમલ પણ કરી શકતા નથી.

ઇષ્ટના ભોગે ઇચ્છિત ન જોઇએ :

ઘણાઓએ, અજ્ઞાનતાથી, ઇચ્છિતને ઇષ્ટ માન્યું છે. જે પદાર્થો નાશવંત છે, અસાર છે, નુકશાન કરનારા છે,

ઇષ્ટને બાધા પહોંચાડનારા છે, તે જ પદાર્થોની પ્રાપ્તિને અને ભોગવટાને જો ઇષ્ટ મનાય, તો એ સાધારણ મૂર્ખતા નથી. તમે એવા નથી, એમ જ માની લઉં ને? કારણ કે-તમે તો દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખ, એ જ સાચું ઇષ્ટ છે-એ વાત કબૂલી ચૂકયા છો. આ પ્રકારના વાસ્તવિક ઇષ્ટને જ સાધવા યોગ્ય માનનારને માટે તો ઇષ્ટઘાતક ઇચ્છિતનો ત્યાગ કરવો, એ રમત વાત જેવું બની જવું જોઈએ. ત્રણ ખંડના માલીકને શ્રીમતી સીતાજીએ કયા શબ્દો કહ્યા હતા? શ્રી રાવણ પોતાની પટ્ટ રાણી મંદોદરીને જ્યારે શ્રીમતી સીતાજીની પાસે તેમને સમજાવવાને માટે મોકલે છે, ત્યારે શ્રીમતી સીતાજી તેણીને કહે છે કે-'વાહ, સરખે સરખો યોગ મળ્યો છે! ધણી પરસ્ત્રીલંપટ બને અને પત્ની એવા ધણીની દૂતી બને, એ જેવો-તેવો સરખે સરખો યોગ છે?' આવું બોલવું અને તે પણ એના ઘરમાં, એ શું સૂચવે છે? ઇચ્છિતના ભોગે ઇષ્ટને સાચવવાની તૈયારી કે બીજું કાંઈ? આજે તો મોટે ભાગે ઇષ્ટના ભોગે ઇચ્છિત જળવાય છે. ઇષ્ટને સિદ્ધ કરવામાં સહાયક થનાર ઇચ્છિત ભલે રહે, પરન્તુ ઇષ્ટને બાધક ઇચ્છિત તો ન જ જોઈએ, આ વસ્તુ હૈયામાં બરાબર જચાવવાની જરૂર છે: નહિતર ઇષ્ટપ્રાપ્તિના ઉપાયો જાણવામાં આવશે તો પણ, જે લાભ થવો જોઈએ તે થશે નહિ. ઇષ્ટપ્રાપ્તિના ઉપાયોને જાણવા માત્રથી જ કાંઇ બધો લાભ થોડો જ થઇ જવાનો છે? સાચો માર્ગ જડે તે

પછી પણ તે માર્ગે ચાલીએ તો જ ઇષ્ટસ્થાને પહોંચાય

દર્દીની કબૂલાત :

દર્દીને આરોગ્ય ઇષ્ટ છે, તો એ તેને ઘર છોડા-
નારા, ગામ છોડાવનારા અને સ્નેહિઓથી પણ વિખુટે
પાડનારા ચિકિત્સકને ઉપકારી માને છે. ચિકિત્સ
કહે કે-' ઘર છોડીને અમૂક જગાએ જવું પડશે !' તે
દર્દી કહે કે-' આપ કહો છો ત્યાં જઈશ. ' ' કુટુમ્બિઓને
તું ઘોડે બેસીને જેને લાવ્યો છે તેને પણ, સાથે નહિ
લેવાય !'-આવું ચિકિત્સક કહે, તો પણ દર્દી કહેશે કે-
'એમ કરીશ.' 'ખાવામાં હું જેની છૂટ આપીશ તે જ ખાઈ શ
કાશે !'-આવું ચિકિત્સક કહે તો પણ દર્દી કહે કે-' કબૂલ
'વ્યસનો મૂકી દેવાં પડશે !'-એમ કહે, તો દર્દી એની પણ
હા પાડે ! ' પેઢીની ટપાલ નહિ મંગાવાય '-એમ કહે તે
એમાં ય ના નહિ ! દર્દી આ રીતિએ ચિકિત્સકનું કહેલું
બધું કબૂલ કરે છે, કારણ કે-એને આરોગ્ય જોઇએ છે

દુનિયાના ચિકિત્સકને મળતા દર્દિઓ :

તમારે પણ ઇષ્ટ જોઇએ છે ને ? જો હા, તો તમારે પ
દર્દિની માફક ઇષ્ટ ખાતર ઇચ્છિતનો ભોગ આપવો
પડશે કે નહિ ? દુનિયાના ચિકિત્સકને દર્દિઓ કેવા મળે
છે ? ઇષ્ટના અર્થી, ઇષ્ટપ્રાપ્તિને માટે ચિકિત્સક કહે તે
કરવાને તૈયાર, ચિકિત્સકના વગર પૂછયે પણ દર્દ કહેના
અને વારંવાર ચિકિત્સકને આરોગ્ય પમાડવાને માટે
વિનંતિ કરનાર ! ત્યાં મોટે ભાગે ચિકિત્સક અને દર્દિ

ઇષ્ટ એક છે. અહીં ઇષ્ટ લેવાની વાતમાં કહેશે કે-'આપ કહો છો તે ખરૂં, પણ હમણાં નહિ.' બની શકે તેવું હોય, સ્હેજે થઇ શકે તેવું હોય, છતાં કહેશે કે-' તાકાત નથી!' પણે બધું કરે છે! ચિકિત્સક કહે કે-' કપડાં બધાં કાઢી નાખ !' તો દર્દી બધાં જ કપડાં કાઢી નાખે. ચિકિત્સક કહે કે-' જે દર્દ થતું હોય તે બોલ!' તો જે દર્દ હોય તે બધું જરૂર પડે તો શરમ તજીને પણ દર્દી કહી દે ! દર્દી ચિકિત્સકની પાસે આવે ત્યારથી ' સાહેબ, સાહેબ ' કરે, વગર કહ્યે હાથ લાંબો કરે અને પૂછ્યા પહેલાં પણ દર્દ કહેવા માંડે !

ધર્મદેશકને મળતા દર્દિઓ :

અને અહીં? અહીં તો હાથ બતાવે તો મોંઢું ન બતાવે અને મોંઢું બતાવે તો હાથ ન બતાવે ! પૂછાય તેનો ઉત્તર મોંઢે ન આવી જાય તેની પણ કાળજી રાખે! કોઇક જ સાચી વાત પૂરી કહે. ઇષ્ટના ભોગે, ઇચ્છિતને માટે આટલું આટલું અધમ વર્તન કર્યું છે, એવું ધર્મગુરૂની પાસે આવીને કહેનારા કેટલા? કદાચ તેવી કોઇ વાતની ધર્મગુરૂને ખબર પડી ગઇ હોય અને હિતશિક્ષા આપવાના હેતુથી અવસર પામીને એ બાબતમાં ધર્મગુરૂ દ્વારા પૂછાયું હોય,તો પણ પ્રાય: એવો જ બચાવ કરે કે-'એવી જરૂર હતી, એવો અનિવાર્ય પ્રસંગ હતો, એવા કફોડા સંયોગોમાં આવી પડ્યો હતો, :માટે એમ કર્યું હતું!' કેટલાક તો વળી એમ પણ કહે કે-' એ અમારે કેમ

કરવું પડ્યું, તે આપ ન સમજો.' મોટે ભાગે આવા દર્દિઓની સાથે ધર્મદેશકને આજે પ્રસંગ પડે છે અને એથી શ્રોતાઓની સંખ્યા ઘણી મોટી હોય તો પણ, એક નહિ જેવી સંખ્યાને બાદ કરતાં બાકીનાઓને માટે બધાં વર્ણનો પ્રાયઃ વાંઝીયાં જ રહે છે! એવા દર્દિઓને આવાં વર્ણનો રૂચે પણ કયી રીતિએ? અને જ્યાં રૂચે જ નહિ ત્યાં અમલ થાય નહિ અને અમલ થયા વિના ઇષ્ટ સધાય પણ નહિ, એ તો દેખીતી વાત છે.

ઇચ્છિતના ત્રણ વિભાગ :

માટે સૌથી પહેલાં એ નક્કી કરવું જોઈએ કે—જગતમાં સાચો ઉપકારી કોણ? ઇષ્ટ આપે તે ઉપકારી કે ઈચ્છિત આપે તે ઉપકારી? કારણ કે—વાસ્તવિક રીતિએ કોણ ઉપકારી છે અને કોણ અપકારી છે, એ ન સમજાય ત્યાં સુધી, સાચા ઉપકારિઓની અવગણના થાય અને દેખીતા ઉપકારી પણ વસ્તુતઃ અપકારી એવા આત્માઓનું સન્માન થાય, એ ઘણું જ બનવાજોગ છે! વસ્તુતઃ ઉપકારી કોણ અને અપકારી કોણ એ મેં તો કહી જ દીધું છે, પણ તમને શું લાગે છે? ઈષ્ટદાતાઓ જ સાચા ઉપકારી લાગે છે કે ઇષ્ટનાશક ઇચ્છિતોને પૂરાં પાડનારાઓ ઉપકારી લાગે છે?

સ૦ શું ઈચ્છિત અપાય જ નહિ?

એમ ક્યાં કહેવાયું છે? પણ ઇચ્છિત આપતાં વિચાર કરવો જોઈએ. એના દાનમાં ઇષ્ટ નહિ જ ભૂલાવું જોઇએ. ઈચ્છિતના ત્રણ વિભાગો પાડી શકાય. કેટલાંક ઈચ્છિતો

એવાં હોય છે, કે જે ઇષ્ટની સાધનામાં સહાયક થનારાં હોય : કેટલાંક ઇચ્છિતો એવાં હોય છે, કે જે ઇષ્ટનો નાશ કરનારાં હોય : અને કેટલાંક ઇચ્છિતો એવાં પણ હોય છે, કે જેને અપાય તેને માત્ર તાત્કાલિક દુઃખથી બચાવી લેનારાં હોય. ઇચ્છિતના આ ત્રણ પ્રકારોમાંથી કયા પ્રકારનાં ઇચ્છિતોને દેવાનો પ્રયત્ન કરનાર ઉપકારી ગણાય ? ત્રણ પ્રકારનાં ઇચ્છિતોમાં એક પ્રકારનાં ઇચ્છિતો એવાં છે, કે જેનું દાન કરનાર અપકારી જ ગણાય—એ સમજાવવું છે. આથી જ તમારી પાસે નક્કી કરાવવું છે કે—જગતમાં સાચા ઉપકારી કોણ છે અને વસ્તુતઃ અપકારી કોણ છે ? ઇષ્ટના દાતા અને ઇષ્ટની સાધનામાં સહાયક ઇચ્છિતોના દાતા, એ જ જગતમાં સાચા ઉપકારિઓ છે અને ઇષ્ટસંહારક ઇચ્છિતોના દાતા, એ જગતમાં મહા અપકારી છે : માટે સાચા ઉપકારિઓની સેવા કરવી જોઈએ અને આત્મહિતની દૃષ્ટિએ જેઓ અપકારિઓ છે, તેમના સંસર્ગ માત્રથી પણ બચી જવું જોઇએ. અનુકમ્પાબુદ્ધિથી દીન—હીન આદિને આહાર અને વસ્ત્રાદિ આપનારા પણ દ્રવ્યથી ઉપકાર કરનારા છે, એ ભૂલવાનું નથી.

ઉપાયો પહેલાં પથ્ય બતાવવાની જરૂર :

દુનિયાના જીવોને ઇષ્ટની પ્રાપ્તિ કરવી છે, એ નક્કી વાત છે: કારણ કે—ઇષ્ટ તરીકે જે સુખને દર્શાવવામાં આવ્યું તે સુખ સૌને જોઇએ છે. દુનિયાના જીવોને એવા ઇષ્ટની પ્રાપ્તિ ગમે છે, માટે એ ઇષ્ટને પ્રાપ્ત કર-

વાના ઉપાયો દર્શાવવા એ જરૂરી છે અને આ બધું એને જ અંગે કહેવાઇ રહ્યું છે. દર્દિઓને આરોગ્ય હાથમાં લઈ ને અપાતું નથી, તેમ દુનિયાના જીવોને ઇષ્ટ પણ એમ ને એમ આપી શકાય તેવી સ્થિતિ છે જ નહિ. દુનિયાના દર્દિને જેમ ઔષધ દ્વારા આરોગ્ય અપાય છે, તેમ અહીં પણ ઉપાયો દર્શાવવા દ્વારા ઇષ્ટ અપાય છે. ઔષધ આપતાં પહેલાં ચિકિત્સકને જેમ પથ્ય દર્શાવવું પડે છે, 'આમ ખવાય, આટલું ખવાય, આ ખવાય, અમૂક તો ન જ ખવાય, આમ તો ન જ થાય, અમૂક વસ્તુઓ તો છોડવી જ પડે'–એ વિગેરે કહેવું પડે છે, તેમ અહીં પણ એવું બતાવવું પડશે. એ સમજાય અને એ રીતિએ વર્તવાનો પ્રયત્ન થાય તો જ ઉપાયો ફાયદો આપે, માટે આ બધી મહેનત તો ઉપાયો દર્શાવવા પૂર્વે જરૂરી પથ્ય આપવા–સૂચવવા માટેની છે!

'દુનિયાની વસ્તુઓને તજવા લાયક માનવી'–એ ઇષ્ટની સાધના માટેનો પાયો છે:

ઈષ્ટને બાધ કરનારી જેટલી જેટલી ઇચ્છિત વસ્તુઓ હોય, તેનો તો સર્વથા ત્યાગ જ કરવો જોઇએ. ઈષ્ટનો નાશ કરનારી અને ઈષ્ટનું ભાન ભૂલાવનારી વસ્તુઓની ઇચ્છા કરવી કે એને મેળવવા–સાચવવા–ભોગવવા આદિની ઘેલછા રાખવી, એ બહુ ભયંકર વસ્તુ છે. જે વસ્તુ આવી અને રોગ વધ્યો, એનાથી તો દૂર જ રહેવું જોઇએ: એની છાયા પણ નહિ લેવી જોઇએ. કેટલાક ચિકિત્સકો

તો કહે છે કે-એવી વસ્તુઓ ઘરમાં પણ નહિ રાખવી. માત્રા આપનારા વૈદ્યો એમ પણ કહે છે કે-'તેલનો જો હાથ લાગી ગયો તો પણ ખતમ થઇ જશો!' તે વખતે સ્નેહિની ઈચ્છા કરતાં, દર્દિના દેહની વધુ કાળજી રાખવી પડે છે. તેવી રીતિએ અહીં પણ અમૂક વસ્તુથી દૂર રહેવાનું છે. અહીં કચી વસ્તુનો પહેલો નિષેધ? દુનિયાની વસ્તુઓને સુખ આપનારી તરીકે-સારી તરીકે માનવાનો નિષેધ! દુનિયાની વસ્તુઓથી સુખ મળે-એ કલ્પનાને કાઢી નાખવાની. દુન્યવી વસ્તુઓને સુખ આપનારી તરીકે સારી માનવાની વાતનો પહેલો નિષેધ. સારી ન માનવી, એટલે કે-ખોટી માનવી! નુકશાન કરનારી માનવી! એને મૂકી દેવાની ઈચ્છા કરવી! એ ન મૂકાય, ત્યાં સુધી હૈયે એનું દુ:ખ રહેવું જોઇએ! આ પહેલી વસ્તુ. મકાન બાંધવું હોય તો પહેલાં જેમ પાયો નાખવો પડે, તેમ ઈષ્ટની સાધનાનો આ પાયો છે. જગતના પદાર્થોનો મોહ, જગતના પદાર્થોનું મમત્વ, જગતના પદાર્થોની પ્રાપ્તિમાં સુખની કલ્પના, એ બધું ખોટું છે-એમ પહેલાં સમજાઈ જવું જોઇએ.

ઇષ્ટ નિર્વિઘ્ન ક્યારે બને?

આથી ઘણાને એવી મુંઝવણ થવાનો સંભવ છે કે-'જો દુનિયાની વસ્તુઓને સુખ આપનારી તરીકે સારી નહિ માનવી, તો પછી જીવવું શી રીતિએ?' પણ દુનિ-યાની વસ્તુઓને એવી રીતિએ સારી નહિ માનવા છતાં

પણ જીવી શકાય છે! દુનિયાની કોઈ પણ વસ્તુમાં વસ્તુતઃ સુખ આપવાની તાકાત છે જ નહિ, માટે દુનિયાની વસ્તુઓ સુખ આપનારી છે—એ માન્યતાને દૂર કર્યા સિવાય છૂટકો જ નથી. આ વસ્તુ હૃદયમાં બરાબર જચી ગઇ, એટલે દુનિયાની વસ્તુઓના ભોગવટામાંથી રસ ઉડ્યો સમજો! એ રસ ઉડે એટલે ઇષ્ટ નિર્વિઘ્ન બન્યું કહેવાય. દુનિયાની વસ્તુઓના ભોગવટામાં આનંદ, એમાં જ સુખની કલ્પના, એ ઇષ્ટપ્રાપ્તિમાં ભયંકર રીતિએ બાધ કરનારી વસ્તુ છે.

અહીં 'હા' અને બહાર બીજું—એમ ન કરો :

આ વસ્તુમાં જેને વિરોધ હોય, તેણે અહીં વિરોધ કરી લેવો. બજારમાં સોદા કર્યો હોય અને તે જો ઉંધા પડે, તો નળીયાં વેચીને પણ શાહુકાર પૈસા આપે છે: તો અહીં હા ભણવી અને બહાર જઇને બીજું બોલવું, એ કયા પ્રકારની શાહુકારી કહેવાય? એવા બેવચનીને, બોલેલું ફરી જનારાને તો બજારમાં ય સ્થાન નથી મળતું: માટે અહીં જે કહેવાય છે તે ન બેસે તો ના પાડવી, દલીલ કરવી, કહેવાય છે તેવું માનવા જેટલી તૈયારી નથી—એમ કહેવું, પણ શરમના માર્યા હૈયામાં બીજું હોય તો તે કહેવાનું માંડી ના વાળતા! આ જમાનામાં નાદારી કૉર્ટો હોવા છતાં અને નાદાર તરીકે પોતાનું નામ જાહેર કરનારાઓ ઘણા હોવા છતાં, બાપનું દેવું પણ ચૂકવનારા નીકળ્યા છે કે નહિ? નીકળ્યા જ છે. જેને

મન પૈસા કરતાં શાહુકારીની કિંમત વધારે હોય, તે ત્રણ વર્ષે થઈ ગયાં, બાપનું દેવું બાપની સાથે ગયું,–એવું એવું ન કહે, પણ જ્યારે અવસર આવી લાગે ત્યારે પહેલી તકે વ્યાજ સાથે દેવું ભરપાઈ કરે. તમે એવા શાહુકાર છો ? છેવટ અહીં તો તમે એવા શાહુકાર બનો ! અહીં સાચા શાહુકાર બનશો, એટલે દુન્યવી શાહુકારી તો દોડી જ આવશે. અહીં શાહુકાર બનવું એટલે શું ? ન સમજાય તો પૂછવું અને જો બરાબર જ છે–એમ લાગે, તો અમલ કરવાને તૈયાર થવું !

વિચારપૂર્વકની આજ્ઞા :

સૌથી પહેલાં ઇષ્ટપ્રાપ્તિમાં બાધક વસ્તુઓને ભૂંડી–હિતનાશ કરનારી માનતા થઇ જવું જોઇએ. એ માન્યતામાં સ્થિર થઈ જવા છતાં પણ, એ માન્યતાવાળા બધા જ જીવો, એવી બધી જ વસ્તુઓને એકદમ મૂકી શકે એ શકય નથી : આથી ઉપકારિઓએ બહુ વિચાર કરીને આજ્ઞા કરી છે. ભૂંડી વસ્તુઓને બધા જ એકદમ છોડી શકે એમ નહિ બને, એમ એ તારકો જાણતા જ હતા અને એ માટે પહેલી આજ્ઞા એ કરી કે–ઇષ્ટમાં બાધક એવી દુનિયાની વસ્તુઓને ભૂંડી માનવી.

નુકશાનકારક માનવાથી થતો ફાયદો :

દેવતત્ત્વમાં કુદેવને નહિ માનવા, ગુરૂતત્ત્વમાં કુગુરૂને નહિ માનવા અને ધર્મતત્ત્વમાં કુધર્મને નહિ માનવો તેમજ સુદેવ, સુગુરૂ અને સુધર્મને જ માનવા–એ તો

બને; પરંતુ સાચા ધર્મને સમજવા અને માનવા છતાં પણ, બધા જ એવા નથી હોઇ શકતા કે-ઈષ્ટપ્રાપ્તિની પ્રવૃત્તિઓ સિવાયની સઘળી પ્રવૃત્તિઓનો એકદમ અને પૂરેપૂરો ત્યાગ કરી શકે! માટે પહેલી વાત એ કરી કે-દુન્યવી વસ્તુઓમાં જે સુખ આપવાની કલ્પના છે, તેને કાઢી નાખવી અને પૌદ્‌ગલિક સંસર્ગ માત્રથી મુક્ત બન્યે જ ઇષ્ટપ્રાપ્તિ થવાની છે એ માન્યતામાં દૃઢ બની જવું! ઈષ્ટની સાધના માટે આવી માન્યતાવાળા બનવાની સૌથી પહેલી જરૂર છે. ચિકિત્સક પણ કહે છે કે-‘ઔષધ પછી, પણ પથ્ય પહેલું. અમૂક વસ્તુઓનો ત્યાગ તો કરવો જ પડે.’ તેમ અહીં પણ કુદેવાદિને સુદેવાદિ તરીકે તો મરતાં ય ન મનાય. આ ઉપરાંત દુનિયાની વસ્તુઓ બુરી છે, સુખ આપનારી નથી, એમ પણ માનવું પડશે. એક વસ્તુને બૂરી-નુકશાનકારક માની, એટલે તે ખવાય તો પણ ૦ા શેરને બદલે પૈસાભાર ખવાય અને તે પણ રસપૂર્વક નહિ પરન્તુ બીતે બીતે! એવી ચીજનો કોઇ વધારે આગ્રહ કરે, તો એમ પણ કહો ને કે-‘ખાધા વિના ઉઠી જઈશ?’ માટે ઈષ્ટ-પ્રાપ્તિની લાયકાત મેળવવાને માટે, દુનિયાની વસ્તુઓને બૂરી માનવી, એ પહેલું જરૂરી છે. ઇષ્ટની ખબર હોય અને ઈષ્ટના ઉપાયોની પણ સમજણ હોય, છતાં તે તે ઉપાયોને આદરવાની શક્યતા ન હોય તો દુનિયામાં રહેવા છતાં પણ દુનિયાના પદાર્થોને બૂરા માનીને રહેવાય, એટલે ઇષ્ટપ્રાપ્તિના ઉપાયોનું વહેલું યા મોડું, થોડું યા વધતું, સેવન થયા

વિના રહે નહિ. તમારે રોગનો પાર વહેલો લાવવો છે યા મોડો ? જેણે વહેલો પાર લાવવો હોય, તેણે આ માન્યતામાં મક્કમ બનીને, જેટલું શક્ય હોય તેટલું બધું જ સામર્થ્ય ખર્ચીને પણ, ઇષ્ટપ્રાપ્તિના ઉપાયોનો અમલ કરવાનું કાર્ય આજથી ને અત્યારથી જ શરૂ કરી દેવું જોઈએ તેમજ આ સિવાયની બીજી બધી જ ઇચ્છાઓનો અને પ્રવૃત્તિઓનો પણ મનથી, વચનથી અને કાયાથી કરવા, કરાવવા અને અનુમોદવા રૂપે પણ ત્યાગ કરી દેવો જોઇએ.

ઇષ્ટપ્રાપ્તિનો પહેલો ઉપાય :

હવે આપણે ઇષ્ટપ્રાપ્તિના ઉપાયોની વિચારણા શરૂ કરીએ છીએ. ઇષ્ટપ્રાપ્તિના ઉપાયોમાં, ઇષ્ટને પ્રાપ્ત કરવાના જે માર્ગો છે, તે માર્ગોમાં-ઇષ્ટ વસ્તુને પ્રધાન સ્થાન છે. દુનિયાના જીવોને કોઇ પણ જાતિની પીડા નથી જોઈતી. દુનિયાના જીવોને સુખની પ્રાપ્તિ જેમ આનંદ આપે છે, તેમ દુ:ખનો અભાવ પણ આનંદ જ આપે છે. દુ:ખનો અભાવ થવા માંડે, એટલે સુખ ખીલવા માંડે. કોઈ આપણને તકલીફ ન આપે, એ સૌની ઇચ્છા છે: ત્યારે ઇષ્ટપ્રાપ્તિનો પહેલો ઉપાય કયો ? આપણે એવી કોઇ પણ વિચારણા અગર આચરણા નહિ કરવી, કે જે વિચારણા અગર આચરણા કોઇ પણ જીવને દુ:ખ ઉપજાવવાનો સ્વભાવ ધરાવતી હોય ! જે પ્રવૃત્તિ પરિણામે દુ:ખ આપનારી હોય, તેનાથી અલગ થઈ જવું !

ઉપાયમાં ઇષ્ટની વ્યાપ્તતા :

તમે આજે જે જે ધમાલો મચાવી રહ્યા છો અને જે જે પ્રવૃત્તિઓ કરી રહ્યા છો, તે આ ઉપાયમાં આવતી નથી : કારણ કે–તે તે ધમાલો અને તે તે પ્રવૃત્તિઓ સ્વભાવથી જ કોઇ ને કોઇ જીવને દુઃખ ઉપજાવનારી છે. ઇષ્ટપ્રાપ્તિનો પહેલો ઉપાય–કોઇને ય દુઃખ ન દેવું–એ કેમ ? આપણને કોઇ તરફનું દુઃખ ગમતું નથી માટે ! ઇષ્ટ તેના સાધક ઉપાયમાં વ્યાપ્તજ હોય, માટે કોઇને પણ પીડા રૂપ ન થવું, એ ઇષ્ટપ્રાપ્તિનો પહેલો ઉપાય.

સામાના દોષે નિરૂપાય :

આપણી પ્રવૃત્તિ સારી હોય અને કોઈને પણ દુઃખ દેવાની આપણી બુદ્ધિ હોય નહિ, છતાં કોઇને દુઃખ થાય તો તે અશકય નથી. સામાને દુઃખ દેવાની આપણી બુદ્ધિ ન હોય તેમજ એને ય સુખ થાય એવી જ આપણી ઈચ્છા હોય, તે છતાં પણ જો સામાને સામાના દોષે જ દુઃખ થાય, તો તેના ગુન્હેગાર આપણે નથી. ત્યાં તો સૌ કોઇ નિરૂપાય છે, માટે એ વાત અહીં નથી. ત્યાં જે સામાને દુઃખ થાય છે, તે ઉપાય સારો નહિ હોવાના કારણે નથી થતું પણ સામામાં તેટલી અયોગ્યતા અથવા તો દોષાધીનતા છે એથી થાય છે.

આ ઉપાયમાં અહિંસાદિનો સમાવેશ :

ધર્મના સર્વસ્વનો, ઇષ્ટપ્રાપ્તિના સાચા ઉપાયનો ખ્યાલ આપતાં એક સ્થળે કહેવાયું છે કે–

"श्रूयतां धर्मसर्वस्वं, श्रुत्वा चैवावधार्यताम् ।
आत्मनः प्रतिकूलानि, परेषां न समाचरेत् ॥१॥"

આ શ્લોકનો ભાવ એવો છે કે–તમે ધર્મના સર્વસ્વને સાંભળો : સાંભળો એટલું જ નહિ, પણ ધર્મના સર્વસ્વને સાંભળીને હૈયે અવધારો ! એ શું ? તો કે–પોતાને જે જે પ્રતિકૂળ હોય, તેનું તેનું બીજાઓ પ્રત્યે આચરણ કરવું નહિ ! આમાં અહિંસા કે જીવદયા આદિ શબ્દો નથી લખ્યા, પરન્તુ એવું લખ્યું છે કે જેની સામે કોઈનાથી પણ બોલાય નહિ અને તેમ છતાં પણ આમાં સાચી અહિંસા આદિનો સમાવેશ થઇ ગયા વિના રહે નહિ! ઇષ્ટપ્રાપ્તિનો પહેલો ઉપાય એ કે—

'आत्मनः प्रतिकूलानि, परेषां न समाचरेत् ।'

પોતાને પ્રતિકૂળ એવી જે જે વસ્તુઓ હોય, તે તે વસ્તુઓ બીજાઓ પ્રત્યે આચરવી નહિ.

અનુપમ ને આશિર્વાદ રૂપ જીવન બને :

એક માણસ આવો નિશ્ચય કરી લે અને એ નિશ્ચય મુજબ વર્તવાની શરૂઆત કરી દે, તો એનું જીવન કેટલું બધું અનુપમ અને આશિર્વાદ રૂપ બની જાય, એની કલ્પના તો કરી જૂઓ ! જે દિવસે આ સ્થિતિ આવી જાય, તે દિવસે ધર્મ એની મેળે આવ્યો સમજો.

મનુષ્ય અને મનુષ્યપણું :

જેણે પોતાને મળેલા મનુષ્યપણાને સાર્થક કરવું હોય, ખીલવવું હોય, મનુષ્ય તરીકેની લાયકાત કેળવવી

હોય, તેણે પોતાને જે ન ગમતું હોય તેવું વર્તન બીજાઓ પ્રત્યે કરતાં અટકી જવું જોઇએ. બીજાઓના તરફથી પોતા તરફ જે વર્તન થાય અને જો તે પોતાને ન ગમતું હોય, તો તેવું વર્તન પોતે બીજાઓની તરફ કરવું–એ શું કહેવાય? પોતા પ્રત્યે જે આચરણ થતાં ન ગમે, તે બીજા પ્રત્યે જે આચરે, એ શું સાચો મનુષ્ય છે? છતાં એવાને 'મનુષ્ય નથી'–એમ કેમ કહેવાય? વખતે એમ કહેવાય કે–દેખાય છે મનુષ્ય, પણ મનુષ્યપણું છે નહિ.

આગ્રહ કેમ?

આચાર, વિચાર અને પ્રવૃત્તિથી જેઓ મનુષ્યપણામાં ન દેખાતા હોય, તેઓએ પોતાને મનુષ્ય કહેવડાવવાનો આગ્રહ શા માટે રાખવો જોઇએ? કારણ કે–મનુષ્ય તરીકે જે પ્રમાણે વર્તવું જોઈએ તે પ્રમાણે વર્તી શકતા નથી અને તેવું વર્તન નથી થઈ શકતું તેનું હૈયે દુઃખ પણ નથી! મનુષ્ય જો મનુષ્ય બને, મનુષ્યો જો સાચા મનુષ્યત્વના ઉપાસક બની જાય, તો પણ જગતમાંથી ઘણી ખરી અશાન્તિ દૂર થઈ જાય.

માણસની ભૂલે જનાવરને દંડાય?

કાયદા પણ કોને માટે? મનુષ્ય માટે! જનાવર માટે નહિ!! આદમી દ્વારા ભૂલથી વાગે તોય શિક્ષા થાય, પણ આખલો મારે તો કેસ કરવા જવાય? નહિ, પણ આજે તો કેટલાકો એવા પણ પાકયા છે, કે જેઓ મનુષ્યની ભૂલ બદલની શિક્ષા જનાવરને કરે છે. પોતે બેદરકાર

રહે અને જનાવર ખાવા આવી જાય, તો લાકડી લઈને જનાવરને મારવા દોડે છે! જનાવર જ્ઞાની કે અજ્ઞાની?

સ૦ અજ્ઞાની.

અને મનુષ્ય ? પશુ કરતાં તો જ્ઞાની ને ?

સ૦ હાજી.

ત્યારે જ્ઞાનિની ભૂલની શિક્ષા અજ્ઞાનિને થાય, એ શું વ્યાજબી છે ? એ શું મનુષ્યપણું છે ? '

ધારે એટલું ભલું-ભૂંડું કરી શકે :

જગતની બધી જાતિઓમાં એક મનુષ્ય-જાતિ જ એવી છે, કે જે દુનિયાના પ્રાણિઓ ઉપર ધારે એટલો શક્ય ઉપકાર કરી શકે છે. મનુષ્યો જો સાચા ગુણસંપન્ન મનુષ્યો બની જાય, તો જગતના જીવોનું ધારે એટલું શક્ય ભલું કરી શકે : પણ અત્યારે તો પ્રાયઃ મનુષ્ય-જાતિ ધારે એટલું ભૂંડું કરી રહી છે. સૌથી ઉત્તમ એવી આ જાત, આજે મોટે ભાગે અધમતાના ખાડામાં ગબડી ગઈ છે અને પોતાને મળેલી અતિ દુર્લભ તેમજ ઘણી ઉત્તમ સામગ્રીની પણ કારમી બરબાદી કરી રહી છે.

પશુથી ભૂંડા :

જ્ઞાનિપુરૂષોએ આ મનુષ્યભવને મહત્ત્વનો ગણ્યો છે. શા માટે જ્ઞાનિપુરૂષોએ મનુષ્યભવની મહત્તા આંકી હશે ? એ જ માટે કે-મનુષ્ય વિવેકી બનીને કોઇનું ભૂંડું નહિ કરતાં, પોતાના અને પરના ભલામાં બીજી કોઇ પણ ગતિના જીવો પ્રવૃત્ત ન થઈ શકે તેવા પ્રકારે પણ પ્રવૃત્ત

થઈ શકે તેમ છે. આવી જાતને પાપમાં પડવાનો અને સ્વ–પર–હિતનાશક સ્વાર્થમાં ભાનભૂલા બનવાનો ઉપદેશ કોણ આપે? એવો ઉપદેશ દેનારો તો પશુથી ય ભૂંડો છે. પશુની ઉપમાને પણ એ લાયક નથી: કારણ કે–એવાઓમાં પશુ જેટલા ગુણો પણ હોઈ શકતા નથી.

સિંહ અને શહેરી:

વિચાર કરો. જંગલનો સિંહ, કે જેને તમે જંગલી, ક્રૂર અને હિંસક કહો છો, તે જ્યાં સુધી તેનું પેટ ભરેલું હોય ત્યાં સુધી મારવા ઉઠે? નહિ. ભૂખ્યો થયો હોય તો પણ ક્ષુદ્ર જન્તુની સામે જૂએ? નહિ. જાય તો સબળ સામે જ જાય. આગળથી જાય કે પાછળથી? આગળથી. તે પણ અવાજ કરીને, પૂછડું પછાડીને! છતાં એ કેવો કહેવાય? જંગલી, હિંસક અને ક્રૂર! ત્યારે તમે તમારી જાતને કેવી કહો છો? શહેરી, દયાળુ અને સૌમ્ય! શું આ વાત સાચી છે? તમે શહેરી, દયાળુ અને સૌમ્ય છો? નિરાંતે, સુખપૂર્વક, ચિન્તા કર્યા વિના પેટ ભરાય તેટલું સાધન તમારી પાસે હોય, છતાં તમે પાપ કરો કે ન કરો? જ્યાં સુધી એટલું સાધન હોય ત્યાં સુધી તો વધુ મેળવવાને માટે પાપ નહિ જ કરવું, એવો પણ નિયમ કરવાને તૈયાર છો? તમે નબળાને મારો કે બળીયાને? નબળાને પણ છૂપી રીતિએ મારો કે સામે જઈને? પકડાવ તો કબૂલ થાવ કે નાકબૂલ? છતાં તમે આદમી! મનુષ્ય! શહેરી, દયાળુ અને સૌમ્ય!

મનુષ્ય બનવાનો આગ્રહ રાખો :

તમે તમને પોતાને મનુષ્ય કહેવડાવવાનો જેટલો આગ્રહ રાખો છો, તેટલો મનુષ્ય બનવાનો આગ્રહ કેમ નથી રાખતા ? તમે પાપ કરો, પાપને પ્રચારો, પાપને છૂપાવો અને પાપને પોષો, છતાં તમે મનુષ્ય કહેવડાવવાનો આગ્રહ રાખો, એ શું વ્યાજબી છે ? મનુષ્યે મનુષ્ય બનવાનો—સાચી માણસાઈને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઇએ અને તેમ થાય તો જ મનુષ્ય તરીકે ઓળખાવું એ સાર્થક છે. પાપના ડર વિનાનો મનુષ્ય, એ આકાર આદિથી મનુષ્ય હોવા છતાં પણ સાચો મનુષ્ય નથી—એ વાતને હરપળે યાદ રાખો !

છોકરાને કદિ આ કહ્યું ?

તમારા છોકરા સાચા મનુષ્ય બને, એ માટે પણ તમે કેટલા પ્રયત્નો કર્યા ? છોકરાને કદિ કહ્યું કે—'ભણીને કરવાનું આ ? ' કદિ એમ સમજાવ્યું કે—' ભણવાનો હેતુ એ છે કે—સદાચારી બનવું ? કોઇને દુઃખ ન દેવું ? સૌને સુખ દેવાનો પ્રયત્ન કરવો ? ' એમ કદિ કહ્યું કે—' તું જો અનીતિખોર, પ્રપંચી અને પેટભરો પાક્યો, તો હું કહીશ કે—તું મારો દીકરો નહિ ?' 'જે ભણતર લૂચ્ચાઇ કરતાં શીખવાડે, લૂચ્ચાઇ કરવાને પ્રેરે, બીજાનું પડાવી લેવાને પ્રેરે, એ ભણતરને ફગાવી દેજે'—એમ પણ કદિ કહ્યું ? ના, તમે તો કદાચ કહ્યું હશે તો પણ પ્રાયઃ એમ જ કહ્યું હશે કે—' ભણીને એવો હુંશીયાર થા કે—તારૂં કોઈ

લઇ જઇ શકે નહિ તેમજ તું સોનું લઈ આવે તે છતાં શાહુકાર ગણાય અને કાયદાની ચૂંગાલમાં ન ફસાય!' આમ છતાં તમે આદમી? બાપ? હિતૈષી અને વાલી?

છોકરાનું આત્મહિત ન જાળવે તે કેવા?

છોકરાના આત્મહિતને જે જાળવે નહિ–છોકરાને જે આત્મહિતને હણવાના માર્ગે પ્રેરે, એ બાપ હોય તો સાચો બાપ નથી, હિતૈષી કહેવાતો હોય તો સાચો હિતૈષી નથી અને વાલી કહેવાતો હોય તો સાચો વાલી નથી. એવો આદમી બાપ, હિતૈષી અને વાલી ગણાવાને માટે નાલાયક છે. તમે તમારાં સંતાનોનું કેટલું હિત જાળવો છો? તમારાં સંતાનો પાપી ન બને, ઉન્માર્ગે ન જાય, અનીતિખોર ન થાય અને બદમાશ ન પાકે, પણ સદાચારશીલ બને–એ માટે તમે શું કર્યું?

સાચા વાલીઓ ડંખે છે!

પણ કેટલાકોને તો એવા સાચા વાલીઓ ડંખે છે, કે જે વાલીઓ પોતાની નિશ્રામાં રહેલા આત્માઓને કેવળ આત્મહિતના જ માર્ગે યોજતા હોય! એવા વાલીઓનું વાલીપણું ઝુંટવવાના કારમા પ્રયત્નો પણ થયા છે અને થયે જાય છે: છતાં કહેવાય છે કે–એ બધું બાળકોના ભલાને માટે થાય છે! બાળકોના ભલાની વાતો કરનારા એ લોકોને પૂછો તો ખરા કે–તમે સાધનહીન બાળકોની કેટલીક દયા ખાધી? સાધનહીન બાળકોની દયા ખાઇને એમને માટે શું કર્યું? જે સ્થલોમાં જન્મ પામેલાઓ મોટે

ભાગે અનીતિખોર જ બનતા હોય, તેવાં સ્થલોમાં જન્મેલાં બાળકો અનીતિખોર ન બને તે માટે શું કર્યું? ચોર, લુચ્ચા, લફંગા અને અનાચારી આદમીઓનાં સંતાનો, એમના પિતા જેવાં ન બને, એ માટે શું કર્યું? કશું જ નહિ! અને વાંધો માત્ર સદાચારને માર્ગે દોરે ત્યાં જ, એમ? બાળકોનું ભલું ચાહનારાઓ આવા હોય? બાળકો અનાચારી પાકે એવાં સ્થલોમાં રહે તે સામે વાંધો નહિ અને સદાચારમય જીવન જીવનારાં બને એવાં સ્થલોમાં બાળકોને મૂકવામાં આવે તો તે સામે વાંધો,—એ શું બાળકોના ભલાની ભાવનાને આભારી છે?

મનુષ્યપણા ઉપર દાહ :

શું દુનિયાને પેટભરા બનવાની જ વિદ્યા શિખવવી છે? આજે ઈશ્વરને માથે રાખીને જુઠું બોલનારા કેટલા છે? સ્નેહી સ્નેહિને વિશ્વાસથી ૫૦૦ આપે, એમાં ન હોય સાક્ષી કે ન હોય લખાણ, છતાં કૉર્ટમાં સાક્ષી આપનારા ક્યાંથી મળી આવે છે? ‘ગમે તે રસ્તે એ સાક્ષી ઉભા કર’—એવી સલાહ આપનારા ક્યાંથી મળે છે? ખરેખર, એવાઓના મનુષ્યપણા ઉપર દાહ મૂકાઇ ગયો છે. એ પ્રતાપ કોનો? ઉંધા શિક્ષણનો કે બીજાનો?

શિક્ષણ કે દવ?

શિક્ષણ તો એવું હોવું જોઈએ, કે જે શિક્ષણને પામીને ભણેલાઓ પાપથી, જુઠથી, અનીતિથી અને પ્રપંચ આદિથી કંપતા બને. આગળ ગુરૂઓ વિદ્યાર્થિ-

ઓની એવી ચિન્તા રાખતા. શ્રી ક્ષીરકદંબક આચાર્યને પોતાના ત્રણમાંના બે શિષ્યોને અયોગ્ય જાણીને આઘાત લાગ્યો હતો. કેમ ? એ માનતા હતા કે–મારા ભણાવેલા વિદ્યાર્થિઓ જો અયોગ્ય પાકે, તો મારૂં શિક્ષણ લજવાય. આજના શિક્ષકોને પૂછો કે–તેઓ પોતાની પાસે ભણનારા વિદ્યાર્થિઓને કેવા બનાવવા માટેનો પ્રયત્ન કરે છે ? કેટલાક શિક્ષકો તો આજે એમ પણ સમજાવે કે– 'શ્રી રામચંદ્રજી આદિ કલ્પિત, જંગલી.' આ બધા સાચા અને એ કલ્પિત ! આ બધા સુધરેલા અને એ જંગલી ! આવાઓથી શો ઉદય થાય ? તમે એવા ન બની શકતા હો, તમારામાં એવા બનવા જેટલી લાયકાત, ઉત્તમતા, સદાચારિતા ન હોય, માટે પૂર્વે પણ એવા મહાપુરૂષો નથી થયા એમ માનવાનું ? આવા ભણતરને પામીને, ભણેલાઓ પરમાત્માની શી આજ્ઞા પાળવાના ? બધા ઉત્તમ પુરૂષો જ જેને કલ્પિત લાગે, તે એમનાં ઉત્તમ આચરણોમાંથી શું શીખવાના ? અને એમની આજ્ઞાઓનું પાલન પણ કેવુંક કરવાના ? આને શિક્ષણ કહેવું કે મનુષ્યપણાને સળગાવી મૂકનાર દવ કહેવો ?

ચેતવાની જરૂર :

આવા ઉંધા શિક્ષણના પ્રતાપે આજે તમારા ઘરમાં પણ કયી દશા છે ? આજના છોકરાઓ કેટલેક સ્થળે તો બાયડી ખાતર બાપને તજવાને માટે પણ તૈયાર થાય છે. પહેલી બાયડી કે પહેલો બાપ ? આ જમાનામાં

કેટલીક પત્નીઓની આગળ કેટલાક પતિઓની હાલત કેવી છે, તે ન બોલવું પડે તો સારૂં. આ બધાનું કારણ કદિ વિચાર્યું ? જ્યાં શિક્ષક આદિ શિક્ષણ અને સંસ્કાર આપનારાઓ જ કર્ત્તવ્યભ્રષ્ટ અને ઉન્માર્ગગામી બન્યા હોય, ત્યાં છોકરાઓ પાપાત્માઓ પાકે તો પણ તેમાં નવાઈ જેવું છે જ શું ? આ યુગમાં જેઓ એવા ન પાકતા હોય તેઓ અને તેમનાં માતા–પિતાદિ પુણ્યશાલી છે, પરન્તુ તેવાઓએ પણ ચેતવાની જરૂર છે અને પોતાનાં સંતાનો આદિને સારૂં શિક્ષણ જ મળે તેવી વ્યવસ્થા કરવાની પણ જરૂર છે : કારણ કે–દિવસે દિવસે આખુંય વાતાવરણ જડવાદની તરફદારીવાળું બનતું જાય છે.

લેણું લેવું ને દેણું દેવું નહિ–એવો ઘાટ :

જે માત્ર પોતાનું જ ભલું તાકે અને પોતાના ભલા ખાતર બીજાનું ગમે તેટલું ભૂંડું કરતાં આંચકો પણ ન ખાય, તેને માનવી કેમ કહેવાય ? એવાઓ શું સુખ માગવાને અધિકારી છે ? પોતે સુખ માગ્યા કરવું અને બીજાને દુઃખ દીધા કરવું, એ તો લેણું લઇ આવવું અને દેવું આપવું નહિ એવો ઘાટ છે. એવાઓને સુખ મળે પણ ક્યાંથી ?

એ ન્યાય ક્યાંનો ?

આવાઓને સુખ ન મળે એ તો દેખીતી વાત છે : કારણ કે–ધંધો જ ઉંધો કરે છે ! સુખ જોઈએ તો સુખ દેવું જોઈએ એને બદલે સુખ લેવાને માટે દુઃખ

દેવાનો ધંધો કરે છે ! આવો ઉંધો ધંધો કરનારાઓમાં એવા પણ હોય છે, કે જેઓ–' બીજાને દુઃખ દેવાથી પોતાને સુખ ન મળે પણ દુઃખ જ મળે '–એ વાતને ધ્યાન ઉપર લેતા નથી અને પોતાના પાપે જ પોતાને દુઃખ મળે, તે છતાં ઈશ્વરને કલંકિત કરે છે. તમારા પાપે તમે દુઃખી થાઓ, એમાં ઇશ્વરને શા માટે કલંકિત કરો છો ? જ્યારે સંપત્તિ મળે ત્યારે તો એમ કહેવું કે–' હું મારી હુશીયારીથી કમાયો ' અને સંપત્તિ જાય એટલે ઇશ્વરને દોષ દેવો, એ ન્યાય ક્યાંનો ? એવાઓને સુખ માગવાનો અધિકાર જ ક્યાં છે ?

પકડાવાની તૈયારીઓ :

ચોરી કરનારો, પોલીસો આંધળા હોય તો શહેરમાં બીજાઓની માફક ફરી શકે : નહિ તો એનું સ્થાન કાં તો જંગલમાં હોય ને કાં તો કોટડીમાં હોય ! તે જ રીતિએ અનીતિ, પાપ અને પ્રપંચાદિ કરનારાઓને પાપનો ઉદય થતાં માગી ભીખ પણ નહિ મળે, એમ જ્ઞાનિઓ કહે છે. આજે પૂર્વના પુણ્યે તમને જે કાંઈ મળ્યું છે, તે પણ તમને ફરીથી તરતમાં નહિ મળે, એમ આજની તમારી કાર્યવાહી જોતાં લાગે છે, માટે હજુ ય ચેતો અને સમજો કે–પકડાવાની તૈયારીઓ ચાલી રહી છે. જીવન પાપમય બની ગયું છે : માટે જો સુખ જોઈતું હોય તો હજુ પણ પાપથી પાછા હઠો અને જે જે ઉપાયોના સેવનથી ઇષ્ટ સુખ મળવાની અનન્તજ્ઞાનિઓ ખાત્રી

આપે છે, તે તે ઉપાયોના આદરમાં તત્પર બનો!

દુઃખ—સુખની ઈચ્છા :

પાપ કરતાં કંપારી છૂટે છે? પાપ કરવું પડે છે, માટે દુઃખ થાય છે? રસ્તામાં કયી રીતિએ ચાલો છો? જીવજંતુ જોઇને ચાલો છો? કોના ઉપર પગ આવે છે, તેનો ખ્યાલ રહે છે? કેટલાક તો હાથમાં સોટી આવે એટલા માત્રમાં એવા મલકાઈ જાય છે કે—અન્ય જીવોના દુઃખ પ્રત્યે બીનકાળજીવાળા બની જાય છે અને નિર્દોષ જીવજંતુઓને મારતા જાય છે! આવાઓને અધિક સત્તા મળે તો શું કરે? માટે ઇષ્ટપ્રાપ્તિનો પહેલો ઉપાય એ કે—કોઇને દુઃખ દેવું નહિ. બીજાને દુઃખી કરવાની ઇચ્છા, એ જ પોતાને દુઃખી બનાવવાની ઈચ્છા છે: અને બીજાને સુખી બનાવવાની ઇચ્છા એ જ પોતાને સુખી કરવાની ઈચ્છા છે: માટે કોઈ પણ જીવને દુઃખ ન ઉપજે તેવી રીતિએ વર્તવું, એ ઈષ્ટપ્રાપ્તિનો સાચો અને પહેલો ઉપાય.

નિરપરાધિને તો દુઃખ નહિ જ દેવું :

સંસારમાં રહેલાઓને માટે, ત્યાગી નહિ બનેલાઓને માટે, આનો સર્વથા અમલ શકય નથી: પણ તેઓય હાલતા—ચાલતા જીવજંતુને તે અપરાધ ન કરે ત્યાં સુધી તો દુઃખ દેવું જ નહિ અને ભલું તો સૌનું જ ચિન્તવવું, એવો નિયમ કરી શકે છે! આગળ રાજ્યના મંત્રિઓ એવા પણ હતા, કે જે પ્રહાર ન કરે તેના

ઉપર પ્રહાર નહિ કરવાનો નિયમ રાખતા ! શત્રુને એ કહેતા કે–' પહેલો પ્રહાર તું કર ! '

એક વણિકનું દૃષ્ટાંત :

એક વાણીયો કમાઈને ચાલ્યો આવતો હતો. તેને નિયમ હતો કે–' અપરાધી સિવાય બીજાને તો મારવા જ નહિ. ' એ વાણીયાને રસ્તામાં લૂંટારૂઓ મળ્યા.

પોતાને લૂંટવાને માટે લૂંટારૂઓને આવેલા જોઇને એ વાણીયો ઉંટ ઉપરથી નીચે ઉતરી પડ્યો, કારણ કે– અપરાધ કરવા આવેલાઓ નીચે ઉભા હતા.

ઉંટ ઉપરથી નીચે ઉતર્યા પછીથી પણ તે વાણીયાએ, પોતાની પાસે જે પાંચ બાણો હતાં, તેમાંનાં બે બાણોને ભાગી નાખ્યાં.

વાણીયાના આવા વર્તનથી ચકિત બનેલા લૂંટારૂઓ તેને પૂછે છે કે–' આમ કેમ કર્યું ? '

વાણીયો કહે છે કે–' મારે એકને એક જ બાણ મારવાનો નિયમ છે. તમે ત્રણ જણા છો એટલે મારે ત્રણ જ બાણો જોઇએ. મારા નિયમ મુજબ મારાથી એક પણ વધારે બાણનો ઉપયોગ થઈ શકે નહિ : પણ તમારી સાથે લડતાં વધારે બાણનો ઉપયોગ કરવાની મને ઇચ્છા થઈ જાય તો ? એવી કોઈ ઇચ્છા થાય નહિ અને મારો નિયમ ભાગે નહિ માટે તમારા ત્રણ પૂરતાં ત્રણ બાણો રાખીને, બાકીનાં બે બાણો મેં ભાગી નાખ્યાં.

વાણીયાના આવા જવાબથી પેલા લૂંટારૂઓ સમજી ગયા કે–' અહીં આપણું ચાલે તેમ નથી. ' તેઓએ કહ્યું કે–'અમારે તને લૂંટવો નથી, પરન્તુ તું અમને તારી કુશળતા બતાવ. પેલા ઉડતા પક્ષિને બાણુથી માર !'

વાણીયો કહે છે કે–' નહિ, અપરાધિને પણ હું ન છૂટકે જ મારૂં, તો એ નિરપરાધી પક્ષિને તો મારાથી મરાય જ કેમ ? '

પછીથી તે વાણીયાએ લૂંટારૂઓ પકીના એક જણુને તેના માથા ઉપર મોતીની માળા મૂકાવીને ઉભો રાખ્યો અને માત્ર એક જ બાણુથી, પેલાને જરા પણ આંચ ન આવે એવી રીતિએ, મોતીની તે માળાને ઉડાવી દીધી.

આથી લૂંટારાઓ ખૂશ થયા. પછીથી વાત કરતાં કરતાં વાણીયાને ખબર પડી ગઈ કે–' આમાંનો એક તો રાજા છે, પણ દુઃખદ અવસ્થામાં આવી પડવાથી જ તે આવો ધંધો કરે છે. ' આથી એ વાણીયાએ પોતાની પાસેનું સઘળું જ દ્રવ્ય એ રાજાને આપી દીધું અને પોતે ત્યાંથી ખાલી હાથે જ ચાલ્યો ગયો.

નિયમ કર્યા પછી :

કહેવાનું તાત્પર્ય એ છે કે–છેવટમાં છેવટ તમારે એવો નિયમ તો રાખવો જ જોઇએ કે–હાલતા–ચાલતા નિરપરાધી જીવોને તો દુઃખ નહિ જ દેવું ! પરન્તુ આ નિયમ કર્યા પછીથી જોઇને ચાલવું પડશે, સમજીને ખાવું પડશે, જે–તે નહિ ખવાય અને જેમ–તેમ નહિ.

વર્તાય. આપણે જે ઇષ્ટની વાત કરી આવ્યા છીએ, તે ઇષ્ટને જો પ્રાપ્ત કરવું હશે, તો એમ કરવું જ પડશે અને ધીરે ધીરે એમાં આગળ પણ વધવું પડશે. ઇષ્ટ-પ્રાપ્તિનો તમારે માટેનો આ પહેલો ઉપાય.

ઇષ્ટપ્રાપ્તિનો બીજો ઉપાય :

બીજો ઉપાય એ છે કે–અસત્ય બોલવું નહિ. કોઇની વાતમાં કોઈ અસત્ય બોલે તો બીજાને દુઃખ થાય, માટે પહેલા ઉપાયનો અમલ કરવાની ઇચ્છાવાળાએ આ બીજા ઉપાયને પણ સેવવો જ પડશે. 'સર્વથા જુઠું નહિ જ બોલવું'–એવો નિશ્ચય કરીને, તેનું યથાસ્થિતપણે પાલન કરો, તો તે ઘણી જ ઉત્તમ વાત છે : પણ તેમ નહિ કરી શકનારાઓએ પણ, કન્યા, પશુ અને જમીન-ઉપલક્ષણથી દ્વિપદ, ચતુષ્પદ અને અપદના સંબંધમાં જુઠું બોલવું–લખવું નહિ, ખોટી સાક્ષી પૂરવી નહિ કે ખોટા દસ્તાવેજો આદિનાં ખોટાં લખાણો લખવાં નહિ. છેવટ આટલું પણ બને કે નહિ? પછી છોકરી કાણી હોય, મૂર્ખી હોય, છતાં દેખતી ને હુંશીયાર છે એમ નહિ કહેવાય. અસત્યનો સર્વથા ત્યાગ, એ ઇષ્ટપ્રાપ્તિનો બીજો ઉપાય : જેનાથી સર્વથા ત્યાગ ન બને, તેણે પણ છેવટ આ પાંચ જુઠ્ઠાં તો અવશ્ય તજવાં જોઇએ.

ઇષ્ટપ્રાપ્તિનો ત્રીજો ઉપાય :

ત્રીજો ઉપાય એ છે કે–કોઇની પણ વસ્તુ રજા વિના લેવી નહિ. સર્વથા એમ ન બને, તો રાજ્યનો કાયદો

જેને ચોરી કહેતો હોય, તેવી ચોરી તો કરવી જ નહિ. ચોરી બીલ્કુલ ન કરવી તે ઉત્તમ ઉપાય, પરન્તુ તે ન બની શકે તો રાજ્યના કાયદા મુજબ જે ચોરી ગણાય તે તો નહિ જ કરવી. આમાં દાણચોરી, રેલ્વેમાં ટીકીટ કે વજનની ચોરી, પોસ્ટની ચોરી, ખીસ્સું કાતરવું, તાળું તોડવું, વિગેરે વિગેરે આવી જ જાય છે, હોં!

ઈષ્ટપ્રાપ્તિનો ચોથો ઉપાય :

ચોથો ઉપાય એ છે કે–વિષયસેવા એ મહા ભયંકર પાપ છે, માટે એનો સર્વથા ત્યાગ કરવો. વિષયસેવામાં લીન બનેલો, ભાનભૂલો ગણાય કે સાવચેત ગણાય? વિષયસેવાનો સર્વથા ત્યાગ થાય, તો ફાયદો થાય કે નુકશાન થાય? ફાયદો જ થાય, કારણ કે–કજીઆની મૂખ્ય જડ વિષયાધીનવૃત્તિ છે. એ સર્વથા નીકળે તો ઘણું સારૂં. ઈષ્ટની પ્રાપ્તિનો આ પ્રબળ ઉપાય છે. સર્વથા બ્રહ્મચર્ય પાળવાની અશક્તિવાળાએ પણ, પરસ્ત્રીનો ત્યાગ કરવા સાથે સ્વસ્ત્રીમાં પણ સંતોષી બની જવું જોઇએ. પરસ્ત્રીને મા–બેન સમાન ગણવી જોઇએ અને સ્વસ્ત્રીમાં પણ સંતોષ કેળવવો જોઈએ. પરણેલાં, દમ્પતિ બનેલાં સ્ત્રી-પુરૂષો મળીને તત્ત્વની, ધર્મની વાત ન જ કરી શકે, એમ? 'આપણો સંયોગ અલ્પકાલીન છે માટે ધર્મ સાધીએ, આત્મકલ્યાણ કરીએ.'–એવી એવી વાતો કેટલાંક ધણી-ધણીઆણી કરે છે? શું પરણેલાં સ્ત્રી–પુરૂષનો યોગ કેવળ વિષયસેવાને માટે જ છે? પતિ–પત્નિને એક–

બીજાના આત્મહિતની ચિન્તા કરવાની જ નહિ? બન્ને મળીને વિચાર કરો તો આવા કરો, કે જેથી વિષય-સેવનની વૃત્તિ ઘટતી અને નાશ પામતી બને! સ્વસ્ત્રીમાં સંતોષનો અર્થ એ છે કે–એમાં પણ બને તેટલો ત્યાગ કરવો, ભાનભૂલા નહિ બનવું. સર્વથા બ્રહ્મચર્ય ન પાળી શકનારાઓને માટે આ ઉપાય.

ઇષ્ટપ્રાપ્તિના પાંચમો ઉપાય:

ઇષ્ટપ્રાપ્તિનો પાંચમો ઉપાય એ છે કે–પરિગ્રહરહિત બનવું. જે વસ્તુઓ ઇષ્ટની સાધનામાં જ સહાય કરનારી હોય, તે સિવાયની સર્વ વસ્તુઓનો ત્યાગ કરવો અને જેમનાથી એટલો બધો ત્યાગ ન થઈ શકે તેમણે અમૂકથી અધિક નહિ રાખવાનો નિયમ કરવો. પરિગ્રહની લાલસા અનેક પાપોને આચરાવનારી છે. પરિગ્રહનો સર્વથા ત્યાગ કરવો–એ ઉત્તમમાં ઉત્તમ વસ્તુ છે, પણ તેમ ન બને તો પરિગ્રહનું પરિમાણ તો જરૂર કરવું જોઈએ.

ઉપસંહાર:

આ વસ્તુઓ બને તેમ છે કે નહિ? સંસારમાં રહેવા છતાં પણ આ બની શકે તેમ તો છે જ! તમારે જો આટલું પણ ન કરવું હોય, તો તમે અહીં શું સાંભળવાને આવ્યા હતા? શું અહીં સોનૈયા વર્ષવાના ધાર્યા હતા?

આ પાંચેય ઇષ્ટપ્રાપ્તિના ઉપાયો છે. આ પાંચેયનું યથાસ્થિતપણે એટલે કે–અનન્તજ્ઞાનિઓએ ફરમાવ્યા મુજબનું પાલન કર્યા વિના, ઇષ્ટની પ્રાપ્તિ થવાની નથી.

જ્યાં સુધી હિંસક ભાવના જીવતી ને જાગતી હોય: જ્યાં સુધી સ્વાર્થ, કુતૂહલ, ભય આદિ કારણોથી અસત્યોનું સેવન થતું હોય: જ્યાં સુધી પર પદાર્થોની લાલસામાં ડૂબીને ગમે તેવી ચોરીથી પણ પર પદાર્થોને પ્રાપ્ત કરવાની ભાવના હૈયામાં બેઠી હોય: જ્યાં સુધી એકાન્તે અનર્થકારી વિષયોની સેવા તરફ ઢળીને સ્વ-પરનો ખ્યાલ ભૂલાતો હોય અને જ્યાં સુધી દુનિયાના પદાર્થો ઉપર કારમો મમત્વભાવ બેઠો હોય: ત્યાં સુધી આત્મા ક્રોધથી ધમધમતો રહેવાનો, ઘમંડી બન્યો રહેવાનો, માયા તથા લોભનો પાર નહિ રહેવાનો અને રાગ તથા દ્વેષથી ભરપૂર બન્યો રહેવાનો! અને જ્યાં સુધી એવી દશા હોય, ત્યાં સુધી એ નિન્દા પણ કોની કરવાનો? આત્માની? ના, રે ના! પરની અને ઉપકારિઓની પણ! પછી ઈષ્ટની પ્રાપ્તિ થાય કયી રીતિએ?

વિષય અને કષાયની આધીનતા, એ જ ઇષ્ટની પ્રાપ્તિમાં આડ રૂપ છે. એ વિષય અને કષાયની આધીનતાને ટાળવાના, હિંસાત્યાગ આદિ આ પાંચ ઉપાયો છે. વિષયવિરાગને, કષાયત્યાગને, ગુણાનુરાગને અને ઇષ્ટપ્રાપક ક્રિયાઓમાં અપ્રમત્તભાવને પેદા કરનારા આ પાંચ ઉપાયોનું જેણે યથાસ્થિતપણે સેવન કરવું હોય, તેણે શ્રી વીતરાગ પરમાત્માને જ એક દેવ તરીકે માનવા જોઇએ અને શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબ સંયમનું પાલન કરતા તથા એનો જ ઉપદેશ દેતા ગુરૂઓને સુગુરૂઓ તરીકે સ્વીકારવા જોઈએ તેમજ અનન્ત-

જ્ઞાની શ્રી વીતરાગ પરમાત્માએ ઉપદેશેલા ધર્મને જ સુધર્મ તરીકે માનવો જોઇએ.

આવી રીતિએ કુદેવ, કુગુરૂ અને કુધર્મના ત્યાગપૂર્વક સુદેવ, સુગુરૂ અને સુધર્મ,–એ ત્રણનો સ્વીકાર કરીને, એ ત્રણની પૂજા, સેવા અને આરાધના કરવાથી હિંસાત્યાગ આદિ પાંચ ઉપાયોનો અમલ થાય છે: એથી ક્રોધ, માન, માયા અને લોભ–એ ચાર કષાયો હણાય છે એટલે રાગ અને દ્વેષ નાશ પામે છે: અને એથી પરિણામે દુ:ખના લેશ વિનાનું, સંપૂર્ણ અને શાશ્વત એવું જે ઇષ્ટ સુખ, તે પ્રાપ્ત થાય છે.

દુનિયાના જીવોનું એ જ એક વાસ્તવિક ઇષ્ટ છે. એવું સુખ મેળવવાને માટે, દુનિયાના જીવો અજ્ઞાન હોવાના કારણે મોહજન્ય ઇચ્છિતોને મેળવવાને મથે છે: પરન્તુ તેઓએ સમજવાની જરૂર છે કે–જેમની પાસે એવાં ઇચ્છિતો ઘણા મોટા પ્રમાણમાં છે, તેઓ પણ વાસ્તવિક રીતિએ સુખી નથી: કારણ કે–દુનિયાના કોઈ પણ પદાર્થમાં એવું સુખ આપવાની તાકાત જ નથી.

આજે દુનિયાના જીવો શાની સાધનામાં પડ્યા છે? ઇષ્ટની કે ઇચ્છિતની? ઇચ્છિતની! દુનિયાના જીવો જે ઇચ્છિતની સાધનામાં પડ્યા છે, તે ઇચ્છિત પણ ઇષ્ટમાં સહાયક છે કે ઇષ્ટનો નાશ કરનારૂં છે? પ્રાય: ઇષ્ટનો નાશ કરનારૂં! આવા ઇચ્છિતની સાધના ચાલુ હોય, ઇષ્ટનું ભાન પણ ન હોય અને એવી દશાનું દુ:ખ પણ ન હોય,

છતાં ઇષ્ટ મળી જાય એમ લાગે છે? ઇષ્ટ જોઇતું હોય તો ઇષ્ટબાધક ઇચ્છિતને તજવાનો પ્રયત્ન કરો અને હિંસા-ત્યાગ આદિ જે પાંચ ઉપાયો દર્શાવ્યા, તે ઉપાયોના શક્ય સેવન દ્વારા, ઇષ્ટની આરાધના શરૂ કરો! મોહજન્ય ઇચ્છિતોની આરાધનામાં તમારી આ અતિશય કિંમતી જીંદગી બરબાદ થઈ રહી છે. ઇષ્ટની આરાધનામાં જોડવા દ્વારા તમારે તેને સાર્થક બનાવવી જોઈએ.

હિંસાત્યાગ આદિ પાંચ ઉપાયોનો જેમનાથી સર્વથા અમલ ન થઈ શકે, તેમને માટે પણ ટુંકો પ્રકાર દર્શાવ્યો છે અને એથી તેઓ ક્રમે ક્રમે પણ સર્વથા અમલ કરનારા બની શકશે: પરન્તુ સૌથી પહેલાં દુનિયાની સઘળી વસ્તુઓના સંસર્ગને, મોહને, મમત્વને અનિષ્ટકારી માનતા થઈ જવું જોઇએ. એ પદાર્થોને મેળવવા પડે, ભોગવવા પડે, ન છૂટાય, ન મૂકાય, તો પણ એનું હૃદયમાં દુઃખ તો રહેવું જ જોઇએ.

આટલું સમજાય એટલે ' સાચા ઉપકારી કોણ ? '-એ સમજતાં વાર નહિ લાગે. ઇષ્ટને ઓળખાવનારા અને ઈષ્ટની પ્રાપ્તિના સાચા માર્ગો લાયક બનીને સ્વતન્ત્ર-પણે કે શ્રી જિનાગમાનુસાર રીતિએ દર્શાવનારા જ સાચા ઉપકારી છે. ઇચ્છિતમાં મુંઝવી દેનારા ભયંકર અપકારી છે. પછી સુદેવ-સુગુરૂ-સુધર્મને ઓળખતાં વાર નહિ લાગે. દેવ કોણ ? ઇષ્ટ પામી ગયા અને ઇષ્ટ પામવાનો માર્ગ લાયક બનીને સ્વતન્ત્રપણે બતાવી ગયા તે! ગુરૂ

કોણ ? દુનિયાની ઉપાધિનો ત્યાગ કરીને, અહર્નિશ ઇષ્ટની પ્રાપ્તિ માટે એ મુક્તિમાર્ગદર્શક દેવાધિદેવની આજ્ઞા મુજબનો પ્રયત્ન કરનારા તેમજ દુનિયાના જીવોને ઇચ્છિતથી ખસી ઇષ્ટપ્રાપ્તિના માર્ગે યોજાવાનો ઉપદેશ દઈ, ઇષ્ટપ્રાપ્તિના અનંત ઉપકારિઓએ દર્શાવેલા ઉપાયોનું ભાન કરાવનારા! ધર્મ તે, કે જે આત્માને મોહજન્ય ઇચ્છિતોની મમતાથી મુક્ત બનાવે અને ઇષ્ટને પમાડે! જગતમાં આ ત્રણ જ સાચા ઉપકારી છે અને એથી આ ત્રણ જ પૂજા, સેવા અને આરાધના કરવા લાયક છે. ઇષ્ટસાધનાનો જ આ એક સાચો માર્ગ છે.

દર્દિને આરોગ્ય ઇષ્ટ છે, તો તે વૈદ્ય જેમ કહે તેમ કરે છે: વૈદ્ય જે તજવાનું કહે તે તજે છે, વૈદ્યે બતાવ્યા મુજબ ઔષધનું સેવન કરે છે, પથ્યનું પાલન કરે છે અને કુપથ્યથી દૂર રહે છે: તેમ આત્માના મહારોગને કાઢવાને માટે પણ, સાચા ઉપકારિઓએ જે રીતિએ વર્તવાનું કહ્યું છે તે રીતિએ જ વર્તવાનો પ્રયત્ન કરવો જોઈએ. આત્મા સાથેનો અનાદિકાલનો કર્મનો યોગ, એ જ શરીરધારી જીવ માત્રનો મહારોગ છે: આત્મા સાથે એકમેક જેવા બનેલા એ અનાદિકાલીન કર્મના યોગનો નાશ થવાથી પ્રગટ થતું ઇષ્ટસ્વરૂપ સાચું સુખ એ આરોગ્ય છે: સાચું સુખ પ્રાપ્ત કરવાના સાચા માર્ગો એ ઔષધ છે: અને દુનિયાના પદાર્થોને પર માનવા–તજવા લાયક માનવા એ પથ્ય છે.

દુનિયાના પદાર્થો મળ્યા હોય છતાં નહિ ભોગવવા એ કલંક રૂપ નથી, પણ મળેલાનો સદુપયોગ નહિ કરવો એ જ કલંક રૂપ છે. મળેલાનો સદુપયોગ ન કરી શકે એ હીણકર્મી છે, દયાપાત્ર છે, જ્યારે મળેલાનો સદુપયોગ કરે, ત્યાગ કરે અને નવું મેળવવાનો પ્રયત્ન કરવાને બદલે જે ઇષ્ટસાધનામાં જ રક્ત બને, તે તો પ્રશંસાપાત્ર છે, પૂજવા લાયક છે.

આથી મારી તમને ખાસ ભલામણ છે કે–ઘેર જઈને પણ આજે કહેવામાં આવેલી બધી જ વસ્તુઓનો વિચાર કરજો, કુટુંબિઓને ભેળાં કરીને કહેજો, મોહજન્ય ઈચ્છિતોનો ત્યાગ કરવાનો પ્રયત્ન કરજો અને હિંસાત્યાગ આદિ પાંચ ઉપાયોનો અમલ કરવાને તત્પર બનજો! આ રીતિએ સૌ કોઈ ઇષ્ટની સાધના કરીને ઇષ્ટને પ્રાપ્ત કરનારા બનો, એ જ એક શુભેચ્છા.

દિશાસૂચન–બીજો ભાગ

સમાપ્ત

શા માટે ?

મહાન વ્યક્તિઓ સામે સદાય વિરોધ ખડો હોય છે. ત્યાં મહત્તા કસોટીએ ચઢે છે: એ રીતિએ મહત્તા મપાય છે. જૈનસમાજના આ એક યશસ્વી રત્ન સામે પણ એવી જ પરિસ્થિતિ ખડી છે. પરન્તુ તમે એથી શા માટે દોરવાઓ છો ?

કોઇ પણ વ્યક્તિ વિષે મત બાંધતાં પૂર્વે, એમની માન્યતાઓનો અભ્યાસ કરવો ઘટે: એ વ્યક્તિ પોતાની માનીનતાઓમાં કેટલે અંશે સદ્ધર છે કે પોલી છે, તે તપાસવું ઘટે: એમાંથી ઉપજતી શંકાઓ વિષે તેમની પાસેથી ખૂલાસા મેળવવા ઘટે: તમે પણ એજ પદ્ધતિ અખત્યાર કરો.

આ પુસ્તકમાં પ્રગટ થતાં પ્રવચનો વાંચ્યા પછી, તમને જો આવાં પુણ્ય પ્રવચનો વાંચવાની ઇચ્છા થઈ હોય, તો તમે પહેલી જ તકે શ્રી '**જૈન પ્રવચન**'ના ગ્રાહક થાવ !

આ પુસ્તકમાં જે મહાપુરૂષનાં પ્રવચનો પ્રગટ કરાયાં છે, તે મહાપુરૂષનાં પ્રવચનો જ શ્રી જૈન પ્રવચનમાં પ્રગટ થાય છે. શ્રી જૈન પ્રવચન દર રવિવારે પ્રસિદ્ધ થાય છે અને તેમાં ફુલ્સકૅપ પોણા ત્રણ ફરમાના હિસાબથી દર અઠવાડિએ વાંચન અપાય છે: પોષ્ટખર્ચ સાથે લવાજમ–હિન્દમાં રૂા. ૩–૧૨–૦ છે અને હિન્દ બહાર રૂા. ૫–૮–૦ છે.

: : લખો : :

શ્રી જૈન પ્રવચન કાર્યાલય.

સલાપોસ ક્રોસ રોડ : : : અમદાવાદ.

શ્રી જિનાજ્ઞાને સંપૂર્ણ રીતિએ વફાદાર રહીને
સમાજના વિવિધ પ્રશ્નોને ચર્ચતું તેમજ
જૈન સમાજના સમાચારોથી સમૃદ્ધ બનતું
શાસનપ્રેમી જૈનોનું એક માત્ર સાપ્તાહિક

શ્રી વીરશાસન

વાર્ષિક લવાજમ—
રૂા. ૫–૯–૦ ટપાલખર્ચ સાથે.
રૂા. ૭–૮–૦ પરદેશ માટે.
દર વર્ષે એક દળદાર ગ્રંથ ભેટ.

આ પત્રના પોતે ગ્રાહક બનવું અને બીજા ગૃહસ્થોને ગ્રાહક બનાવવા, એ જૈન માત્રની ફરજ છે : કારણ કે—આ પત્ર નફો ખાવા માટે કે આજીવિકા માટે ચલાવવામાં આવતું નથી, પણ શાસનસેવા એજ એનું ધ્યેય છે.

લખો:—

શ્રી વીરશાસન કાર્યાલય

સલાપોસ ક્રોસ રોડ, પો. બો. નં. ૬ : અમદાવાદ